હિમાલયનો પ્રવાસ — [illegible]

હિમાલયનો પ્રવાસ

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર




નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

हिमालयनो प्रवास

दत्तात्रेय बालकृष्ण कालेलकर

। चराति चरतो भगः ।





नवजीवन प्रकाशन मंदिर
अमदावाद

મુદ્રક અને પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૯

છઠ્ઠી આવૃત્તિ પુનર્મુદ્રણ : પ્રત ૭,૦૦૦
કુલ પ્રત : ૨૫,૦૦૦

દોઢ રૂપિયો

એપ્રિલ, ૧૯૫૧

જીવનની તાજગી

માણસ સ્વભાવે સ્થાવર છે કે જંગમ ?

સહેજ વિચાર કરતાં દેખાય છે કે, એનામાં એ બન્ને વૃત્તિઓ પડેલી છે. જો જંગલી દશામાંથી સુધરી આજની દશા માણસને પ્રાપ્ત થઈ હોય તો, માણસ મૂળે જંગમ જ હોવો જોઈએ. અન્ન અને પાણી જ્યાં મળે ત્યાં જવું એ પ્રાણીમાત્રની સ્વાભાવિક વૃત્તિ છે. જ્યાં સુધી માણસ શિકારીનું જીવન ગાળતો હતો ત્યાં સુધી એને રખડવું જ પડતું. મહાભારતમાં પણ વર્ણનો આવે છે કે, એક જંગલમાંથી શિકાર ખલાસ થયો એટલે પાંડવો જેવા આરણ્યકોને બીજું જંગલ શોધવું પડતું. શિકારી જીવન છોડી જ્યારે માણસે ભરવાડ અને રબારી (ગો-પાલ)નું જીવન પસંદ કર્યું ત્યારે પણ એક જંગલ કે બીડમાંનું ઘાસ ખૂટ્યું એટલે પોતાનાં ટોળાં લઈને એને બીજે જવું પડતું. શ્રીકૃષ્ણના ગોવાળિયા પૂર્વજો એમ જ કરતા. આગળ જતાં માણસને વિચાર થયો કે જ્યાં ખોરાક મળે છે ત્યાં જઈને રહેવા કરતાં, જ્યાં રહીએ છીએ ત્યાં જ ખોરાક ઉગાડી શકાય તો કેવું સારું. માણસે જંગલોમાં અને બીડોમાં રખડવાનું છોડી દઈ ખેતરો ખેડવાનું શરૂ કર્યું, અને એ આર્ય* થયો. ખેતી શરૂ થઈ અને માણસના જીવનમાં ભારેમાં ભારે ફેરફાર થઈ ગયો. સંસ્કૃતિ વધી અને સ્થાવરતા આવી. સ્થાવરતા સાથે માણસની કાર્યશક્તિ વધી, પણ એની વીર્યશક્તિ (vitality) કાંઈક ઓછી થઈ હોવી જોઈએ. એક દિશામાં કાંઈક ભોગ આપ્યા વગર બીજી દિશાએ માણસ વધી જ ન શકે.

પણ માણસ તો લોભી રહ્યો. એને બન્ને સ્થિતિનો લાભ લેવો હતો. એણે કુદરતમાં જોયું કે કુદરતે વનસ્પતિ સૃષ્ટિને જ્યાં સ્થાવર

* અર્ = ખેડવું.

કરી ત્યાં એમના લગ્ન લગાડનાર પુરોહિત જેવાં જંગમ પતંગિયાં પણ નિર્માણ કર્યાં. અમુક મોટો વર્ગ સ્થાવર રહી જાહોજલાલી કેળવે અને એને જંગમતાનો લાભ પહોંચાડનાર બીજો એક વર્ગ રખડતો રહે એવી વ્યવસ્થા માણસને ફાવતી આવી. માણસે ગૃહસ્થાશ્રમ સાથે રખડુ લોકોના એક બે આશ્રમો સ્થાપ્યા. બ્રહ્મચારી ભણી ઊતર્યો કે રખડવા જવાનો જ. તીર્થયાત્રા પૂરી થાય ત્યાર પછી જ એને પરણવાની છૂટ મળે. બીજી બાજુ ગૃહસ્થાશ્રમની પ્રવૃત્તિ જરીક મોળી પડી, સ્થાવર થયાનો કાટ ચડ્યો, એટલે ધર્મશાસ્ત્ર કહે છે 'હવે બહુ ભોગવ્યું, ચાલો, પાછા વન ભણી.' જ્યાંથી આવ્યા ત્યાં પાછા જવામાં એક જાતનો આનંદ, એક જાતનો વિસામો હોય છે. સવારે ઊઠીને રખડવા ગયેલા છોકરાઓ સાંજ પડચે માતાની હૂંફાળી સોડ શોધવાના જ. માણસ જે જંગલ છોડીને વસ્તીમાં આવ્યો, અને ગૃહસ્થ તેમ જ નાગરિક થયો તે જ જંગલ તરફ પાછા જઈ પરિવ્રાજક થવાની એ તૈયારી કરે, તેની અંદર એ જ આનંદ રહેલો છે. અને એમાં પ્રગતિ પણ રહેલી છે. પ્રગતિ હમેશ સ્ક્રૂના આંટા જેવી હોય છે. એક કૂંડાળું પૂરું કરી મૂળ ઠેકાણે આવ્યા કે એની સાથે એક પગથિયું ઉપર ચડીએ છીએ.

ગૃહસ્થાશ્રમી લોકોએ પણ અવારનવાર યાત્રાએ જવું જ જોઈએ એવી જૂની ગોઠવણ હતી, જેથી માણસ દેશદેશાંતરની સ્થિતિ જોઈ શકે, નવા નવા સંબંધો બાંધી શકે, અને સ્થાવરતાને કારણે જીવન પર ચડેલો કાટ ખંખેરી શકે.

સમાજશાસ્ત્ર ખીલવનાર ધર્મકારોએ આવી વ્યવસ્થા ન કરી હોત તોયે મનુષ્યસ્વભાવ એ વસ્તુ એક અથવા બીજી રીતે શોધી જ લેત. માણસમાત્રમાં જે કુદરતી કે ઈશ્વરી પ્રેરણા રહી છે તેને જ શાસ્ત્રીય રૂપ આપવાનું કામ ધર્મકારો કરે છે. નરી કુદરતી વૃત્તિ નીચે પણ લઈ જાય અને ઉપર પણ લઈ જાય. જે કુદરતી વૃત્તિ માણસને ઉપર લઈ જાય છે તેને જ ઈશ્વરી પ્રેરણા કહે છે. ઈશ્વર તરફ જે લઈ જાય તે ઈશ્વરી. આ જ કારણે, સ્વતંત્ર રીતે ખીલેલા ધર્મોમાં પણ બધે લગભગ સરખી વ્યવસ્થા દેખાય છે. યાત્રાએ જવાની ગોઠવણ જાપાનમાં શિંટો કે બુશીડો ધર્મમાં પણ જડે છે. અને હિંદુઓની આશ્રમવ્યવસ્થામાં પણ

જડે છે. હજનો સવાબ બતાવનાર ઇસ્લામમાં પણ એને સ્થાન છે, અને શણનાં કપડાં પહેરી યરૂસાલેમની પવિત્ર ભૂમિ સુધી મુસાફરી કરનાર ખ્રિસ્તી ભક્તજનોને પણ એ વસ્તુ પ્રિય છે.

યાત્રાને જ પ્રધાન ધર્મ ગણનાર પરિવ્રાજકો તો આપણે ત્યાં હતા જ, પણ દરેક વર્ણને માટે પણ થોડોઘણો મુસાફરીનો ધર્મ બતાવેલો હતો. બ્રાહ્મણો પહેલાં બ્રહ્મચારી તરીકે વિદ્યાયાત્રાએ જાય, પાછળથી યજ્ઞસત્રોમાં જાય, ચાતુર્માસ્ય બાદ કરતાં અવારનવાર તીર્થાટન તો હોય જ અને ઘરડે ઘડપણમાં મરવા માટે પણ એક સ્થાને બેસવાને બદલે પગ ચાલે ત્યાં સુધી ઈશાન્ય દિશાએ ચાલવાનું વિધાન કરેલું છે!

ક્ષત્રિયો મૃગયા માટે જો દર વરસે ન ઊપડે તો ખેતીનું રક્ષણ શી રીતે થાય? અને ખેડૂતો રાજાને ઊપજનો છઠ્ઠો હિસ્સો શી રીતે આપે? રાજામાં જો હૈવત હોય તો તે ઘોડો છોડી અશ્વમેધ કરવાને પણ ઊપડવાનો જ. દિગ્વિજય ન કરે તે રાજા મોળો કહેવાતો.

વૈશ્યો એટલે વણજારા. તેઓ જ્યારે પોઠ લઈને જંગલો ઓળંગે, એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં પેસે, અહીંનો માલ બીજે પહોંચાડે, ત્યાંનો માલ અહીં લઈ આવે ત્યારે જ સાર્થવાહનું એમનું જીવન સાર્થક ગણાતું. ઘરની નવવધૂને પણ ઘરમાં છોડી દરિયો ખેડવા જનાર વાણિજ્ય-વીરોની કથાઓ આપણા સાહિત્યમાં ઢગલાબંધ છે.

બૌદ્ધ સાધુઓ એટલે જબરા પ્રચારકો. એમણે તો સમુદ્રયાત્રાનો નિષેધ નહીં ગણકારતાં દૂર દૂરના દેશો સુધી સંસ્કૃતિનો વિસ્તાર કર્યો અને દેશદેશાંતરના લોકોને પણ તેમણે આ દેશમાં આણ્યા. જંગલમાં જેમ ગેંડો નિર્ભયપણે એકલો ફરે છે તેમ શ્રમણે બધે વિહાર કરવો જોઈએ, એવી બુદ્ધ ભગવાનની શિખામણ હતી. અને એમણે પોતે તો એવો વિહાર કરી કરી એક આખા પ્રાંતને જ એ પ્રવૃત્તિનું નામ આપી દીધું! બૌદ્ધ ધર્મ સ્વીકાર્યા પછી અશોક રાજાએ દિગ્વિજય છોડી ધર્મ વિજય આદર્યો અને દર વર્ષે નવી નવી દિશાએ ધર્મયાત્રાઓ ચલાવી.

વૃદ્ધશ્રવા ઇંદ્રે વૈદિક સંસ્કૃતિના પ્રારંભમાં જ આદેશ આપ્યો હતો કે, જે બેસી રહે છે તેનું નસીબ પણ બેસી રહે છે, જે ચાલે છે તેનું જ ભાગ્ય ચાલે છે. चराति चरतो भगः એ પ્રેરણા લઈને ભરવાડો

ચાલ્યા, ખલાસીઓ ચાલ્યા, ભક્તો ચાલ્યા, સૈનિકો ચાલ્યા અને પરિવ્રાજકો પણ ચાલ્યા. આ જગતમાં જે જીવતું છે તે બધું જ ચાલે છે અને માણસ જ્યારે ચાલીને કંટાળે છે ત્યારે સ્થાવર થઈને રહેવાને બદલે આ જગતને છોડીને ચાલ્યો જાય છે.

માણસને જો મુસાફરીની દીક્ષા મળી હોય તો તે આકાશના તારાઓ પાસેથી નહીં, પણ અખંડ જીવનપ્રવાહ ચલાવનાર નદીઓ પાસેથી. એમાંય બે જાતની વૃત્તિ દેખાય છે. જેમ પ્રાચીનકાળમાં કેટલાક લોકો આ સૂરજ ઊગે છે ક્યાંથી એ શોધી કાઢવા ઉત્તરોત્તર પૂર્વ તરફ જતા હતા, અને બીજા કેટલાક લોકો એ જ સૂરજ વિસામો લેવા ક્યાં આથમે છે એ શોધી કાઢવા પશ્ચિમ તરફ જતા હતા, તે જ પ્રમાણે કેટલાક લોકો આ નદીનાં આટઆટલાં ઊભરાતાં નીર ક્યાંથી આવે છે, એ જાતે જોવા તેના ઉગમ તરફ ચડવા માંડતા હતા અને બીજા કેટલાક આ બધા પાણીનું વિસર્જન ક્યાં થાય છે, શામાં થાય છે, આપણને ત્યાં શું જડશે, એનો અનુભવ કરવા ખલાસી થઈ સમુદ્ર તરફ જતા. ગંગોત્રી તરફ જનાર ભરવાડ અને ગંગાસાગર તરફ દોડનાર ખલાસી ભાઈ ભાઈ જ છે. નદીમુખથી જ સમુદ્રમાં પ્રવેશ કરવો એમ ભલામણ કરનાર કવિના વંશજોએ સમુદ્રયાત્રા કેટલી કરી છે એની તપાસ કરતાં માત્ર નિરાશા જ ઊપજે. વેદકાળના તુગ્ર અને ભુજ્યુ જે જળયાત્રા કરતા તે નદીની હતી કે સમુદ્રની એ આજે કહેવું મુશ્કેલ છે. જાતક કથામાં વર્ણવેલા વાણિયાઓ એક તરફ જાવા, બાલી અને શ્યામ ચીન સુધી જતા હશે, અને બીજી તરફ આફ્રિકાનો આખો પૂર્વ કિનારો ખેડતા હશે, પણ એમાંથી એકેએ પ્લીની (pliny)ની પેઠે પૂર્વ કે પશ્ચિમ સાગરનું પેરીપ્લસ લખ્યું નથી. જાવા ગયા પછી પાછા આવવાની આશા જ જેમણે છોડી તેમના વંશજો સમુદ્રયાત્રાનો નિષેધ કરે તો તેમાં આશ્ચર્ય શું? અને એ નિષેધ શા માટે? તો કહે છે કે, ત્યાં ખાવા પીવામાં બોટઅબોટનો ખ્યાલ નહીં રહે. આચારધર્મ બરાબર ન પળાય. એ સંકટમાંથી બચી જવા આ ખાસો ઉપાય શોધી કાઢ્યો. તડકામાં જવાથી એક જણને પિત્તપ્રકોપ થતો હતો. એણે વૈદ્યને પૂછ્યું. ડાહ્યા વૈદ્યે સનાતની હાવકાઈથી કહ્યું, 'ભલા માણસ, તડકામાં જવું એ જ ખોટું છે, છાંયામાં બેસી

રહો ને, પછી જોઉં પિત્તપ્રકોપ કેમ થાય છે.' શકની ભૂંડી નજર પોતાની બૈરી પર પડશે એ બીકે, ભૂંડા માણસને ઠીક કરવાને બદલે, પોતાની સ્ત્રીને જ પગથી તે માથા સુધી બુરખાથી પૅક કરી દેવાનું જે લોકોને સૂઝયું અને સ્ત્રીઓને અંતઃપુરમાં જ પૂરી રાખવાનું જેમણે પસંદ કર્યું તે લોકો સમુદ્રયાત્રાનો નિષેધ કરી પોતાને પોતાના દેશમાં પૂરી રાખે એ યથાયોગ્ય જ થયું. અરે! આ બીકણ વ્યવસ્થાકારોએ વૈરાગ્યધન સંન્યાસીઓને પણ ફરમાવ્યું છે કે 'જ્યાં ખાવાનું સરસ ન મળતું હોય, લોકો શ્રદ્ધા-ભક્તિથી ખવડાવતા ન હોય, તોફાન મારામારી ચાલતી હોય, એવા દેશમાં જવું જ નહીં.' યાત્રા મુસાફરીની હોંશ જેને છે એવાને પોતાની દીકરી આપવી નહીં, એમ એમણે લખી રાખ્યું છે! સુરક્ષિતતા એ જ પ્રથમ ધર્મ છે!

આટલું કરીને અને જીવનનું સારામાં સારું હીર સૂકવી નાખીને આપણે જે જાળવવા માગતા હતા તે પણ જળવાયું શું? જેમનો સંસર્ગ ટાળવા માટે આપણે સમુદ્રયાત્રા છોડી તેઓ બધા રાફડો ફાટ્યો હોય તેમ આપણે ત્યાં ઊલટીને આવ્યા અને આપણું રાજ, આપણો વેપાર, આપણી કેળવણી અને આપણું ભાગ્ય બધાનો જ કબજો લઈને અહીં કાયમ થયા. 'જે બેસી રહે છે તેનું ભાગ્ય પણ બેસી જ રહેવાનું.'

૨

સાચી વાત એ છે કે જીવનનું ઉત્થાન જ્યારે મંદ પડે છે ત્યારે માણસના હૈયામાં અજ્ઞાતની બીક પેસી જાય છે. જો જીવનમાં યૌવન-પૂર્ણ પ્રાણ હોય તો એ જ અજ્ઞાતનું આમંત્રણ ટાળ્યું ટળાતું નથી. અજ્ઞાત પાછળ દોડવું, એનો અનુભવ કરવો, એના પર વિજય મેળવી એને જ્ઞાત બનાવવું, એ જ જીવનનો મોટામાં મોટો આનંદ અને સારામાં સારો પૌષ્ટિક ખોરાક છે. વૈજ્ઞાનિક પ્રયોગો કરીને અજ્ઞાત ઉપર એક જાતનો વિજય મેળવાય છે જ્યારે પ્રવાસ કરીને બીજી જાતનો.

માણસ જ્યારે ઘોડા પર બેસે છે ત્યારે ઘોડાની શક્તિનો પણ પોતાનામાં સંચાર થયો હોય એવી રીતે એનું હૈયું ફુલાય છે. અને શક્તિનો સાક્ષાત્કાર થવાથી માણસનું વ્યક્તિત્વ તેટલે દરજ્જે પરિપુષ્ટ

થાય છે. એંસી માઇલના વેગથી દોડનાર મોટરનું અંકુશચક્ર હાથમાં આવવાથી માણસને થાય છે કે એ બધા વેગ મારો જ છે. કોઈ સંસ્થા કે રાજ્ય ચલાવવાનું ફળ — એનો વ્યકિતગત આનંદ — એમાં જ છે કે, 'આટલા લોકો સાથે મારું તાદાત્મ્ય છે. આટલી આટલી શકિત હું વાપરી શકું છું. આટલી વ્યક્તિઓને ભેગી કરી હું એક વિરાટ શકિત પેદા કરી શક્યો છું.' વ્યકિતત્વનો વિકાસ, શકિતનો સંચય અને ભાવિનું નિયંત્રણ એ જ માણસ માટે મોટો આનંદનો વિષય છે. પ્રવાસ મારફતે માણસ જેટલો ભૂમિભાગ આંખો વડે પોતાનો કરે છે, જેટલું અંતર પાદાક્રાન્ત કરે છે, જેટલો અનુભવ સંઘરી શકે છે, તેટલે દરજ્જે એનું જીવન સમૃદ્ધ થાય છે. કોઠાર ભંડારમાં સંઘરેલું ધન બાહ્ય હોઈ બોજા-રૂપ થાય છે. અનુભવ મારફતે સંઘરેલું જ્ઞાન, કમાવેલા સંસ્કારો અને કેળવાયેલી શક્તિ આંતરિક હોઈ એનો બોજો નથી હોતો. ઊલટું એના ઉમેરાથી જીવનમાં બીજો ઘણો બોજો ઊંચકવાની શકિત પેદા થાય છે. જે માણસ મુસાફરીએ ઊપડ્યો એણે ઘણી વસ્તુઓનો પરિગ્રહ ટાળ્યે જ છૂટકો. જે હળવો ન થઈ શકે તે મુસાફરી કરી જ ન શકે; પછી એ વાદળું હોય કે માણસ. અને પ્રવાસ દ્વારા મેળવેલાં જ્ઞાન, સંસ્કાર કે આવડત એવાં તો પચી જાય છે કે એનો બોજો કે પરિગ્રહ જણાતો જ નથી.

પ્રવાસ મારફતે મેળવેલું જ્ઞાન અને આજની શિક્ષણ-સંસ્થામાં ચાલતી ઢબે મેળવેલું જ્ઞાન એ બેમાં મોટામાં મોટો આ જ ફરક હોય છે. આજકાલની કેળવણી મારફતે મેળવેલું જ્ઞાન બોજારૂપ હોય છે કેમ કે તે વપરાયેલું કે હજમ કરેલું નથી હોતું. માટે નાનાં બાળકોને નિશાળની કેળવણી આપવાને બદલે મુસાફરીની કેળવણી આપી હોય તો તે સરવાળે ઓછી ખર્ચાળ અને વધુ ફળદ્રુપ થશે.

પ્રવાસી જેમ જેમ પ્રવાસ કરતો જાય છે તેમ તેમ તે કુનેહ કેળવે છે; ધીરજ અને ઉદારતા કેળવે છે; અને અંતે સારામાં સારો સમાજશાસ્ત્રી બને છે. પ્રવાસ એટલે અગવડો વેઠવાની બાદશાહી ઢબ. મુસાફરીમાં અગવડો આવવાથી માણસને એમ નથી થતું કે આપણા દારિદ્ર્યનું એ એક પ્રતીક છે. એને થાય છે કે સૂઝશક્તિ કેળવવાની આ

એક તક આપણને મળી છે. એક રીતે જોતાં પ્રવાસ એ વ્યક્તિત્વના વિકાસનું સાધન છે; જ્યારે બીજી રીતે જોતાં એ દેશભક્તિનો એક અનુભવ-તરબોળ પ્રકાર છે. જેટલો દેશ આપણે જોયો, તપાસ્યો, પોતાનો કર્યો તેટલા દેશ પ્રત્યે આપણી વિશિષ્ટ લાગણી કેળવાય છે, એની સાથે આત્મીયતા બંધાય છે, એને વિષે અભિમાન અથવા ભક્તિ પેદા થાય છે, આપણે એના ભક્ત બની જઈએ છીએ. કોઈ પણ પ્રાંતની મુસાફરી કરી આવ્યા પછી અખબારોમાં વંચાતા ત્યાંના સમાચારો પ્રત્યે આપણી કેટલી બધી આસ્થા બંધાય છે!

પણ આ પ્રવાસ પાછળ દુનિયાને લૂંટવાની વૃત્તિ ન હોવી જોઈએ. દુનિયાનો કસ કાઢી લેવાની, એમાંથી વધારેમાં વધારે ફાયદો મેળવવાની વૃત્તિ હોય તો ઉપર વર્ણવેલા ઉચ્ચ લાભોમાંથી બહુ જ થોડા લાભો હાથ આવવાના. સ્વાર્થી પ્રવૃત્તિમાંથી મળતા લાભોની મર્યાદા મોટી હોય છે. ભક્ત કે સેવક જ્યારે પ્રવાસે ઊપડે છે ત્યારે અંતર્બાહ્ય બધી શક્તિઓ એનો સાથ કરવા સંઘ લઈને ઊપડે છે. દુનિયાને ચૂસનાર માણસ અંતે ઇંદ્રિયપરાયણ જ થવાનો. અને ઇંદ્રિયાનુભવ અમુક હદ સુધી જ આવશ્યક હોવાથી એની માત્રા જેમ વધતી જાય તેમ એ વધુ ને વધુ બેસ્વાદ થઈ જાય છે અને અંતે એનું છીછરાપણું જ ઉઘાડું પડે છે. ઇંદ્રિયાનુભવમાંથી મળતો આનંદ પરિમિત હોય છે. માણસજાતે એનો અંત જોયો છે.

પણ હજીયે માણસે અંત નથી જોયો હૃદયાનુભવથી થતા વિકાસનો. એની વિવિધતા હજી મટી નથી. માણસ જેમ વધારે નિઃસ્પૃહ, નિરાગ્રહી અને નિઃસ્વાર્થ તેમ તે પ્રવાસમાંથી વધારેમાં વધારે સંસ્કારિતા લૂંટી શકે છે. ભક્ત કે સેવક જ્યારે પ્રવાસે ઊપડે છે ત્યારે આત્માનુભવ, આત્મવિકાસ અને આત્મૈક્ય ત્રણે એને માટે વધતાં જ જાય છે. રોજ ને રોજ વિકાસ પામતું વિશ્વ જોઈ ભોગૈશ્વર્ય પાછળ પડેલા માણસને થાય છે કે, 'આ વિશ્વ મારું થાઓ. મારા કબજામાં આવો.' એના બદલામાં ભક્તસેવક ઇચ્છે છે કે, 'હું જ આનો સેવક થાઉં; આનો અંશ થાઉં, અને અભેદ કેળવીને એ જ થઈ જાઉં.' જીવનનો એ જ સાચો અને પરમ ઉત્કર્ષ છે.

૩

કોઈ મને પૂછે કે મુસાફરી કરવાથી લાભ શો, તો એનો જવાબ હું સહેલાઈથી આપી શકું. પણ લોકો મને પૂછે છે કે તમે શા ઉદ્દેશથી મુસાફરીએ ઊપડ્યા હતા. એ સવાલ જ જુદો છે. અને એનો જવાબ આપવો સહેલો નથી. ખાવું, ઊંઘવું, પીવું, પરણવું, આદિ વિશ્વજનીન ક્રિયાઓ માણસ શા ઉદ્દેશથી કરે છે એ કહેવું સહેલું નથી. ઘણી વાર માણસ એમ જ કહેશે કે નથી રહેવાતું માટે જ આ સાર્વત્રિક પ્રવૃત્તિમાં પડીએ છીએ. એમાંથી જેટલા લાભો મળે છે તે બધા અમારે ઇષ્ટ તો છે, પણ કયા લાભના લોભથી પ્રેરાઈને અમે પ્રવૃત્ત થયા એ અમે નથી કહી શકવાના. અંદરથી એક અદમ્ય પ્રેરણા અસ્વસ્થ કરી મૂકે છે એટલે ચૂપચાપ એને વશ થવું જ પડે છે. કુદરતની એ રચના છે, યોજના છે, કે જીવન માટે જે વસ્તુ અત્યંત ઉપયોગી છે તેના લાભાલાભનો ઝાઝો વિચાર કરી તે પસંદ કરવાપણું માણસને માટે હોતું જ નથી. નાહવું કે ન નાહવું એ માણસની પસંદગીનો વિષય હોઈ શકે છે, પણ ઊંઘવું કે ન ઊંઘવું એ તો કુદરત માણસને પસંદ કરવા દેતી જ નથી. ઊંઘનો હુમલો થયો એટલે અવશ થઈને માણસ એને તાબે થાય છે.

જે માણસની વૃત્તિઓ વિકૃત થઈ નથી એ માણસ માટે મુસાફરીની પ્રેરણા પણ એટલી જ સ્વાભાવિક છે. વરસાદ પડ્યો એટલે જેમ ગોધો પોતાનાં શીંગડાં વતી જમીન ખોદીને સૂંઘવા માંડે છે તેમ પ્રવાસે ઊપડવાની તક પેદા થઈ એટલે કુદરતી માણસના પગ વગર પૂછ્યે ચાલવા જ માંડે છે. કોઈ એમને પૂછે કે 'તમે ક્યાં ચાલ્યા,' તો એ કહેશે કે 'એની અમને ખબર નથી. જ્યાં હશે ત્યાં ચલાશે. જવું, ચાલવું, સ્થાનાંતર કરવું, એક ઠેકાણે ન બેસવું, નવા નવા અનુભવો લેવા, એટલું જ અમે જાણીએ છીએ, આંખોને તરસ લાગી છે, આખા શરીરને ભૂખ લાગી છે, એટલે પગ ચાલે છે; એથી વધારે અમે કશું જાણતા નથી.'

સંભવ છે કે પહાડના રહેવાસીઓને એ ચાલવાની ચળ વધારે હોય છે, પણ સપાટ પ્રદેશના લોકો પણ ઓછા રખડુ નથી હોતા.

કાશીનું ગંગાજળ રામેશ્વર લઈ જઈ રામેશ્વરના સેતુની રેતી કાશી કે હરદ્વાર પહોંચાડનાર યાત્રીઓ બધા જ કાંઈ પહાડી નથી હોતા.

મારા નાનપણનાં ઘણાંખરાં સંસ્મરણો મુસાફરીને અંગેનાં છે. શાહપુરથી બેળગુંદી જઈએ અને ત્યાં જામફળ, કેરી કે કરમદાં ખાઈએ. સતારાથી જરંડા કે પરળી જઈએ અને ત્યાં રામદાસ સ્વામીનો મઠ અને હનુમાનનું મંદિર જોઈએ. બેલગામથી તીનઈ ઘાટ ઊતરી ગોવાની અપ્રતિમ વનશ્રી નિહાળીએ અથવા આંબોલી ઘાટ ઓળંગી સાવંતવાડીના મોતીતળાવને કાંઠે લાકડા પર કરાતું લાખનું રંગીન કામ તપાસીએ. જહાજમાં બેસી કારવાર જઈ ત્યાંના સમુદ્રકાંઠે રેતીના મહેલ બાંધીએ, પૂના જઈ સંગમ, પર્વતી કે ચતુઃશૃંગીનાં દર્શન કરીએ, મીરજ, જત, રામદુર્ગ, મુધોળ, સાંગલી અને સાવનૂર જેવાં દેશી રાજ્યોના મહેમાન થઈ મધ્યયુગીન ભારતવર્ષની ઝાંખી કરીએ, અને કૃષ્ણાને કાંઠે નાચતાં અને કૂદતાં હાથી જેવાં ગાયબળદને જોઈ આનંદ પામીએ એ જ મારા નાનપણના સંસ્કારો. ગાડામાં ઘાસ અને ગાદલું પાથર્યું હોય; એને ખેંચીને લઈ જનાર બળદના ગળામાં બાંધેલા ઘંટનો અવાજ રાત્રિની શાંતિને વીંધતો હોય; ક્યાંકથી ચોરો આવશે એ બીકે જાગ્રત રહેવાની ફરજ સ્વીકારતાં છતાં આંખો વચમાં વચમાં મિંડાતી હોય અને હેબતાઈને ફરી ઊઘડે ત્યારે, 'જુઓ અમે કેમ આખી રાત જાગીએ છીએ,' એમ કહેનાર તારાઓ માથે ઝબકતા હોય. એ આખું દૃશ્ય મારા નાનપણના જીવન સાથે વણાયું છે. મુસાફરી કરવા માટે મારે હેતુ કે પ્રયોજન જોઈતું જ નથી. ગાંધીજી જોડે વિલાયત જવાની તક હોવા છતાં હું કેમ ન ગયો? હિમાલયની યાત્રા કર્યા છતાં પેલી પાર કૈલાસ કેમ ન ગયો? અફઘાનિસ્તાન થઈ રશિયા જવાનો સંકલ્પ છેલ્લી ઘડીએ કેમ છોડયો? અથવા જાવા, બાલી, શ્યામ અને સુમાત્રા હું ક્યારે જવાનો છું? મોરિશિયસથી આવેલું આમંત્રણ હું ક્યારે સ્વીકારવાનો છું? એવા સવાલો કોઈ મને પૂછે તો તે સ્વાભાવિક છે. ન જવા માટે કંઈ કારણ હોય, જવા માટે કારણ શા માટે જોઈએ છે? નદીને કોઈએ પૂછ્યું છે કે તું કેમ વહે છે? જ્યારે એ વહેતી અટકે છે ત્યારે જ બધા આશ્ચર્ય કરે છે.

હિમાલયની યાત્રાએ હું કેમ ગયો અને એમાંથી મેં શું શું મેળવ્યું એનું કાંઈક વર્ણન તો આ પ્રવાસવૃત્તાંતમાં શરૂથી આખર સુધી ઠેકઠેકાણે આવી ગયું છે. હિમાલય જવાની વૃત્તિ હિંદુમાત્રને સ્વાભાવિક હોય છે. સિંધુ, ગંગા, બ્રહ્મપુત્રા અને એમની બહેનપણીઓ બધી જ હિમાલયની દીકરીઓ છે, એટલે દરેક નદીભક્ત કોક વાર દાદાને ત્યાં લહેર કરવા જવાનો જ. હિમાલયનો વૈભવ દુનિયાના તમામ સમ્રાટોના સમસ્ત વૈભવ કરતાંયે વધારે છે. હિમાલય એ જ આપણો મહાદેવ છે; આખા વિશ્વની સમૃદ્ધિ ખીલવતો છતો અલિપ્ત, વિરક્ત, શાંત અને ધ્યાનસ્થ હિમાલય જઈ એને જ હૃદયમાં ધારણ કરી લેવાની જેની શક્તિ હોય તે જ જીવન જીવ્યો. એવાને અનંત પ્રણામ હજો.

પૂના,   दत्तात्रेय बालकृष्ण कालेलकर

તા. ૨૭-૫-'૩૮

ઇતિહાસ

આ લેખમાળા મૂળે આશ્રમના સાથીઓ અને વિદ્યાર્થીઓને સંતોષવા ખાતર ત્યાંના એક હસ્તલિખિત માસિક માટે શરૂ કરેલી. જે મુસાફરી આમાં વર્ણવેલી છે તેમાં અમે ત્રણ જણ હતા : સ્વામી આનંદ, હું અને અમારા બંનેના આત્મીય મિત્ર અનંતબુવા મરઢેકર. અમારી આ ત્રિપુટીએ હિમાલયના પ્રવાસમાં જે આનંદ અને અનુભવ મેળવ્યો તેનું વર્ણન કરતાં પાર આવે એમ નથી.

* * *

દિલ્હી દરબાર પછીના દમનને કારણે રાષ્ટ્રીય શિક્ષણની પ્રિય પ્રવૃત્તિ અશક્ય થઈ પડી એટલે મને યાત્રા સૂઝી. ૧૯૧૨ની શરૂઆતમાં મેં ઘર છોડ્યું. વડોદરા છોડી પ્રયાગનો એટલે કે અલ્લાહાબાદનો રસ્તો જે દિવસે મેં લીધો તે દિવસ અખાત્રીજનો હતો એવું સ્મરણ છે. પ્રયાગ, કાશી અને ગયા આ ત્રણ તીર્થોની યાત્રાને ત્રિસ્થળીની યાત્રા કહે છે. એ પૂરી કરી મારે પિતૃઋણમાંથી મુક્ત થવું હતું. ત્યાર પછી સ્વામી વિવેકાનંદનો બેલુડ મઠ જોવાનો અને 'શ્રી શ્રીરામકૃષ્ણકથામૃત' લખનાર શ્રી મહેન્દ્રનાથ ગુપ્તનાં દર્શન કરવાનો સંકલ્પ મારે પૂરો કરવો હતો. સદ્ભાગ્યે અમે બેલુડ મઠમાં વૈશાખ પૂર્ણિમાએ પહોંચ્યા. એટલે મઠાધિપતિ સ્વામી પ્રેમાનંદ અને બીજા મઠવાસીઓ સાથે બુદ્ધ ભગવાનની પૂજા ત્યાં કરી શક્યા. તે જ દિવસે ખરડહ નામના ગામડામાં ચૈતન્ય-સંકીર્તન સાંભળવા અમે ગયેલા. ભગિની નિવેદિતાએ પોતાના એક લેખમાં આ સ્થાનનું માહાત્મ્ય બતાવ્યું છે. મારા મિત્ર બુવા કુળપરંપરાએ રામદાસી સંપ્રદાયના હોઈ, એમનો સંકલ્પ અયોધ્યા જોવાનો હતો. એ પૂરો કરી અમે સ્વામી આનંદને મળવા આલ્મોડા ગયા. વૈશાખ મહિનો અમે ત્યાં જ પૂરો કર્યો. ત્યાંથી સ્વામી આનંદને લઈને પાછા ફરી અમે હરિદ્વારથી રીતસર યાત્રા શરૂ કરી. તે વખતે ગંગાજીના દશહરાના દિવસો હતા. જેમ જેમ અમારી મુસાફરી વધી તેમ તેમ યાત્રાનો સંકલ્પ પણ વધવા લાગ્યો. અને અંતે અમે જમનોત્રી, ગંગોત્રી, કેદારનાથ અને

બદરીનાથ એ ઉત્તરાખંડનાં ચારે ધામ પૂરાં કરી પાછા આલમોડા પહોંચ્યા. આ જ યાત્રાનું વર્ણન અહીં આપેલું છે.

દુનિયામાં મનાય છે કે પગપાળા યાત્રા કરવી એ મુશ્કેલ કામ છે. મારે મન યાત્રા કરવા કરતાં એનો હેવાલ લખવાનો વખત મેળવવો એ વધારે મુશ્કેલ છે. અહીં હિમાલયના જે પ્રવાસનું વૃત્તાંત આપ્યું છે તે પ્રવાસ ચાળીસ દિવસમાં પૂરો કર્યો હતો. એનું વર્ણન લખવાની શરૂઆત કરી ૧૯૧૯માં એટલે કે પ્રવાસ પૂરો કરીને સાત વરસ વીતી ગયા પછી. એ જૂનાં સ્મરણો બધાં જ સરખાં તાજાં ન રહી શકે અને જે સ્મરણો તાજાં ન હોય તે આપવામાં રસ કદી નથી રહેતો.

અનેક સંજોગોને લીધે થોડી થોડી કરતાં મારી આ લેખમાળા પંદર વરસ લખાતી જ રહી. આમાં એકરૂપતા પણ ક્યાંથી આવે! વાચકો ધ્યાનપૂર્વક જોશે તો આમાં જીવનરસનાં બદલાતાં વલણો દેખાઈ આવશે. છેલ્લાં પાંચ સાત પ્રકરણો ઉતાવળે લખાયેલાં હોવાથી એમાં વર્ણનોનો વિસ્તાર ઓછો દેખાશે. એક તો એ સંસ્મરણો ઘણાંખરાં ભૂંસાઈ ગયેલાં અને બીજું પ્રવાસનો છેલ્લો ભાગ પણ કંઈક થાકમાં જ પૂરો કરેલો. એ મૂળ થાકની અસર પણ આ છેવટના ભાગ પર પડી છે. વાચકોએ જે અપેક્ષા રાખી હતી અને જે અપેક્ષા માટે હું જવાબદાર છું તે જો અહીં તૃપ્ત ન થઈ હોય, તો તેઓ ઉદાર હૃદયે મને દરગુજર કરશે એવી આશા છે.

આ છેલ્લાં પંદર વરસમાં ગુજરાતના યુવકોએ કેટલીયે યાત્રાઓ કરી છે. હું આશા રાખું છું કે ગુજરાતના અને આખા હિંદના યુવકો પ્રવાસનું મહત્ત્વ વધુ ને વધુ સમજશે, ચારે દિશાએ ફરી વળી દેશને તથા દેશબંધુઓને નિહાળશે, અને ભારતભક્તિથી તરબોળ એવાં અનેક પ્રવાસવર્ણનો લખી કાઢી સ્વભાષાને શણગારશે. માતૃભૂમિનું અને માતૃભૂમિનાં અસંખ્ય બાળકોનું અનેક રીતે દર્શન કરી એમનું વર્ણન કરવું એ એક પૂજાનો પ્રકાર જ છે. એ પૂજાના પ્રથમ પુષ્પ તરીકે આ લેખમાળાનું સ્મરણ થોડા દિવસ સુધી રહે તોયે એનું સાર્થક થયું ગણીશ.

दत्तात्रेय बालकृष्ण कालेलकर

વિદાયનાં વચનો

હિમાલયના પ્રવાસની આ છઠ્ઠી આવૃત્તિ વાચકોના હાથમાં મૂકતાં જે કૃતાર્થતા અનુભવું છું તે અહીં વ્યક્ત કરવી આવશ્યક છે. અત્યાર સુધી દરેક આવૃત્તિમાં ઓછાવધતા ફેરફાર કરતો આવ્યો છું. એક અંગ્રેજ ગદ્યસ્વામીએ કહ્યું છે કે, 'ગદ્યના સુધારાને અંત હોતો જ નથી.' પણ માણસ ક્યાં સુધી સુધારા કરતો જાય? અને દર વખતે કરેલો ફેરફાર સુધારો જ હોય છે એની ખાતરી શી?

આ પુસ્તક પાઠ્યપુસ્તક તરીકે વપરાવા લાગ્યું છે એટલે મને થયું કે આ આવૃત્તિને છેલ્લી અને પ્રમાણભૂત આવૃત્તિ ગણવી. આમાંયે સુધારાને અવકાશ નથી તેમ તો નથી જ. પણ દરેક માનવી પ્રવૃત્તિને અંત તો હોવો જ જોઈએ. એટલે હવે પછી આ પુસ્તકમાં ફેરફાર કરવાનો વિચાર નથી, સિવાય કે ઘણી કાપકૂપ કરી આની એક નાનકડી અને તે જ કારણે ચિરંજીવી આવૃત્તિ કોક દિવસે તૈયાર કરું. મૂળ પુસ્તક બનતા સુધી ફેરવવું નહીં એ લાગણીને વશ થઈ મેં આમાં ઓછામાં ઓછી કાપકૂપ કરી છે. આજની મારી અભિરુચિને વશ થાઉં તો ચોપડીનું કદ અર્ધું થઈ જાય અને છતાં એમ બને કે કાઢી નાખેલો ભાગ જ વાચકોને વધારે પ્રિય હતો.

શ્રી નગીનદાસે ટિપ્પણી લખતાં મૂળ લખાણની કેટલીક ભૂલો બતાવી હતી. એમાંથી અમુક ભૂલો તો મેં સુધારી છે, જ્યારે બાકીની કાં તો મને ભૂલ જેવી ન લાગી અથવા એ એમ ને એમ રાખવામાં જ સ્વારસ્ય વધારે છે એમ મને લાગ્યું.

અત્યાર સુધી સામાન્ય વાચકો જ આ પ્રવાસ-વૃત્તાંતનો આસ્વાદ લેતા આવ્યા છે. પણ હવે પરીક્ષાના વિદ્યાર્થીઓ ફરજિયાત સમજીને અને અધ્યાપકો પોતાની ખણખોદિયા વૃત્તિને વશ થઈને આ લખાણનું અધ્યયન કરશે. પરિણામે એમને આમાં કેટલીક ભૂલ અને ઘણા દોષો જડશે. મને બીક છે કે નવરાશ ભોગવતો કોઈ ભાષાભક્ત ભિન્ન ભિન્ન

આવૃત્તિના પાઠભેદની તુલના કરી એ ઉપરથી અનેક અનુમાનો કાઢશે. એ સંકટ ટાળવાનો ઉપાય મારા હાથમાં હોત તો તે હું જરૂર અજમાવત. તેવા ઉપાયને અભાવે મારે તો પોતાના લખાણ વિષે તટસ્થતા કેળવવી રહી અને અધ્યાપકો તરફથી પાઠાન્તરમીમાંસા (textual criticism)નો જે મારો થાય તેનો ત્રાહિત બનીને આસ્વાદ લેવો રહ્યો.

ગુજરાતીમાં વધુ ને વધુ સરસ પ્રવાસવર્ણનો લખાતાં જાય અને આ વૃત્તાંત ભુલાઈ જાય ત્યારે આખરે અધ્યેતાની તીક્ષ્ણ દૃષ્ટિમાંથી બચી જવાશે ખરું. પણ એવા સમાધાન વિષે ઉદાસીન રહેવું જ સારું.

આજે આ જે વિદાયનાં વચનો લખું છું તેનું કારણ જુદું છે. આ ચોપડીનાં છેલ્લાં પ્રૂફો ઇમ્ફાલ (મણિપુર) જતાં મારા હાથમાં આવ્યાં અને ત્યાં જ તે તપાસીને મોકલી દીધાં. મને થયું કે એ જ સ્થાનેથી વિદાયનાં વચનો લખી મોકલું તો તેમાં ઔચિત્ય છે; મને વિશેષ સંતોષ તો છે જ.

અર્જુન–ચિત્રાંગદાના કારણે આપણા લોકોને ચિરપરિચિત એવું આ મણિપુર હિમાલયમાં નથી આવ્યું. આજે જે નાગા પહાડ તરીકે ઓળખાય છે અને જેનાં જૂનાં નામો નીલકંઠગિરિ, ભગ્નેશ્વર, સ્થિરાચલ, બિંદુ પર્વત આદિ છે તેમાં આ રત્નનગરી વસેલી છે. પણ મારા સ્મરણમાં મણિપુર અને હિમાલય એકત્ર વણાયેલાં છે. છેક નાનપણમાં જ્યારે હિમાલય વિષે સાંભળતો કે તે એટલો ઊંચો છે કે એનું શિખર જોવા જતાં માથાની પાઘડી નીચે પડી જાય છે તે જ અરસામાં મણિપુરનું નામ પણ સાંભળ્યું હતું. મણિપુરના લોકોએ અંગ્રેજ સરકાર વિરુદ્ધ બળવો કર્યો છે એમ લોકો બોલતા હતા. બળવો તો સરકારે ચાર દિવસમાં દબાવી દીધો હશે. પણ બળવા જેવી પણ વસ્તુ દુનિયામાં હોય છે અને આપણા લોકોને તે સૂઝે છે એ ખ્યાલથી જ મારું બાલમાનસ ઉત્તેજિત થઈ ઊઠ્યું હતું. ધાર્મિક લાગણીને કારણે હિમાલયની યાત્રાએ જવાને હું ઝંખતો હતો જ એની સાથે બાલકુતૂહલને કારણે મણિપુર જવાય તો સારું એમ અનેક વાર લાગતું હતું. અંતે જ્યારે હું બ્રહ્મદેશ ગયો ત્યારે ચિનદ્વિન નદીને કિનારે

કિનારે ઉત્તર તરફ જઈ શાન લોકોના પ્રદેશમાં થઈને મણિપુરમાં પ્રવેશ કરવો એમ નક્કી કર્યું હતું. તે સંકલ્પ છોડવો પડ્યો તેનું કારણ મને લાગે છે કે હિમાલયના પ્રવાસમાં મેં આપ્યું જ છે. સંકલ્પખંડનનું દુઃખ કેવું હોય છે એનો અનુભવ ઘણાખરા વાચકોને હશે જ. મારો સંકલ્પ જેમ બ્રહ્મદેશના પહાડોમાંથી મણિપુર આવવાનો હતો તેમ જ બોલનઘાટ થઈ ને બલૂચિસ્તાન અફઘાનિસ્તાન ઓળંગીને હિંદુકુશ પાદાક્રાન્ત કરી સમરકંદ અને બુખારા જવાનો અને ત્યાંથી મોસ્કો થઈ જળમાર્ગે પાછા આવવાનો હતો. હવે એ મુસાફરી તો હું કલ્પના દ્વારા અને પ્રવાસ-વૃત્તાંતના વાચન દ્વારા જ કરી શકું. જ્યારે એ સંકલ્પ કર્યો હતો તે વખતની યુરોપની જાહોજલાલી અને એશિયાની શાન્તિ હવે ક્યાં છે? એ જીવલેણ જાહોજલાલી અને એ મડદાલ શાન્તિ હવે કોઈ કાળે દેખાવાનાં નથી. એટલે હવે એ જૂના સંકલ્પના સઢમાં એક નિસાસા જેટલો પણ પવન રહ્યો નથી.

હિમાલયના પાંચે ખંડ જોવાના સંકલ્પની પૂર્તિ હમણાં જ થઈ છે. કાશ્મીર જઈ આવ્યાને ઘણાં વરસો થયાં. હિંદી સાહિત્યસંમેલનને નિમિત્ત સિમલા તરફનો પ્રદેશ જોઈ આવ્યો. ગઢવાલ અને કૂર્માચલ તરફના પ્રવાસનું આ વર્ણન તો વાચકો આગળ છે જ. નેપાલની યાત્રાએ ૧૯૧૩માં જઈ આવ્યો તે ફક્ત શિવરાત્રીને દિવસે પશુપતિનાથનાં દર્શન કરવાની લાલસાથી. બાકી રહ્યો હતો દાર્જિલિંગ સિક્કીમ તરફનો પ્રદેશ. ત્યાં આ મહિને જ જઈ આવ્યો. જ્યાં હિંદુસ્તાનની સરહદ પૂરી થાય છે ત્યાં ઈશાન્ય ખૂણામાં સદિયા સુધી અનાયાસે જવાનું થયું છે. બાકી રહ્યું હતું ફક્ત મણિપુર, તે આજે અહીં પૂરું કરી એક સંકલ્પ-પરંપરા આટોપી લઉં છું અને અવભૃથસ્નાનનો આનંદ અનુભવું છું. મણિપુરની રાજધાની ઇમ્ફાલ અઢી હજાર ફૂટની ઊંચાઈએ આવેલી એક ખીણમાં છે. એનું રક્ષણ કરનારા પહાડો આઠઆઠ દસદસ હજારની ઊંચાઈ મેળવે છે. મણિપુર જતાં આવતાં જે પ્રાકૃતિક દૃશ્યની ભવ્યતા માણી તે આજ સુધી જોયેલાં સારામાં સારાં દૃશ્યોથી ઊતરતી તો હતી જ નહીં. મેં માન્યું હતું કે મણિપુર પહોંચ્યા પછી ગિર્યારોહણના સંકલ્પનો અંત આવશે પણ જીવતા માણસના સંકલ્પો પૂરા થતા જ નથી. મણિપુરથી વીસેક

માઈલ દક્ષિણે લગતક કરીને એક મોટું સરોવર છે. પશ્ચિમમાં મંચર સરોવર પછી જેમ બલૂચિસ્તાનની સરહદ દેખા દે છે તેમ જ આ લગતક સરોવર પછી થોડા જ અંતર પર બ્રહ્મદેશની સરહદ શરૂ થાય છે. જેણે મંચર જોયું છે તે જો લગતક જોવા ન પામે તો એને ચિત્તનું સ્વાસ્થ્ય શી રીતે મળવાનું હતું?

આ પૂર્વ સરોવર જ્યારે જોવાશે ત્યારે જોવાશે. અત્યારે મણિપુરમાં બેસીને હિમાલયના પ્રવાસની છેલ્લી આવૃત્તિ જેમ પૂરી કરી, તેમ આ વિદાયનાં વચનો પણ લખીને હળવો થાઉં છું. આ વચનો વાચકોને ભલે નીરસ કે અપ્રસ્તુત જેવાં લાગે, પણ જો એમાંથી ઇમ્ફાલની રાજધાની અને લગતકનું સરોવર જોવાનો સંકલ્પ તેમને વળગે તો મોટું કામ થયું.


ઇમ્ફાલ, મણિપુર ૧૮–૬–'૪૧

काका कालेलकर

પ્રિય સુહૃદ

બ્ર૦ અનંતબુવા મરઢેકરના

પવિત્ર સ્મરણને



जमनोत्री गंगोत्री केदारनाथ बदरीनारायण
अुत्तराखंडनी यात्रा
जमनोत्री
२१७२०
बंदरपूछ
राणा
गंगाणी
गंगोत्री
गंगनाणी
भटवाडी
गंगा नदी
अुत्तरकाशी
धरासू
मसूरी
टेहरी
राजपुर
डेहराडून
ऋषीकेश
गंगा नदी
हरद्वार
सहारनपूर
केदारनाथ
गौरीकुंड
त्रिजुगीनारायण
गुप्तकाशी
अुखीमठ
तुंगनाथ
गोपेश्वर
अगस्त्यमुनी
चमोली (लालसांगी)
नन्दप्रयाग
माना
२३१९०
बद्रीनाथ
ज्योतिर्मठ
विष्णुप्रयाग
नीती
नंदादेवी
२५६४५
राज्य
श्रीनगर
पौडी
देवप्रयाग
व्यासघाट
अधबद्री
गढवाल
५७७८
लॅन्सडौन
कोटद्वारा
नजीबाबाद
बिजनोर
मिल-चौडी
गणजी
द्वाराहाट
आलमोरा
रानीखेत
अॅलमोरा
खैरना
नैनीताल
भीमताल
काठगोदाम
रामनगर
दक्षिण
यात्रा मार्ग
जंगली वाट
नदी
रेलवे

અનુક્રમણિકા

હિમાલયનો પ્રવાસ

૧

સંકલ્પ

गच्छति पुरः शरीरं
धावति पश्चादसंस्तुतं चेतः ।

હિમાલય જવાની મારી ઇચ્છા પ્રબળ હતી; હિમાલય જાઉં જાઉં કરતો; પણ કેમ જવાશે એની કલ્પના પણ મને ન હતી. અંતે, અણધારેલી રીતે મારો હિમાલય જવાનો રસ્તો ખુલ્લો થયો.

ઘરના લોકોને ઘેર પહોંચાડવા હું બેલગામ ગયો. ત્યાંથી ક્યાં જવાનો છું એનો ખ્યાલ કોઈને આપ્યા વગર કાશીયાત્રાને બહાને નીકળ્યો. અનંતબુવા મારી સાથે થયા.

અમે ચાલ્યા, ટ્રેનવેગે ચાલ્યા, પણ અમારી કલ્પનાઓ તો પવનવેગે —પવનવેગે શું, મનોવેગે—ચાલતી. મને થયું કે હું મહારાષ્ટ્ર છોડીને જાઉં છું. કદાચ પાછો ન પણ આવું. હવે મરાઠીના મીઠા બોલ ફરીને ક્યાં સાંભળવા મળશે? એક તરફ હિમાલય ખેંચતો હતો. બીજી તરફ મહારાષ્ટ્રનો મોહ તૂટતો ન હતો. હૃદય આગળ દોડતું હતું પણ પગ ઊપડતા ન હતા. આખરે વિચાર કર્યો કે ગોવાની રમણીય નિસર્ગશ્રી નિહાળવામાં આઠ દસ દિવસ ગાળ્યા વગર તો ન જ જવું. ચૈત્રી પડવાથી રામનવમી સુધી ગોવામાં રહ્યો, અને ઉદાસ અંતઃકરણે ગોવા છોડ્યું.

સમુદ્રમાર્ગે અમે મુંબઈ આવ્યા. મુંબઈમાં મારે ખાસ કામ તો કશું હતું નહીં. પણ કેમે કર્યે મારાથી મુંબઈ છોડ્યું જાય નહીં. મુંબઈ એ મહારાષ્ટ્રનું છેલ્લું દર્શન હતું. મહારાષ્ટ્ર પર મને આટલો રાગ હશે, મરાઠી ભાષા મને આટલી વહાલી હશે, એની કલ્પના આટલા દિવસ મને હતી નહીં. હું મહારાષ્ટ્રી છું એ ભાવના જ્યારે મેં મુંબઈ

છોડયું ત્યારે જ ખરેખરી જાગી ઊઠી. મુંબઈથી હું વડોદરે આવ્યો. પ્રેત થયેલો જીવાત્મા જેમ પોતાના મૃતદેહને અનેક મિશ્રિત ભાવથી જુએ તેમ — તેવા જ મિશ્રિત ભાવથી ગંગનાથ વિદ્યાલયનું મકાન વગેરે સઘળું મેં છેલ્લી વારનું જોઈ લીધું. ગુરુજનો પાસેથી તેમનો આશીર્વાદ લીધો અને શિવજયન્તીને દિવસે (?) સીમોલ્લંઘન કર્યું.

૨

પ્રયાગરાજ

વૈશાખ મહિનો હતો. ગરમી સખત પડતી હતી. અમારી ગાડી મધ્ય હિંદુસ્તાનના વિસ્તીર્ણ પ્રદેશમાંથી ચાલવા લાગી. ડબા એટલા તો ગરમ થયા હતા કે જાણે પાંઉરોટીની ભઠ્ઠી. દરેક સ્ટેશને પાણી પીએ તોયે જીવ સુકાઈ જતો હતો. છતાં એક વસ્તુને લીધે ટાઢક વળતી હતી. સ્ટેશને સ્ટેશને મરાઠી ભાષા સંભળાતી હતી, અને પુંડલીકના ધામને રસ્તે જતા હોઈએ તેમ બંને બાજુએ બાવળનાં ઝાડ નજરે ચડતાં હતાં. મરાઠી ભાષા અને બાવળનાં ઝાડ જ્યાં સુધી હતાં ત્યાં સુધી હું મહારાષ્ટ્રમાં જ છું, એ ખ્યાલથી મનને સમાધાન થતું. લગભગ જબલપુર સુધી આમ ચાલ્યું.

જબલપુરમાં મારા એક મિત્ર રહેતા હતા. તેમને ખોળી કાઢીને હું મળ્યો અને એમને ત્યાં જમ્યો. મને થયું કે આ મારું છેલ્લું મહારાષ્ટ્રી ભોજન. વિચિત્રતા એ કે આ ભોજન પણ મારે ગુપ્ત વેશે જ લેવું પડયું. કેટલાંક વરસ પહેલાં મારા આ મિત્ર એલએલ. બી.-ની તૈયારી કરતા હતા, તે વખતે મેં તેમને સમજાવેલું કે વકીલાતનો ધંધો મેલો છે; તેના કરતાં રાષ્ટ્રીય શિક્ષક થવું એ સારું. આ કાવતરામાં હું સફળ નીવડયો હોવાથી મારા મિત્રનાં બધાં સગાંવહાલાં મારા પર દાઝે બળતાં હતાં. મારું દર્શન તો તેમણે કર્યું ન હતું, પણ નામ સાંભળ્યું હતું. મને જોઈને મારા મિત્રે મને અંગ્રેજીમાં કહ્યું, 'ભાઈ, તું કોણ છે એ મારી મા જો જાણે તો તરત જ તારા પર ફૂલોનો

વરસાદ વરસવાનો. તારે અરધા કલાકમાં પાછું જવું છે. તેટલામાં આવો બેહૂદો દેખાવ ક્યાં કરવા જઈએ?' મેં પણ એની વાત માની અને ચોરની પેઠે ચૂપચાપ નાહીધોઈ જમી લીધું. નામ અને રૂપનો સંયોગ થયો ન હતો એટલે બિચારી માએ ઘણા હેતથી રાંધીને મને ગરમ ગરમ મહારાષ્ટ્રી ભોજન જમાડયું. નીકળતી વખતે તેમની આગળ મેં મારું શિર નમાવ્યું અને હેતાળ માના બધા શુભ આશીર્વાદ લઈ મેં વિદાય લીધી.

અમારી યાત્રાનું પહેલું ધામ તે પ્રયાગરાજ. અહીં ઇતિહાસ-પુરાણોમાં પ્રસિદ્ધ એવો ગંગાયમુનાનો રમણીય સંગમ છે. એક તરફથી બંને કાંઠાની સફેદ રેતી ઉછાળતી સ્વચ્છંદિ વહેતી આવે છે. બીજી તરફથી યમરાજની બહેન પોતાનું મહત્ત્વ અને પ્રતિષ્ઠા સાચવતી ધીમે ધીમે આગળ ધસે છે. સંગમથી દૂર સુધી આ બે નદીના ધવલ અને શ્યામ પ્રવાહ જાણે જુદા જુદા હોય એમ જ વહે છે. પ્રાચીન કાળથી આપણા કવિઓએ આ સંગમના કાવ્યમય સ્થાને પોતાની સરસ્વતી વહેવડાવી છે. આપણી ધર્મનિષ્ઠ પ્રજાએ પરાપૂર્વથી આ ત્રિવેણીસંગમને અસાધારણ ઉત્સાહ સાથે વધાવી લીધો છે. ગંગાનું નામ લો કે તરત જ હરદ્વાર અને બ્રહ્માવર્ત યાદ આવે છે; જ્યારે યમુનાનું નામ સાંભળતાંવેંત કોક વખતે તો કુંજવિહારીનાં મથુરાવૃંદાવન યાદ આવે છે અને કોક વખતે શાહજહાનનાં દિલ્હી અને આગ્રાનું સ્મરણ થાય છે. હિંદુ અને મુસલમાન સંસ્કૃતિની એકતાની કંઈક ઝાંખી કરનાર સમ્રાટ અકબરે અહીં સંગમ ઉપર આવેલા સનાતન અક્ષયવટની આસપાસ એક મજબૂત કિલ્લો બાંધેલો છે.

અમે કિલ્લો જોવા ગયા. કિલ્લામાં ગોરાઓની ફોજ રહે છે. કિલ્લાને સંગમ તરફને દરવાજે જ્યારે ઘણા યાત્રીઓ ભેગા થાય છે ત્યારે અંદરથી એક સિપાઈ આવીને બધાને મહીં લઈ જાય છે અને અક્ષયવટનું દર્શન કરાવી બીજે દરવાજેથી બહાર કાઢે છે. અક્ષયવટ તો એક ભોંયરામાં છે. વટ શાનો, એક જમરું થડ જ છે. ભાવિક લોકો કહે છે, થડ અહીં છે અને ડાળીઓ બોધિગયામાં છે. આનો અર્થ શો તે સમજવું કઠણ છે. શું એક વખતે બૌદ્ધધર્મ બોધિગયાથી અલ્લાહાબાદ

સુધી ફેલાયો હતો એવો એનો અર્થ કરવો ? હિમાલયમાં પણ મહાદેવના મહાલિંગનો એક છેડો કેદારનાથમાં છે અને બીજો છેડો નેપાળમાં આવેલા પશુપતિનાથમાં છે એમ કહેવાય છે, તેનો પણ અર્થ શો ? અરે, હિંદુઓ એમ પણ કહેતાં અચકાતા નથી કે ગદાધર શ્રીવિષ્ણુનો એક પગ ગયામાં છે અને બીજો પગ મક્કામાં છે ! કલ્પનાના સામ્રાજ્યમાં સંયમ શાનો ? અક્ષયવટનું ભોંયરું ખાસું લાંબું પહોળું છે અને તેમાં અનેક મૂર્તિઓ છે. એક વાર ગંગાયમુનાનો પ્રવાહ અક્ષયવટને લગભગ અડીને જતો હતો. તે કાળે કેટલાક હિંદુઓ આ અક્ષયવટ પરથી પ્રવાહમાં કૂદી દેહત્યાગ કરતા. આવી રીતે અક્ષયવટ પરથી કૂદીને કરેલી આત્મહત્યામાં પાપ નથી, મોક્ષ છે, એમ મનાતું હતું. જાણે લોકોની આ અઘોર સાધનાથી કંટાળી ગયો હોય એમ સંગમે પોતાનું સ્થાન બદલ્યું અને અકબરે વડની આસપાસ કિલ્લો બાંધી એ આત્મહત્યાનો સંભવ કાયમનો બંધ કરી દીધો. લશ્કરી દૃષ્ટિએ કિલ્લાનું મહત્ત્વ તો છે જ.

આ જ કિલ્લામાં બૌદ્ધધર્મી સમ્રાટ અશોકનો એક શિલાસ્તંભ છે. તેના ઉપર અશોકની ધર્મલિપિ કોતરેલી છે. સમુદ્રગુપ્તના રાજકવિ હરિષેણે લખેલા કેટલાક શ્લોકો પણ આ જ સ્તંભ પર કોતરેલા છે. ઇતિહાસવેત્તાઓ આ બંને લેખને અતિ મહત્ત્વના ગણે છે.

સાથેના સિપાઈની જરા ખુશામત કરીને અશોકના એ શિલાસ્તંભ પાસે જવાની મેં રજા મેળવી. સિપાઈ બિચારો પંજાબી હતો. તે કહે, ત્યાં દર્શન કરવા જેવું કશું નથી. દર્શન તો પેલા ભોંયરામાં છે. બિચારો ભોળો પંજાબી એ શું જાણે કે મારે માટે દર્શન કયું છે ? આ પથરાના ગોળ થાંભલા પર દિગ્વિજયના અને ધર્મવિજયના બે સ્વતંત્ર અને અમર લેખો છે, એની ભાળ એને ક્યારે લાગશે ? હિંદુસ્તાનમાં કેળવણી ફરજિયાત અને સાર્વત્રિક થશે ત્યારે ? રાષ્ટ્રીયતાનો ઉમંગ ઘેર ઘેર પહોંચશે ત્યારે ? કે કોઈ લોકકવિ પ્રજાની તે તે ભાષામાં એનો મહિમા ગાશે ત્યારે ?

કિલ્લાની નજર તળે સંગમ આગળ રેતીનો એક વિસ્તીર્ણ પટ છે, તેમાં પ્રયાગના પંડાઓ પોતપોતાના ડેરા તાણીને પડેલા હોય છે. તંબૂઓની આ ગીચ વસ્તીમાં પોતાના પંડાનો તંબૂ કયો એ યાત્રીઓ

ઓળખી શકે એટલા માટે દરેક તંબૂ પર વિશિષ્ટ લાંછનવાળી ધ્વજા હોય. કોઈ કપિધ્વજ, કોઈ મકરધ્વજ તો કોઈ નૌકાધ્વજ. નવા જમાનાને સૂચવનાર 'હવાઈ ગાડીઓ' (મોટર) અને આગગાડીઓ પણ ધ્વજા પર દેખા દે ખરી.

પ્રખ્યાત કુંભમેળો બાર બાર વરસે અહીં ભરાય છે. દર સાલ તો માઘમેળો જ ભરાય છે. આવા મેળાઓ પર, પ્રાંત પ્રાંતના સાધુઓ, સંન્યાસીઓ, તપસ્વીઓ અને સંતમહંતો આવે છે. ધર્મચર્ચા ચાલે છે, તત્ત્વજ્ઞાનના અખાડાઓ થાય છે, નવી નવી દલીલોની આપ-લે થાય છે. આતુર શિષ્યોને ગુરુઓ મળે છે, અને શિષ્યઘેલા ગુરુઓને ચેલાઓની પ્રાપ્તિ થાય છે. દરેક વાદવિવાદમાં કેટલાં પ્રમાણો માનવાં એની ચર્ચા તો કલાકોના કલાક સુધી ચાલતી હોય. કોઈ પ્રત્યક્ષ તથા અનુમાનને જ માને. ઘણાખરા ઉપમાન અને શબ્દપ્રમાણને માન્ય રાખનારા હોય. નાગા બાવાઓ ચર્ચા ચલાવે ત્યારે ન્યાયશાસ્ત્રમાં નહીં બતાવેલાં એવાં બે પ્રમાણો — લાકડી અને ગાળો — નો વધારે પ્રમાણમાં ઉપયોગ થાય. નાગાઓ મરણથી ડરે નહીં, છતાં પોલીસનો એમને ભારે ડર. કેમ કે પોલીસો એમને પકડીને હાજતમાં લઈ જાય તો ત્યાં પોતાનો ધર્મ પળાય નહીં! દંડાબાજીમાં જો પાંચ દસ સાધુ ખપી જાય તો પોલીસ આવે તે પહેલાં તેમનાં મડદાં રેતીમાં દાટીને રેતી સરખી કરી ઉપર બેસી જાય. હજારો બાવાઓ ત્યાં ઊભા હોય તોપણ પોલીસને સાક્ષી એકે ન મળે. ગુનેગારને સજા મળ્યાથી સમાજમાં ગુના ઘટ્યા નથી, અને આવા સાધુઓને સજા ન થવાથી તેમનામાં ગુના વધ્યા નથી, એ વાત વિચારવા જેવી છે.

મારે પ્રયાગરાજ ઉપર પિતાશ્રીનાં ફૂલ (અસ્થિ) ત્રિવેણીસંગમમાં પધરાવવાનાં હતાં. તે કામ પૂરું કરી શ્રાદ્ધ કર્યું. નદીને કિનારે મૂછ કઢાવેલા લોકો ઘણા જોવામાં આવતા હોવાથી ઉત્તર હિંદુસ્તાનમાં જાણે મદ્રાસીઓએ એક થાણું નાખ્યું હોય તેમ જણાતું હતું. સાધારણ રીતે આપણે સિંધીઓને જોઈએ છીએ ત્યારે અરધા અંગ્રેજ ને અરધા પારસી જેવા દેખાય છે. પણ તીર્થક્ષેત્રમાં અત્યંત ભાવિકતા બતાવનારા અને ભક્તિથી ગળગળા થનારા યાત્રાળુઓમાં સિંધનો નંબર પહેલો આવે.

મહારાષ્ટ્રીઓ થોડા વખતમાં અને થોડે ખરચે વધારે કેટલું જોવાય અને કેટલા પુણ્યનો સંચય થાય એ તરફ જ નજર રાખનારા હોય છે. ગુજરાતીઓ હંમેશાં ખાવાપીવાની સગવડની શોધમાં ફરતા દેખાય છે. અને બંગાળીઓ પોતાનો ભક્તિનો ઊભરો આખી દુનિયાની નજરે બરાબર પડે એ વિષે વધારે ઇંતેજાર દેખાય છે. મદ્રાસીઓ મોઢા પરથી દેખાય છે હોશિયાર, પણ હિંદી ન જાણતા હોવાને લીધે અને એમના વિચિત્ર રિવાજ અને પોશાકને લીધે રોઝ જેવા જ્યાં ત્યાં ફરતા દેખાય છે. મજૂરો અને ગાડીવાળાઓ સાથે એમને બનતું જ નથી.

સંયુક્ત પ્રાંતના લોકોને માટે પ્રયાગ કંઈ પારકો મુલક નથી. તેઓ તો રીતસર રૂદાર અંગરખાં પહેરીને, માથા પરની ટોપી જરાક ત્રાંસી રાખીને પાન ચાવતા ચાવતા, પોહિયાની પેઠે બધે ફરતા ફરે છે. તેમને જોઈને હરકોઈ કહી શકે, 'आत्मन्येव च संतुष्टः अस्य कार्यं न विद्यते।' અંગ્રેજી ભણેલો માણસ ગમે તે પ્રાંતનો હોય, એની જાત નોખી જ પડવાની. યાત્રાને આવે ઠેકાણે પોતે આવ્યો એમાં પોતાની કેળવણીને કાંઈ એબ લાગી ન હોય એવી મુખમુદ્રા ધારણ કરીને તે અતડો અતડો ફરે છે. અને આ બધાના ચિત્રવિચિત્ર સ્વભાવ, પોશાક અને રિવાજ તરફ સાવ બેદરકાર રહી ગંગા અને યમુનાના સનાતન પ્રવાહ અમરપુરી વારાણસી તરફ અખંડ અવિરત વહ્યા જ કરે છે.

૩

અમરપુરી વારાણસી

કાશી હું એક વાર પહેલાં પણ આવેલો. છતાં પરિચયને લીધે ઉત્પન્ન થતી અવજ્ઞા મારામાં અવતરેલી ન હતી. ટ્રેનમાં બેસીને ગંગાજીના પુલ ઉપરથી જ્યારે હું પસાર થતો હતો ત્યારે કાશીનું એ અદ્‌ભુત દૃશ્ય જોઈ હું ગદ્‌ગદિત થયો. મધપૂડા પર બેઠેલી માખીઓ ગણગણાટ કરતી હોય એવો અવાજ કાશીમાં દૂરથી સંભળાય છે. વારણા નદીથી અસી નદી સુધીના દૃશ્યમાં સૌથી વધારે ધ્યાન તો ઔરંગઝેબની મસ્જિદના ગગનસ્પર્શી બે મિનારાઓ ખેંચે છે. મિનારાઓ જોઈને એક વિચાર-પરંપરા મનમાં જાગ્રત થઈ. મેં મનમાં કહ્યું, 'આ બે મિનારા પાછળ હિંદુસ્તાનના ઇતિહાસનું પરમ રહસ્ય — ચરમ રહસ્ય — છુપાયેલું છે. ઔરંગઝેબે ધાર્મિક ઝનૂનના આવેશમાં આવીને કાશીનું કેન્દ્ર, હિંદુ ધર્મનું તિલક, વિશ્વેશ્વરનાથનું મંદિર તોડી નાખ્યું અને મંદિરની જગાએ એક મસ્જિદ ચણાવી છે. હજી એ મસ્જિદના પાછળના ભાગમાં મૂળ મંદિરના અવશેષ જોવામાં આવે છે. ઔરંગઝેબનું મરણ થયું. મોગલ સામ્રાજ્યની પડતી થઈ. હિંદુ પાદશાહી સ્થાપવા ઇચ્છનાર મરાઠાઓનો દોર દિલ્હી પર ચાલવા લાગ્યો. મરાઠા સરદાર હરિદ્વારના પંડાઓને ભૂમિદાન કરવા લાગ્યા. છતાં આ હિંદુઓને કાશી જેવા પવિત્ર ધર્મક્ષેત્ર ઉપર ઇસ્લામી પતાકાની પેઠે વિરાજતી ઔરંગઝેબની મસ્જિદ તોડી નાખવાનો વિચાર સરખો ન આવ્યો. આજે એ મસ્જિદ ઇસ્લામી ધર્મના વિજયની પતાકા રહી નથી, પણ હિંદુ લોકોએ પોતાનું સામ્રાજ્ય લગભગ દેશભર વ્યાપી ગયું હતું તે વખતે બતાવેલી સહિષ્ણુતાની ધજા છે. હિંદુ જાતિનો આ પ્રેમમંત્ર અંગ્રેજો કળી શકતા નથી. પછી તેનો સ્વીકાર તો ક્યાંથી જ કરે? તેથી જ કાનપુરના કૂવા પર લખેલા પોતાના દ્વેષલેખને સુરક્ષિત રાખવા માટે સરકારે ત્યાં ગોરાઓનો પહેરો રાખ્યો છે, અને દિલ્હી

શહેર આગળ તલવાર ઉગામીને ઊભા રહેલા સેનાપતિનું બાવલું ઊભું કરવામાં ભારે પુરુષાર્થ માન્યો છે.'

આવા વિચારોના પ્રવાહમાં હું કેટલેય તણાઈ જાત, પણ પુલ નીચેના ગંગાના શાન્ત પ્રવાહે મને શાન્ત કરી દીધો. પણ આ શાન્તિ ઝાઝો વખત ટકવા પામી નહીં. સ્ટેશન પાસે આવ્યું ત્યાં મારા હૈયામાં ધ્રાસકો પડ્યો. પંડાનાં ઝુંડ મારી પૂંઠે લાગશે એ ખ્યાલથી મારાં ગાત્ર ઢીલાં થઈ ગયાં. રશિયાના જંગલનો કોઈ મુસાફર પોતાની પાછળ વરુનાં ઝુંડ પડેલાં જોઈને પણ એટલો નહીં ડરી ગયો હોય. બીતો બીતો હું ટ્રેનમાંથી ઊતર્યો અને એક ગાડીવાનની પાસે જઈને તેને કહ્યું, 'ભાઈ, જે ભાડું લેવું હોય તે લે, પણ એકદમ મને અહીંથી દુર્ગાઘાટ તરફ લઈ જા.' ગાડીવાને ગાડી તો હાંકી, છતાં એ પંડાઓ પોતાના ચોપડા બગલમાં રાખી મારી પાછળ દોડ્યા. માંડ માંડ હું એમના પંજામાંથી છટકવા પામ્યો અને અનન્તભટને ત્યાં જઈ પહોંચ્યો.

અનન્તભટ બહુ સજ્જન માણસ. પોતાનો કર્મકાંડ સારી રીતે ચલાવતા. યજમાનોની સારવાર પોતાની ખાનદાનીને છાજે એ રીતે કરતા અને પોતાની આવક વધારતા. નાણાંની ધીરધાર પણ કરતા. સૂતા પહેલાં મને પંડાઓનો વિચાર આવ્યો. મને થયું: અનન્તભટ પણ એક જાતના પંડા જ છે. એ અહીંયાં ન હોય તો મારી યાત્રા સારી રીતે થાય નહીં. વિલાયતમાં દરેક મોટા શહેરમાં હોટેલો હોય છે, 'હાઉસ-એજન્ટ્સ' હોય છે, ટૉમસ કૂક જેવી કંપનીઓ હોય છે, દરેક બંદર પર 'શિપિંગ-એજન્ટ્સ' મળે છે. આપણા આ પંડાઓ એ જ કામ આપણા જીવનને અનુકૂળ એવી ઢબે નથી કરતા? પંડાને કાગળ લખો એટલે એ તમને સ્ટેશન પર લેવા આવે, ઘેર લઈ જઈને રહેવાની સગવડ કરી આપે, જોવા જેવાં મંદિરો અને સ્થળો બતાવે, એ બધાનું માહાત્મ્ય પણ કહે, તમારી જોડે બજારમાં પણ આવે. અને એ બધાને માટે લે શું? તમે જે આપો તે. દુનિયામાં આટલી સોંઘી અને સાદી વ્યવસ્થા બીજે ક્યાંય નહીં મળે.

ત્યારે આ પંડાઓનો આપણને ત્રાસ શા માટે વછૂટે છે? એનું કારણ એટલું જ કે, આ પંડાઓને પોતે ગોર અથવા પુરોહિત મટીને

'હાઉસ-એજન્ટ' અથવા 'હોટેલ-કીપર' બની ગયા છે એનું પૂરતું ભાન નથી. એ આદર્શો સાચવવા જતાં એમની આ દશા થઈ છે. પંડાઓ તો સાચું જોતાં યાત્રાળુઓના ગુરુ કહેવાય. પોતાની ભલમનસાઈ અને આતિથ્યધર્મને અનુસરીને પોતાના યજમાનની રહેવાકરવાની સગવડ એમણે શરૂઆતમાં કરી હશે. પછી ધનવાન યાત્રાળુઓને જોઈને બ્રાહ્મણનું હૃદય લોભથી વીંધાયું હશે. બ્રાહ્મણો કહે છે કે પંડાઓનો લોભ એ સીતાજીનો શાપ છે. ધન્ય છે આ બ્રાહ્મણોને કે જે પોતાના ખરાબમાં ખરાબ દોષને માટે પણ વ્યાસ કે શૌનક ઋષિને નામે પૌરાણિક આધાર ઉપજાવી શકે છે! આ ગંગાપુત્રોમાંથી કેટલાક આધુનિક પદ્ધતિ સ્વીકારીને 'હાઉસ-એજન્ટ' અને 'ટ્રાવેલર્સ ગાઈડ' બની જાય અને એમ કરીને પણ પોતાની પ્રતિષ્ઠા જાળવે તોયે તેઓ ખૂબ રળી શકે અને યાત્રાળુઓના આશીર્વાદ મેળવે.

બીજે દહાડે અમે મણિકર્ણિકા ઘાટ પર નાહવા ગયા. ત્યાં ગંગાજીનું જ પાણી લઈને ગંગાજીને અભિષેક કર્યો. ચક્રપુષ્કરિણીના તીર્થ ઉપર આવ્યા. પાસે ઊભેલા એક ગંગાપુત્રે કહ્યું, 'આઇયે મહારાજ, સ્નાન કીજિયે.' મેં એને ના પાડી. બુવા ચોંકી ગયા. એમણે પૂછ્યું, 'કેમ આ તીર્થનું માહાત્મ્ય ઝાઝું નથી શું?' મેં જવાબ વાળ્યો: 'કેમ નહીં? એમાં એક વાર નાહવા પડ્યા પછી માણસને નરકમાં જવાનું રહેતું નથી.' બુવા સમજી ગયા, છતાં બુવાના કુતૂહલને તૃપ્ત કરવાને ખાતર અમે તીર્થ પાસે ગયા. તીર્થ ઉપર આરસપહાણનો એક પથ્થર હતો. તેના ઉપર અંગ્રેજીમાં વિક્ટોરિયા રાણીનું નામ અને બીજું કાંઈક લખ્યું હતું. અને તીર્થમાં? પાંચ ફૂટ પહોળો અને પચીસ ત્રીસ ફૂટ લાંબો એક ખાડો. પાણીનો રંગ અમે જોઈ શક્યા નહીં, કારણ પાણી પર આ કુંડમાં રોજ નાહનાર હજારો યાત્રાળુઓના પરસેવાનો જાડો થર જામ્યો હતો. છતાં અમારી નજર આગળ સેંકડો યાત્રાળુઓ મરણ પછીનું નરક ટાળવા માટે એમાં હોંશે હોંશે ડૂબકી મારતા હતા. મને થયું કે ઈશ્વર શરમનો માર્યો આ લોકોને નરકવાસમાંથી માફી આપતો હશે, કેમ કે આ કુંડમાં સ્નાન કરનારને સૂગ ચડે એવો કુંડ નરકમાં પણ ઈશ્વર ક્યાંથી લાવે?

અમે સ્મશાનઘાટ તરફ ચાલ્યા. ત્યાં ફાડેલાં લાકડાંનો ખડકલો કરી મૂકેલો હતો. મને થયું, મારે માટે તો નહીં ખડકી મૂક્યાં હોય? કાશીમાં જે માણસ મરે છે તેના કાનમાં મહાદેવ પોતે તાર સ્વરે મંત્ર જપી જાય છે, અને કાશીવિશ્વેશ્વર હમેશાં શરીરે તેની ચિતાભસ્મનો લેપ કરે છે.

આગળ જઈને અમે બિન્દુમાધવનું દર્શન કર્યું. શિંદે હોળકરનાં અન્નછત્રો જોયાં. પુણ્યશ્લોક અહલ્યાબાઈનું સ્મરણ થયું. એમની વ્યવસ્થાથી રોજ કાશીજીથી રામેશ્વર જતી કાવડનું ચિત્ર દૃષ્ટિ આગળ તરી આવ્યું. અમે વિશ્વનાથનાં દર્શન કર્યાં. ત્યાંની ભીડ, જમીન ઉપરનો કાદવ અને સડેલાં બીલીપત્રની ગંધ ગમે તેવાં હોય તોપણ કાવ્યમય લાગતાં અને ભક્તિભાવમાં વધારો જ કરતાં હતાં. વિશ્વેશ્વરને ત્યાં ભેદભાવ નથી. સૌ સરખુ છે, દર્શન કરવા ગમે તે જાય, ગમે ત્યારે જાય. 'મત જાઓ'નું નામ ન મળે. મંદિરના ગર્ભગૃહની દીવાલમાં એક ત્રાંસું કાણું પાડેલું છે. એ કાણું રાખવાનું કારણ હું સમજી શક્યો નહીં. પણ મંદિરની પ્રદક્ષિણા કરતાં મેં જોયું કે દુનિયાની મુસાફરી કરનાર ગોરા 'ગ્લોબટ્રૉટર' (તુરગયાત્રી) વિશ્વેશ્વરનાં દર્શન કરી શકે એટલા માટે કાણું પાડેલું છે. અમે ગયા તે વખતે ત્યાં આગળ ટૉમસ કૂકનો એક એજન્ટ બે ત્રણ મેડમોને મંદિર વિષે માહિતી આપતો હતો. મંદિરના શિખર પર જડેલું સોનાનું પતરું પંજાબકેસરી રણજિતસિંહની શ્રદ્ધાનું ચિહ્ન છે એમ કોઈએ મને કહ્યું. પાસે જ ઔરંગઝેબની મસ્જિદ છે. અને વચમાં જ્ઞાનવાપી છે. કહે છે કે, જ્યારે યવનો મૂળ મંદિરને ભ્રષ્ટ કરવા આવ્યા ત્યારે કળિયુગનું માહાત્મ્ય જાણી વિશ્વેશ્વરની મૂર્તિ આ કૂવામાં કૂદી પડી; એ કૂવો ઠેઠ પાતાળ સુધી ગયેલો છે!

ત્યાંથી આગળ જે મઠમાં રહીને એકનાથ મહારાજે પોતાનો 'નાથભાગવત' ગ્રંથ પૂરો કરેલો તે મઠ જોવા ગયા. સંસ્કૃત ભાષાનું સામર્થ્ય અને પાવિત્ર્ય મારી મરાઠીમાં પણ છે એ આ સ્થાને સિદ્ધ થયું, એ ખ્યાલ આવતાં જ હૃદયમાં ભક્તિનો ઊભરો આવ્યો. તે સ્થાને મેં સાષ્ટાંગ પ્રણામ કર્યાં, એકનાથ સ્વામીનું સ્મરણ કર્યું અને અમે ત્રિલિંગસ્વામીના બાવલાનું દર્શન કરવા ગયા. ત્રિલિંગસ્વામી એક સુવિખ્યાત

દક્ષિણી સંન્યાસી હતા. તેમણે કાશીજીમાં ઘણાં મંદિર મકાનોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. છતાં તેઓ એક પણ નવું મંદિર કે મકાન બાંધવાની ના પાડતા હતા. આમ કરવાનું કારણ દેખીતું છે. કાશીજીનાં નાનાં મોટાં મંદિર અને તેમાંની મૂર્તિઓની ગણતરી કરીએ તો તેની સંખ્યા ત્યાંની લોકસંખ્યા કરતાં બહુ ઓછી ન થાય એટલી છે. ત્યાં નવાં મંદિરોનો વધારો શા માટે જોઈએ ?

હિંદુસ્તાનમાં અનેક સામ્રાજ્યો થઈ ગયાં, અનેક રાજધાનીઓ થઈ ગઈ. આજે તે રાજધાનીઓ કાં તો નામશેષ થઈ ગઈ છે, કાં તો તેમનું રૂપાન્તર નાનાં ગામડાંમાં થઈ ગયું છે. છતાં આ દેવનગરી અનેક સામ્રાજ્યોની ચડતી અને પડતીની સાક્ષી થઈને હજી એવી ને એવી ટકી રહી છે. ભૂતકાળ જો સજીવ જોવો હોય તો તે કાશીજીમાં મળી શકે છે. ગંગા નદી પોતાનું ઘાટરૂપી બંધન વારંવાર તોડયાં જ કરે છે. અને માની લાત ખાઈને પણ જેમ વાછરડું ગાયને ધાવવા દોડે છે તેમ લોકો પણ ફરી ફરીને નવા નવા ઘાટો બાંધ્યે જાય છે.

વારાણસીમાં આજે પણ પૂર્વમીમાંસાવાદી કર્મકાંડીઓના યજ્ઞયાગ ચાલે છે; વેદાન્તીઓ દ્વૈત અદ્વૈતનો ઝઘડો ચલાવીને શ્રોતાજનોને ખંડનખંડખાદ્ય આપે છે; વૈયાકરણીઓ શબ્દેશબ્દને ચૂંથે છે, બંગાળી અને દક્ષિણી નૈયાયિકો ‘ગાદાધરી’નો અર્થ કરવા મથે છે; ઇસાઈઓ અને આર્યસમાજીઓ વાગ્યુદ્ધો મચાવે છે; વેદિયાઓ દશગ્રંથનો ઘોષ કરે છે; કારીગરો ટાંકણાં મારી મારીને પથ્થરને દેવ બનાવે છે; અને કેટલાક ભૂદેવો અન્નક્ષેત્રમાં જમી. આળસુ બેસી રહીને જીવતા પથ્થર બની જાય છે.

આ જ નગરીમાં સત્યસંધ હરિશ્ચંદ્રને વિશ્વામિત્રના ઋણમાંથી છૂટવામાં અગ્રજોએ અને અંત્યજોએ મદદ કરી હતી. આ જ નગરમાં તુલસીદાસે રામકથા ગાઈ હતી. ને અહીં જ કબીરજીએ હિંદુ અને મુસલમાન સંસ્કૃતિને ભેગી વણી હતી.

બનારસને કેટલાક લોકો ‘The city of the dead and the dying’—મરેલા અથવા મરવાની અણી પર આવેલા લોકોની નગરી કહે છે. પણ ઉપર કહ્યું છે તેમ, હિંદુસ્તાનની અનેક નગરીઓ

નામશેષ થઈ ગઈ છતાં વારાણસી હજી અમરપુરી જ રહી છે, કારણ કાશીજીમાં સનાતન ધર્મનો વાસો છે.

એક દિવસ અમે દશાશ્વમેધ ઘાટથી પુલ સુધી હોડીમાં બેસીને ફરવા ગયા. ગંગાજીના સ્પર્શથી શીતળ અને પાવન થયેલો પવન મંદ મંદ વાતો હતો. જાતજાતનાં મંદિરો 'મને જો', 'મને જો' કરતાં આંખ આગળ ખડાં થતાં હતાં. બધાંને હું શ્રદ્ધાપૂર્વક પ્રણામ કરતો હતો. ચકમકના પથ્થરના વાંકાચૂકા પાસા જેમ સુશોભિત દેખાય છે તે જ પ્રમાણે કાશીનાં ઘરોની વિશૃંખલ શોભા દૃષ્ટિને આકર્ષે છે. સવારસાંજ અસંખ્ય સ્ત્રીપુરુષો, બાળકો અને વૃદ્ધો ગંગામૈયાની કેડ પર રમતાં નજરે પડે છે.

દશાશ્વમેધ ઘાટ પર એક પરમહંસ રહેતા હતા. તેઓ નગ્ન રહેતા. પહેલી વાર હું બનારસ આવ્યો ત્યારે એમનો ફોટો લેવાનો મેં પ્રયાસ કર્યો હતો, પણ તે નિષ્ફળ ગયેલો. જેમ જેમ હું ફરું તેમ તેમ તેઓ મારી તરફ પૂંઠ ફેરવ્યે જતા હતા. તે વેળા હું બહુ ખિન્ન થયેલો, પણ પાછળથી મને સૂઝયું કે આવા પરમહંસના શરીરનો ફોટો લેવો એ જંગલીપણું છે. આ વખતે હું તેમના દર્શન માટે ગયો, પણ તેઓ ત્યાં નહોતા. કોઈએ કહ્યું કે થોડા દિવસ પર ગંગાની રેલ આવી તેમાં તેઓ તણાઈ ગયા. કેટલાક લોકોએ તેમને બચાવવાનો પ્રયત્ન કર્યો. પણ તેમણે પાછા આવવાની સાફ ના પાડી અને ગંગાજીમાં જળ-સમાધિ કરી.

કાશીમાં જેમ અનેક ધર્મ અને અનેક સંપ્રદાય છે તેમ ત્યાં સ્થાપત્ય અને શિલ્પકળાના પ્રકાર પણ અનેક છે. બીજે દિવસે તે જોવાને નીકળ્યા. બધું જોઈને સાંજે થિયૉસૉફિસ્ટ લોકોની સેન્ટ્રલ હિંદુ કૉલેજ તરફ આવ્યા. ત્યાં સરસ્વતીનું એક નાનકડું મંદિર જોયું. એક બે બંગાળી વિદ્યાર્થીઓ ચાદર ઓઢીને ઉઘાડે માથે ફરતા હતા. પાસે થિયૉસૉફિકલ લૉજમાં મિસિસ બેસન્ટનું વ્યાખ્યાન હતું. ભવિષ્યકાળમાં મનુષ્ય પ્રાણી કેવાં થશે એ વિષે વિવેચન થયું હતું. વ્યાખ્યાનમાંથી રામકૃષ્ણ સેવાશ્રમમાં આવ્યા. ત્યાં બ્રહ્મચારી ચન્દ્રશેખર કરીને એક સાધુ હતા તેમણે અમારું સ્વાગત કર્યું. ઘણા બ્રહ્મચારીઓ સંસ્કૃત ભણતા

રોગિઓની સેવા

હતા. પાસેના રુગ્ણાલયમાં ચારુબાબુ માંદાઓની માવજત કરતા હતા. સેવાશ્રમની વ્યવસ્થા જોઈ હું ખુશ થયો. એટલામાં બે ત્રણ બંગાળીઓ શહેરમાંથી તંબૂરો અને તબલાં લઈને આવ્યા. તંબૂરા અને તબલાં સાથે તેમણે ગાયન શરૂ કર્યું. સંતકવિ રામપ્રસાદનું પદ હતું. ગાનાર અદ્‌ભુત હતા. સાંજે ઘેર ગયા ત્યાં પણ ગાયનના સૂર કાનમાં ગુંજતા હતા.

છેલ્લે દિવસે અમે કાળભૈરવના મંદિરમાં ગયા. ત્યાં હાથે અને ગળામાં કાળા રેશમના દોરા બાંધી લીધા. મંદિરમાં જઈ

तीक्ष्णदंष्ट्र महाकाय कल्पान्तदहनोपम ।
भैरवाय नमस्तुभ्यं, अनुज्ञां दातुमर्हसि ॥

કહી કાશીજીના આ કોટવાળની રજા લીધી અને ત્રિસ્થળીની યાત્રા પૂરી કરવાને ગયાજી જવાને નીકળ્યા. ગયાના ગયાવળો યાત્રાળુને બહુ હેરાન કરે છે એ હું જાણતો હતો, તેથી ગયાના બધા વિધિઓની દક્ષિણા અને ખર્ચના પૈસા અનન્તભટજીને આપી તેની પહોંચ લીધી હતી. ટોમસ કૂક કંપનીને પ્રવાસનો બધો ખર્ચ આપીને કૂપનબુક લઈ રાખવા જેટલી સગવડ આમાં રહેલી હતી.

દરેક હિંદીએ જિંદગીમાં એક વાર તો વારાણસીનું દર્શન કરવું જ જોઈએ.

૪

ગયાનું શ્રાદ્ધ

દુનિયામાં દરેક વસ્તુ મરે છે, ફક્ત એક મરતો નથી ભૂતકાળ. ભૂતકાળ ચિરંજીવી છે. મહાસાગરમાં ઓટ આવે છે, ચન્દ્રનો ક્ષય થાય છે, કુબેર નિર્ધન બને છે, પર્વતો ધોવાઈ જાય છે, સામ્રાજ્યો સ્મૃતિમાં-થીયે ભૂંસાઈ જાય છે, પણ લોકક્ષયકૃત ભૂતકાળને ક્ષય નથી. ભૂતકાળ દહાડે દહાડે સમૃદ્ધ થતો જાય છે. પણ તમે એને સાચવી ન શકો, કારણ તમે તો વર્તમાનકાળમાં જ રહો છો. ભૂતકાળનું વૃક્ષ તમારે આંગણે રાખવું હોય તો તમારી પાસે અમાપ સ્મૃતિજળ હોવું જોઈએ.

દરેક માણસ ઇચ્છે છે કે પોતાનાં મૂળિયાં પણ ભૂતકાળમાં હોય. પોતાની સંતતિ દ્વારા તે ભવિષ્યકાળમાં તો પગપેસારો કરી શકે છે, પણ ભૂતકાળમાં પ્રવેશ કરવા માટે ભૂતની પેઠે પગ અવળા હોવા જોઈએ. છતાં માણસે એક યુક્તિ શોધી કાઢી છે. દર વર્ષે એક વાર માણસ ભૂતકાળમાં વાસ કરતા પોતાના પિતા, પિતામહ અને પ્રપિતામહનું સ્મરણ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે અને ભૂતકાળ ઉપર પોતાનો વારસાનો હક સાબિત કરે છે.

એમ તો ભૂતકાળ બધે રહે છે; પણ જેમ વિષ્ણુ વૈકુંઠમાં રહે છે અથવા મહાદેવ કૈલાસમાં રહે છે તેમ ભૂતકાળ ગયામાં રહે છે. આજે આટલે વર્ષે ગયામાં ફરી પ્રવેશ કરું છું એ પણ ભૂતકાળમાં સહેજ પ્રવેશ કરવા ખાતર જ. દરેક હિંદુ ગયામાં જઈ પોતાના પૂર્વજોનું શ્રાદ્ધ કરે છે. આજે મને ગયાનું જ શ્રાદ્ધ કરવાનું મન થયું છે.

અમે રાતે ગયા પહોંચ્યા. પહેલાં એક વાર ત્યાં ગયો હતો એટલે આ વખતે કશી અગવડ પડે એમ ન હતું. ગયા તીર્થસ્થળ છે, એટલે હજારો કે લાખો માણસો એકી વખતે આવી પડે તોપણ ત્યાં અગવડ પડે એમ નથી. દરેક ઘરમાં કેટલાં માણસ રહી શકે એની નોંધ મ્યુનિસિ-પાલિટી તરફથી કરવામાં આવી છે. આપણા લોકોને ઝાઝી સગવડની

જરૂર નથી રહેતી, એટલે દક્ષિણા વિષે કશી કચકચ ન હોય તો યાત્રા સુખેથી થઈ શકે છે. તમે સ્ટેશન પર પહોંચો કે તરત ગયાવળોના આડતિયા તમારી આગળ આવીને ઊભા રહે છે, અને તમે ક્યાંના છો, ક્યાંથી આવ્યા વગેરે સવાલો હિંદુસ્તાનની એકેએક ભાષામાં પૂછી લે છે. તમે જે ભાષામાં જવાબ આપો તે ભાષામાં સંભાષણ શરૂ થાય છે. આ આડતિયા કોઈ પણ વિદ્યાપીઠના સ્નાતક થયા વગર હિંદુસ્તાનની બધી ભાષાઓ જાણે છે, અને — વ્યાકરણનો વાંધો ન ઉઠાવો તો — અસ્ખલિત બોલે છે પણ ખરા.

મારે ભાગે કોણ પંડો આવ્યો હતો એની મને યાદ નથી, અને હું માનું છું કે મેં એનું દર્શન પણ કર્યું નથી. તેના મુનીમના મુનીમનો મુનીમ મને સ્ટેશન પર મળ્યો ને ત્યાંથી એક ઉતારે લઈ ગયો. એની વાચાળતાનો ભોગ ન થઈ પડું એટલા માટે મેં પહેલેથી જ એને કહ્યું, 'જુઓ ભાઈ, હું એક વાર અહીં આવી ગયો છું. યાત્રા પરત્વેના બધા પૈસા મેં અનન્તભટને બનારસમાં જ આપ્યા છે. તેમની પાસેથી તમને મળશે. હવે અહીંયાં મારે આટલી સવડ જોઈએ છે, એના આ પૈસા લો. મારે આવતી કાલે શ્રાદ્ધ કરવું છે, પણ તે કર્ણાટકના નૃસિંહાચાર્ય મારફતે જ કરવું છે. તેમને આવતી કાલે સવારે આઠ વાગ્યા પહેલાં અહીં મોકલજો. બપોરે શ્રાદ્ધ થઈ રહે પછી તમારો ચોપડો લઈ આવજો. તેમાં સહી કરી આપીશ. હવે વધારે કહેવાની જરૂર નથી. જાઓ, કહેલું કામ કરજો અને મને આરામ કરવા દેજો.' મારો આવો મિજાજ જોઈ પેલો બિચારો આભો જ બની ગયો અને એક શબ્દ પણ બોલ્યા વગર કહ્યા પ્રમાણે ગોઠવણ કરવા ચાલતો થયો. આવો અવતાર મેં ધારણ કર્યો ન હોત તો એ માણસ પોતાની આશાળુ વાતોમાં નહીં નહીં તોયે મારો અરધો કલાક બગાડત.

બીજે દિવસે ફલ્ગુ નદીને કાંઠે શ્રાદ્ધ કરવા ગયો. ફલ્ગુ નદી ભોંયમાં વહે છે. એને સીતાનો શાપ છે. રેતીમાં ખોદીએ ત્યારે પાણી મળે. નદીમાં હંમેશાં યાત્રાળુઓની ભીડ હોય છે, અને એ ભીડની અંદર પુષ્ટ અને રૂપાળા ગયાવળો પોઠિયાની પેઠે દક્ષિણાની આશાએ ફરતા જોવામાં આવે છે. મેં નદીમાં સ્નાન કર્યું, છાણાં આણી તેના ઉપર उपले

ચરુ તૈયાર કર્યો. નૃસિંહાચાર્ય આવ્યા. તેઓ બધા મંત્રો જાણતા હતા, એમના ઉચ્ચાર પણ ઠીક હતા, તેથી જ મેં તેમને લીધેલા.

નદીના પટમાં બેસી કરવાની ક્રિયા પૂરી કરી અને પિંડ લઈ હું ગદાધરના મંદિરમાં ગયો. ત્યાં સેંકડો યાત્રાળુઓ ઠેકઠેકાણે હારબંધ બેઠા હતા અને શ્રાદ્ધની કવાયત કરતા હતા. શ્રાદ્ધ જેવી અત્યન્ત પવિત્ર ભાવનાભરી ધાર્મિક ક્રિયાને આટલું યાંત્રિક સ્વરૂપ આપેલું જોઈ મને બહુ ખોટું લાગ્યું. ડગલે ને પગલે દક્ષિણા વિષે લડતા અને ગરીબ અજ્ઞાન યાત્રાળુઓ જો માગેલી દક્ષિણા ન આપે તો તેમનાં મરી ગયેલાં સગાં-વહાલાંને ગાળો દેતા ગયાવળોને જોઈ, હિંદુ ધર્મ વિષે કોઈ નિરાશ થાય તો તેનો ઝાઝો વાંક ન કાઢી શકાય. અમે પિંડ આપવા માટે ધર્મશિલા પાસે જઈ બેઠા. ધર્મશિલા પર શ્રી વિષ્ણુનું પગલું છે. એ વિષ્ણુપદ ઉપર લોકો પિંડ આપતા જાય છે અને ગાયો આવીને તે ખાય છે. આવો ક્રમ સતત ચાલ્યા કરે છે. પિંડપ્રદાનની ક્રિયા પૂરી થયા પછી ગયાપુત્રો પાસેથી યાત્રાનું સુફળ મેળવવાનું હોય છે. આ વખતે ગયાપુત્ર મનમાની દક્ષિણા પડાવી શકે છે. આપણે તેની આગળ હાથ જોડીને ઊભા રહીએ એટલે તે ફૂલની માળા લઈ આપણા હાથ બાંધી દે છે અને મન તૃપ્ત થાય એટલી દક્ષિણા ન મળે ત્યાં સુધી છોડતો નથી. ગજવું ભરાય એટલે પછી માળા તોડી નાખે છે, અને પીઠ પર થાપા મારી યાત્રા સફળ થયેલી જાહેર કરે છે અને બધા પૂર્વજો સીધા સ્વર્ગે પહોંચ્યાની ખાતરી આપે છે.

મેં બધી દક્ષિણા બનારસમાં જ ચૂકવી દીધેલી હોવાથી અહીંયાં પણ હું બચી ગયો. અમારા મુનીમે એક ગયાપુત્રને આણી મારી આગળ ઊભો કર્યો. ગયાપુત્ર વીસેક વરસનો હશે. તેણે રેશમી અબોટિયું પહેરેલું હતું. ઉપર રેશમી ખમીસ અને જાકીટ હતાં. વાળ ઇંગ્લિશ ફેશનના અને પોમેટમથી બરાબર ચળકતા કરેલા હતા. મારી બધી શ્રદ્ધા મહામહેનતે એકઠી કરી મેં એની આગળ બે હાથ જોડચા અને માળા વતી બંધાવા દીધા. ગયાપુત્ર રૂસણું લઈ બેસવાની તૈયારીમાં હતો, એટલામાં મુનીમે કહ્યું, 'દક્ષિણાના પૈસા જમે થયા છે.' ગયાપુત્રે

માળા તોડી નાખી અને ચાલતો થયો. એ ગયાપુત્ર મને તરત ભૂલી ગયો હશે, પણ હું એને હજી ભૂલ્યો નથી.

અમારા ગોર મહારાજે કહ્યું કે, 'ગયામાં આવીને શ્રાદ્ધ કરવું એ માણસની ગૃહસ્થજીવનની છેલ્લી ફરજ છે. તે પૂરી થઈ એટલે હવે તમારે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર એ ષડ્રિપુનો ત્યાગ કરવો જોઈએ. પણ આ કળિયુગમાં એમ બની શકતું નથી, માટે એના બદલામાં તમારે કંઈ એક વસ્તુનો ત્યાગ કરવો જોઈએ.' મેં પૂછ્યું, 'ખાંડનો ત્યાગ કરું તો?' આસપાસ ઊભેલા દસ પંદર જણ એ સાંભળી હબકી ગયા. તેમણે કહ્યું, 'ખાંડ તે કેમ કરીને છોડાય?' મેં કહ્યું, 'આજે પાંચ વરસ થયાં હું ખાંડ ખાતો નથી.' ગોર મહારાજે સૂચવ્યું કે, 'કારેલાં કે કોળું એવું કંઈ છોડી દો.' મેં કહ્યું, 'ધર્મ સાથે આવી પ્રતારણા હું નહીં રમું. હું તો ક્રોધનો જ ત્યાગ કરવાનો પ્રયત્ન કરીશ.' અને મનમાં ઉમેર્યું, 'અને અંધશ્રદ્ધાનો પણ.'

ગદાધરનું મંદિર સુંદર છે. નદીના પટથી ઘણી ઊંચાઈ પર હોવાથી એની શોભા ખૂબ વધેલી છે. બપોરે અમે નૃસિંહાચાર્યને ત્યાં ભોજન કર્યું, ગયામાહાત્મ્યનું શ્રવણ કર્યું અને તરત જ બોધિગયા જવાનો નિશ્ચય કર્યો. ગયામાહાત્મ્ય એ હિંદુ ધર્મશાસ્ત્રોમાં એક અદ્ભુત પ્રકરણ છે. નિષ્કામભાવે પરોપકાર કરનાર ગયાસુરના તેજથી ડરી જઈ દેવોએ કાવતરું રચ્યું અને તેમાં સાક્ષાત્ શ્રીવિષ્ણુએ ભાગ લઈ અત્યંત નિર્દયતાથી — અને દગલબાજીથી કહીએ તોપણ ચાલે — તેનું ખૂન કર્યું, એવી કથા એ માહાત્મ્યમાં છે.

સુણજો હવે એ કથા.

૪અ

ગયાની ખ્યાતિ

લોકપિતામહ બ્રહ્મદેવે અસુરવૃત્તિથી અસુરો ઉત્પન્ન કર્યા અને સદ્‌ભાવથી દેવો ઉત્પન્ન કર્યા. આ અસુરોમાં ગયાસુર મહાબળિયો અને પરાક્રમી હતો. તેનું શરીર બહુ જ સ્થૂળ હતું. અસુર એટલે મહાપાપી ક્રૂર, સર્વને રંજાડનાર, ઇન્દ્રને ધાક બેસાડનાર, અપ્સરાઓને ઉપાડી જનાર એવો માયાવી, કપટી કોઈક રાક્ષસ, એવો જ ખ્યાલ મનમાં આવે છે. પણ બધા અસુરો કંઈ એવા નથી હોતા. દાનશૂર બળિરાજા પણ અસુર હતો. ગયાસુર એ જ કોટિનો અસુર હતો. એની આગળ દેવો કેવા દેખાતા એ હવે જોઈશું.

ગયાસુરને પવિત્રતાની લગની લાગી અને એણે કોલાહલ પર્વત પર દારુણ તપ આદર્યું. હજારો વર્ષ સુધી શ્વાસ સ્થિર કરી એણે તપ કર્યું. જેથી દેવો હમેશની પેઠે બહુ જ ગભરાયા. શિરસ્તા મુજબ દેવો બ્રહ્મદેવ પાસે ગયા. બ્રહ્મદેવ શંકર પાસે, અને શંકર વિષ્ણુ પાસે. દેવોના સનાતન રિવાજ મુજબ બધાએ વિષ્ણુની સ્તુતિ કરી. વિષ્ણુએ તેમના ગભરાટનું કારણ પૂછ્યું.

'ગયાસુરના ભયથી અમારું રક્ષણ કરો,' તેમણે પોકાર કર્યો.

'તમે આગળ જાઓ, હું અબઘડી આવીને ગયાસુરને વરદાન આપી તેના તપનો અંત આણું છું.' વિષ્ણુએ વચન આપ્યું.

સૌએ મળીને ગયાસુરને 'વર બોલવા'ને કહ્યું. ગયાસુરે માગી લીધું, 'દેવ, બ્રાહ્મણ, યજ્ઞ, તીર્થ, ઋષિ, મુનિ, જ્ઞાની, ધ્યાની, બધા કરતાં હું પવિત્ર થાઉં.' દેવોએ ખુશીથી 'તથાસ્તુ' કહી વર આપ્યો અને સૌ પોતાને ઘેર ગયા.

પણ ત્યાં તો બકરું કાઢતાં ઊંટ પેસી ગયા જેવું થયું. ગયાસુરનું પવિત્ર દર્શન કરી, તેનો સ્પર્શ કરી બધા જ વૈકુંઠ ધામ જવા લાગ્યા.

ત્રણે લોક ખાલી પડ્યા. યમપુરી ઉજ્જડ થઈ. એટલે યમ, ઇન્દ્ર વગેરે અધિકારીઓ બ્રહ્મદેવ પાસે જઈને ફરિયાદ કરવા લાગ્યા, 'આ લો અમારાં રાજીનામાં, તમે દીધેલો અધિકાર પાછો લો. અમારું કશું કામ રહ્યું નથી.'

સંઘ ફરી વિષ્ણુ સુધી જઈ પહોંચ્યો. વિષ્ણુ ગયાસુરને સનદ આપી ચૂક્યા હતા, એટલે તેમણે દેવોને એક યુક્તિ સુઝાડી: 'ગયાસુર પાસે જઈ તેનો પવિત્ર દેહ યજ્ઞને માટે માગી લો અને તેના શરીર પર જ યજ્ઞ કરો. (!)

દેવો બ્રહ્મદેવને આગેવાન કરી ગયાસુર પાસે ગયા. ગયાસુરે તેમનું આતિથ્ય કરી તેઓ કંઈ પણ કહે એના પહેલાં જ એમનું કામ કરી દેવાનું વચન આપ્યું. બ્રહ્મદેવે કહ્યું: 'યાત્રાને અર્થે હું ખૂબ ફર્યો છું, પણ તારા શરીર કરતાં વધારે પવિત્ર સ્થાન મને ક્યાંય જડ્યું નથી. મારે યજ્ઞ કરવો છે. તારું શરીર આપ.'

ગયાસુર ધન્ય ધન્ય થઈ ગયો. તેણે બ્રહ્મદેવને કહ્યું, 'મારા પિતાનો વંશ અને માતાનો વંશ ધન્ય થયા છે. તેં જ આ દેહ ઉત્પન્ન કર્યો છે અને તેં જ તે પવિત્ર કર્યો છે; મારી ખાતરી છે કે તારો યજ્ઞ બધાના ઉપકારને માટે હશે. सर्वेषामुपकाराय यागोऽवश्यं भविष्यति।'

આટલા નિર્મળ ભાવથી પ્રેરાયેલો ગયાસુર દેહ આપતાં શાની વાર લગાડે? તે આડો થઈ સૂતો. સૃષ્ટિ રચનાર બ્રહ્મદેવે યજ્ઞની સામગ્રી અને યજ્ઞના ઋષિઓ ત્યાં ને ત્યાં જ નિર્માણ કર્યા. એટલા બધા ઋષિઓ કે તેમની નામાવલિનોયે પાર ન આવે! ગયાસુરના શરીર પર મોટો યજ્ઞ થયો, બ્રાહ્મણોને દક્ષિણા અપાઈ. ગયાસુર મરણ પામ્યો હશે એમ માની બધાએ ઉપાડીને એને મોટા સરોવરમાં નાખી દીધો. ત્યાં તો અસુર હાલવા લાગ્યો. હે ભગવાન! હવે શું કરીએ? ચકિત થયેલા બ્રહ્મદેવે ધર્મરાજ યમને બૂમ પાડી કહ્યું, 'તારા ઘરમાં પેલી ભારે ધર્મશિલા છે તે આણીને આના માથા પર ઝટ મૂકી દે. મારી આજ્ઞા છે. અત્યારે પાપ પુણ્યનો વિચાર ન કર.' (!)

શિલા માથા પર મુકાઈ તોપણ અસુર હાલવા લાગ્યો. એટલે બધા દેવોએ તેના પર પોતપોતાના પગ મૂકી તેને સારી પેઠે દાબ્યો.

તોયે અસુર ઠંડો ન થયો. હવે બ્રહ્મા વ્યાકુળ થયા. ક્ષીરસાગરમાં વિષ્ણુ સૂતા હતા ત્યાં જઈ પહોંચ્યા. દ્વારપાળે વિષ્ણુને ખબર આપી. શ્રીવિષ્ણુએ બ્રહ્માને અંદર બોલાવી, આવવાનું કારણ પૂછ્યું. બ્રહ્માએ કહ્યું, 'અમે યજ્ઞ કર્યો, દેવરૂપિણી ધર્મશિલા તેની ઉપર નાખી, રુદ્ર વગેરે બધા દેવો તેના ઉપર બેઠા, છતાં એ નિશ્ચળ થતો નથી. હવે તમે જ અમારા પર દયા કરી શકો.'

વિષ્ણુએ પોતાના શરીરમાંથી મૂર્તિ કાઢીને બ્રહ્મદેવને આપી. તેનો ભાર પણ બસ ન થયો. આખરે ક્ષીર સાગરમાંથી વિષ્ણુ પોતે આવ્યા અને શિલા ઉપર ઊભા રહ્યા. તેમના હાથમાં પુરાણપ્રસિદ્ધ ગદા હતી. વિષ્ણુ સાથે ગાયત્રી, સાવિત્રી, સરસ્વતી, લક્ષ્મી, સીતા, યક્ષ, ગંધર્વ, ઇંદ્ર, બૃહસ્પતિ વગેરે સઘળાં દેવ દેવતા આવીને ગયાસુરના શરીર પર ઊભાં. એટલે અસુર સ્થિર થઈ ગયો !

सर्वेषामुपकाराय જેણે પોતાના દેહ સુધ્ધાં બધું આપ્યું હતું તેના હૃદયને આ કપટથી આઘાત થયો. અંતઃકરણની વેદનાથી તેણે દેવોને પૂછ્યું, 'શા માટે તમે મને આવી રીતે છેતર્યો ? મેં મારું નિર્મળ શરીર બ્રહ્મદેવને યજ્ઞ માટે આપ્યું હતું. શું શ્રીવિષ્ણુના વચનમાત્રથી હું નિશ્ચળ ન થઈ જાત ? કે તમે અને વિષ્ણુએ પોતાની ગદાથી મને આટલો પીડ્યો ? હશે, મને પીડવાનું જો નક્કી થયું હોય તો હું એટલું જ ઇચ્છું છું કે એથીયે બધા સદા સંતોષ પામો.'

> ऊचे गयासुरो देवान् किमर्थं वंचितो ह्यहम् ?
> यज्ञार्थं ब्रह्मणे दत्तं शरीरममलं मया ।।
> विष्णोर्वचनमात्रेण किं न स्यां निश्चलो ह्यहम् ?
> यत्सुरैः पीडितोऽत्यर्थं गदया हरिणा तथा ।
> पीडयश्च यद्यहं देवाः प्रसन्नाः सन्तु सर्वदा ।।

દેવો શરમાયા કે નહીં તે માહાત્મ્યમાં લખ્યું નથી. પણ તેમણે ગયાસુરને કહ્યું કે, 'અમે તારા પર પ્રસન્ન થયા છીએ, વર બોલ.' ગયાસુરે માગી લીધું, 'જ્યાં સુધી આ પૃથ્વી, આ પર્વત અને આ ચંદ્ર, સૂર્ય, તારાઓ છે ત્યાં સુધી બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, અને બીજા દેવો,

ત્રિલોકનાં સર્વ તીર્થો, ગંગાદિ નદીઓ, બધાં મારા માથાની આ શિલા ઉપર રહેજો અને તે બધાં મારી ખાતર લોકોનું ભલું કરજો. અહીં જે લોકો સ્નાન, તર્પણ અને શ્રાદ્ધ કરે તેમની હજાર પેઢીઓનો ઉદ્ધાર થજો, તેમનું પાપ ધોવાઈ જજો. બધાં તીર્થો લોકોનું ભલું કરજો. વધારે હું શું માગું ? તમારામાંથી એક પણ દેવે અહીંથી ખસવું નહીં. આટલું વચન તો પાળજો. समयः प्रतिपाल्यताम् । '

દેવોએ 'તથાસ્તુ' કહ્યું. દૈત્ય હર્ષિત થયો અને કાયમને માટે નિશ્ચળ થયો.

* * *

આ મહત્કૃત્ય કર્યા પછી બ્રહ્મદેવે દેવોના દેખતાં તે બધી ભૂમિ અને પાંચ પાંચ ગામો બ્રાહ્મણોને આપી દીધાં, તેમને રાચરચીલા સાથે ઘર બાંધી આપ્યાં, કામધેનુ આપી, કલ્પવૃક્ષ, પારિજાતક વગેરે વૃક્ષો આપ્યાં, દૂધની નદીઓ આપી, ઘીનાં તળાવો આપ્યાં, મધના કૂવાઓ આપ્યા, દહીંનાં સરોવર આપ્યાં, અન્નના પર્વતો આપ્યા, ભક્ષ્ય ભોજ્ય ફળોની સગવડ કરી આપી, અને બ્રાહ્મણોને કહ્યું, 'હવે તમારે કોઈની પાસે કશું માગવું નહીં.' ગદાધરને નમસ્કાર કરી બ્રહ્મદેવ બ્રહ્મલોક ગયા.

પણ બ્રાહ્મણોથી રહેવાયું નહીં. તેમણે ધન લઈને યજ્ઞ કરવાનું શરૂ કર્યું. યજ્ઞનો ધુમાડો સ્વર્ગ સુધી પહોંચ્યો એટલે બ્રહ્માએ આવીને તેમનું બધું છીનવી લીધું.

'તમે હંમેશાં લોભી જ રહેવાના' એમ કહી બ્રહ્માએ શાપ આપ્યો. બ્રાહ્મણો રોવા લાગ્યા, 'અમારા ગુજરાનની કંઈ પણ સગવડ કરો.' બ્રહ્માએ દયાથી કહ્યું, 'હવે તો તમને ભીખ માગશો તો જ મળશે. હંમેશને માટે તમારે માથે તીર્થનું ગોરપણું જ રહેશે. અને લોકો તમારી પૂજા દ્વારા જ મારી પૂજા કરશે.' આ આવા બ્રાહ્મણોના વંશજ તે ગયાવળ પંડાઓ !

* * *

અને અણીને પ્રસંગે બ્રહ્મદેવને જે ધર્મશિલાનું સ્મરણ થયું તેનું માહાત્મ્ય શું છે? તે પણ સુણજો.

એક પવિત્ર સાધુને ધર્મવ્રતા નામની એક કન્યા હતી. તે સર્વલક્ષણ-સંપન્ન હતી. ગુણોમાં લક્ષ્મી કરતાં પણ ચડે એવી હતી. બ્રહ્મદેવના પરમ તપસ્વી પુત્ર મરીચિ સાથે તેનો વિવાહ થયેલો. ઘડપણમાં એક દિવસ મરીચિ જંગલમાં ફળફૂલ લાવવા ગયેલો ત્યાંથી થાકીને આવ્યો. ધર્મવ્રતાએ થાકેલા પતિના પગને ઘી ચોળવાનું કામ શરૂ કર્યું. જેમ થાક ઊતરતો ગયો તેમ ઋષિને ઊંઘ આવવા લાગી. એટલામાં ત્યાં બ્રહ્મદેવ આવ્યા. સસરાને જોઈ સતી ઊઠી, કેમ કે તે ગુરુના ગુરુ હતા. તેમને પગ ધોવાનું પાણી આપી, વહુએ સસરાની પૂજા કરી અને એક સરસ પથારી કરી આપી. એટલામાં મરીચિ ઊઠ્યા. સ્ત્રી પાસે નથી એમ જોઈ ક્રોધમાં આવી શાપ આપ્યો કે, 'પગચંપી કરવાનું કામ મારી આજ્ઞા વિના છોડીને ગઈ તેથી તું શિલા થઈ જા!' સતીને સ્વાભાવિક રીતે ખોટું લાગ્યું. તે બોલી, 'ઘરમાં પિતા આવે ત્યારે તેમની સેવાપૂજા કરવાનું કર્તવ્ય તમારું હતું. તમારી ધર્મપત્ની તરીકે મેં તે કર્યું એમાં મારો શો વાંક?' મરીચિ મુનિ પોતાની ભૂલ સમજ્યા. બંને મળીને હરિને શરણે ગયાં અને માગી લીધું કે અમારું રક્ષણ કરો. એટલામાં બ્રહ્મદેવ પણ નિદ્રામાંથી ઊઠ્યા. બધાએ સતીના તપની મુક્તકંઠે પ્રશંસા કરી. પણ કહ્યું કે, 'તારા પતિનો શાપ ભૂંસી નાખવાની શક્તિ અમારામાંથી કોઈની નથી, ધર્મનું રક્ષણ થાય એવો બીજો કોઈ પણ વર માગી લે.' સતીએ માગી લીધું, 'પતિનો શાપ દૂર કરવાની શક્તિ તમારામાં ન હોય તો આટલું આપો કે નદી, નદ, સરોવર, તીર્થ, દેવ, ઋષિ, મુનિ, પ્રધાન દેવો, યજ્ઞક્ષેત્રો મારામાં આવીને વસે. આખા બ્રહ્માંડની હું પાવની શિલા થાઉં. મને જોઈને સર્વલોક પાપ અને ઉપપાતકથી મુક્ત થાય. શિલા ઉપર જે લોકો શ્રાદ્ધ કરે તેમને અને તેમના કુળને વિષ્ણુલોક મળે. અને જ્યાં સુધી આ બ્રહ્માંડ રહે ત્યાં સુધી આ શિલા રહે.' દેવોએ તેવો વર આપ્યો, પણ પસ્તાયા. સર્વ લોકો તે શિલાનો સ્પર્શ કરી કરી વૈકુંઠ જવા લાગ્યા. યમરાજ અકળાયો. તેણે પોતાનો અધિકાર અને પોતાનો યમદંડ બ્રહ્મદેવને સુપરત કર્યા અને કહ્યું, 'હવે તો મારું કામ રહ્યું

જ નથી.' બ્રહ્માએ યમરાજને કહ્યું, 'પેલી શિલા ઉપાડીને તારા ઘરમાં રાખી મૂક એટલે પત્યું!' ત્યારથી યમરાજ લોકોનું ફરી શાસન કરવા લાગ્યા અને ધર્મશિલાની ફક્ત કીર્તિ જ રહી.

ગયાસુરના શરીર પર યજ્ઞ કર્યાં પછી પણ જ્યારે ગયાસુર હાલવા લાગ્યો ત્યારે બ્રહ્મદેવે યમરાજ પાસેથી આ જ શિલા માગી લીધી હતી. તે શિલામાં સર્વ તીર્થોની સ્થિતિ હોવાથી તે અત્યંત ભારે અને અત્યંત પવિત્ર થઈ હતી.

* * *

ગયાસુરના શરીર પર શ્રીવિષ્ણુ જે ગદા હાથમાં લઈને ઊભા હતા તે ગદાની પણ કથા છે. વજ્ર કરતાં પણ દૃઢ અને મજબૂત એવા ગદ નામના અસુર પાસેથી બ્રહ્મદેવે તેનાં હાડકાં માગી લીધાં હતાં, અને વિશ્વકર્મા પાસેથી તે હાડકાંની એક વજ્રગદા તૈયાર કરાવી હતી. અને હેતિ નામના મહાબળિયા રાક્ષસને મારવાને માટે શ્રીહરિને એ આપી હતી; કેમ કે દેવોના શસ્ત્રાસ્ત્ર વડે તેનો વધ ન થાય એવો વર બ્રહ્મદેવે પોતે જ તેને આપ્યો હતો!

* * *

આવા આવા પુણ્યપ્રસંગોથી પ્રસિદ્ધ થયેલી ભૂમિ પર શ્રી આદિગદાધર

लोकानां रक्षणार्थाय जगतां मुक्तिहेतवे ।

લક્ષ્મી સાથે ઊભા છે. ત્યાં જેઓ યાત્રા માટે જાય છે તેમની મનકામનાઓ તૃપ્ત થાય છે. માત્ર શાસ્ત્રમાં લખ્યું છે કે, ત્યાં જનારે બ્રહ્મચારી અને સંયમી રહેવું જોઈએ; શુદ્ધ અને સંતુષ્ટ રહેવું જોઈએ; દાન ન લેવું જોઈએ; અહંકારથી નિવૃત્ત રહેવું જોઈએ; જિતેંદ્રિય અને દાનશીલ થવું જોઈએ; તો જ તેને તીર્થફળ મળે.

कामं क्रोधं तथा लोभं त्यक्त्वा यः सत्यवाक् शुचिः ।
सर्वभूतहिते रक्तः स तीर्थफलमश्नुते ।।
तीर्थान्यनुसरन्धीरः पाखंडं पूर्वतस्त्यजेत् ।
पाखंडं तच्च विज्ञेय यद् भवेत् कर्म कामतः ।।

ધર્મવ્રતાને શાપ આપનાર મરીચિને 'તું દુઃખી થા' એવો મહાદેવે શાપ આપ્યો. પણ તેનો પશ્ચાત્તાપ જોયા પછી 'તારી ગયામાં

મુક્તિ થશે' એવો ઉ:શાપ આપ્યો. મરીચિએ શિલા પાસે બેસી દુષ્કર તપ આદર્યું. આવું તપ કરવાનું કેટલાયે પશ્ચાત્તાપદગ્ધ પતિઓના નસીબમાં આવતું હશે! મહાદેવના શાપથી કાળો પડેલો મરીચિ તપ વડે શુક્લ થયો અને હરિના વરથી સ્વર્ગલોકમાં ગયો.

અિતિ श्रीवायुपुराणे श्वेतवाराहकल्पे गयामाहात्म्यं संपूर्णम् ।

જે માણસ આ પુણ્ય ગયાખ્યાન વિચાર અને મનનપૂર્વક વાંચશે અથવા સાંભળશે તેને સારી ગતિ મળશે.

૫

બોધિગયા

બોધિગયા કંઈ જેવુંતેવું તીર્થ નથી. બોધિગયાનું નામ સાંભળતાંવેંત માથું ભક્તિથી નીચું નમે છે. જૂના વખતમાં આ સ્થાનને 'ઉરુવેલા' કહેતા. આજથી અઢી હજાર વર્ષ પહેલાં નેરંજરા નદીને કાંઠે આ વનમાં એક પીપળાના ઝાડ નીચે એક જુવાન બેઠો હતો. એનું શરીર ગળી ગયું હતું. આંખો બે ગોખલા જેવા ઊંડી ઊતરી ગઈ હતી. છતાં તેમાંથી દયા, તપ અને તેજનું અમૃત ઝરતું હતું. છાતીની એકેએક પાંસળી ગણી શકાતી હતી. દાઢી, મૂછ અને વાળ વધ્યાં હતાં. લાંબા લાંબા નખ લાંબા ઉપવાસને લીધે ધોળા થઈ ગયા હતા. બહારથી એ જુવાન તદ્દન શાંત દેખાતો હતો, છતાં તેના અંતરમાં મહાયુદ્ધ ચાલતું હતું. ભારતીય યુદ્ધ તો દિવસ આથમ્યે બંધ થતું. આનું યુદ્ધ અહોરાત્ર ચાલતું હતું. ભારતીય યુદ્ધ અઢાર દિવસમાં પતી ગયું. આના યુદ્ધનો તો રંગ અઢાર દિવસ પછી જામ્યો. આ યુદ્ધ કોઈ માણસ સામે ન હતું. પણ માણસના સનાતન શત્રુ માર સામે હતું. આ યુદ્ધમાં મનુષ્યજાતિના હિતને અર્થે લડનાર આ એકાકી વીર દૃઢ નિશ્ચય કરીને બેઠો હતો: 'મનુષ્યજાતિનું દુઃખ હવે મારાથી જોયું જતું નથી. શું માણસ અનંતકાળ સુધી આવું ને આવું દુઃખ સહેવા માટે જ સરજાયો હશે? આ દુઃખનું ઓસડ ક્યાંક તો હોવું જ જોઈએ. જો હોય તો તેની શોધમાં

આ જિંદગી વિતાડવી તે કરતાં જિંદગીનું બીજું સાર્થક શું હોઈ શકે? અને તેવું ઓસડ ન મળે એમ હોય તો પછી જીવવામાં માલ પણ શો?'

ત્યાં તે નવજુવાન બેઠો ન હતો, ભારતવર્ષની સનાતન શ્રદ્ધા બેઠી હતી. જુવાનોના કુલગુરુ, આસ્તિકતાના સાગર, નિર્ભયતાની મૂર્તિ એવા ભગવાન નચિકેતાનો તે અવતાર હતો. અક્ષય્ય ધામ માગનાર રાજપુત્ર ધ્રુવની પરંપરાનો તે હતો. કેમ કે તેની નિષ્ઠા પણ તેટલી જ ધ્રુવ હતી. જુવાને નિર્ધાર કર્યો હતો કે, આ જ આસન પર શરીર ભલે સુકાઈ જાય, હાડ, માંસ અને ચામડી ભલે હવામાં ભળી જાય, પણ જ્યાં સુધી આ ભવરોગનું દુઃખ મટાડનાર બહુકલ્પદુર્લભ બોધિ (જ્ઞાન) મળે નહીં ત્યાં સુધી આ કાયા અહીંથી ખસવાની નથી.

સત્ય સંકલ્પ વિફળ ગયો હોય એવો દાખલો હજી બન્યો નથી. જુવાનનું સમાધાન થયું. સિદ્ધાર્થનું નામ સાર્થક થયું. રાજપુત્ર ગૌતમ ગૌતમ મટી બુદ્ધ થયા. એ જ ક્ષણે કોઈ શ્રદ્ધાવાન સાધ્વી થાળીમાં પાયસ (ખીર) લઈ ત્યાં આવી અને એણે એ વરાન્ન આ વનદેવને અર્પણ કર્યું.

આ સ્થાન તે બોધિગયા. જે પુરાતન અશ્વત્થ વૃક્ષ તળે બુદ્ધ ભગવાને આ છેલ્લી સાધના કરી તેની આગળ આજે એક ભવ્ય મંદિર ઊભું છે. જોડે ચંક્રમણનું * સ્થાન છે. આસપાસ પ્રાચીન ઋષિ સમાં મોટાં મોટાં વૃક્ષો છે. આ વૃક્ષોએ કેટલીયે ઋતુઓ સહન કરી હશે, અને કેટલાંયે પ્રાણીઓને સહાય કરી હશે, અને કેટલાયે સાધકોની શ્રદ્ધાભક્તિનાં તેઓ સાક્ષી રહ્યાં હશે!

અમે પહેલાં એક ઝાડ તળે બેઠા. ત્યાં કૂવામાંથી પાણી ખેંચીને હાથપગ ધોયા. પાણી પીધું અને પ્રસન્ન અંતઃકરણે મંદિરમાં દર્શન કરવા ગયા. મંદિરની અંદર બુદ્ધ ભગવાનની ભવ્ય મૂર્તિ હતી. તેને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી અમે મંદિર પર ચડી શિખરની આસપાસ ફર્યા. કારીગરીમાં ભવ્યતા છે પણ માર્દવ કે નાવીન્ય નથી. નીચે ઊતરીને મંદિરની પ્રદક્ષિણા કરી. જેમ જેમ હું પ્રદક્ષિણા ફરતો હતો

* ચંક્રમણ — ધર્મચિંતન કરતાં કરતાં આંટા મારવા તે.

તેમ તેમ મારો ભાવ બદલાતો હતો. આખું જીવન દૃષ્ટિ આગળ ઊભું થયું અને તરત જ દૃષ્ટિ શૂન્ય થઈ. પાણીમાં તરનાર માણસ ડૂબકી મારે અને વધારે ઊંડાણમાં પ્રવેશ કરે તે વખતે જેમ તે નિર્ભય છતાં ભયભીત જેવો થાય છે, તેવી આ ક્ષણે મારી સ્થિતિ થઈ. જીવનના પૃષ્ઠભાગ ઉપર તો હું ખૂબ ફર્યો હતો – તર્યો હતો, પણ આ ક્ષણે હું ઊંડાણમાં ઊતર્યો. આવી સ્થિતિ પહેલાં એક જ વાર ધ્યાનમાં થઈ હતી; પણ તે આના પ્રમાણમાં સ્પર્શમાત્ર હતી. મારી પ્રદક્ષિણાઓ પૂરી થઈ અને હું પાછળના અશ્વત્થને નમસ્કાર કરવા ગયો. ઘરનો ત્યાગ કરી હું હિમાલય તરફ ચાલ્યો હતો, ભવિષ્ય મારી આગળ અજ્ઞાત હતું. મેં મારા વહાણનાં બધાં દોરડાં કાપી નાખ્યાં હતાં, બધા સઢ ચડાવ્યા હતા. વહાણ ફરી મૂળ બંદરમાં પાછું આવશે એવી ધારણા તે વખતે ન હતી. એ વખતની મનોવૃત્તિનું વર્ણન કેમ થઈ શકે? હું બહારથી શાંત હતો, પણ અંદરથી જ્વાળામુખી ધૂંધવાતો હોય એવી સ્થિતિ હતી. હું ત્યાગ કરું છું એનું મને ભાન હતું. એ ભાન આધ્યાત્મિક ઉન્નતિને બાધક છે એ હું જાણતો હતો. છતાં તે જાય તેમ ન હતું. એટલામાં અંદરથી એક અવાજ આવ્યો, 'ત્યાગ કરવો સહેલો છે. પણ કરેલા ત્યાગને લાયક બનવું એમાં જ પુરુષાર્થ છે.' અહંકારને માટે આટલો સપાટો બસ હતો. હું ઊઠ્યો અને પાસેના તળાવના કાંઠે જઈને બેઠો.

તળાવમાં અસંખ્ય કમળો ખીલ્યાં હતાં, પણ તે તરફ મારું ચિત્ત —હમેશનું કલારસિક ચિત્ત— આકર્ષાયું નહીં. ત્યાંથી ઊઠી પાસે એક ગઢી હતી તે જોવા ગયો. તેમાં ઘણા સાધુઓ રહેતા હતા. તે કોઈ મહન્તના અખાડા જેવી લાગી, પણ તે વિષે પૂછપરછ કરવાનું મન થયું નહીં. મે ખૂબ યાત્રા કરી, હિમાલયમાં રહી સાધના કરી સમાધાન મેળવ્યું, પણ બોધિગયાનો તે દિવસનો અનુભવ કંઈક અનેરો જ હતો.

૬

બેલુડ મઠ

ઓખિગયાથી અમે બંગાળ ચાલ્યા. બંગાળમાં હું પહેલવહેલો જતો હતો. ટ્રેનમાં રાત પૂરી કરી સવારે ઊઠ્યા ત્યાં સુજલા, સુફલા, મલયજશીતલા વંગભૂમિનું દર્શન થયું. બંગાળ એટલે નાનાં મોટાં તળાવોની ભૂમિ. ત્યાંના લોકો તેને પુકુર કહે છે. પુકુર એટલે પુષ્કર. મારો બંગાળનો પ્રથમ પરિચય બહુ આનંદદાયક ન નીવડ્યો. રાત્રે ઊંઘતા ઊંઘતા વિચાર આવતા હતા કે, રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદની વંગભૂમિ જોવાને મળશે; બિપિન પાલ અને અરવિંદ ઘોષની પુણ્યભૂમિનું દર્શન થશે; ખુદીરામ બોઝ અને કનૈયાલાલ દત્તનો 'બાંગલા' હું સવારે ઊઠીને જોઈશ. 'આનન્દમઠ' અને 'દેવી ચોધરાણી'માં વર્ણવેલી ભૂમિ પ્રત્યક્ષ થશે.

આવા મધુરા વિચાર કરતો કરતો હું સૂઈ ગયો. વૈશાખ મહિનો હતો એટલે બુવાએ પોતાનાં કપડાં ઉતારી ડબ્બામાં ઉપર ટિંગાવી દીધાં અને તે પણ સૂઈ ગયા. સવારે ઊઠીને જોઈએ તો કપડાં ન મળે. બંગાળના દારિદ્રની દયા આવી. મને થયું કે કપડાં ઉઠાવી જનાર માણસ રાત્રે નજરે પડત તો મારાં કપડાં પણ એને ઉતારી આપત. મેં કલકત્તા જઈ કપડાં ઉતાર્યાં અને હરિદ્વારમાં જઈ ત્યાંના રામકૃષ્ણ સેવાશ્રમમાં મારાં બધાં કપડાં આપી દીધાં, પણ તેનું કારણ જુદું હતું.

ટ્રેન લીલુઆ સ્ટેશન આગળ થોભી. અમે ઊતર્યા. ત્યાં જઈ વિવેકાનંદનો બેલુડ મઠ ક્યાં છે એમ અમે પૂછ્યું. કોઈ ને બેલુડ મઠની ખબર ન હતી. ચોખંડમાં વિખ્યાતિ પામેલા વિવેકાનંદનો મઠ ક્યાં છે એની લીલુઆ સ્ટેશન પર કોઈ ને જ ખબર ન મળે! કેટલા દુઃખની વાત! રખડતા રખડતા અમે બેલુડ ગામમાં જઈ પહોંચ્યા. ત્યાં એક વૃદ્ધ 'ભદ્ર પુરુષ' મળ્યો. એણે સજ્જનતાથી કહ્યું, 'ચાલો હું તમને બેલુડ મઠ સુધી પહોંચાડું.' સવારથી મળેલા જવાબ પરથી આટલી

સજ્જનતાની મેં અપેક્ષા રાખી ન હતી. તે માણસની પાછળ પાછળ અમે ચાલ્યા. પણ અરે દૈવ! ડોસાનો વેગ કીડીના વેગથી વધે જ નહીં. વખત ગુમાવવાના દુઃખ કરતાં, અમારે લીધે આ વૃદ્ધ માણસને આટલી તકલીફ પડે છે, એનું જ મને વધારે દુઃખ થયું. મેં કહ્યું, 'મહાશય, હું મારો રસ્તો ખોળી લઈશ. આપને તકલીફ આપવા હું નથી ઇચ્છતો.' તેમણે કહ્યું, 'ના ના, મારે પણ મઠમાં જ જવું છે.' થયું, હવે તો અમારે પણ કીડીને વેગે ટગુમગુ કર્યા વગર છૂટકો જ નહોતો.

બેલુડ મઠમાં રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદની સમાધિઓ છે. મઠ બરાબર ગંગા નદીના કાંઠા પર છે. એક છેડા ઉપર દીવાદાંડી સમો લાલ દીવો પણ છે. અમે જઈને મઠપતિ સ્વામી પ્રેમાનંદને નમસ્કાર કર્યા. 'આવો, બેસો' કહી તેઓ પાછા પોતાને કામે વળગ્યા. એટલામાં એક બે બ્રહ્મચારીઓ અમારી પાસે આવ્યા. તેમાંના એકે મને પૂછ્યું, 'તમે પાછા ક્યારે જવાના? અહીં કેટલા દિવસ રહેવા માગો છો?' હું કબૂલ કરું છું કે આવા સ્વાગતને માટે હું તૈયાર ન હતો. મને લાગ્યું કે હું એક અનિષ્ટ પરોણો છું! મેં કહ્યું, 'ભાઈ, હું તો આવતી કાલે જ જવાનો છું.' આટલું અભયદાન દીધા પછી મને લાગ્યું કે હવે વાતો કરી શકાય. એક જણને મેં પૂછ્યું, 'સ્વામી વિવેકાનંદની સમાધિ ક્યાં છે?' તેમણે કહ્યું, 'તે હજી બંધાય છે. સ્વામીજી મહારાજનું આરસનું પૂતળું તૈયાર છે, જે સમાધિની ઓરડીમાં છે. તે તમને બતાવી શકું.'

કાશી અને ગયાની ત્રિસ્થળીની યાત્રા હું કરી આવ્યો હતો. પણ જેમના ધર્મગ્રંથો વડે મારામાં ધર્મશ્રદ્ધા ફરી સ્થાપિત થઈ તે સ્વામી વિવેકાનંદની સમાધિનાં દર્શન એ મારી દૃષ્ટિએ મહાયાત્રા હતી. ડગલે ને પગલે મારા હૃદયમાં શ્રદ્ધા અને ભક્તિ ઊછળવા લાગ્યાં. બસ, ચાળીસ પચાસ કદમ ચાલીશ એટલે મારા આટઆટલાં વર્ષના મનોરથ પૂર્ણ થશે — યાત્રાનું સુફળ મળશે. સંશયવાદની સુષુપ્તિમાં પડેલા ભારતવર્ષને અમેરિકાની સર્વધર્મપરિષદના વ્યાસપીઠ ઉપરથી જગાડનારા સ્વામી વિવેકાનંદનાં — સંગેમરમરના રૂપમાં ભલે હોય — દર્શન થશે એ મારા

વલોવાયેલા હૃદયને માટે ઓછું ન હતું. સમાધિની ઓરડીમાં અમે ગયા. મેં અત્યંત ભક્તિભાવે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને ક્ષણેકને માટે લગભગ બેભાન થઈ ગયો.

પાછા ફરી નદીના ઘાટ પર નાહી લીધું. ઘાટ પાસે મોટી મોટી કોઠીઓની એક હાર હતી. તે તરફ લક્ષ જતાં મેં તે વિષે ત્યાંના એક બ્રહ્મચારીને પૂછ્યું. તેમણે કહ્યું, 'ગંગા અહીં સમુદ્રથી બહુ દૂર નહીં હોવાથી સમુદ્રની ભરતી અહીં આવે છે તે વખતે નદીનું પાણી ખારું થઈ જાય છે; અને સમુદ્રમાં જ્યારે ઓટ થાય છે ત્યારે પાણી મીઠું થાય છે. એટલા માટે ઓટ હોય ત્યારે પીવાનું પાણી અમે આ કોઠીઓમાં ભરી રાખીએ છીએ.'

નાહી ધોઈને મંદિરમાં પ્રવેશ કર્યો. ત્યાં ઉપલે મેડે રામકૃષ્ણ પરમહંસનાં અસ્થિ એક ત્રાંબાના ડબ્બામાં રાખવામાં આવ્યાં છે, અને તે ડબ્બા ઉપર રામકૃષ્ણ પરમહંસનો એક નાનો સરખો ફોટો રાખવામાં આવ્યો છે, તેની જ પૂજા થાય છે. પાછળની બાજુએ એક ધ્યાનની ઓરડી છે. આ વ્યવસ્થા મને ખૂબ ગમી. ધ્યાનના ઓરડામાં હમેશ શાંતિ હોય છે. ગમે તેટલા લોકો ધ્યાન કરે તોપણ કોઈને બીજાની ખલેલ ન પહોંચે. અવાજ કર્યા વગર માણસ અંદર આવીને બેસે અને અવાજ કર્યા વગર બહાર જાય.

સામાન્ય રીતે સભામાં પણ આવવાજવાથી બીજાઓને તકલીફ ન થાય એ તરફ બંગાળી લોકોનું ધ્યાન ખાસ હોય છે. ઘણા લોકો બેઠા હોય અને વચમાંથી જવું પડે તો નીચે નમી, પોતાને કઈ દિશામાં જવું છે એ સૂચવવા માટે એક હાથ આગળ કરી, દરેક જણની માફી માગતો હોય એવી મુદ્રા ધારણ કરી, માણસ ભીડમાંથી પસાર થઈ જાય છે.

ધ્યાનમંદિરમાં બેસી અમે ધ્યાન કર્યું. પરમહંસની સમાધિ આગળ બેસી ગીતા અને ઉપનિષદનો પાઠ કર્યો. મારા આ સ્વાધ્યાય અને શુદ્ધ સંસ્કૃત ઉચ્ચારને લીધે ત્યાંના બ્રહ્મચારીઓમાં મારી પ્રતિષ્ઠા જરા વધી એમ મેં જોયું.

મંદિરમાંથી અમે પાછા મઠમાં ગયા. ત્યાં ઉપલે મેડે સ્વામીજી મહારાજની ઓરડી હતી. આ ઓરડીમાં સ્વામી વિવેકાનંદ રહેતા હતા તે વખતે ઓરડીની જે સ્થિતિ હતી તેવી ને તેવી જ જાળવી રાખી છે. સ્વામીજી મહારાજની સૂવાની ગાદી, તેમનો ફોટો, 'અલખલ્લો' (અંગરખા જેવી કફની) તથા કાનટોપી અને તેમનું મોટું કમંડલુ, હુક્કો — સઘળી વસ્તુઓ સંભાળપૂર્વક ત્યાં ગોઠવી રાખેલી છે. મારા જેવા પ્રેક્ષકને ઓરડીની અંદર જવાની રજા હોઈ ન શકે. બારણામાં જ આડો આગળો હતો ત્યાંથી મેં ડોકિયું કર્યું અને પાછો ફર્યો. અજ્ઞાત ભિખારીની પેઠે આખો દેશ ઘૂમી હિંદુ ધર્મ અને સમાજની આધુનિક સ્થિતિ તેઓ જ્યારે નિહાળતા હતા ત્યારે જે મોટું કમંડલુ તેઓ સાથે ફેરવતા હતા તેણે જ મારું ધ્યાન ખેંચ્યું. આ કમંડલુના પેટમાં કેટલા કીમતી અનુભવો સમાયેલા હશે તેનો હું વિચાર કરવા લાગ્યો.

બપોરે જમવાનો વખત થયો. બંગાળી લોકો માછલાં ખાય છે એ હું જાણતો હતો, તેથી મેં મઠપતિને ખાસ જઈને કહ્યું કે હું શાકાહારી છું. તેમણે કહ્યું, 'તમારે બીવાનું કારણ નથી. તમને અહીં શાકાહાર જ મળશે.' અમે જમવા બેઠા. બંગાળી ભોજન જમવાનો આ મારે પહેલવહેલો પ્રસંગ હતો. બંગાળી લોકોનો મુખ્ય આહાર ભાત અને શાક જ છે. શાક એટલી જાતનું હોય અને એટલું બધું હોય છે કે, ભાતને માટે શાક હોય છે કે, શાકને માટે ભાત એવી શંકા મારા મનમાં સહેજે આવી ગઈ. એક વર્ષ ઉપર મેં મરચાંમસાલાનો ત્યાગ કર્યો હતો, અને અહીં તો શાકમાં મરચાંનો ઉપયોગ ઉદારતાથી કરવામાં આવ્યો હતો. દરેક કોળિયા સાથે મારે પાણી પીવું પડતું હતું. એટલામાં મારા ભાણામાં — કેળના પાંદડા ઉપર — ઘીના જેવું કંઈક જામી ગયેલું તેના પર મારી નજર પડી. મેં માન્યું કે હવે મરચાંનું ઓસડ મળી ગયું; પણ દુર્ભાગ્યે એ તો દેવતામાં શેકેલા બટાટાનો છૂંદો હતો અને તેમાં પણ લીલાં મરચાં હતાં.

प्रायो गच्छति यत्र भाग्यरहितस्तत्रैव यान्त्यापदः ।

જમીને બગીચામાં હાથ ધોવા ગયો. મેં વિચાર્યું કે, હાથ ધોવાનું પાણી ગમે તેમ રેડીએ એના કરતાં ફૂલઝાડને પાણી મળે તો ઠીક. મેં હાથ ધોવાનું શરૂ કર્યું ત્યાં તો બે ત્રણ બ્રહ્મચારીઓએ હાહાકાર મચાવી મૂક્યો. તેઓ અંગ્રેજીમાં બરાબર ન સમજાવી શકે અને હું તેમની બંગાળી ભાષા ન સમજી શકું. આખરે ખબર પડી કે, આ ઝાડનાં ફૂલ ઠાકોરજીને ચડાવવામાં આવે છે તેને એઠું પાણી પવાય નહીં.

હું અજાણ્યો માણસ અને મારો એ પહેલવહેલો અપરાધ હતો, એટલે એક ભાઈએ ક્ષમા આપવાનો ઠરાવ મૂક્યો; અને કેટલાકોએ ઉદારતાથી અને બીજાઓએ શિક્ષા કરવાનો ઉપાય ન સૂઝવાથી તે સ્વીકાર્યો એમ મેં જોયું.

મારું દક્ષિણી ચોખ્ખાઈનું અભિમાન ગળી ગયું. સાચે જ, પૂજાનાં ફૂલઝાડોને એઠું પાણી કેમ અપાય? કર્ણાટકમાં લિંગાયત લોકો પોતાની ન્યાતના લોકોના હાથનું જ પાણી પીએ છે; એટલું જ નહીં પણ, ચુસ્ત લિંગાયત જે ગાયનું દૂધ પીતો હોય તે ગાયને માટે ઘાસ અને પાણી પણ લિંગાયતે જ આણેલું હોવું જોઈએ. શાસ્ત્રમાં લખેલું જ છે: आहारशुद्धौ सत्त्वशुद्धिः ।

બપોરે બ્રહ્મચારીઓને નવરાશ હતી એટલે તેમની સાથે વાતો કરવામાં વખત ગાળ્યો. બ્રહ્મચારીઓમાં એક મુસલમાન હતો. તે પણ કાલીનો ઉપાસક બન્યો હતો અને પરમહંસના ઉપદેશનો અનુવાદ કરવામાં સમય ગાળતો હતો. તેણે મને પૂછ્યું, 'તમે ગુરુ મહારાજનો ઉપદેશ વાંચ્યો છે?' મેં કહ્યું, 'હા જી.' મારી પરીક્ષા લેવા એણે સવાલ પૂછ્યો, 'કહો ત્યારે, કાલીનો વર્ણ શ્યામ શા માટે છે?' મેં કહ્યું, 'શ્યામ વર્ણ આકાશનો છે. આકાશ અનન્ત છે. કાલી પણ અનન્ત છે. માટે કાલી પણ શ્યામ છે.' તેમણે કહ્યું, 'બરાબર.' હું પાસ થયો અને તેમના વાદવિવાદમાં ભળવાને લાયક થયો. તેમને સામો પ્રશ્ન પૂછવાની મને ચળ ઊપડી. મેં કહ્યું, 'સ્વામી વિવેકાનંદની 'Kali the Mother' (કાલીમાતા) એ કવિતાનું રહસ્ય સમજાવશો?' તેમણે કહ્યું, 'ચાલો સ્વામી પ્રજ્ઞાનન્દ પાસે, તેઓ સમજાવશે.' મારી

બાજી બગડી. લાંબા વખત સુધી વિનોદ કરવાની મારી વૃત્તિ ન હતી, પણ સ્વામી પ્રજ્ઞાનન્દ પાસે ગયા પછી મારે દાવકું મોઢું કરી જિજ્ઞાસુ બનવું જ, પડ્યું. તેમણે મને કહ્યું, 'તમે પોતે આ કવિતાનું રહસ્ય શું માનો છો?' મેં ટૂંકામાં કહી દીધું. તેમણે કહ્યું, 'બરાબર છે,' એટલે હું છૂટયો.

આ સ્વામી પ્રજ્ઞાનન્દ જાણવા જેવી વ્યક્તિ હતી. તેમનું મૂળ નામ દેવવ્રત બોઝ. તેઓ એક જાણીતા બ્રાહ્મસમાજી હતા. મિત્રમંડળમાં તેમની ખ્યાતિ ખૂબ હતી. અલીપુર બૉમ્બ કેસમાં તેઓ સપડાયા હતા, પણ આખરે છૂટયા. લાંબા વખત સુધી તેમનો મુકદ્દમો ચાલેલો. તે દરમિયાન તેમને જેલમાં રહેવું પડેલું. ઘણા લોકોને જેલમાં પહેલી જ વાર એકાન્ત મળે છે અને ત્યાં આત્મપરીક્ષણ કરી તેઓ પોતાના જીવનના આખા પ્રવાહમાં પલટો કરી નાખે છે. દેવવ્રત બોઝને એમ જ થયું. બ્રાહ્મો મટી તેઓ વેદાન્તી બન્યા અને સંન્યાસ લઈ પ્રજ્ઞાનન્દ થયા. બેલુડ મઠમાં આવ્યા પછી તેમણે બંગાળી 'ઉદ્‌બોધન' માસિકમાં 'ભારતેર સાધના' કરીને એક સુંદર લેખમાળા લખી હતી, જેમાં હિંદુસ્તાનને ભાગે ઈશ્વરે કયું કામ રાખ્યું છે તેની સરસ ચર્ચા કરી હતી. થોડા દિવસ પછી આ સ્વામી હિમાલય માયાવતી મઠમાં મઠપતિ થઈને રહ્યા હતા અને 'પ્રબુદ્ધ ભારત' માસિક ચલાવતા હતા. થોડાં વર્ષ આ કામ કર્યા પછી તેમણે સમાધિ લીધી.

મારે 'Gospel of Shri Ramkrishna' (શ્રી શ્રીરામકૃષ્ણ-કથામૃત')ના લખનાર શ્રી 'M'ને મળવું હતું. અને બની શકે તો રામકૃષ્ણ પરમહંસનાં ધર્મપત્ની અને શિષ્યા શ્રીશારદામાતાનું પણ દર્શન કરવું હતું. 'M'ને અહીં બધા માસ્ટર મહાશય કહેતા. મેં મઠપતિ સ્વામી પ્રેમાનંદની રજા લીધી. તેમણે મારી સાથે એક બ્રહ્મચારી આપ્યો. અમે એક નાનકડી હોડીમાં બેસી સામે કાંઠે ગયા અને ત્યાંથી નાની સ્ટીમલૉંચમાં બેસી કલકત્તા ગયા. રસ્તામાં બ્રહ્મચારી જોડે ખૂબ વાતચીત થઈ. તેઓ બહુ મિલનસાર હતા. બંગાળના અનેક જુવાનોની પેઠે પહેલાં તેઓ ક્રાન્તિકારક પક્ષમાં હતા. પછી ધાર્મિક વૃત્તિ વધતાં રાજકારણનો રસ ઓછો થયો અને એ રામકૃષ્ણ મિશનમાં દાખલ થયા.

મેં તેમને પૂછ્યું, 'તમારો આદર્શ શો છે?' એમણે કહ્યું, 'અમને દીક્ષા મળી છે તે आत्मनो हिताय અને जगतः सुखाय જિંદગી વિતાડવી એ છે. સ્વામી મહારાજે મઠના બ્રહ્મચારીઓને કહી રાખ્યું છે કે, તમારી જિંદગી સોલ્જરના જેટલી કઠણ હોવી જોઈએ; તત્ત્વજ્ઞાનના કૂટમાં કૂટ પ્રશ્નની ચર્ચા કરી શકો એટલી તીવ્ર અને તેજસ્વી તમારી બુદ્ધિ હોવી જોઈએ; અને ખેતરમાં કામ કરી શાકભાજી ઉગાડી તે બજારમાં વેચી આવો એટલી સાદાઈ, મહેનત અને વ્યવહારકુશળતા તમારામાં હોવાં જોઈએ.' આ બ્રહ્મચારીએ એ જ દિવસમાં ખૂબ માયા લગાડી. બંગાળી લોકો ભાવનાપ્રધાન હોય છે એનો ખ્યાલ આ બ્રહ્મચારીએ મને આપ્યો. એને હું ભૂલું એમ નથી.

અમે માસ્ટર મહાશય — મહેન્દ્રનાથ ગુપ્ત — ને મકાને આવી પહોંચ્યા. તેઓ પૂજામાં બેઠા હતા એટલે જરા રાહ જોવી પડી. હું રાહ જોતો બેઠો એટલામાં તેમની ભવ્ય મૂર્તિ બહાર આવી. તેમણે શ્વેત વસ્ત્ર ધારણ કરેલાં હતાં. લાંબી દાઢી છાતી પર શોભતી હતી. ગંભીરતા અને નમ્રતા એ એમની મુખાકૃતિની વિશેષતા હતી. તેઓ ભોંય પર જ બેઠા. મારા મિત્ર ગુણાજીએ 'Gospel of Shri Ramkrishna'નું ભાષાંતર મરાઠીમાં કર્યું હતું તેમાં મારો હાથ હતો, એટલે એને વિષે જ વાતો શરૂ થઈ. મારો પરિચય થયા પછી તેમણે સમાધાન દર્શાવતાં કહ્યું, ત્યારે 'Gospelનું ભાષાંતર કરનાર શુષ્ક પંડિત નથી, પણ સાધુ પણ છે!'

માસ્ટર મહાશય સાથે વધુ વાતચીત ન થઈ. અમે 'ઉદ્બોધન' કાર્યાલયમાં શ્રી શ્રીમાનું દર્શન કરવા ગયા. શ્રી શ્રીમા એટલે શારદામાતા. કાર્યાલયમાં બારણાં આગળ જ એક ઓરડી હતી ત્યાં સ્વામી શારદાનન્દ બેઠા હતા. સ્વામી શારદાનન્દ આખા રામકૃષ્ણ મિશનના તંત્રી છે. આખી દુનિયામાં જ્યાં જ્યાં રામકૃષ્ણ મિશનની સંસ્થાઓ ચાલે છે તે બધી ઉપર તેમની દેખરેખ છે. એટલે તેમના ઉપર કાર્યભાર ઘણો છે. પોતાના આસન ઉપર પગ લાંબા કરીને બેસે છે અને આખો દિવસ કામ કરે છે. એમનું શરીર ઉઘાડું હતું અને પેટ બહુ જ મોટું હતું. એક જ ઠેકાણે બેસી હમેશ કામ કરવાનું તેનું અને બંગાળી આહારનું

જ એ પરિણામ હતું. 'साधु चलता भला' એ કહેવતનું રહસ્ય મેં નવા અર્થમાં જોયું.

'નમો નારાયણ' કહી મેં એમને નમસ્કાર કર્યા. 'નારાયણ' કહી એમણે મને આશીર્વાદ આપ્યો. એ આપણો જૂનો રિવાજ છે. સંન્યાસીને આ જ શબ્દમાં નમસ્કાર કરાય. નમસ્કાર કરી અમે અંદર ગયા. થોડો વખત રાહ જોયા પછી દર્શનની રજા મળી. રામકૃષ્ણ પરમહંસના અનુયાયીઓ શારદામાતાને દુર્ગાનો અવતાર માને છે. અને કોઈ પણ મહત્ત્વનું કાર્ય એમને પૂછ્યા વગર કરતા નથી. શારદામાતાનું દર્શન મેં અત્યંત ભક્તિપૂર્વક કર્યું. પતિને જ ગુરુ કરી તેમની ઈશ્વરની પેઠે જીવનપર્યંત શુદ્ધ સેવા કરનાર અને તેમની સમાધિ પછી ચોવીસે કલાક રામકૃષ્ણ પરમહંસના ધ્યાનપૂજનમાં જિંદગી વિતાડનાર આ તપસ્વિની બ્રહ્મચારિણી આદર્શ પત્નીનું દર્શન હું મારી જિંદગીનું એક અદ્વિતીય અહોભાગ્ય સમજું છું. મેં સાષ્ટાંગ પ્રણામ કર્યા. સાધારણ ભાષાને અભાવે વાતચીત થઈ શકે એમ તો હતું જ નહીં. મેં ભક્તિ અને આર્જવપૂર્વક તેમને ચરણે દૃષ્ટિપાત કર્યો; તેમણે માતૃવાત્સલ્યથી આશીર્વાદ આપ્યો અને અમે પાછા ફર્યા.

બીજે દિવસે વૈશાખી પૂર્ણિમા હતી. મઠમાં બોધિઉત્સવ હતો અને ગંગા નદીને કાંઠે ખરડહ નામના ગામડામાં ચૈતન્યનો ઉત્સવ હતો. તેમાં હાજર રહેવાને મઠને આમંત્રણ હતું. સ્વામી પ્રેમાનંદે તે આમંત્રણમાં મને પણ ભેળવી લીધો. અમે બીજે દિવસે ત્યાં ગયા.

૭

ભક્તિના ધામમાં

ખરડહનું નામ બંગાળના ધાર્મિક ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. ગૌરાંગપ્રભુ શ્રીચૈતન્યના કૃપાપ્રસાદથી નેડાનેડી લોકો આ જ ઠેકાણે શુદ્ધ થયા હતા. આ નેડાનેડી લોકો મૂળ કોણ હતા, તેઓ અશુદ્ધ શાથી ગણાયા, એ કોણ કહી શકે? કોઈ માને છે કે તેઓ મુસલમાન હતા અને કોઈ કહે છે કે મલેક-કફૂરે બૌદ્ધ લોકોનો નાશ કર્યો તેમાંથી બચેલા લોકો તે આ હતા. મુસાફરો ઇતિહાસ અને દંતકથા સાંભળે છે, પણ તેની ચર્ચા કરવા બેસતા નથી. નવરાશ જ હોય તો કલ્પનાતરંગ ચલાવે. જ્યારે નેડાનેડી લોકોને શુદ્ધ કરવામાં આવ્યા ત્યારે તેઓને ખબર નહોતી કે પોતે કોણ છે. તેઓ શા માટે બહિષ્કૃત છે એનું પણ તેમને ભાન ન હતું. તેઓ એટલું જ જાણતા હતા કે સમાજને તેમનો સહવાસ પ્રિય નથી. તિરસ્કારનું કારણ જો જાણત તો તે વખતે તેઓ સુધરવાનો પ્રયત્ન કરત. અને જેઓ તેમનો તિરસ્કાર કરતા હતા તેમને પણ તિરસ્કારના કારણની કયાં ખબર હતી? પરંપરા ચાલતી આવી છે માટે તિરસ્કાર કરવો જોઈએ, ન કરીએ તો અધર્મ થાય; આપણા ઋષિ-મુનિઓએ એ બધું કરી મૂકયું છે; તેઓ સર્વજ્ઞ હતા; આપણે અલ્પજ્ઞ છીએ અને અલ્પજ્ઞ જ રહેવાના; કારણ શોધવા જવું એમાં ધૃષ્ટતા છે, નાસ્તિકતા છે; એટલે જે ચાલતું આવ્યું છે તે જ આગળ ચલાવવું જોઈએ;— એ વૃત્તિ સમાજની. અને નેડાનેડી લોકો? તેઓ એમ જ માનતા કે ઈશ્વરે આપણને અસ્પૃશ્ય સરજ્યા છે. આપણાં પૂર્વકર્મ ખોટાં હશે તેથી આપણે આ જાતિમાં જન્મ્યા. ઉપલા વર્ણોએ પુણ્ય કર્યું છે તેથી તેમને આપણો તિરસ્કાર કરવાનો — આપણને તુચ્છ લેખી ગાળો ભાંડવાનો હક છે.

બંનેને સમાધાન હતું કે આ સ્થિતિમાં કંઈ અન્યાય નથી. એવામાં ચૈતન્ય મહાપ્રભુની ભક્તિ બંગાળમાં જાગ્રત થઈ. તેમને આ સ્થિતિ રુચી નહીં. ભક્તિએ નેડાનેડી લોકોને કહ્યું, 'પરમાત્માને ઘેર નસીબનું રાજ્ય નથી. ઈશ્વરનું નામ લો, તમે પવિત્ર છો.' નેડાનેડી પાવન થયા ને વૈષ્ણવો બન્યા.

આ શુદ્ધિ વિરોધ વગર નહીં જ થવા પામી હોય. સનાતન ધર્મનું અભિમાન ધરાવનાર 'ધર્મસંરક્ષકો 'એ આ અધર્મ (?) અટકાવવાનો પ્રયત્ન કરવામાં કંઈ પણ મણા નહીં રાખી હોય. પણ તેમનાં નામ સુધ્ધાં આપણે જાણતા નથી. સનાતન હિંદુ ધર્મમાં પોતાના અંધ ભક્તોના સકંજામાંથી બચી જવાની શક્તિ છે, તેથી જ તે આજ સુધી જીવતો રહી શક્યો છે.

હોડીમાં બેસી નદીના પ્રવાહ પર પ્રવાસ કરવો એના જેવું કાવ્ય બીજે ભાગ્યે જ મળતું હશે. બપોરે જમીને નીકળેલા અમે બે ત્રણ વાગ્યે ખરડહ પહોંચ્યા હોઈશું. વૈશાખી પૂર્ણિમાનો દિવસ એટલે તાપ સખત પડતો હતો. પણ ગંગામૈયાના શીતળ સ્રોત ઉપરથી વહેતો પવન તડકાનો ત્રાસ હળવો કરી નાખતો હતો. આ તરફ ઈંટ ચૂનાથી બાંધેલા નદીના ઘાટ જોવા લાયક હોય છે. ગામડાંની સ્ત્રીઓ જ્યારે પાણી ભરવા આવે છે ત્યારે તેમને જોઈને દયા ઊપજે છે. તેમની સાડી બહુ ટૂંકી અને તેથી તંગ હોય છે. સાડી પહેરીને હરવાફરવામાં તેમને ખૂબ અગવડ પડતી હશે એમ લાગે છે. પણ તેમના મોઢા પર દુઃખનું સહેજ પણ ચિહ્ન દેખાતું ન હતું. ખરડહમાં મુખ્ય મંદિરના પ્રાંગણમાં અનેક લોકો ભજન કરતા હતા. ઝાંઝ, મંજીરા, કરતાળ, મૃદંગ વગેરે વાદ્યો વાગી રહ્યાં હતાં. અને દરેક જણ ભકિતરસમાં એટલો માતાલ (મસ્ત) બની ગયો હતો કે જાણે દરેકને એક એક જબરદસ્ત ભૂત વળગ્યું ન હોય!

મહારાષ્ટ્રમાં પંઢરપુરમાં લોકોને ભજનઘેલા બનેલા મેં જોયા છે. પણ તેમનામાં કંઈક સૌમ્યતા હોય છે. અહીં ભકિતની મસ્તીમાં લોકો એકબીજા સાથે હરીફાઈ કરતા હોય એમ જ દેખાતું હતું. અનેક વાદ્યોના સ્વરસંમેલનથી અને બેહોશ થયાના હાવભાવ કરવાથી એક જાતનો ભક્તિરસ

તો જરૂર પેદા થાય છે. પણ તેથી સ્વાભાવિક પુષ્ટિ મળતી હશે એમ મને નથી લાગતું. એ એક જાતનો કેફ જ ગણવો જોઈએ.

આ પછી અમે બેલુડ મઠના સંન્યાસીઓ અને બ્રહ્મચારીઓને આમંત્રણ અપનાર અમારા મેજબાનને ત્યાં ગયા. એમણે અમને ફલાહાર કરવાનો આગ્રહ કર્યો. હું ખાંડ ખાતો ન હતો તેમ જ એક જ વાર અન્ન લેવાનો મારો નિયમ હતો. તેથી મેં તો લાલ તડબૂચ ખાવાનું જ પસંદ કર્યું. ખાવાના આગ્રહની તો મણા ન હતી. અમારી સાથેના સંન્યાસીઓ વધારે લેવાની ના પાડે ત્યારે યજમાન કહે, 'તમને ન ભાવે તો થાળીમાં રહેવા દેજો. અમને તેટલો વધારે પ્રસાદ મળશે.' મેં વિવેકનો વિચાર છોડી દઈ કહ્યું, 'બીજાનું ઉચ્છિષ્ટ ખાવું એમાં ધર્મની હાનિ છે એમ હું માનું છું. ઉચ્છિષ્ટ ખાવામાં પ્રેમની એકતા છે એ હું સ્વીકારું છું, પણ ન ખાવામાં ધાર્મિક સંયમ છે.' હું ટીકા કરતો હતો એ જ વખતે ડાબા હાથમાં પ્યાલું લઈ પાણી પીવા લાગ્યો એ જોઈ એક બંગાળી જુવાને કહ્યું, 'આ શું? ડાબા હાથે પાણી પીઓ છો?' મેં જવાબ આપ્યો, 'જમણો હાથ એઠો છે. એઠા હાથે વાસણ કેમ બગાડાય?' એ હસ્યો. એના હસવામાં તિરસ્કાર હતો. એને થતું હતું કે, આ જંગલી માણસને વિવેકનું ભાન ક્યાંથી હોય? ડાબા જમણા હાથ વચ્ચેનો ભેદ એ ક્યાંથી સમજે? ડાબો હાથ તો સવારે શરીરશુદ્ધિને માટે વપરાય. તે હાથે પાણી કેમ પિવાય? મારા મનમાં થતું કે એ હાથે લોટની કણક બાંધવી હોય ત્યારે આ લોકોની ડાબા હાથની સૂગ ક્યાં ઊડી જતી હશે?

હિંદુસ્તાનમાં સ્વચ્છતા, પવિત્રતા, લાજ, સિદ્ધ અને નિષિદ્ધ, ચોખ્ખું, એઠું વગેરે વિષેની કલ્પના દરેક ઠેકાણે ચોક્કસ થઈ ગયેલી છે; પણ બે પ્રાંત અથવા બે કોમની કલ્પનાઓનો મેળ ખાતો નથી. કાશ્મીરમાં હાથ એઠા ન થાય એટલા માટે ડગલાની લાંબી બાંયમાં રોટી કે રોટલો પકડી ખાનાર લોકો મને બૂટ પહેરવામાં હાથનો ઉપયોગ કરતો જોઈ હસતા હતા. અને પોતે ખાટકીને ત્યાંથી ફળો વેચાતાં લઈ ધોયા વગર ખાતા હતા! આપણા દેશના ધર્મચુસ્ત લોકો જો બીજા પ્રાંતમાં જઈ

ત્યાંના લોકોની મહેમાનગીરી બબ્બે મહિના સ્વીકારવાનું વ્રત લે તો, હું માનું છું કે, આપણી ધર્મ વિષેની કલ્પના ઘણી સુધરી જાય.

ફલાહાર પછી સંગીત શરૂ થયું. મેં રવિબાબુનું 'અયિ ભુવન-મનમોહિની' સંભળાવવાની વિનંતી કરી. નવયુવકો ત્યાં ઘણા ભેગા થયા હતા, પણ 'મનમોહિની' ગાવાને કોઈ તત્પર જણાયું નહીં. એક જણે કહ્યું, 'અમે અહીં ફક્ત ધાર્મિક સંગીત ગાઈએ છીએ.' આખરે એક જણે આતિથ્યધર્મનો ભંગ ન થાય તેટલા માટે 'મનમોહિની' ગાઈ સંભળાવ્યું અને બધાએ તે સહન કર્યું! મને શંકા છે કે, એ યુવકમંડળમાં કેટલાક જણ તો ક્રાંતિવાદી હતા જ. એક જણે મને પૂછ્યું, 'બંગાળી લોકોની તંદુરસ્તી વિષે તમારો શો અભિપ્રાય છે?' મેં કહ્યું, 'સામાન્ય રીતે તેઓ નબળા દેખાય છે.' પેલો મારા શરીર તરફ નજર કરી તિરસ્કારથી હસ્યો. હું સમજ્યો. ને મેં જવાબ આપ્યો, 'મને મહારાષ્ટ્રનો પ્રતિનિધિ નહીં ગણતા, હો.' અમે બન્ને હસી પડ્યા. એણે કહ્યું, 'અમારે અમારા ખોરાકમાં ફેરફાર કરવો જોઈએ. ઘઉં વગર કૌવત ન જ વધે.'

બંગાળનું ગામડાનું જીવન સાદું અને સુંદર છે. બંગાળી ઝૂંપડીઓનાં છાપરાં ઘાટદાર રૂપાળાં હોય છે. એમની દીવાલો સુંદર માટીથી રંગેલી હોય છે. જ્યાં જાઓ ત્યાં ગાયનવાદન સંભળાય છે. પણ જાતિભેદની કડકાઈને લીધે ગામમાં એકતા બરાબર જળવાતી નહીં હોય એમ હું માનું છું. ખરડહ જેવા નાના ગામડામાં પણ મોટા મોટા પંડિતો વસે છે અને પ્રતિષ્ઠાની અપેક્ષા રાખ્યા વિના વિદ્યાની ઉપાસના કરે છે.

પાછા આવતાં સૂર્યાસ્ત થવા આવ્યો હતો. હવે નદીના વહેણ સાથે જવાનું હતું. નદીના પ્રવાહમાં અમે તણાવા લાગ્યા. અમારી સાથેના બ્રહ્મચારીઓ રામપ્રસાદનાં ભજનો ગાતા હતા.

૮

રામની રાજધાની

મારી સાથે બુવા હતા; તેઓ રામદાસી સંપ્રદાયના. શંકરાચાર્યે સંન્યાસીઓનાં દસ નામ એટલે પ્રકાર નક્કી કર્યાં, ચાર મઠ સ્થાપન કર્યા, બ્રહ્મચારીઓના ચાર પ્રકારો ગોઠવી આપ્યા, અને તે દિવસથી હિંદુસ્તાનના સાધુઓના જીવનમાં એક જાતની સુવ્યવસ્થા આવી ગઈ. શંકરાચાર્ય ધર્મક્ષેત્રમાં સમુદ્રગુપ્ત કે નેપોલિયન જેવા વિજેતા હતા, રાજા ટોડરમલ કે શિવાજી જેવા વ્યવસ્થાપક હતા, તુલસીદાસ જેવા કવિ હતા, બુદ્ધ ભગવાન જેવા આત્મવિશ્વાસી હતા, જ્ઞાનેશ્વર જેવા સાહિત્યાચાર્ય હતા અને વ્યાસ જેવા વિશાલબુદ્ધિ હતા. તેમણે સનાતની હિંદુઓને જે વ્યવસ્થા કરી આપી તેના અવશેષ હજુયે કાયમ છે. સાચે જ શ્રી શંકરાચાર્ય હિંદુધર્મસમ્રાટ ગણાય.

તેમણે ઠરાવેલાં સંન્યાસીઓનાં દસ નામ ગિરિ, પુરી, ભારતી, તીર્થ, સરસ્વતી વગેરે છે. બ્રહ્મચારીઓના ચાર વિભાગમાં સ્વરૂપ સંપ્રદાય નામનો એક છે. તેનો એક મઠ અયોધ્યામાં છે. મહારાષ્ટ્રમાં ધાર્મિક પુનર્જીવનને વ્યવસ્થિત સ્વરૂપ આપનાર શ્રીસમર્થ રામદાસ પોતે એ જ અયોધ્યામઠના અને સ્વરૂપ સંપ્રદાયના હતા એમ મનાતું આવ્યું છે.

અયોધ્યા જતાં બુવાને આનંદ અને ભક્તિના એટલા બધા ઉમળકા આવતા કે કોઈ પણ માણસ જોઈ શકત કે તેમની વૃત્તિ સ્વાભાવિક સ્થિતિમાં નથી.

आमुचे कुळीं हनुमन्त
हनुमन्त आमुचें कुळदैवत
स्वरूप संप्रदाय अयोध्या मठ

આવો એક સંકલ્પ રામદાસી પંથના લોકો સવારસાંજ બોલે છે. એ અયોધ્યામઠનું દર્શન કરવું એ બુવાને માટે અપૂર્વ લહાવો હતો.

મારી મુસાફરી દરમિયાન તીર્થનાં ત્રણ ધામો તરફ મારું ધ્યાન વિશેષ આકર્ષાયું છે: અયોધ્યા, હરદ્વાર અને અમૃતસર. ત્રણે ઠેકાણે કોણ જાણે શાને લીધે પણ મારું ચિત્ત વિશેષ પ્રસન્ન રહેલું છે. ત્રણે ઠેકાણે મારું કોઈ ઓળખીતું તો ન હતું. છતાં આ ત્રણે સ્થાનનાં દર્શનથી જ અને ત્યાંના વાતાવરણના અનુભવથી મેં વિશેષ પ્રસન્નતા અને આહ્લાદ અનુભવેલાં છે — ત્રણે ભિન્ન ભિન્ન સમયનાં પણ એક જ જાતનાં.

કાશી જતા પહેલાં માણસે કાશીનું જે કલ્પનાચિત્ર મનમાં દોરી રાખ્યું હોય તેના પ્રમાણમાં કાશીનું પ્રત્યક્ષ દર્શન નિરાશાજનક તો ન જ નીવડે. ગંગાના પ્રવાહ પર હોડીમાં બેસી ઘાટ પછી ઘાટ જોતા જતા માણસના મોઢામાંથી જરૂર આશ્ચર્યના ઉદ્ગાર નીકળી જાય કે, 'મેં નહોતું ધાર્યું કે કાશીનો દેખાવ આટલો મનોહર હશે, આટલો ભવ્ય હશે!'

અયોધ્યા વિષે એથી ઊલટું છે. અયોધ્યા તો રામરાજ્યની રાજધાની. અયોધ્યાનું નામ સાંભળતાંની સાથે કલ્પનામાં એક અતિ વિશાળ મનોહર નગરીનું ચિત્ર ખડું થાય છે. આટલી ભવ્ય કલ્પના લઈને માણસ ગયો હોય ત્યાં તો અયોધ્યાનું સ્ટેશન જોઈને જ નિરાશ થઈ જાય છે. જ્યાં હરહમેશ લાખો યાત્રાળુઓનો અવરજવર છે ત્યાં તેમની સગવડની કશી સંભાળ નથી રાખવામાં આવતી એમ જોઈ, આજનું રાજ્ય દેશી પ્રજા માટે નથી જ અને તેમાં પણ ગરીબોને માટે તો નથી જ નથી, એવી ખાતરી થયા વિના રહેતી નથી.

અયોધ્યામાં નદીનો પ્રવાહ ઘાટથી બહુ જ દૂર ગયેલો છે. નદીનો પટ ખૂબ પહોળો અને તેથી રેતાળ છે. રેતી ઉપરથી જતાં ગાડાંને ભારે મુશ્કેલી પડે છે. તેથી ત્યાંના લોકોએ ચીલા નીચે લાકડાનાં બબ્બે પાટિયાં પાથરવાની યુક્તિ શોધી કાઢી છે. ગાડાંનો રસ્તો નદીના પટમાંથી ત્રાંસો જતો હોવાથી ખૂબ લાંબો છે. એ આખે રસ્તે ચીલાની જગાએ લાંબાં લાંબાં પાટિયાં રેલની માફક મૂકેલાં છે. ગાડાં આ પાટિયાં પરથી ચાલે છે. પણ ગાડાંઓની વિટંબણાઓનો પાર આટલેથી નથી આવતો. પવનનો વંટોળિયો આવે એટલે આ પાટિયાં રેતીમાં દટાઈ જાય છે.

પછી રસ્તો ક્યાં ને પાટિયાં ક્યાં એ શોધવા માટે એક પુરાતત્ત્વ ખાતું ખોલવું પડે. છતાં લોકોએ આનો પણ એક ઉપાય શોધી રાખ્યો છે. રસ્તાની બંને બાજુ પર કાંટા, ઝાંખરાં ને ઘાસની એક હાથ ઊંચી વાડ બાંધે છે, જેથી પવનને લીધે આવતી રેતી ત્યાં જ અટકી જાય; રેતીના ભારથી વાડ અંદરની બાજુએ નમી ન પડે એટલા માટે અંદરની બાજુએ રેતીનો ઢગલો કરી વાડને ટેકો આપેલો હોય છે. નદીનાં પાણી આવી ઊતરી જાય એટલે ફરી પાછો આવો રસ્તો તૈયાર કરવો પડે છે. સહરાના રણમાં જો ઊંટની સગવડ કુદરતે ન કરી આપી હોત તો ત્યાં પણ લોકોને આ જ ઢબની કોઈક ભારે વ્યવસ્થા કરવી પડત.

નદીમાં નાહીને પાછા વળતાં અયોધ્યાનગરીનાં અને તેના ઘાટનાં એકાએક દર્શન થાય છે. અયોધ્યામાં બધે છોનું જ કામ થાય છે, તેથી બધાં મંદિરો સુધાધવલ* દેખાય છે. આપણે નાહીને નગરમાં પ્રવેશ કરતા હોઈએ તે વખતે સામાં મંદિરોમાં ઘંટારવ થતા હોય, યાત્રાળુઓ ભાતભાતના ચળકતા લોટા અને ઘડા ઉપાડીને આવજા કરતા હોય, ઘણાના હાથમાં ચંદન, કુંકુમ અને પુષ્પની થાળીઓ હોય, અને દરેક જણ રામરાજા, સીતારાણી અને બજરંગ બલી હનુમાનકી જય ગજાવતું હોય! આવો પ્રસંગ માણસના મન ઉપર કાયમનો કોતરાયા વિના રહે ખરો? પાષાણ જેવી જડ સ્મૃતિ હોય, તો તેના ઉપર પણ આવું સ્મરણ અશોકના શિલાલેખની પેઠે હમેશને માટે જડાઈ જવાનું.

નાહીધોઈને અમે દર્શન કરવા નીકળ્યા. અયોધ્યામાં વાંદરાઓ ન હોય એ તો બને જ કેમ? વાનરોની મદદથી રામચંદ્રે સીતાની ભાળ લગાડી અને લંકા જીતી લીધી, એના બદલામાં પોતાની પાછળ વાનરોને અયોધ્યાનું રાજ્ય સોંપી ગયેલા જણાય છે. આજે પણ વાનરોનો નિષ્કંટક અમલ ત્યાં ચાલી રહ્યો છે. ઇતિહાસકારો કહે છે કે, છેક પ્રાચીન કાળમાં દક્ષિણ હિંદુસ્તાનમાંથી જે માલ પરદેશ જતો તેમાં મોર અને વાંદરાઓની પણ નિકાસ થતી. રામચંદ્રે પણ દક્ષિણ હિંદુસ્તાનમાંથી વાંદરાનું એક ટોળું વસાહત કરવાને માટે અહીં આણ્યું હશે કે શું?

* સુધા = ચૂનો; ધવલ=ધોળું

વસાહત કરનાર લોકોનો વિસ્તાર ઝપાટાબંધ થાય છે એમ માનવવંશ-શાસ્ત્રીઓ કહે છે. એ તત્ત્વ પ્રમાણે મથુરા-વૃન્દાવનની વાનર વસાહતની વૃદ્ધિ થઈ હશે. આજે અયોધ્યા કરતાંયે મથુરા-વૃન્દાવનની તેમની વસાહત વધારે જાહોજલાલી ભોગવે છે.

અયોધ્યામાં મંદિરો અને મૂર્તિઓ તો અનેક છે. પણ રાજમહેલમાં ગોવિંદ કે વિષ્ણુનું જે મંદિર છે તેમાંની મૂર્તિ અસાધારણ છે. એ મૂર્તિ છે તો કાળા પથ્થરની, પણ કાળા રંગમાં થોડા લીલા રંગની છટા છે, તેથી એની શોભા વિશેષે વધી છે. રસિક ભક્તોએ શ્રીકૃષ્ણને શ્યામસુંદર કલ્પીને કેવું કલાવિધાન સાધ્યું છે તેની કલ્પના આ મૂર્તિ જોતાં આવે છે.

અમે એ મંદિર જોવા ગયા ત્યારે બપોરના અગિયાર બારનો સુમાર હશે. મંદિરના સેવકો એટલે કે બ્રાહ્મણો આરતીને માટે ભેગા થયા હતા.

सत्यं ज्ञानमनन्तं नित्यमनाकाशं परमाकाशम् ।

એ સ્તોત્ર બહુ જ મીઠા અવાજમાં અને મધુર આલાપ સાથે ગવાતું હતું. રાજમહેલમાં દરેક વિભાગ ઉપર તે તે વિભાગના નામનું પાટિયું ચોડેલું છે; અને એ બધાં નામ સંસ્કૃતમાં છે એ તરફ મારું ધ્યાન ગયા વગર રહ્યું નહીં.

અયોધ્યામાં મુખ્ય દર્શન તો હનુમાન ગઢી પરના હનુમાનનાં છે. ત્યાં યાત્રાળુઓની ભીડ વધારેમાં વધારે હોય છે. કોઈ નાળિયેર લઈ જાય તો કોઈ પેંડા. કોઈ વળી હનુમાનને પંખો કરે. મોટા પંખાની દોરીનો છેડો મંદિર બહાર રાખેલો છે. જેને શ્રદ્ધા હોય તે પંખો કરે ને ધન્ય થાય. પવનકુમારને માથે પંખો ચાલે એ યોગ્ય ગણાય કે અયોગ્ય એના જ વિચારમાં હું તો ગૂંથાયો હતો. બુવા સાથે ચર્ચા થાય તેમ હતું નહીં. તેઓ તો ભક્તિઘેલા થયા હતા. તેમણે આણેલો ભોગ જ્યારે હનુમાનને ચડાવવામાં આવ્યો ત્યારે તો તેમનાં નેત્રમાંથી ધન્યતાનાં અશ્રુનો પ્રવાહ વહેવા લાગ્યો. તેઓ તો ધન્ય થયા જ; પણ તેમની આ ભક્તિનું દર્શન કરી હું પણ ધન્ય થયો.

ગઢી ઉપરથી ઊતરીને રામજન્મનું સ્થાન અને એવાં બીજાં રામાયણપ્રસિદ્ધ સ્થાનો જોવા અમે ગયા. આ બધાં સ્થાનો મુસલમાન

ભાઈઓની ઘેલછાનો ભોગ થઈ પડેલાં એમ મેં ત્યાં સાંભળ્યું. આજનાં તે સ્થાનો તેમની પ્રાચીન સ્થિતિની સહેજ પણ ઝાંખી કરાવે એવાં રહ્યાં નથી.

શ્રી ભૈરવ જેમ કાશીના કોટવાળ છે તેમ શ્રી મત્તગજેન્દ્ર અયોધ્યાપુરીના કોટવાળ છે. એમની કથા કે માહાત્મ્ય મને ત્યાં જડ્યાં નહીં. દર્શનો પૂરાં કરી અમે એક બ્રાહ્મણને ત્યાં જમવા ગયા, પણ એના ઘરની સ્વચ્છતા જોઈને જ ધરાઈ ગયા. ઘરના આંગણામાં એક વેંત લાંબો ને એક વેંત પહોળો પથરો પડ્યો હતો. અમે ત્યાં ગયા તે વખતે એટલે ખરે મધ્યાહ્નને બ્રાહ્મણની છોકરી એ પથરા પર બેસી દાતણ કરતી હતી. થોડી વાર પછી એક નાના છોકરાએ પાસે જ પ્રાતર્વિધિ પૂરો કર્યો. માએ છોકરાને એ જ પથરા પર બેસાડીને ધોયો, અને તેનું પાણી સુકાઈ જાય તે પહેલાં જ તે શિલા ધોઈ તેના પર કોહાની ચટણી વાટી. ઘરમાં કપડાં અને વાસણનું અરાજક હતું. ચૂલામાંથી ધુમાડો નીકળતો હતો ને બ્રાહ્મણના મોઢામાંથી ગાળો. આખરે એને ત્યાં ભાવ્યું એટલું ખાધું. ઘટે એટલી જ દક્ષિણા આપી દીધી અને અમે અયોધ્યા છોડ્યું.

અયોધ્યામાં સરકારી કચેરીઓ વગેરે કશું નથી, કારણ પાસેનું ફૈઝાબાદ શહેર જિલ્લાનું થાણું છે. બધા પ્રતિષ્ઠિત લોકો ત્યાં જ રહે છે. અયોધ્યાની વસ્તી તો મુખ્યત્વે કરીને યાત્રાળુઓ, તેમની ઉપર ગુજારો કરનાર પંડાઓ અને સાધુઓની છે. સાધુઓ પણ ખાસ કરીને નાગા બાવા. આ લોકો ભારે કર્મકાંડી હોય છે. હાથે રાંધીને ખાય છે અને આખો દિવસ ચલમ પીએ છે. કેડે લંગોટી અને ગળામાં લાકડાના મોટા મોટા મણકાની માળા પહેરે છે. આખો દિવસ રામજીની વાતો કરે, તુલસીરામાયણના દુહાઓ અને ચોપાઈ બેસૂર રાગે ગાય અને જ્યાં બેસે ત્યાં શાંતિ અને સંગીતનું તો ખૂન જ કરે. છતાં આ લોકો પાસે ઘણી વસ્તુઓ ગ્રહણ કરવા લાયક હોય છે. આ લોકો બહુ સાફ રહે છે, મોટે ભાગે તંદુરસ્ત હોય છે. જ્યાં જાય ત્યાં કામચલાઉ નાનું મંદિર ઊભું કરે છે, લોકોને અખંડ ઉપદેશ કરે છે અને સાંજની આરતી વખતે તાલબદ્ધ ઘંટ વગાડે છે. સાધારણ રીતે આ લોક કજિયાખોર નથી

હોતા. પણ લડવાનું ઝનૂન જ્યારે એમના મગજમાં ભરાય છે ત્યારે એક બે ખૂનથી ઓછે અટકતા નથી. આ લોકો પણ પોલીસથી બહુ બીએ છે. બે પક્ષ લડે ગમે એટલું, પણ પોલીસ આવે એટલે ચટ લઈ ને એક થઈ ગયાનો દેખાવ કરે છે. જેનો આપણે ઉપયોગ કરી શકતા નથી અને જેને આપણે ઓપ પણ ચડાવી શકતા નથી એવી આ હિંદુસ્તાનની એક પુરાણી સંસ્થા છે.

ગુજરાતમાં જે સ્વામીનારાયણ સંપ્રદાય આટલો બધો ફેલાયો છે તેના આદ્યગુરુ શ્રીસહજાનંદ સ્વામી અયોધ્યાથી જ ગુજરાતમાં આવેલા.

ત્રણ વરસ પછી ફરી એક વાર હું અયોધ્યા ગયેલો તે વખતે પણ મેં પહેલાં જેટલી જ પ્રસન્નતા અનુભવેલી. મોક્ષદાયિકા સપ્તપુરીઓમાં આપણા લોકોએ અયોધ્યાને પ્રથમ સ્થાન આપ્યું છે:

अयोध्या मथुरा माया काशी कांची अवन्तिका ।
पुरी द्वारावती चैव सप्तैता मोक्षदायिकाः ॥

૯

આલમોડા ભણી

રામકૃષ્ણ પરમહંસે કહ્યું છે કે, જેને મોક્ષનો રસ્તો લેવો હોય તેણે નાની નાની પરચૂરણ અને નિર્દોષ વાસનાઓ હોય તે તૃપ્ત કરી નાખવી અને પછી મોટી વાસનાઓ સામે ઝઘડવાને કેડ કસીને તૈયાર થવું. અમે એક રીતે મોક્ષને પંથે ઊપડ્યા હતા. અમને બંનેને દુન્યવી પ્રવૃત્તિ અને તેની વિવિધ ઉપાધિઓની સૂગ ચડી હતી. છતાં મારા મનમાં ત્રિસ્થળીની યાત્રા અને રામકૃષ્ણ મિશનના પુણ્યપુરુષો અને પવિત્ર સ્થાનોનાં દર્શન કરવાની લાલસા રહી ગઈ હતી. ભુવાને અયોધ્યાદર્શનની ઝંખના રહી હતી. તે તૃપ્ત થઈ એટલે અમે બંને વરસાદ પછીનાં વાદળાંની પેઠે હલકા થઈ ગયા અને હિમાલય ભણી જવા ઊપડ્યા. સંકલ્પપૂર્તિમાં ગયાના શ્રાદ્ધ જેવો આનંદ રહે છે. તે આનંદ મળ્યો એટલે અયોધ્યામાં છેલ્લી રાત અમે બંને જણાએ જાણે

યોગનિદ્રાનો અનુભવ કર્યો. ન મળે કશી વાસના, ન આવે કશો વિચાર. પછી સ્વપ્નાં તો ક્યાંથી આવે? સવારે ઊઠ્યા અને જાણે નવા જ માણસ થયા હોઈએ એમ જણાવા લાગ્યું. અત્યાર સુધી અમે આ દુનિયાના માણસો જેવા જ માણસ હતા. બીજા યાત્રાળુઓની જેમ યાત્રા કરતા હતા. હવે પછી હિમાલયનું ચિત્ર દૃષ્ટિ આગળ તરવા લાગ્યું.

ટ્રેનમાં બેઠા. લોકોની ભીડ પાર વગરની હતી. લોકોને જગા માટે લડતા જોઈ હું મનમાં કહેવા લાગ્યો, 'જરા ધીરજ રાખો બાપુ, અમારી આ છેલ્લી મુસાફરી છે. ફરી તમને ભીડ કરવા નહીં આવીએ.' પણ લોકો મારા મનના વિચારો ક્યાંથી કળી શકે? કોણ જાણે દર વરસે મારી પેઠે કેટલાય લોકો આ દુનિયામાંથી રાજીનામું આપી વૈરાગ્યખંડમાં ચાલ્યા જતા હશે. વહેતી દુનિયાને નથી કશો એનો હરખશોક કે નથી કશો લાભાલાભ. પણ જનારને મન એ કેટલું ભારે પગલું હોય છે! વૃદ્ધ ટૉલ્સ્ટૉય જ્યારે છેલ્લી વાર ઘર છોડીને નીકળ્યા ત્યારે તેમના મનમાં શા શા વિચારો આવ્યા હશે!

ઉત્તર હિંદુસ્તાનમાં રેલવે શરૂ થયે પોણોસો વરસ તો સહેજે થયાં હશે. છતાં હજી લોકો રેલવેથી ટેવાયા નથી. રેલવેનો 'ટાઈમ' સાચવવા પાંચ પાંચ છ છ કલાક વહેલા સ્ટેશન પર આવીને બેસી જાય છે. ટિકિટની બારી આગળ પહેલો નંબર મેળવવા માટે ત્યાં ઊભેલા પોલીસને રુશવત આપી આસપાસનાં સ્ત્રીપુરુષ મુસાફરોને ધક્કા મારી આગળ જવાનો હક ખરીદી લે છે. સ્ટેશન પર ગાડી આવ્યા પછી ઊતરનાર ઉતારુઓ ઊતરી જાય ત્યાં સુધી ત્રીજા વર્ગના મુસાફરોને રેલવેના ઓટલા (પ્લૅટફૉર્મ) પર જવા દેતા નથી એ હજી એમની સમજમાં જ નથી આવતું. પછી ઊતરનાર તેમ જ ચડનાર મુસાફરોને એ કેટલું સગવડભરેલું છે એનો ખ્યાલ તો ક્યાંથી જ આવે? એટલે બારણું ખૂલે એના પહેલાં જ કઠેડા પર ચડીને ઓટલા પર કૂદી પડવાનો પ્રયત્ન એકાદ જણ તો કરતો રહેવાનો. અને ટ્રેનમાં? ટ્રેનમાં જબરદસ્ત લોકો ધોળે દહાડે પણ લાંબા પગ કરીને સૂવાના. બેઠેલા લોકો બની શકે તેટલી વધારે જગા રોકવા માટે પલાંઠો તાણી પગની નસોને કસરત કરાવવાના. ડબાનું બારણું અંદર ખોલાતું હોય ત્યારે બારણા આગળ જ સામાન

ખડકવાના, અને બેદરકાર રેલવે જેટલાં કષ્ટ આપે તેમાં બને એટલો ઉમેરો કરવાના.

આવી ગાડીમાં મુસાફરી કરવી એ જ એક ભારે તપશ્ચર્યા. ગાડીમાં પ્રવેશ થાય ત્યાં સુધી ડાર્વિનના જીવનકલહના એકેએક સિદ્ધાંતની પુનરાવૃત્તિ થઈ જાય છે. પણ ગાડી ચાલવા માંડે એટલે પ્રિન્સ ક્રોપોટ્કિનનું રાજ્ય શરૂ થાય છે. પછી ઊભા રહેનારને બેસવાની જગા પણ મળે છે, તરસ્યા માણસને નાતજાત અનુકૂળ હોય તો પીવાનું પાણી પણ મળે છે; પાનસોપારી, બીડી અને દોહાઓની લહાણી તો ખરી જ. સ્ટેશન ઝટ ન આવે એટલે વાર્તાઓ ચાલે. મોટે ભાગે મેઘરાજાની અવકૃપા અને દુકાળની હાડમારીની જ વાત સંભળાય. પ્રખ્યાત ડાકુઓનાં સાહસ-પરાક્રમની વાતોમાં સૌને જ રસ છૂટે. અમારા ડબ્બામાં એક જણ મુરાદાબાદ તરફના કોઈ ડાકુની વાત કહેતો હતો અને ડાકુઓ પ્રત્યે સમભાવપૂર્વક સૌ તે સાંભળતા હતા. ડાકુઓ એટલે મનુષ્યસમાજના શત્રુ; તેમનાં નામથી જ માણસમાત્રને ત્રાસ છૂટવાનો. છતાં લોકો ડાકુઓ પ્રત્યે આટલી દિલસોજી કેમ ધરાવતા હશે એ જ સવાલ તે દિવસે મારા મનમાં ઘોળાતો હતો. જેમ જેમ ડાકુપુરાણ આગળ ચાલ્યું તેમ તેમ જવાબ મળતો ગયો. ડાકુઓમાં પણ ખાનદાનીના અંશો હોય છે, શરાફ (!) ડાકુઓ ગરીબોને હેરાન કરતા નથી, સ્ત્રીઓ પર હાથ નાખતા નથી, અંધારી રાતે કોઈ સ્ત્રી એકલી જતી હોય તો વીરાની પેઠે તેને પહોંચાડવા જાય છે, માંદાઓને દવાકાંજી આપવામાં મદદ કરે છે, સત્યનારાયણની કથા કરનાર બ્રાહ્મણોને છૂટે હાથે દક્ષિણા આપે છે, અને પ્રજાને હેરાન કરનાર પોલીસો સાથે કાયમનું વેર રાખે છે. કોર્ટમાં જનાર, ખોટા દસ્તાવેજ કરનાર, દુકાળમાં પણ રાહત ન આપનાર, દામદુપટ ઉપરાંત હિસાબ કરી ખેતરો પચાવી પાડનાર, દુકાળના ભારે ભાવ મળવાની આશાએ દાણા વેચવાની ના પાડનાર, એવા લોકોને જ ડાકુઓ રંજાડે છે, એવી આમપ્રજાની કલ્પના હોય છે. તેથી ડાકુઓ પ્રત્યે કંઈક સમભાવ હોય એ સ્વાભાવિક છે. પ્રજા ન્યાય અને કાયદા, શહેરીના હકો અને ફરજો વગેરે કશું જાણતી નથી. ભાગ્યે જ મળતું સુખ અને હમેશાં પડતું દુઃખ એટલું જ પ્રજા ઓળખે છે.

ડાકુની વાત પૂરી થઈ એટલે એક બાવાએ પોતાના પૂર્વ-જન્મના કર્મનો વેદાન્ત છેડ્યો. સંસાર અસાર છે, કાયા જૂઠી છે, માયા જૂઠી છે, એક રામનામ સાચું છે, (અને બાવાવેરાગીઓને અપાતી રોટી અને લંગોટી સાચી છે,) બાકીનું આ બધું એ માયાની જંજાળ છે. જેવું આગલે ભવે કર્યું હોય તેવું જ આ ભવે પામવાનું. તેમાં આપણું કશું જ ચાલે એમ નથી, એ એમના વેદાન્તનો સાર. હું પણ સાધુ થવાને જ ઊપડેલો હતો. મનમાં વિચાર આવ્યો, શું આવા લોકોની નાતમાં ભળવા માટે હું જાઉં છું? આવા વેદાન્તથી શું મને મોક્ષ મળવાનો હતો કે હિંદુસ્તાનને સ્વરાજ મળવાનું હતું?

એટલામાં બરેલીનું સ્ટેશન આવ્યું. અહીં અમારે કેટલાય કલાક કાઠગોદામની ગાડીની રાહ જોવાની હતી. આ સ્ટેશન પર મુસાફરોની બાલ્રાઈનો એક સુંદર નમૂનો જોવા મળ્યો. એક ડોસો ગાઝિયાબાદ તરફ જવા માગતો હતો. તેની સ્ત્રી ને બે છોકરા તેને સ્ટેશને વળાવવા આવ્યાં હતાં. મસોતા જેવા ધોતિયાનો કછોટો વાળેલો એક નોકર પણ સાથે આવ્યો હતો. ડોસાએ સ્ટેશન પર પોતાની એક ચોરસ પછેડી પાથરી, તેના ઉપર બે ચાર ધોતિયાં, એક રૂદાર ડગલો, એક લોટો, ઓઢવા પાથરવાની બે ચાર ચીજો, એક પાનદાન, વગેરે વગેરે ઘણી વસ્તુઓનો ખડકલો કર્યો. પછી પછેડીના સામસામા બે છેડા ભેગા કરી ગાંઠ વાળી. બીજા બે છેડા કેમે કર્યા હાથ આવે જ નહીં. આખરે નોકરની મદદથી તે હઠીલા છેડાનો યોગ સધાયો અને પોટલાને ગોળ ચોરસ આકાર પ્રાપ્ત થયો. કેટલાંક પુરાણો પૃથ્વીને ચોરસ બતાવે છે તે કદાચ આવા પોટલાનો આકાર જોઈને જ હશે. આ સર્વસંગ્રહ–પોટલા પર ધજા કે પતાકા તરીકે ડોસાએ એક ખૂણે પોતાનો પ્રૌઢ હુક્કો ખોસી દીધો. પોટલામાં હુક્કો તો મૌન ધારણ કરીને જ બેઠો હતો, પણ એનો રુઆબ જોતાં, જ્યારે એ બોલતો હશે ત્યારે ભલભલા હુક્કાબહાદરોનાં હૃદય ડોલાવવાની વાચાસિદ્ધિ એનામાં હશે એમ સ્પષ્ટ દેખાતું હતું. થોડી વારમાં ડોસાની ગાડી આવી ત્યારે પોટલો માથે ઉપાડીને તે એક ડબ્બા તરફ દોડ્યો. ગાડીનાં બારણાં કેટલાં મોટાં હોય છે એનો અંદાજ કાઢવાની કળા સતજુગથી અત્યાર સુધી કોઈએ શોધી જ ન હતી, એટલે કેમે કર્યો

પોટલો અંદર જાય જ નહીં. ડોસો ખૂબ જોર કરી પોટલાને અંદર ધકેલવા લાગ્યો. પણ ત્યાં તો અંદરના એક મુસાફરને પોતાના હકનું ભાન થયું. તેણે પોટલો બહાર ફેંકી દેવાનો પ્રયત્ન આદર્યો. ઇન્દ્ર અને વિશ્વામિત્ર વચ્ચે બેહાલ થનાર ત્રિશંકુના જેવી બિચારા પોટલાની દશા થઈ. પોટલો ગુલાંટ ખાઈને અધોમુખ થયો. હુક્કા પરની ચલમ નીચે પડી શતધા વિદીર્ણ થઈ, એટલે ડોસાનો નોકર વીરભદ્રના વેગથી ધસી આવ્યો અને તેની મદદથી પોટલો તેમ જ ડોસો ડબ્બાની અંદર પ્રવિષ્ટ થયા. નોકરે ગાળોની ગર્જના ચાલુ રાખી. જ્યારે ડોસો ચલમને અભાવે ગરીબ ગાય જેવા દેખાતા હુક્કાની દયા ખાતો એક ખૂણામાં બેસી ગયો.

આ ઉપાખ્યાનનો રસ ધરાઈને ચાખ્યા પછી પણ અમારી ગાડીનો વખત થાય નહીં. એટલે અમે ખૂબ કંટાળ્યા. આખરે બુવાએ રાંધવાની દરખાસ્ત મૂકી. સ્ટેશન પર ક્યાં રંધાય એ મને સૂઝ્યું નહીં. પણ બુવા રહ્યા પુરુષાર્થી. તેઓ ક્યાંકથી એક કોરું માટલું લઈ આવ્યા, સ્ટેશન પાસે ઝાડ નીચે ત્રણ પથરા ભેગા કર્યા, અને લાકડાંની શોધમાં ગયા. વાર બહુ લાગી, પણ લાકડાં ખૂબ આવ્યાં. બીજી વાર જઈ ખીચડીનો સામાન લઈ આવ્યા. એટલામાં એક મોટી ફાંદવાળો ને ઝીણી આંખવાળો પોલીસ ત્યાં આવી ચડ્યો અને એને આવડતી હતી તેવી સભ્ય ભાષામાં એણે કહ્યું કે, અમારાથી ત્યાં રાંધી નહીં શકાય, કારણ એ જગા રેલવે કંપનીની હતી અને રેલવે કંપનીમાં અમારા પિતાશ્રીની કંઈ ભાગીદારી ન હતી! મને આવા પ્રસંગનો અનુભવ ન હોવાથી હું સમસમી ઊઠ્યો. પણ અમારા બુવા કોઈ પણ રીતે હારી જાય એવા ન હતા. પણ એ રકઝકમાં જ ગાડીનો વખત થવાથી આણેલા સીધાનો અને મળેલી ગાળોનો વારસો એક બાવાને સોંપી અમે ગાડીમાં સવાર થયા. બાવાએ પણ બુવાને આશીર્વાદ આપતાં કહ્યું, 'તુમ કુછ ફિકર મત કરો. ઉસ સાલેકો મૈં ઠીક કરુંગા.'

ગાડીમાં બફારો એટલો તો થતો હતો કે ગાડીમાં અમારી જ ખીચડી ચડતી હતી. એક સાધુ હિમાલયની યાત્રા કરી આવેલો, તેની પાસેથી જેટલી માહિતી કઢાવી શકાય તેટલી કઢાવવામાં જ અમે વખત ગાળ્યો. એ કહેવા લાગ્યો કે, હિમાલયમાં એક જાતની માખી હોય છે;

તે પગની પિંડીમાં કરડે તો એવો તો મોટો ફોલ્લો થઈ જાય છે ને બળતરા થાય છે કે, આગળ એક ડગલું પણ ભરાતું નથી, બબ્બે ત્રણ ત્રણ દિવસ સુધી માણસ ઘાયલ થઈ પડે છે. એ સાધુના હાથમાં તેજબલની એક લાકડી હતી. એ લાકડીના અદ્‌ભુત ગુણધર્મથી પણ તેણે અમને વાકેફ કર્યા. 'એ લાકડીનું જો બરાબર પાલન કરવામાં આવે તો એને હાથમાં રાખનાર માણસ રાતે અંધારામાં પણ ભાળી શકે છે.' મેં પૂછ્યું, 'લાકડીનું પાલન કેમ કરતા હશે?' એણે કહ્યું, 'લાકડીની છાલમાં જે આ ડોળા ડોળા દેખાય છે તે હંમેશાં સાફ રાખવા. લાકડી કોઈ કાળે જમીનને અડવા ન દેવી. રાતે સૂતા હોઈએ તો કોઈ ઊંચે ઠેકાણે રાખી મૂકવી, અને દિશાજંગલ ગયા હોઈએ તો હાથપગ ધોયા વગર લાકડીને અડવું નહીં. તેમ જ આ લાકડી વતી સાપ કે વીંછીને પણ મારવો નહીં. આટલા નિયમ પાળે એટલે લાકડીનું પાલન થયું ગણાય. અને તેમ થાય તો જ લાકડી પોતાના અદ્‌ભુત ગુણ પ્રગટ કરે.'

આખો જન્મારો મુસાફરી કરનાર અને રોજ રોજ નવો અનુભવ ચાખનાર આ સાધુમાં આટલો વહેમ રહેલો જોઈ મને થયું: હિંદુ ધર્મની બધી શક્તિ આમ જ એળે જાય છે. સમાજ ઉપર બોજારૂપ થયેલા આ સાધુ સમાજના અંત આણવો જોઈએ, અથવા તો સારા વિચારવાન લોકોએ આ બાવા–વૈરાગીઓની જમાતમાં ભળીને ધીરજ-પૂર્વક એમને સુધારવા જોઈએ. આ બે માર્ગમાં કયો માર્ગ શક્ય છે ને કયો અશક્ય એ કોણ કહી શકે?

બરેલીથી જેમ જેમ દૂર જવા લાગ્યા તેમ તેમ ભીડ ઓછી થતી ગઈ અને અમને મોકળાશનો — જગાની તેમ જ વિચારની મોકળાશનો — આનંદ મળવા લાગ્યો.

૧૦

નગાધિરાજ

વિદેશ રહેતા મનુષ્યમાત્રમાં પોતાની જન્મભૂમિનું સ્મરણ, જન્મભૂમિનો વિરહ અને જન્મભૂમિએ પાછા પહોંચી જવાની ઇચ્છા નિત્ય જાગ્રત હોય છે જ. હિંદુસ્તાનની જબરી શહેનશાહી મળી અને મીઠી અમૃત જેવી કેરી ખાવાને મળી છતાં બાબરને મધ્ય એશિયાનાં એનાં તડબૂચ વારંવાર યાદ આવતાં. અને જન્મભૂમિનાં દર્શન જીવતાં એના ભાગ્યમાં ન હોય તોપણ અંતે એનાં હાડકાં તો એ જન્મભૂમિમાં જ જઈને પડે એવી એની ઇચ્છા રહી. હિંદુસ્તાનમાં આવીને નવાબી ઠાઠમાં રહેનાર અંગ્રેજને પણ છ માસની રજા લઈને સ્વદેશ જઈ આવ્યા વિના ચેન પડતું નથી. આવી જ જાતની કંઈક ઉત્કંઠા હિંદુ લોકના મનમાં હિમાલયને વિષે છે. ઇતિહાસકાર આર્યોના મૂળ સ્થાન તરીકે ભલે ઉત્તર ધ્રુવને કલ્પે, ભાષાશાસ્ત્રી એ માન ભલે મધ્ય એશિયાને આપે, દેશાભિમાની ભલે હિંદુસ્તાનને જ આર્યોની આદ્યભૂમિ સિદ્ધ કરે, પરંતુ રાષ્ટ્રહૃદયમાં વસતી પ્રેરણાને જો કંઈ ઐતિહાસિક મહત્ત્વ હોય, તો હિમાલય એ જ આપણું આર્યોનું આદ્યસ્થાન છે, રાય હો કે રંક, વૃદ્ધ હો કે યુવા, પુરુષ હો કે સ્ત્રી, પ્રત્યેકને લાગે છે કે આયુષ્યમાં વધુ નહીં તો એક જ વાર, પણ હિમાલયનાં દર્શન કરીએ. હિમાલયનાં અમૃતજળનો આસ્વાદ લઈએ, હિમાલયની એકાદ વિશાળ શિલાની ઉપર બેસીને ક્ષણભર ઈશ્વરનું ધ્યાન ધરીએ. જિંદગીનાં કરવાનાં તેટલાં કાર્યો સમેટાઈ જાય, ઇંદ્રિયોની બધી શક્તિઓ ક્ષીણ થઈ જાય, જીર્ણ દેહ અને બાકી રહેલું આયુષ્ય ભારરૂપ લાગવા માંડે, એટલે પછી આ દુનિયારૂપ પારકા ઘરમાં પડ્યા ન રહેતાં સ્વગૃહે જઈને જ મરીએ. આવા ઉદ્દેશથી કેટલાયે હિંદુઓ અન્નજળનો ત્યાગ કરીને દેહ પડે ત્યાં લગી હિમાલયમાં ઈશાન દિશા તરફ ચાલ ચાલ કરે છે. આપણા શાસ્ત્રકારો આ જ માર્ગ લખી ગયા છે. કોઈ રાજાનું રાજપાટ ગયું કે

તે જશે હિમાલયમાં. ભર્તૃહરિ સરખાને ચાહે તેવડો વૈરાગ્ય ઊપજ્યો, પણ તેનેય હિમાલયને વિષેનો અનુરાગ એક અણુમાત્ર પણ ઘટવાનો નહીં. ઊલટો એનો અનુરાગ વધારે ને વધારે ચડતો જશે. કોઈક વેપારીને દેવાળું કાઢવા વખત આવ્યો, કોઈ સોદાગરનું સર્વસ્વ સમુદ્રમાં ડૂબી ગયું, કોઈની સ્ત્રી કુલટા નીવડી, કોઈની પ્રજા ઊધળી ગઈ, કોઈને કંઈ રાજકીય કે સામાજિક સંકટ માથે આવી પડ્યું, કોઈને પોતાના અધઃપાતને લીધે સમાજમાં મોં બતાવવા સરખું ન રહ્યું, — કોઈ પણ અવસ્થામાં આસ્તિક હિંદુ આપઘાત નહીં કરે. પરમ દયાળુ મહાદેવ ઉપર હિંદુને જેટલી શ્રદ્ધા છે તેટલી જ અટળ શ્રદ્ધા તેને હિમાલય ઉપર છે. પશુપતિનાથની જેમ હિમાલય પણ અશરણશરણ છે. રાષ્ટ્રોદ્ધારનું ચિંતન ચન્દ્રગુપ્તે હિમાલયમાં જઈને જ કર્યું હતું. સમર્થ રામદાસ સ્વામીને પણ રાષ્ટ્રોદ્ધાર કરવાની શક્તિ બજરંગ બલી રામદૂત પાસેથી હિમાલયમાં જ પ્રાપ્ત થઈ હતી. હિંદુ ધર્મનું રહસ્ય અનાયાસે પ્રગટ થાય એવું પૃથ્વીની સપાટી ઉપર કોઈ સ્થાન હોય તો તે હિમાલય જ છે. શ્રીવેદવ્યાસે પોતાનો ગ્રંથસાગર હિમાલયને ખોળે બેસીને રચ્યો હતો. શ્રીમત્ શંકરાચાર્યે એમની વિશ્વવિખ્યાત પ્રસ્થાનત્રયી હિમાલયમાં જ લખી કાઢી હતી. અને સ્વામી વિવેકાનંદ અને સ્વામી રામતીર્થે પણ સનાતન ધર્મનાં તત્ત્વો આધુનિક જમાનાને કેવી રીતે લાગુ કરવાં એના વિચાર હિમાલયમાં જ કર્યાં હતા.* હિમાલય — આર્યોનું આ આદ્યસ્થાન, તપસ્વીઓની આ તપોભૂમિ, — પુરુષાર્થી લોકોને માટે ચિંતન કરવાનું એકાંત સ્થાન, થાક્યાંપાક્યાંનો વિસામો, નિરાશ થયેલાઓનું સાન્ત્વન, ધર્મનું પિયેર, મુમૂર્ષુઓની અંતિમ દિશા, સાધકોનું મોસાળ, મહાદેવનું ધામ અને અવધૂતની પથારી છે. માણસોને તો શું, પશુપક્ષીને પણ હિમાલયનો આધાર અપૂર્વ છે. સાગરને મળનારી અનેક નદીઓનો એ પિતા છે. એ જ સાગરમાંથી ઉદ્ભવેલાં વાદળોનું એ તીર્થસ્થાન છે. કવિકુલગુરુએ એ ‘દેવતાત્મા નગાધિરાજ’ને પૃથ્વીનો માનદંડ કહ્યો છે તે અનેક અર્થે યથાર્થ

* ગાંધીજીએ પોતાનો ગીતાનો અનુવાદ — અનાસક્તિયોગ — પણ હિમાલયમાં જ પૂરો કર્યો એનું અહીં સ્મરણ થયા વગર રહે નહીં.

છે. હિમાલય એ ભૂલોકનું સ્વર્ગ, યક્ષકિન્નરનું વસતિસ્થાન છે. જગતનાં સર્વે દુઃખોને સમાવી લે એવડો તે વિશાળ છે; સર્વ ચિંતાગ્નિને શમાવી દે એટલો એ ઠંડો છે; કુબેરને પણ આશ્રય આપી શકે એવડો એ ધનાઢ્ય છે; અને મોક્ષની સીડી બની શકે એવડો એ ઊંચો છે. છેક બચપણથી હિમાલયનું નામ આપણે સાંભળતા આવ્યા છીએ. બાલવાર્તા, બાલગીત, પ્રવાસ કે યાત્રાવર્ણન, ઇતિહાસ કે પુરાણ, ગમે ત્યાં જુઓ, બધે અંતિમ આશ્રય તો હિમાલયને વિષે જ મળવાનો. નાનપણથી જે આદર્શ રમણીય સ્થાન કલ્પનાસૃષ્ટિમાં આવ્યું હશે તે હિમાલયમાંથી જ કલ્પાયું હોવાનું.

અરે, આ હિમાલયે શું શું નથી જોયું? પૃથ્વી પરના અસંખ્ય ધરતીકંપ અને આકાશમાંના હજારો ધૂમકેતુને આંખની પાંપણ પણ હાલવા દીધા વગર એણે જોયા છે. મહાદેવના વિવાહ એણે જ કરી આપ્યા છે. સતીના વિહારનું અને કુમારસંભવનું એણે જ અપત્યવાત્સલ્યથી કૌતુક કર્યું છે. રઘુકુળની ભગીરથ પર્યન્તની અનેક પેઢીઓની કઠણ તપસ્યાઓનો એ સાક્ષી છે. પાંડવોની મહાયાત્રા એણે જ સફળ કરી છે. પણ જૂની વાતો શા માટે? સત્તાવનની સાલના પરાક્રમમાં શિકસ્ત મળવાથી હતાશ ને નાસીપાસ થયેલા વીરોને અને મુત્સદ્દીઓને હિમાલયનો જ આશ્રય મળ્યો છે. ભૂસ્તરશાસ્ત્રની દૃષ્ટિથી જોવું હોય, પ્રાણીશાસ્ત્રની દૃષ્ટિથી વિચારવું હોય, ઐતિહાસિક દૃષ્ટિથી શોધ કરવી હોય, ભવ્યતાનું જો તમારે દર્શન કરવું હોય, ધર્મતત્ત્વોને ઉકેલવાનો જો તમારે પ્રયત્ન કરવો હોય, તો હિમાલયમાં જ તમારું સમાધાન થવાનું; કારણ આર્યાવર્તના એકેએક જમાનાના પુરુષાર્થ હિમાલય જાણે છે.

હિમાલયમાં જવાની પ્રથમ ઇચ્છા મારા હૃદયમાં ક્યારે ઉત્પન્ન થઈ એ કહેવું મુશ્કેલ છે. કદાચ મારા જન્મની સાથે સાથે જ એ પણ જન્મી હશે. કદાચ, ઉપર કહ્યું તેમ, એ વંશપરંપરાગત રાષ્ટ્રીય ભાવના હશે. પ્રવાસનો વિચાર કરીએ એટલે ઘર છોડીને આપણે પરદેશ જઈએ છીએ એવી ભાવના મનમાં આવે છે. હિમાલય જવાનો મેં જ્યારે જ્યારે વિચાર કર્યો છે, ત્યારે ત્યારે હું સ્વદેશે જવાનો છું, નહીં નહીં, સ્વગૃહે જવાનો છું એવી જ ભાવના મારા મનમાં પ્રબળપણે

ઊઠતી અને મનમાં ને મનમાં મને ગલગલિયાં થતાં. હજુ પણ કોઈ હિમાલયની વાત કાઢે એટલે સાસરામાં રહેતી વહુ પિયેરની વાત સાંભળીને જેટલી રાજી થાય તેટલો આનંદ થયા વગર રહેતો નથી. છોકરી પિયેરથી દૂર પડી એટલે તે સતત પિયેરને જ ઝંખ્યા કરે છે. આ ઝંખનાનું પરિણામ એ થાય છે કે, પિયેરનું પ્રત્યક્ષ ચિત્ર એક બાજુ રહી જઈને તે પોતાના મનમાં એક પ્રેમચિત્ર નિર્માણ કરે છે. એને પોતાને માટે આ પ્રેમચિત્ર એ જ એક ખરી ચીજ છે. ઝંખના — ચિંતનનો ગુણ જ એવો છે કે, જે વસ્તુ જેવી હોવી જોઈએ એવી ઇચ્છા હોય તે વસ્તુ તેવી છે જ એવી ભાવના થતી જાય છે. જગતમાં યથાતથ જ્ઞાન કોઈને થતું હોય તો ભલે; પણ જેને આપણે અનુભવનું પ્રત્યક્ષ જ્ઞાન કહીએ છીએ, તેની ઉપર પણ આપણી ઇંદ્રિયોનો રંગ ચડેલો હોય છે જ, એ કેવળ જ્ઞાન નથી હોતું. પ્રેમચિત્રમાં ઇંદ્રિયોનો રંગ નથી હોતો, પરંતુ હૃદયનો રંગ હોય છે, આદર્શ ભાવનાઓનો રંગ હોય છે. અને તેથી એ ચિત્ર આપણા જીવને વિશેષ નજીકનું અને વિશેષરૂપે સત્ય લાગે છે. તર્કવાદી ભલે આ ચિત્રને ખોટું ગણી કાઢે. સંસારનો અનુભવ અને સંસારનું રહસ્ય બધું તર્કની ચાળણીમાંથી ચાળી શકાતું નથી. તર્કને લાગે છે કે, મેં ઠરાવી આપેલી વ્યવસ્થા જગતે માનવી જ જોઈએ, જે મારે ગળે નથી ઊતરતું તે સત્ય હોઈ જ ન શકે. અસ્તુ.

હવે પછી હિમાલયનાં હું જે શબ્દચિત્રો આપવાનો છું તે પ્રેમચિત્રો જ હોવાનાં. જે વસ્તુની ઉપર પ્રેમ બંધાયો તે વસ્તુનો પ્રેમરહિત વિચાર થઈ શકે જ નહીં. તેથી મારી પાસેથી પ્રેમચિત્ર છોડીને બીજી ભળતી ચીજની અપેક્ષા કેમ કોઈ રાખે?

૧૧

ભીમતાલ

હિમાલયના પાંચ વિભાગ કલ્પેલા છે: કાશ્મીર, જાલંદર, ગઢવાલ (ઉત્તરાખંડ), કુમાઉં (કૂર્માંચલ) અને નેપાલ. ઉત્તરાખંડ પરમ પવિત્ર ગણાય છે. ગંગોત્રી, જમનોત્રી, કેદારનાથ, બદરીનારાયણ, પંચપ્રયાગ અને પાંચ-કેદારનાથ, ઉત્તરકાશી, જ્યોતિર્મઠ અને તુંગનાથ ઇત્યાદિ પ્રખ્યાત તીર્થસ્થાનો આ જ વિભાગમાં આવેલાં છે. સંતમહંતો આ જ ભાગ તપસ્યા માટે પસંદ કરતા. પણ એમ કહેવાય છે કે, યાત્રાના માર્ગ અને સાધનો સુગમ થવાથી ત્યાં યાત્રાળુઓ હમણાં ઘણા જાય છે, તેથી સારા સારા સાધુઓએ ઉત્તરાખંડનો લગભગ ત્યાગ કર્યો છે, તેઓમાંના ઘણા છૂપી રીતે કુમાઉંમાં જઈ રહે છે. કુમાઉં પ્રાંત રમણીય અને ફળદ્રુપ છે. આ જ પ્રાંતમાં સ્વામી વિવેકાનંદનો માયાવતી મઠ આવેલો છે.

માયાવતી આલમોડાથી લગભગ ૫૦ માઈલ દૂર હશે. પ્રવૃત્તિમાં પડેલા આપણા જેવા લોકોને ચોવીસ કલાકની નિવૃત્તિ મળે તો આપણે તે પચાવી શકતા નથી. કદાચ એ જ ઉદ્દેશથી સ્વામી વિવેકાનંદે માયાવતીમાં એક છાપખાનું રાખ્યું; અને ત્યાંથી હિંદુસ્તાનને જગાડવા માટે અથવા જાગેલા હિંદુસ્તાનનો સંદેશો દુનિયાને પહોંચાડવાને માટે 'પ્રબુદ્ધ ભારત' એ માસિક મદ્રાસથી તેઓ માયાવતી લઈ ગયા. ત્યાં એક આધ્યાત્મિક પાઠશાળા સ્થાપવાનો એમનો વિચાર હતો. આલમોડા જવાને રેલથી કાઠગોદામ સુધી જવું પડે છે. ત્યાંથી ૩૭ માઈલ ઉપર આલમોડા છે.

બરેલી જંકશન સુધી લોકોની ભીડ ખૂબ હતી. પછી ભીડ ઓછી થવા લાગી. હલદ્વાની સ્ટેશન ઉપર બધા મુસાફરો ઊતરી પડ્યા. કાઠગોદામ છેલ્લું સ્ટેશન — ટર્મિનસ છે. ત્યાં તો બહુ જ ઓછા લોકો રહ્યા હતા તેથી ઉદાસ ઉદાસ જેવું લાગતું હતું. મેં કહ્યું, 'જુવો, પાંડવોએ જ્યારે સ્વર્ગારોહણ કર્યું ત્યારે તેમને પણ આમ જ થયું હશે.

ભીડ તો પાછળ રહી અને આપણે એકલા હિમાલય ઉપર ચડીએ છીએ. પાંડવોને શું, દરેક જીવને એમ જ થાય છે. સ્નેહીઓનો સમૂહ અને ઇંદ્રિયકલાપ એક પછી એક છોડતો જાય છે અને આખરે ધર્મકર્મને સાથે લઈને માણસ યમઘાટ ચડે છે.'

પણ આ ઉદાસીનતા ક્ષણજીવી હતી. અમે દોઢેક માઈલ ગયા હોઈશું કે હિમાલયની અસર થવા માંડી. પાસે રામગંગા વહેતી હતી. રામગંગાએ કહ્યું, 'બચ્ચા, આ તારા દુન્યવી વિચારો છોડી દે; અહીંયાં કેટલાંયે ઝાડ ઊગે છે, સુકાય છે અને સડે છે; કેટલાયે પથ્થરો તૈયાર થાય છે અને તૂટી જાય છે; ટેકરીઓ તૂટી પડે છે અને ગામડાંઓ ખીણોમાં સમાય છે; પણ અહીં કોઈ હસતું પણ નથી ને રોતું પણ નથી. અહીંયાં સમૃદ્ધિ છે, ઉડાઉપણું છે, બેફિકરાઈ છે. અહીંયાં વિમાસણમાં પડે કે ચિંતા કરે તે પાપી.'

રામગંગા આવો ઉપદેશ ન કરત તોપણ મારી ઉદાસીનતા ઊડી જાત, કેમ કે આસપાસનાં ઝાડ ઉપર વનસ્પતિનાં અસંખ્ય બાળકો ફૂલ્યાં હતાં. એમની સુગંધ ઉન્માદકારી હતી, પણ વિલાસપ્રેરક નહોતી. અમે આગળ ચાલ્યા. પહાડ ચડવા લાગ્યા. જેમ જેમ ઉપર જઈએ, તેમ તેમ પહાડની શોભા અને કુદરતની ભવ્યતા વધતી જતી હતી. નાનાં છોકરાંઓ સમુદ્રકિનારે જાય છે ત્યારે ત્યાંની ચાંદી જેવી છીપો જોઈ ને, બધી ગજવાંમાં ભરી લઉં, એમ તેમને થાય છે. પણ અરધોએક કલાક ફર્યા પછી અસંખ્ય છીપો જોઈ ને જ તે ધરાઈ જાય છે અને પછી ગજવામાં ભરેલી બધી છીપો પણ ફેંકી દે છે; બહુ તો યાદગીરી માટે એકાદ છીપ રાખી તો રાખી. પાંચ માઈલ ચડ્યા પછી એક એવો સુંદર પહાડ આવ્યો. એના તૂટી ગયેલા પડખામાં રંગરંગના પથ્થરનાં એવાં મજેનાં પડ હતાં, અને અમારો રસ્તો એવો વાંકોચૂકો હતો (જેથી પહાડની બધી બાજુની સુંદરતા અમે જોઈ શકતા હતા) કે મને થયું કે, આ પહાડને મહારાષ્ટ્રમાં લઈ જાઉં તો કેવું સુંદર! બીજી જ ક્ષણે મનમાં વિચાર આવ્યો, શું પોતાના જ મહેલમાં સુંદર લાગતી એક વસ્તુ એક ઓરડીમાંથી કાઢીને બીજીમાં રાજા લઈ જાય છે? બધી ઓરડીઓ રાજાની જ છે અને જે વસ્તુ જ્યાં ગોઠવાઈ છે ત્યાં જ તે યથાયોગ્ય.

છે. મહારાષ્ટ્રના લોકોને જો આ સુંદરતાનો અનુભવ કરવો હોય તો તેઓએ અહીં આવીને કરી લેવો. આપણા લોકો પૈસા મેળવવા માટે અથવા એવા જ સાંસારિક હેતુથી થોડુંઘણું સ્થળાન્તર કરે છે; સૃષ્ટિની શોભા જોવા માટે અથવા દેવદર્શન કરવા માટે બહાર નથી નીકળતા. તેમને તે સ્વચ્છંદ જેવું લાગે છે. શું દેવદર્શન કરવું એ આપણી ફરજ નથી? ચાર ધામની યાત્રા કરવામાં પુણ્યની સીમા છે એવું નક્કી કરનાર આપણા ઋષિમુનિઓ સાચા દેશભક્ત હતા. આજે આપણામાં દેશાભિમાન છે, પણ દેશભક્તિ બહુ ઓછી છે. ઉન્માદમાં મેં કહ્યું, 'ભાઈ પહાડ, તું અહીંયાં જ સુખેથી રહેજે. તને હું કનડીશ નહીં. મારા મહારાષ્ટ્રીય ભાઈઓને જ અહીં મોકલીશ. તેઓ આવે ત્યારે તારા આ અમીજલથી અને સુગંધી પવનથી તેમનો આવો સત્કાર કરજે, આ લે મારા પ્રણામ!'

હિમાલયના પહાડ બહુ વિચિત્ર છે. સામે એક ગગનસ્પર્શી પહાડ દેખાય અને આપણને એમ થાય કે, આની ઉપર પહોંચીએ એટલે ત્યાંથી ઊતરવાનું હશે. લગભગ ઉપર પહોંચીએ ત્યાં સુધી આવી જ ભાવના રહે છે. પણ ઉપર પહોંચીને જુઓ તો શું? આપણે તો બીજા એક પ્રચંડ પહાડની તળેટીમાં જ છીએ! હરે રામ! આ પહાડ પણ પાછો ચડવો રહ્યો! વધારે થાકચા ન હોઈએ તો બીજી જ ક્ષણે વિચાર આવે: 'ઠીક છે; વધુ ઊંચા જઈશું તો વધારે દૂર સુધી જોઈ શકીશું. કુદરતની વિશાળતા નજરે આવશે, અને જો આજે જ આપણું ભાગ્ય ખૂલશે તો વખતે બરફનું પણ દર્શન થશે.' માથા ઉપર બરફનો કિરીટ ધારણ કરીને વાનપ્રસ્થ દશામાં ધ્યાન કરવા બેઠેલા નગાધિરાજનાં દર્શન કરવાની લાલસા હવે દુર્વાર થઈ હતી. પણ તે દિવસે બરફનું દર્શન કરવાનું અમારા ભાગ્યમાં નહોતું. બીજો પહાડ માંડ માંડ ચડચા ત્યાં તો ત્રીજો હાજર! હવે તો અમારી ધીરજ ખૂટી. શું દરેક પહાડ એ આ સ્વર્ગારોહણનું એક એક પગથિયું હશે? તડકો વધ્યો. અમે તપી ગયા અને કુદરતે રુદ્રાવતાર ધારણ કર્યો. આખરે અમે ભીમતાલ આવી પહોંચ્યા.

મેં સાચાં કે કાલ્પનિક સુંદર સુંદર સરોવર જોયાં ન હતાં એમ ન હતું. સર વૉલ્ટર સ્કૉટની 'સરોવિહારિણી' (લેડી ઑફ ધ લેક)માં

તો એક સુંદર સરોવરનું ઉઠાવદાર શબ્દચિત્ર પણ જોયું હતું. પણ ભીમતાલનું પ્રત્યક્ષ દર્શન કંઈ અનેરું હતું. એ પ્રદેશનું પ્રાચીન નામ 'ષષ્ટિખાત' છે, કેમ કે આસપાસ નાનાંમોટાં મળીને સાઠ સરોવર છે. તેમાં ભીમતાલ અને નૈનિતાલ એ બે જ સુવિખ્યાત છે. તેમાંય નૈનિતાલની શોભા ઓર જ છે. નૈનિતાલ ભીમતાલથી બાર પંદર માઈલ છે. એ હવે યુરોપિયન શહેર બની ગયું છે. એનું વર્ણન યથાપ્રસંગે આવશે. ભીમતાલ બહુ ઊંચા ડુંગરની સપાટી ઉપર ત્રણ પહાડોની વચ્ચે એક ખાડો રહેવાથી બનેલું છે, તેથી તે ખૂબ ઊંડું છે. પાણી સ્ફટિક જેવું નિર્મળ. સરોવરનો આકાર એક વાંકાચૂકા ત્રિકોણ જેવો. અને કુદરતે આ સરોવરની સૌંદર્યપૂર્તિ કરવા માટે સરોવરની મધ્યમાં એક નાનો સરખો દ્વીપ સરજેલો છે. ત્યાં અમે પહોંચ્યા અને અમને એવો તો ઠંડો પવન મળ્યો કે, ક્ષણમાં અમારો બધો તાપ અને થાક ઊતરી ગયો. સરોવરનો કાંઠો જરા અટપટો હતો. કાંઠા પર જ્યાં ત્યાં પથરા પથરાયેલા હતા. અને આ ઊભો કાંઠો ઊતરીને પાણી સુધી પહોંચવું સહેલ નહોતું. છતાં આટલું સુંદર પાણી છોડવાની કોની મગદૂર હોય? હિંમત કરીને હું તો ઊતર્યો અને પાણીમાં પડ્યો. અરરર! આ તે પાણી કે સહસ્ર વીંછી? મને લાગ્યું કે, મારા પાતળા શરીરનો ઘેરાવો પણ પાણીની ઠંડકથી સંકોચાઈને બે ત્રણ તસુ ઓછો થયો હશે. જીવ બચાવવા ખાતર મેં જોરથી હાથપગ વીંઝ્યા. અને પછીનો આનંદ શી રીતે વર્ણવું? કાંઠા ઉપર બેઠેલા બુવા રિસાયા ન હોત તો કાંઠા ઉપર આવવાનું મને સૂઝત પણ નહીં. મનમાં થયું, બાણભટ્ટે વર્ણવેલું અચ્છોદ સરોવર શું આવું જ હશે? હું કાદંબરીમય થઈ ગયો. પેલા બેટની પાછળથી નૌકાવિહાર કરતી કરતી કાદંબરી કે મહાશ્વેતા હમણાં નીકળશે એવા કલ્પનાતરંગમાં હું હતો, એટલામાં ખરે જ બેટ પાછળથી એક સફેદ નૌકા આવી. પણ હાય રે હાય! ગયું — મારું બધું કાવ્ય ગયું! બોટમાં તો હાથમાં માછલીઓ મારવાનો ચાબુક લઈને બે સોલ્જર બેઠેલા હતા! હું વાલ્મીકિ હોત તો પેલા ઝખ મારનાર (ઝખ = झष = માછલી) અરસિક ગોરાઓને દારુણ શાપ આપત.

કાવ્યગગનમાંથી ઊતર્યાં ત્યારે ખબર પડી કે પેટમાં સખત ભૂખ લાગી છે. પેટ ભરીને ખાધું, આંખ ભરીને ઊંઘી લીધું, હાથપગ ભરીને થાક ઉતાર્યો, રામસિંહને જગાડ્યો, સામાન એને માથે ચડાવ્યો અને રામગઢ તરફ ચાલ્યા. આમ અરધા દિવસમાં હિમાલયની ચૌદ માઈલની મુસાફરી પૂરી થઈ.

૧૨

હિમાલયની પહેલી શિખામણ

ભીમતાલથી આગળ ચાલ્યા. રસ્તો સપાટ હતો. દૂર ડાબી બાજુએ હારબંધ રાવટીઓ દેખાતી હતી. માંદા સોલ્જરો ત્યાં રહેતા હતા એમ, પૂછતાં ખબર પડી. પહાડના માથા ઉપર આખરે પહોંચ્યા. અપાર આનંદ થયો અને ચિરપરિચિત સપાટ ભૂમિ પર અમે જોસભેર ચાલવા લાગ્યા.

પણ હિમાલયે તો, એક જ દિવસમાં જાણે બધાય પાઠો શીખવી નાખવા હોય તેમ, ફરી અમારા અભિમાન ઉપર આઘાત કર્યો. અરેબિયન નાઇટ્સમાં અથવા પંચતંત્રમાં એક વાર્તામાંથી નવી વાર્તા ફૂટે છે તે પ્રમાણે, આ પર્વતશિખર ઉપર પહોળો થઈને બેઠેલો એક નવો જ પહાડ આવી પડ્યો. ચાર મજૂરના ખભા ઉપર આરામખુરશીમાં કોઈ અમીર બેઠો હોય તે જ ગંભીર ભવ્યતાથી અને પોતાની મહત્તાનું પરિપૂર્ણ ભાન હોય એવી સ્વાભાવિકતાથી એ પહાડ બિરાજેલો હતો. જો એ ઊભો થાત તો? મને લાગે છે કે આકાશનો ચંદરવો ચિરાઈ જ જાત!

આટલો બધો મોટો પહાડ ચડવો હતો, તેથી અમારી પાસેનો સામાનસુમાનનો તમામ ભાર મજૂરને આપી દીધો, અભિમાનનો ભાર તળેટીએ જ મૂક્યો અને તદ્દન વાદળાં સમાન હલકા થઈને અમે ચડવા માંડ્યું. છેક સાંજ સુધી ચડ ચડ કર્યું.

રસ્તામાં એક જાતનાં ફૂલ ખીલી રહ્યાં હતાં. આકારે બારમાસીનાં ફૂલ જેવાં અને રંગે સારી પેઠે કઢેલા દૂધની મલાઈ જેટલી પીળાશવાળાં હતાં. સુવાસની મધુરતાની તો વાત જ શી? સુવાસ ગુલાબને મળતી, પણ ગુલાબ જેટલી ઉગ્ર નહીં. આ લજ્જાવિનયસંપન્ન ફૂલોને જોઈ હું પ્રસન્ન થયો. મારો અધ્વખેદ નીકળી ગયો. આવાં સુંદર અને આતિથ્યશીલ ફૂલોનું નામ ન જાણું તો મારાથી કેમ રહેવાય? પણ રસ્તામાં કોઈ માણસ જ ન મળે. મજૂર તો તેના મજૂરધર્મને વફાદાર રહીને પાછળ પડી ગયો હતો. તેની રાહ જોવા જેટલો સમય ન હતો, અને નામ જાણ્યા વગર આગળ ચાલવાની ઇચ્છા ન હતી. એટલામાં પહાડની એક પગદંડી ઉપરથી કોઈ પહાડી ઊતરી આવતો જણાયો. પગદંડી એટલે કેડી. હિમાલયની કેડી એટલી અઘરી હોય છે કે માણસની કેડ જ ભાંગી નાખે. પેલા પહાડીને મેં હિંદીમાં, અથવા સાચું કહીએ તો મારે મન તે વખતે હિંદી લાગતી ભાષામાં, ફૂલ વિષે કેટલાક પ્રશ્ન પૂછ્યા. તેણે પહાડી હિંદીમાં જવાબ આપ્યો. પણ મને લાગતું નથી, મારા પ્રશ્ન એ સમજી શક્યો હોય. હું તો એના જવાબનો એક બ્રહ્માક્ષરે સમજી ન શક્યો. પણ સંભાષણમાંથી (આને સંભાષણ કહેવાય કે નહીં એ હું નથી જાણતો.) ફૂલનું નામ તો મને જડી ગયું. એસીરિયાના શરશીર્ષ લિપિના શિલાલેખો કોઈ વિદ્વાન વાંચે અને અર્થ કરે તેટલા જ પ્રયાસથી મેં જાણી લીધું કે, ફૂલનું નામ 'ફૂજો' હતું. મને લાગે છે, પહાડી ભાષામાં આ શબ્દ ભારે લલિત ગણાતો હશે. પણ મને પોતાને તે નામ ઉપર બિલકુલ મોહ ઊપજ્યો નહીં!

દૂર દૂર હવે ક્ષિતિજ દેખાવા લાગી. ત્યાં ઘણાં ઘીચ વાદળાં હતાં. વાદળાં ઉપર આરસપહાણના પર્વતશિખર જેવું કંઈક દેખાતું હતું. વાદળાંમાં તળેટીનો ભાગ ઢંકાઈ ગયેલો હોવાથી, આકાશમાં ઊડતું એક મૈનાક પર્વતનું બચ્ચું હોય તેવું એ લાગતું હતું. બીજે દિવસે મને ખબર પડી કે, તે પવિત્ર નંદાદેવીનું શિખર હતું.

થોડું ઊતરી અમે રામગઢ આવી પહોંચ્યા. ત્યાં એક નાની સરખી ધર્મશાળા હતી. અથવા ધર્મશાળા શાની? પાંચ ફૂટ ઊંચી અને એક નાના બારણા સિવાય કોઈ જગાએ એક કાણું સરખું ન મળે એવી

ઓરડીઓની હાર! ગધેડાઓ પણ તેમાં રહેવાને રાજી ન હોય. બનિયા પાસેથી દાળ, ચોખા અને બટાટા ખરીદી લીધેલાં. બનિયાએ બે ત્રણ વાસણો પણ આપ્યાં; અમે મનમાં કહ્યું, 'કેવો ભલો વાણિયો! રાંધવાને વાસણો પણ આપે છે!' પાછળથી ખબર પડી કે, પહાડમાં તો એ રિવાજ જ છે. આટા ચાવલની કિંમત લે છે તેમાં જ બનિયા વાસણનું ભાડું પણ ગણી લે છે. છતાં આ ત્યાંનો રિવાજ સારો છે એમાં કંઈ શંકા નથી. જેમ તેમ રાંધીને અરધુંપરધું ખાધું, કેમ કે અમારી રસોઈ બરાબર બની નહોતી.

ધર્મશાળાની સૂરત જોઈ બહાર ખુલ્લામાં સૂવાનો અમે વિચાર રાખ્યો અને પથારી કરી. એટલામાં હિમાલય કહે, 'ચાલો નવો પાઠ લો.' એટલી સખત ટાઢ વાવા લાગી કે, મંત્રમુગ્ધ સાપ જેમ પોતાની મેળે ટોપલીમાં ભરાઈ જાય, તેમ પથારી લઈને હવે ખૂબસૂરત લાગતી પેલી હૂંફાળી ઓરડીની અંદર અમે ઘૂસી ગયા; અને ઓરડીમાં એક પણ બારી ન રાખી એમાં ધર્મશાળા બાંધનાર શિલ્પીએ મયાસુર કરતાંયે અધિક કૌશલ વાપર્યું છે એવી અમને ખાતરી થઈ.

આખો દિવસ ચાલ ચાલ કર્યું હતું. પહેલવહેલી જ આટલી વીસ માઈલ લાંબી મુસાફરી થઈ હતી. રાત્રે પેટમાં પણ પૂરું પડ્યું ન હતું. અને ટાઢ તો કહે મારું કામ. આથી, બહુ વીનવ્યા છતાં, ઊંઘ તો પાસે ઢૂંકી જ નહીં.

નિદ્રાદેવી ન આવી એટલે તેની નિત્યવૈરિણી ચિંતા અને કલ્પના હાજર થયાં. હું વિચારમાં પડ્યો. ઘરબાર છોડીને, સમાજની સેવા કરવાનું છોડીને, પુસ્તકો વાંચવાનું છોડીને, છાપાંઓમાં લેખ લખવાનું છોડીને હું શા માટે અહીં આવ્યો? ઈશ્વરે મને જે સ્થાનમાં મૂક્યો તે સ્વાભાવિક સ્થાન છોડીને આ અજાણ્યા મુલકમાં હું શું કામ આવ્યો? મને વૈરાગ્ય ઊપજ્યો હતો અને હિમાલય એ વૈરાગ્યનું મોસાળ છે, તેથી શું હું અહીં આવ્યો હોઈશ? હિમાલયમાં જો વૈરાગ્ય હોત તો પેલા ગોરાઓ શા માટે ભીમતાલમાં જઈ માછલાં મારત? શા માટે રામગઢનો બનિયો ઘરાકો પાસેથી વધારેમાં વધારે નફો લેવા મથત? મેદાનમાં જેવા લોકો છે તેવા જ લોકો આ પહાડ પર પણ છે. અહીં પણ સ્ત્રી પોતાના

પતિ સાથે લડે છે, પેલો પોસ્ટમાસ્તર પોતાનો દીકરો કહ્યું માનતો નથી એવી ફરિયાદ કરે છે, અને લોકો ઢોર પાસે તેમના ગજા ઉપરાંત કામ કરાવે છે. બેશક, પહાડોમાં વેપાર વધ્યો નથી, રેલવે આવી નથી, વસ્તી ઘીચ નથી, અને ઉપલાં કારણોને લીધે સમાજમાં જે સડો પેસે છે તે અહીં પેઠો નથી.

આ પારકા મુલકમાં મારી ભાષા કોઈ જાણે નહીં, મને કોઈ ઓળખે નહીં, સગુંવહાલું કોઈ ન મળે, જે વૈરાગ્યને માટે હું અહીં આવ્યો તેનું અહીં નામ કે નિશાન ન મળે, એ ખ્યાલથી મનમાં ગભરાટ થવા લાગ્યો, એટલે બહાર કરડકણી ટાઢ હોવા છતાં એક કંબલ ઓઢીને હું બહાર ગયો. હિમાલયની મુસાફરીમાં સોયથી સીવેલું કંઈ કપડું વાપરવું નહીં એવો મારો નિશ્ચય હતો. દહાડે તો ધોતિયું, ખેસ અને કાનનું રક્ષણ કરવા મફલર એટલું જ હું પહેરતો. રાત્રે પાથરવા એક ચટાઈ અને કંબલ રાખતો અને ઓઢવા પછેડી અને જાંબુડા રંગનું એક રેશમી અબોટિયું લેતો.

બહાર આવ્યો ત્યારે આકાશ નિરભ્ર હતું; નક્ષત્રો અદ્ભુત કાન્તિથી ચમકતાં હતાં. હું હિમાલયમાં આવ્યો તે પહેલાં મારા એક રસિક મિત્રે નવસારીમાં તારાઓ સાથે મારી ઓળખાણ કરાવી આપી હતી. તારાઓ મારા દોસ્ત બની ગયા હતા. પૌર્ણિમાના ચંદ્રથી પણ બી ન જાય એવા બધા તારાઓને હું ઓળખતો હતો. તેમની તરફ મેં જોયું. તેમણે કહ્યું, 'ભાઈ, શા માટે ગભરાય છે? આ તે વળી શાનો પારકો મુલક? શું અહીંયાં તારું સગુંવહાલું કોઈ નથી? જુઓ, અમે આટલા બધા તારા દોસ્તો અહીં પણ જેવા ને તેવા સાથે જ છીએ. બે ઘડી થોભીશ તો બીજા પણ પેલા પહાડ ઉપરથી હમણાં ઊંચે આવશે. શું તું અમને ભૂલી ગયો? શું તારા અને અમારા સરજનહારને ભૂલી ગયો? ક્યાં ગયો તારો પ્રણવજાપ? ક્યાં ગયો તારો ગીતાપાઠ?

મન એવ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયોઃ ।
न कश्चित्कस्यचिन्मित्रं न कश्चित्कस्यचिद्रिपुः ।
आत्मैव ह्यात्मनो बन्धुः आत्मैव रिपुरात्मनः ।

એ બધું તું જ કહેતો હતો ને? આજે જ સવારે પેલી નદીએ તને શું

કહ્યું હતું? પેલો પહાડ જોઈને તને શા વિચાર આવ્યા હતા? પેલાં 'ફૂજો' ફૂલોની વિશ્વસેવાની તારી ઉપર કશી અસર નથી થઈ? નંદાદેવીનું દર્શન શું વિફળ ગયું? છોડી દે આ ક્ષુદ્ર હૃદયદૌર્બલ્ય, ત્યાગી દે મનના ઉદ્વેગને.' હિમાલયમાં પણ વૈરાગ્ય ન મળે એવી મારી અશ્રદ્ધા ઊડી ગઈ. બાહ્યસૃષ્ટિ અંતઃસૃષ્ટિ વચ્ચે તાદાત્મ્ય જામી ગયું અને મને શાન્તિ વળી; હું સહેલાઈથી સૂઈ ગયો.

સવારે ઊઠીને આગળ ચાલ્યા. આજે તો ઊતરવાનું હતું. જેટલું ચડ્યા એટલું જ ઊતરવું પડ્યું. રોમન લોકોને પોતાનું મહાસામ્રાજ્ય ગુમાવતાં પણ આટલું દુઃખ થયું નહીં હોય. કેટલી મુસીબતે ચડ્યા હતા, છતાં આખરે ઊતરવું તો પડ્યું. હિમાલયમાં ચાલવાનો એક નવો અનુભવ મળ્યો. ઉપર ચડતાં થાક લાગે છે ખરો, પણ તે થાક ક્ષણિક હોય છે. પણ સીધો ઉતાર ઊતરતાં જે આયાસ પડે છે, તેથી તો માણસના સાંધેસાંધા નરમ થઈ જાય છે. આવો ઊતરવાનો અનુભવ મળતાં જ મેં કહ્યું, 'સ્વર્ગ સુધી ચડવાનું હોય તોયે બહેતર; પણ હે વિધાતા, આવી ઉતાર ઊતરવાની સજા તો કોઈ કાળે શિરસિ મા લિખ, મા લિખ, મા લિખ.'

અહીંનો પ્રદેશ પણ ભારે રળિયામણો હતો. આપણે ત્યાંનાં સરૂનાં ઝાડ જેવાં, ચીડ અને દેવદારનાં ભવ્ય વૃક્ષોની ઘટા અનુપમ છાયા વિસ્તારતી હતી. પણ ખરી ગમ્મત તો નીચે પડીને સુકાઈ ગયેલાં સળી જેવાં પાંદડાં ઉપરથી જ્યારે પગ લપસતો ત્યારે આવતી. હસવું કે રડવું એ જ ન સમજાતું!

આ પ્રદેશમાં થોડી ખેતી પણ થતી લાગી. કેમ કે રસ્તામાં એક નાનકડું પહાડી ગામડું આવ્યું, ત્યાં બે ચાર ખેડૂતો નવું અનાજ વાવી રહ્યા હતા. પવનનું નામ ન હતું, તેથી બે જણ એક પછેડી વતી પવન નાખતા હતા.

રસ્તામાં ચીડનાં મોટાં મોટાં ફૂલ પડેલાં દીઠાં. એ ફૂલનું વર્ણન કરવું અશક્ય છે. ફૂલ નાળિયેર કરતાં મોટું હોય છે. એની પાંખડી આવળના લાકડા કરતાં કઠણ હોય છે. છતાં આ ફૂલ આકારે બહુ સુંદર હોય છે. એક દીંટના માથામાંથી આંગળા જેવડી અસંખ્ય

પાંખડીઓનો જાણે એક ફુવારો ફૂટયો હોય છે; પણ રંગ કે વાસનું તો નામ ન લો. લાકડાનો જ રંગ ને લાકડાની જ વાસ. દેવદાર અને ચીડ જેવાં વૃક્ષો હિમાલયને જ શોભે. કુદરતનો વિશાળ વૈભવ જોઈ હું દિઙ્મૂઢ થઈ ગયો, અને ગાવા લાગ્યો :

रामा दयाघना, क्षमा करुनि मज पाही,
रामा दयाघना०

कोठिल कोण मी, न जाणिला हा पत्ता
आजवरि अज्ञानें मिरविली विद्वत्ता,
देहात्मत्वाची स्थिति झाली उन्मत्ता.

येउनि जन्मा रे! व्यर्थ शिणविली आई,
हेंचि मनिं खाई—
रामा दयाघना०

સાચે જ નકામું જીવન ગાળીને મેં માને ભારે મારી હતી. જનની જ નહીં, પણ જન્મભૂમિને પણ. મારા પાછલા જીવન ઉપર મનમાં તિરસ્કાર ઊપજ્યો. અજ્ઞાનને લીધે હું વિદ્વત્તાની શેખી મારતો; પોતે અંધકારમાં રહ્યો રહ્યો લોકો આગળ પ્રકાશની વાતો કરતો.

મેં ભજન આગળ ચલાવ્યું:

करुणासागरा ! राघवा रघुराजा !
विषयीं पांगळा नका करूं जीव माझा

...   .

• भुलुनि प्रपंचा रे, भ्रमुनि भ्रमुनि ठायीं ठायीं,
हरुनि वय जाई —
रामा दयाघना०

ભજનની ધૂન લાગી. હું ઊંચે સાદે લલકારતો હતો, હવે લીટી આવી :

सच्चित्सुख तो तू परब्रह्म केवळ,
सच्चित्सुख तो तू परब्रह्म केवळ.

સામેના પહાડે એકાએક ગર્જના કરી:

सच्चित्सुख तो तू परब्रह्म केवळ.

હિમાલયની તે મેઘગંભીર ગર્જના મને તો અશરીરિણી વાણી લાગી. સાચે જ હું સચ્ચિત્સુખાત્મક પરબ્રહ્મ છું એ વસ્તુને હું ભૂલી જાઉં છું તેથી પામર બનું છું. જુઓ, આ ધીર ગંભીર હિમાલય કેવો સચ્ચિત્સુખની સમાધિ ભોગવી રહ્યો છે! જુઓ સામેનો બરફ. એને ઉનાળોયે સરખો અને શિયાળોયે સરખો. જુઓ આ વિશાળ આકાશ. કેટલું શાંત અને અલિપ્ત! શું એથી હું અળગો છું?

અદ્વૈતની મસ્તી મને ચડી એટલે પીઉડા ક્યારે આવ્યું એનું મને ભાન પણ ન રહ્યું. પીઉડાનું પાણી બહુ વખણાય છે. ક્ષયરોગના દરદી અહીંનું પાણી ખાસ મેળવીને પીએ છે. પીઉડામાં અમે રાંધી ખાધું, સહેજ આરામ કર્યો અને આગળ ચાલ્યા. વળી પાછો ઉતાર! મારા ઢીંચણમાં ચસકા આવવા લાગ્યા તેથી વેદના થવા લાગી, પરિણામે હું દેહધારી છું એ વૃત્તિ ફરી જાગ્રત થઈ. ધીમે ધીમે હું આસપાસની સુંદરતા ફરી નિહાળવા લાગ્યો.

હિમાલયની ખેતી જોવા જેવી હોય છે. એકી અને પહોળી ટેકરી હોય ત્યાં શિખરથી તળેટી સુધી બબ્બે ચચ્ચાર હાથ પહોળાં પગથિયાં જેવા ક્યારા બનાવે છે અને એમાં હાથે ખોદીને અનાજ વાવે છે. નદીનો બાંધેલો ઘાટ જેવો દેખાય છે તેવો આ ખેતરોનો દેખાવ લાગે છે.

જ્યાં ઉતાર પૂરો થયો ત્યાં એક ઝૂલતો પુલ આવ્યો. તે પુલને લોધિયાનો પુલ કહે છે. પુલની નીચેના પથ્થર જોવા જેવા છે. નદીના પ્રવાહથી ઘસાઈ ગયેલા પથરાઓનો આકાર મજાનો દેખાતો હતો. જ્યાં પાણીની ભમરી થતી હોય ત્યાં તળિયાના છૂટા પથ્થરો પણ ગોળ ફરી ફરીને તળિયાના પથ્થરમાં જે ઊંડા ઊંડા ખાડા પાડે છે તેનો દેખાવ મનોવેધક હોય છે.

આ પુલ નીચે મેં એક સાપ દીઠો. એની નોંધ અહીં એટલા માટે જ કરું છું કે, હિમાલયનાં દીર્ઘ જંગલોમાં અને ભિન્ન ભિન્ન પ્રદેશોમાં મેં એ ત્રણ હજાર માઈલની મુસાફરી કરી તે દરમિયાન માત્ર બે જ સાપ મારા જોવામાં આવ્યા; એક અહીં અને બાજો ગંગોત્રી પાસે.

હવે પાછું ચડાણ આવ્યું. દૂરથી એક પહાડી શહેર દેખાવા લાગ્યું. એ આલમોડા હતું કે મુકતેસર એનો હું નિશ્ચય કરી ન શક્યો. સાંજ પડવા આવી અને આખરે અમે આલમોડા પાસે આવી લાગ્યા. ત્યાં એક ચુંગીઘર હતું. ચુંગીઘર એટલે જકાતનું નાકું. અહીંયાં જ એક ગાડારસ્તો અમે જોયો. હિમાલયમાં ગાડારસ્તો એ સુધારાની પરિસીમા ગણાય છે. આપણે ત્યાં કોઈ બાદશાહી શહેરમાં આરસપહાણનો રસ્તો હોય તો લોકો તે રસ્તા વિષે જે ઉમંગ અને અદબ સાથે બોલે તેટલાં ઉત્સાહ અને અદબથી પહાડી લોકો આ 'કાર્ટ રોડ' વિષે બોલે છે. પડખે જ મુસલમાનોનું કબરસ્તાન હતું. પહાડની વન્ય શોભામાં આ ધોળી ધોળી કબરો અળખામણી લાગતી ન હતી. ઘણુંખરું મુસલમાનો કુદરતી શોભા બગાડતા નથી. સાંજની વેળાએ આ કબરો, ચરી આવીને નિરાંતે વાગોળતી ગાયોનું ધણ બેઠું હોય તેવી દેખાતી હતી.

૩૭ માઈલની મુસાફરી સહીસલામત કરી; પણ આખરે અમે ભૂલા પડયા. આલમોડાને અરધી પ્રદક્ષિણા કરી. રસ્તો છોડી લોકોના ફળિયામાં થઈને કેટલાક ઉકરડા ખૂંદીને આખરે સાત વાગ્યે અમે બજારમાં પહોંચ્યા. બજારના રસ્તા પથ્થરના બાંધેલા છે. ત્યાં હિલ બોઈઝ સ્કૂલ ક્યાં છે એમ પૂછતા પૂછતા મારા મિત્રના મકાન સુધી આવી પહોંચ્યા. એ ઘેર ન હતા. ક્યાંક ફરવા ગયા હશે. હરખદેવ કરીને એક છોકરો ઘરમાંથી બહાર નીકળ્યો. તેણે અમારો સત્કાર કર્યો અને કહ્યું, "આવો; અંદર આવો; આ ખાટલા પર બેસો. હું સ્વામીનો શિષ્ય થાઉં છું. તેઓ બહાર ગયા છે. હમણાં આવશે. એઓએ કહ્યું હતું કે કાકાજી આવવાના છે: તમારામાંથી કાકાજી કયા?" થોડા વખત પછી સ્વામી આવ્યા. વડોદરામાં સ્વામીને જોવા જોયેલા તેવા તે ન હતા. લાંબી લાંબી દાઢી, લાંબો લાંબો ચોટલો, એની ઉપર એક આછા ભગવા રંગનું મફલર અને લાંબી ધોળી કફનીવાળી મૂર્તિ, એક લાંબી અણિયાળી લાકડી હાથમાં રાખીને મારી આગળ આવી ઊભી રહી. પ્રેમથી અમે ભેટી પડયા. બુવા તો પ્રેમથી રોવા લાગ્યા. મેં જોયું કે સ્વામી મરાઠીમાં છૂટથી બોલી શકતા ન હતા. દરેક વાકયમાં આવતા હિંદી શબ્દોને હઠાવવા એમને મહેનત કરવી પડતી હતી.

રાત્રે અમે શું ખાધું, કેટલા વાગ્યા સુધી વાતચીત કરતા બેઠા અને ક્યારે ઊંઘી ગયા એનું મને બિલકુલ સ્મરણ નથી. એક એટલું યાદ છે કે, તે કાળે સ્વામી પુરશ્ચરણ કરતા તેથી દૂધ ઉપર રહેતા, કશું ખાતા નહોતા, એટલું જ નહીં, પાણી સુધ્ધાં પીતા ન હતા. ઊંઘ એવી આવી કે જાણે નિર્વિકલ્પ સમાધિ.

૧૩

આલમોડા

આલમોડા એ હિમાલયની એક શાખા ઉપર બાંધેલો માણસોનો માળો છે. આલમોડાની હવા ખાસ વખણાય છે. દૂર દૂરનાં ક્ષયરોગી એપ્રિલથી ઑકટોબર વચ્ચે અહીં આવીને રહે છે. ચીડનાં ભપકાદાર અને ઊંચાં ઊંચાં ઝાડોનાં જંગલોમાંથી સુસવાટ કરી વહેતી હવાનું તેઓ સેવન કરે છે અને રાણીનૌલા નામના એક ઝરણાનું પાણી પીએ છે. આ મોસમમાં ગમે તે રસ્તે ફરવા જાઓ, આ માંદા લોકોનું એકાદ ટોળું જીવવાની ઇચ્છાથી મહામહેનતે હાંફતું અને પેટમાં પ્રાણ ભરતું નજરે પડવાનું જ. રાજયક્ષ્માની આ ફીકી રૈયત અને આસપાસની લાવણ્યવતી કુદરત વચ્ચેનો તફાવત તો સ્વતંત્રતા અને પરવશતા વચ્ચેના ભેદ જેટલો દેખાતો. આ શહેર જિલ્લાનું તેમ જ કુમાઉં પરગણાનું મથક છે. અહીંયાં બ્રિટિશ અદાલત છે; છાવણી છે, પાદરીઓ હસ્તકની એક કૉલેજ પણ છે. આ લોકો એક મોટી વસાહત કરી અહીં પડેલા છે. અહીંથી ૩૭ માઈલ ઉપર નૈનિતાલ નામની એક ગંધર્વનગરી હોવાથી આલમોડા ગોરાઓના આક્રમણથી બચી ગયું છે.

બીજે દિવસે સવારે ઊઠીને અમે ફરવા ગયા. ઉનાળાના દહાડા હતા, છતાં આપણે અહીંના શિયાળા કરતાં પણ ત્યાં વધારે ટાઢ હતી. આસપાસ દરેક ખીણમાં ધોળાં ધોળાં વાદળાં આળસુની પેઠે સૂતાં હતાં. ઉપર આકાશ નિરભ્ર હતું. ઉત્તર તરફ નંદાદેવીનું શિખર સૂર્યનાં તરુણ

કિરણોથી સુવર્ણમંદિરની પેઠે ઝગકતું હતું. જ્યાં સૂર્યકિરણ હજુ નહોતાં પહોંચ્યાં ત્યાં અરુણસદશ રક્તિમા ઉષાને પણ લજવે તેવી હતી. હિમાલયને ઘેર શિખરોનું દારિદ્ર નથી, છતાં નંદાદેવીનું સૌન્દર્ય એટલું બધું છે કે હિમાલય પણ એને માટે મગરૂર હોય એમ લાગે છે. અને તેથી જ એ શિખરની પ્રતિષ્ઠા જાળવવા ખાતર કોઈ અનુચરની પેઠે નંદાકોટાનું શિખર એની પાસે ઊભું છે. નંદાદેવીનું વર્ણન હું શું કરું? પૂર્વ મન્વંતરના ઋષિ માર્કંડેયે આ દેવીનું જે વર્ણન કર્યું છે તે જ અહીં આપું એ બસ નથી?

कनकोत्तमकान्तिस्सा सुकान्तिकनकाम्बरा ।
देवी कनकवर्णाभा कनकोत्तमभूषणा ।।

આ દેવીની ઉપાસના ઉપર ઋષિની એટલી શ્રદ્ધા છે કે તે કહે છે:

नन्दा भगवति नाम या भविष्यति नन्दजा ।
सा स्तुता पूजिता ध्याता वशीकुर्याज्जगत्त्रयम् ।।

અમે નંદાદેવીની દિશામાં જ ફરવા જવાનું 'દુરસ્ત' ધાર્યું. હિમાલયમાં ઠેકાણે ઠેકાણે દેવીઓના વાસ છે. શાઈ દેવી, ધૂરાદેવી, સીતોલીદેવી અને પાતાળદેવી આ ચાર આલમોડાની ચાર દિશાની રક્ષા કરે છે. હિંદુ સમાજનેતાઓની દૃષ્ટિ કંઈ અદ્ભુત છે. જીવનના દરેક અંગ સાથે તેઓ કોઈ ને કોઈ રીતે ધર્મનો સંબંધ જોડી દે છે. આલમોડા શહેર જો સ્વતંત્ર રાખવું હોય તો આસપાસનાં આ ચાર સ્થાનો આલમોડાવાસીઓના હાથમાં રહેવાં જોઈએ એ વાત લશ્કરી દૃષ્ટિથી નિહાળનારને સહેજે ધ્યાનમાં આવી શકે. હવે એ જ વસ્તુ આ ધર્મકારોએ લોકો આગળ કેવી રીતે મૂકી છે તે જુઓ. 'ભક્તિ અને મુક્તિ'–દાયિની આ ચાર દેવીઓ ચાર ખૂણે વિરાજે છે; એમનાં મંદિરનું રક્ષણ કરો, તે સ્થાનો પવિત્ર રાખો એટલે,

सैषा प्रसन्ना वरदा नृणां भवति मुक्तये ।

મુક્તિ એટલે આઝાદી.

અને આ ઋષિવચનનો અનુભવ લોકોને જમાને જમાને થયો છે. શત્રુ ચડી આવે એટલે બધા મરદ જુવાનો ઘર બહાર નીકળી

પડીને આ ચારે મંદિરો ઉપર એકઠા થતા; અને આ ચારે સ્થાનો હાથમાં હોય ત્યાં સુધી શી મગદૂર શત્રુની કે તે આલમોડાના ચીડ કે દેવદારની સળીરૂપી વાળને પણ વાંકો કરી શકે?

અમે અસ્કોટને રસ્તે ચીડનું જંગલ જોવા ગયા. વચમાં એક નાની ટેકરી ઉપર જેલ દેખાઈ. સ્વામીએ મને કહ્યું કે, 'બંગાળના સુપ્રસિદ્ધ આગેવાન અશ્વિનીકુમાર દત્તને આ જ જેલમાં રાખવામાં આવેલા.' ચીડનું જંગલ પસાર કરી આખરે અમે બલઢૌટી નામક ડુંગર ઉપર આવ્યા. આ સ્થાનને જ એક કાળે અંગ્રેજ સરકારે 'સીમલા' બનાવવાનો વિચાર કરેલો. સ્વામી વિવેકાનંદ જ્યારે અમેરિકા જઈ પાછા આવ્યા ત્યારે આ સ્થળે તેમણે અદ્વૈતાશ્રમની સ્થાપના કરવાનું નક્કી કરેલું. પણ જે દિવસે એમણે એ સ્થાનની સરકારમાં માગણી કરી તે જ દિવસે ત્યાંના કમિશનરે તે સ્થાન પાદરીઓને આપી દીધું એમ મેં સાંભળ્યું. અહીં વટલાવેલા પહાડી લોકોની વસાહત છે. હરખદેવે કહ્યું, 'કાકાજી, દેખિયે ઇન પાદડિયોંકી ચાલાકી! જબ યહાઁકે લોગોંકો ઈસાઈ બના લેતે હૈં તબ ઉનકો દૂસરે પ્રાંતમેં લે જાતે હૈં, ઔર દૂસરે પ્રાંતોકે બિટલાયે હુએ લોગોંકો યહાઁ લાકર રખતે હૈં, તાકિ સમાજકે સાથ ઉનકા સંબંધ ટૂટ જાય ઔર લોગોંમેં ભી ઇન પાદડિયોંકે ખિલાફ દ્વેષ પૈદા ન હો. હમારે પ્રાંતમેંસે કિતને લોગ ઈસાઈ હો ગયે ઇસકા પતા નહીં રહતા ઔર દૂસરે પ્રાંતકે ઇતર લોગોંકો ઈસાઈ બને હુએ દેખકર ઉસ પ્રાંતકે લિયે ભી હમમેં નફરત હોતી હૈ.' હરખદેવની આ ચાણાક્ષ ટીકા સાંભળી મને ઠીક રમૂજ પડી. ત્યાંથી અમે નીચે પાતાળદેવી તરફ ઊતર્યા. સાડાસાત વાગવા આવ્યા હતા અને અમે જ્યારે ઊતરતા હતા ત્યારે ખીણમાંનાં ઊંઘણશી વાદળાં નિશાળિયાની પેઠે આંખો ચોળતાં ઉત્તરના હિમપ્રદેશોની શાળા તરફ જવા લાગ્યાં હતાં. પાતાળદેવીનું સ્થાન સાધુઓને રહેવા માટે ખાસ અનુકૂળ છે. અહીં ખૂબ એકાંત છે. પાણીનું સુંદર ઝરણ છે અને હૈયાને ઠારી નાખનારા પહાડી ઝંઝાવાતથી આ સ્થાન સુરક્ષિત છે. પહાડની આ બાજુએ અહીં જ એક એકાકી વૃક્ષ છે અને એટલું મોટું છે કે દૂર દૂરના પહાડો પરથી તે દેખાય છે. સિંહગઢ ઉપર તાનાજીની ખિંડનું જે મહત્ત્વ છે તે જ અહીંયાં આ પાતાળદેવીના

સ્થાનનું છે. પાતાળદેવીથી ચડતા ચડતા અમે સ્વસ્થાને પાછા આવ્યા. મને ભૂખ તો એવી કકડીને લાગી હતી કે કુમળા કુમળા કાંકરા હું વીણીને ખાત તો તે પણ હજમ થઈ જાત એ વિષે મને શંકા નહોતી.

ઘેર નેપાળી ભિસ્તીએ પાણી તૈયાર રાખ્યું હતું તે લઈને અમે નાહ્યા. થાક બધો ઊતર્યો અને ફરી બીજા દસ માઈલ ચાલીએ એટલો ઉત્સાહ આવી ગયો. અમે નિત્યપાઠ પૂરો કર્યો એટલામાં હરખદેવ ખાવાનું લઈને આવ્યો. તેમાં 'ઓગલ' નામનાં એક જંગલી બિયાંના આટાનો શીરો પણ હતો. બપોરે અમે 'હિલ બૉય્ઝ સ્કૂલ'ના ચાલક શ્રીયુત હરિરામ પાંડે વકીલને મળવા ગયા. હરિરામ પાંડે એક સાત્ત્વિક અને સંસ્કારી ગૃહસ્થ છે. સામાન્ય વિવેકઆદરના પ્રશ્નોત્તર થયા પછી 'હિલ સ્કૂલે' સરકારી ગ્રાન્ટ લેવી કે ન લેવી એ વિષે તેમણે મારી સલાહ પૂછી. મેં કહ્યું, "ગ્રાન્ટ બિલકુલ ન લેવી એમાં જ ડહાપણ છે. સહેજ મદદની ખાતર આપણે આપણી સ્વતંત્રતા ગુમાવીએ છીએ, અને ઇન્સ્પેક્ટરને ખુશ કરવાની વૃત્તિ એક વાર આપણામાં પેઠી કે પ્રજાહિત શેમાં રહેલું છે એનો વિચાર રહેતો નથી. સરકારનું ધોરણ તો સ્પષ્ટ છે: 'Your money, our control.'" પાંડે સાહેબને આ છેલ્લું સૂત્ર બહુ જ ગમ્યું અને તેમણે ગ્રાન્ટ ન લેવાનો નિશ્ચય કર્યો. પછી તેમણે અત્યંત વિનયપૂર્વક મને પૂછ્યું, 'આપ લોક સાધુ થઈને ફરો છો તેને બદલે સમાજસેવા કરો તો શું ખોટું? સાધુ લોકોએ નકામા આમતેમ ફરીને શા માટે સમાજ ઉપર બોજારૂપ થવું?' એમને ક્યાં ખબર હતી કે, સમાજસેવાનું ભૂત એમના કરતાં મને વધારે વળગ્યું હતું અને તેમાંથી છૂટવા માટે જ હું અહીં હિમાલયમાં આવ્યો હતો? સમાજસેવા કરવાને પણ અધિકાર જોઈએ. આજે અનધિકારી લોકો સેવાનું કાર્ય હાથ ધરીને સમાજમાં જે ગોટાળો ઊભો કરે છે તે છોડી દે, તોપણ ભારેમાં ભારે સમાજસેવા થઈ શકે. યુરોપની પેઠે અહીંયાં પણ સમાજસેવા ધંધાનું રૂપ પકડશે કે શું એવી બીક છે. વિલાયતમાં એક કાળે બૅરિસ્ટર એ એક મોટો નિરપેક્ષ સમાજસેવક હતો. તે જ આજે અસીલોનું લોહી નિચોવી પીનાર જળો જેવો બની ગયો છે. વકીલ સાહેબને કહ્યું, 'આપ

સમાજસેવા કરી રહ્યા છો તેમાં આપને શું એવો અનુભવ નથી થયો કે કેટલાક મહાત્માઓ વચમાં નાહક દખલ ન કરે તો તમારું કામ ઓછી મહેનતે અને વધારે સારું થાય?' એમણે ઉત્તર આપ્યો, 'અરે એ અનુભવ તો ડગલે ને પગલે થાય છે. બધી શક્તિ એવા નાલાયક લોકોનો વિરોધ તોડી પાડવામાં જ ખરચાય છે; અને આખરે માણસ નિરાશાવાદી બની જાય છે.' મેં કહ્યું, 'ત્યારે આ બાબતમાં અમે લોકો તમને અભયદાન આપીએ છીએ એ શું ઓછું છે? આત્મોન્નતિ અને સમાજસેવા વચ્ચે વિરોધ નથી, છતાં એ કાલ્પનિક વિરોધ સ્વીકારીને હું કહું છું કે, આત્મોન્નતિ સાધવાની ફરજ દરેકની ઉપર છે. સમાજસેવા વિષે તેમ નહીં કહી શકાય. સમાજસેવામાં બહુ જ કુશળતા જોઈએ છે. તે એક જાતની કસરત છે. પોતાનું પણ પતન ન થાય અને સમાજ પણ પરાવલંબી અને નિષ્પ્રાણ ન બને, એ આદર્શ જાળવીને જ સમાજસેવા કરવી ઘટે, નહીં તો ધર્મ કરવા જતાં અધર્મને પોષણ મળે.' પાંડેજી કશું બોલ્યા નહીં. કદાચ તેમનું સમાધાન પણ થયું હોય. આલમોડાની હવા વિષે બોલતાં તેમણે કહ્યું, "તમારા 'મેદાન'ના લોકોને કહો કે ક્ષયરોગ મટાડવા માટે અહીંયાં આવવું હોય તો રોગની શરૂઆત થતાં જ અહીં આવવામાં લાભ છે. ઘણા લોકો છેલ્લી ઘડીએ અહીં આવે છે અને અહીંયાંની તીક્ષ્ણ હવા બરદાસ ન કરી શકવાથી નાહક મોતના મુખમાં પડે છે. આટલો મારો સંદેશો જરૂર 'દેશ'ના લોકોને પહોંચાડજો." ચોપડીઓથી હું કંટાળ્યો હોવા છતાં એમને ત્યાં 'શબ્દ-કલ્પદ્રુમ'ના મોટા મોટા ભાગ ઉપર મારી લાલચુ નજર ફર્યા વગર ન રહી.

પાછા આવતાં આશાબાબુ નામના એક બંગાળીને ત્યાં અમે ગયા. તે પોતે બ્રાહ્મમતાનુયાયી (પ્રાર્થનાસમાજી) હતા. તેમની જોડે વેદાંત, તંત્ર, શક્તિપૂજા અને બ્રાહ્મ ધર્મ ઉપર ખૂબ ચર્ચા થઈ અને સાંજ પડ્યે અમે 'ગ્રેનાઈટ' ટેકરી પર ગયા. ત્યાંથી ચોમેરનો દેખાવ ભવ્ય અને મનોહર લાગતો હતો. નંદાદેવીએ સાંજનું પીત વસ્ત્ર ધારણ કર્યું હતું અને સંધ્યાને આશીર્વાદ દઈ વિદાય કરતી હતી. તારાઓ ચમકવા લાગ્યા. આકાશગંગામાં હંસ નાહતો હતો. ઘણા દેવો પણ જલવિહાર

કરી રહ્યા હતા. એમનાં દર્શનથી પાવન થઈને ધીમે ધીમે અમે ઘેર આવ્યા.

ઘેર ભિસ્તી ભક્તિભાવપૂર્વક સ્વામી પાસેથી ગીતા ભણવા રાહ જોતો હતો. સવારનો નોકર સાંજે પ્રિય શિષ્ય થયેલો જોઈ મને હર્ષનો ઉમળકો આવ્યો. થોડા વખત પછી શ્રદ્ધાધન દરજી સાંઈજી પણ આવ્યો. આ માણસે પોતાની જિંદગી જુગારમાં ખુવાર કરી હતી. સ્વામીના સહવાસથી એનામાં ઉપરતિનો ઉદય થતો હતો. મેં સ્વામીને કહ્યું, 'અપિ ચેત્સુદુરાચારો' એ શ્લોક ઉપર આજે પ્રવચન કરો.

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मंतव्यः सम्यग्व्यवसितो हि सः ।।

આ શ્લોકનું રહસ્ય જ્યારે સ્વામીએ હિંદીમાં સમજાવ્યું ત્યારે સાંઈજીનો કંઠ ભરાઈ આવ્યો. તેણે કહ્યું, 'નહીં સામીજી, હમ અભી શુદ્ધ નહીં હુએ. હમકો અબ ભી કભી કભી મોહ હોતા હૈ, પાપ હમારે દિલમેં ઘૂસ આતા હૈ.' મારા મનમાં વિચાર આવ્યો, આપણા ધર્મોપદેશકો દક્ષિણાની પાછળ માર્યા ફરે છે. આવા ગરીબ લોકોને ધર્મની લહાણી કોણ કરે? આશ્વાસનનો બોલ કોણ સંભળાવે? પતિતોને અસ્પૃશ્ય માની આપણા ધર્મગુરુઓ પોતે અસ્પૃશ્ય બન્યા છે અને હિંદુ ધર્મનું પતિતપાવનત્વ ડુબાવી દીધું છે. ગુહક અને શબરીને પોતાનાં ગણનાર રામચંદ્રની આ ભરતભૂમિ નથી રહી. આવા વિચારોમાં હું પથારી ઉપર પડ્યો. બહાર સૂસવતો પવન મારા વિચારો સાથે તાલ ધરતો હતો.

૧૪

ખાખીબાવા

હિમાલયમાં જઈ આવેલા માણસને સૌ કોઈ એક જ સવાલ પૂછે છે: 'ત્યાં તમને કોઈ સાધુમહાત્મા મળ્યા ખરા?' લોકો શું માનતા હશે તે ખબર નથી. શું લોકોને એમ લાગે છે કે હિમાલયમાં ઝાડોને બદલે સાધુઓનાં જ વન ઊગે છે? જેમ હું હિમાલયમાં ગયો હતો તેમ ઘણા સાધુઓ હિમાલયમાં જાય છે. જેમ પેલો હોટેલવાળો વિશારદ ત્યાં જઈને વસ્યો છે, તેમ કેટલાક સાધુઓ હિમાલયમાં રહે છે ખરા. પણ લોકોને એવા સાધુ નથી જોઈતા. એવા તો તેમને ઘેર પણ ભિક્ષા માગવા આવે છે. તેમને તો જોઈએ છે ત્રિકાળજ્ઞાની, ચમત્કારો કરી જાણનાર, અને કાંઈ પણ ખાધા વગર જીવી શકનાર મહાત્માઓ! જેમને પગે પડ્યામાત્રથી મોક્ષ પ્રાપ્ત થઈ જાય, અગર કીમિયાની કંઈ અજબ યુક્તિ, અગર કંઈ નહીં તો છેવટ કંઈક રોગ ઉપરની અદ્‌ભુત જડીબુટ્ટી અનાયાસે મળી જાય! રાજ્યપ્રકરણમાં રસ લેનાર લોકો પૂછે છે, 'હિંદુસ્તાનનું ભવિષ્ય શું છે એ વિષે તમે હિમાલયના સાધુઓ પાસેથી કશું જાણ્યું છે ખરું?'

આવા બધા પ્રશ્નોનો જવાબ હું એક જ વાક્યમાં પતાવી દઉં છું: હું સાધુઓની શોધમાં ગયો જ ન હતો. ઉપદેશ તરીકે મને જે મળ્યું હતું તે મારે માટે બસ હતું. મારી સાધના મારે જ કરવી હતી. પરાન્ન ખાઈને કોઈના આશ્રિત રહેવું એ જેમ શરમભરેલું છે, તેમ જ કોઈ પણ સાધુની તપશ્ચર્યામાંથી ભીખેલો ટુકડો આપણને મળી જાય અને તેના ઉપર આપણે સુખી થઈએ એવી ઇચ્છા પણ આધ્યાત્મિક કંગાલિયત સૂચવે છે. સાધુઓનાં દર્શનથી આપણું હૃદય પવિત્ર થઈ જાય, એમનો વૈરાગ્ય આપણામાં ઉદ્‌ભવે, એમની ઈશ્વર ઉપરની નિષ્ઠા આપણામાં જાગે, અને એમના જેટલી જ તપશ્ચર્યા કરવાનું આપણામાં નિશ્ચયબળ આવે, એ ઇચ્છવાજોગ છે. પણ તેમના પ્રસાદ તરીકે આપણને કાંઈ

પણ મળી જાય અને અનાયાસે, વગર મહેનતે આપણે સુખી થઈ જઈએ એમ ઇચ્છવામાં તો પામરતા જ રહેલી છે. બજારમાંથી શાક ખરીદતી વેળાએ તોલ પૂરો થયા પછી 'બે ચાર બટાટા કે મરચાં ઉપર આપો' એમ માગનાર; દેશસેવામાં એક સામાન્ય સૈનિકની યોગ્યતા ધરાવતાં છતાં, પોતાની સેવામાંથી જ રાષ્ટ્રને સ્વાતંત્ર્ય મળતું હોય તો જ હું પોતાનું બલિદાન આપું, નહીં તો નહીં, એમ કહેનાર; અંગ્રેજ લોકોને માગી માગીને હેરાન કરીને સ્વરાજ્ય મેળવીશું એવી ઉમેદ રાખનાર; તેમ જ મહાત્માઓનો ચરણસ્પર્શ અગર વસ્ત્રસ્પર્શ કરવાથી, અથવા તેમનું એઠું ખાવાથી તેમની તપશ્ચર્યાનો કંઈક અંશ વીજળીની પેઠે આપણામાં સહેજે આવી જાય એમ ઇચ્છનાર; બધા જ રંક છે. વગર મહેનતે મોક્ષ મળે તો એ મોક્ષની કિંમત શી? અને તે વળગાડને મોક્ષ પણ કેમ કહેવાય?

સાધુ વિષે આપણા લોકમાં બહુ જ વિચિત્ર ખ્યાલ જોવામાં આવે છે. કેટલાકને સાધુ એટલે કોઈ જીવતીજાગતી જડીબુટ્ટી અથવા મંત્ર છે એમ લાગે છે. અને કેટલાકને તે સંસારને છેતરનાર, ધતિંગ ચલાવનાર ને મફતનું ખાઈને મસીદે સૂનાર આળસુ ઠગ લાગે છે; કેમ કે તેઓ કશી સમાજસેવા કરતા નથી, તેમ જ દ્રવ્યોપાર્જન કરતા નથી. એક રાષ્ટ્રભકતે મારી આગળ પોતાની ઇચ્છા પ્રગટ કરી હતી કે, આ બધા સાધુઓને પકડીને તેમની એક ફોજ તૈયાર કરીએ અને તેમને કવાયત શીખવીને અંગ્રેજો સામે લડાવીએ. સાધુઓની સંખ્યા બાવન લાખની છે એ આજે હિંદુસ્તાનમાં સૌ કોઈ જાણે છે; અને અર્થશાસ્ત્ર જાણનારા આપણા વિદ્વાન લોકો રાષ્ટ્રની શક્તિનો આટલો અપવ્યય કેમ સહન કરે? માટે આ બાવન લાખ સાધુઓનું શું કરવું એ જ ચિંતામાં કેટલાક દેશહિતચિંતકો કૃશ થઈ રહ્યા છે! સંસાર અસાર છે, તેમાં 'એક રોટી ઔર દો લંગોટી'ની જ હાજત રાખીને નિર્લેપ રહો અને હરિનામ લો અથવા આત્મચિંતન કરો, એમ કહેનાર સાધુઓને ખાખી પોશાક પહેરાવીને, હાથમાં બંદૂક ને સંગીન તથા કમરપટામાં પ્રાણઘાતક દારૂગોળાના કારતૂસ બંધાવીને, 'લેફ્ટ રાઈટ લેફ્ટ' ચાલતા કર્યાનું દૃશ્ય હિંદુ ધર્મનો વિજય સૂચવશે ખરું?

આજના સાધુઓ આદર્શ છે એમ કોઈ નહીં કહે. ખાખીબાવા હમેશ કહેતા, 'જૈસા જુગ વૈસા જોગી.' જોગી આસમાનથી ઊતરતા નથી કે જમીનમાંથીયે ઊગતા નથી. તે તે કાળના સમાજમાંથી જ તેઓ પાકે છે. પોતાના જ દોષો સાધુઓમાં ઊતરેલા જોઈ સાંસારિક લોકોને આટલું આશ્ચર્ય શા માટે થતું હશે? સાધુવર્ગને સુધારવો હોય તો સમાજને જ સુધારવો પડશે; એટલે કે, દરેક જણ પોતપોતાને જ સુધારે. આપણે તો બધા સાધુ સરખા જ માન્યા છે. સાધુઓમાં ભળીને કોણે તેમને તપાસ્યા છે? કેટલાક સાધુઓમાં તમારા સંસારી લોકો કરતાં વધારે ખાનદાની, વધારે ભૂતદયા અને વધારે ઉદ્યોગ હોય છે. તેમનામાં દુનિયાનું જે જ્ઞાન હોય છે તેટલું મેળવવા તમારી બધી લાયબ્રેરીઓ તમે પૂરી કરો તોપણ તે બસ નહીં થાય.

એક દિવસ સવારે અમે વહેલા ઊઠીને 'ગ્રેનાઈટ' ટેકરી ઉપર ફરવા ગયા હતા અને ત્યાંના એક દેવદાર વૃક્ષ નીચે બેસી એમર્સનના 'સર્કલ્સ' ઉપર વાતચીત કરતા હતા. એવામાં જમણી બાજુએ દૂર વાદળાંથી ઢંકાયેલો એક નાનકડો કોટ જોવામાં આવ્યો. મેં સ્વામીને પૂછ્યું, 'પેલું નાના બેટ જેવું શું દેખાય છે? કંઈ મંદિર કે સાધુઓનો અખાડો તો ન હોય?' સ્વામીજીએ કહ્યું, 'એ જ તો ખાખીબાવાનો ખગમરા કોટ, આપણે બપોરે ત્યાં જઈશું. ખાખીબાવા એક દિવ્ય પુરુષ છે. હું ઘણી વાર એમની પાસે જાઉં છું. એકાદશીને દિવસે એમને ત્યાં આખી રાત ભજન ચાલે છે. ત્યાં એક બંગાળી સાધુ પણ આવે છે. તે જેટલો ભક્ત છે તેટલો જ અપ્રતિમ ગાનારો છે.'

નિશ્ચય પ્રમાણે અમે બપોરે ખાખીબાવાનાં દર્શને ગયા. આલમોડાની કેડ ઉપરથી ઊતરીને એક નૌલા (ઝરણા) પાસે અમે આવ્યા. ત્યાં મીઠું સાકર પાણી પીધું ને ખગમરા ટેકરી ચડીને 'જગ્યા'માં ગયા. બાવાઓનું 'ટાઉન-પ્લેનિંગ' જોવા જેવું હોય છે. શહેરોમાં એકબીજાની ફેશનનું અનુકરણ કરનારાઓના જેવા તેઓ ઘેટાં નથી હોતા. તેમના અખાડાની રચનામાં હેતુ હોય છે. તેનો દરેક ભાગ સાભિપ્રાય બાંધેલો હોય છે. બધી રચના ઉપયુક્ત, પ્રમાણબદ્ધ તેમ જ કાવ્યમય હોય છે.

એશઆરામની સગવડ વગર મકાનોમાં કેટલી સુંદરતા આણી શકાય, તેનું જાણે ત્યાં પ્રદર્શન જ હોય છે.

ખાખીબાવા પોતે જ્યાં રહેતા હતા તે એક આઠખૂણી ઝૂંપડી હતી. ઉપર લાકડાંના લાંબા લાંબા પાટડાનું છાપરું હતું, જે ઉપરની બાજુ બરફ ને વરસાદથી તથા અંદરની બાજુ ધૂણીના ધુમાડાથી વિવર્ણ બની ગયું હતું. વચમાં એક મોટી ધૂણી ધખતી હતી. ધૂણીમાં લોઢાના બે ચાર ચીપિયા અને એક બે ત્રિશૂળ ખોસેલાં હતાં. પાસે લાકડાનું એક લાંબું, પહોળું અને જાડું પાટિયું હતું ને તેની ઉપર ખાખીબાવાની ભવ્ય મૂર્તિ વિરાજેલી હતી. આસપાસ પહાડી લોકોનું શિષ્યવૃન્દ બેઠેલું હતું. ધૂણી પાસે એક લોટીમાં પાણી ગરમ થતું હતું. અમે અંદર ગયા. નીચે વળીને બાવાને નમસ્કાર કર્યા અને બેઠા.

બાવાએ અમારો અત્યંત પ્રેમભર્યો સત્કાર કર્યો. સ્વામીએ તેમને અમારી બન્નેની ઓળખાણ કરાવી. હું બેલગામથી આવું છું એમ સાંભળતાંવેંત તેઓ બોલી ઊઠ્યા, 'તમે બેલગામ કે શાહપુરના?' હું ચકિત થયો. બેલગામ શાહપુર જોડાજોડ વસેલાં છે. બે વચ્ચે એક માઈલનું પણ પૂરું અંતર નથી. ત્યારે હિમાલયના આ સાધુને બેલગામ અને શાહપુર વચ્ચેના ભેદની પણ ખબર છે! મેં કહ્યું, 'હું શાહપુરનો.' ખાખીબાવા બોલ્યા, 'તમારું શાહપુર તો સાંગલીની હદનું. તે બ્રિટિશ રાજ્ય નથી. તમારે ત્યાં મારવાડી લોકોએ બાલાજીનું મંદિર બાંધ્યું છે તે પૂરું થયું કે?' મેં ત્યાંની બધી હકીકત કહી દીધી. પછી મેં શું શું કર્યું, હું ક્યાં ક્યાં ફર્યો એ બધું તેમણે પૂછી લીધું. હું ઓછું ફરેલો ન હતો; છતાં જે જે ગામ કે શહેરનાં નામ લઉં, ત્યાંના જ તેઓ પોતે જાતે વતની હોય એમ, ત્યાંની વિગત કહે અને પોતે પૂછવા લાગે.

ત્યાર પછી અમારા બુવાનો વારો આવ્યો. બુવા રામદાસી સંપ્રદાયના હતા, એટલે એમનો મઠ, એમનો ફિરકો બધું પૂછી લીધું. એક ઘડીની અંદર અમે જોઈ લીધું કે, ખાખીબાવાનું હિંદુસ્તાનની ભૂગોળનું અને ધાર્મિક ઇતિહાસનું જ્ઞાન 'ઇમ્પીરિયલ ગૅઝેટિયર્સ'ના કરતાં વધારે હતું; અને આ બધું સ્કૂલમાં કે કૉલેજમાં ગયા વગર, 'રૉયલ એશિયાટિક સોસાયટી'ના મેમ્બર થયા વગર, મેળવેલું હતું!

અમારું પોતાનું જ્ઞાન લગભગ થઈ રહેવા આવેલું જોઈ એમણે વધારે સવાલો પૂછીને અમને લજ્જિત કરવાનું છોડી દીધું.

પછી અમે કહ્યું, 'અમારે ગંગોત્રી, જમનોત્રી, કેદાર, બદરી વગેરેની યાત્રા કરવી છે. સ્વામીને કૈલાસ જવું છે.' એટલે તેમણે હિમાલયનાં બધાં તીર્થસ્થાનોનું વર્ણન શરૂ કરી દીધું! અમારી મૂંઝવણ જોઈ તેમણે પાસે પડેલું લાકડાનું એક પાટિયું હાથમાં લીધું અને ધોળી માટીનો એક ગાંગડો લઈ ને ચટ દઈ ને કામચલાઉ નકશો દોરી કાઢ્યો. તેમાં બદરીનારાયણ જવાના ચાર રસ્તા બતાવેલા હતા. તેઓ કહે, 'વધારેમાં વધારે રેલની મુસાફરી કરીને ઓછામાં ઓછી પગની મુસાફરી કરવી હોય તો આ રસ્તો છે. ખાવાપીવાની સગવડ જોઈતી હોય તો આ રસ્તો છે. ઝટ જવું હોય તો આ ત્રીજો રસ્તો છે. પણ એ રસ્તે તમારે માત્ર પૂરતું પરચૂરણ પાસે રાખવું જોઈએ. તમારી નોટો ત્યાં નહીં ચાલે અને ગરીબ લોકો પાસે પૂરતું પરચૂરણ પણ નહીં મળે.' ચોથો રસ્તો એમણે પોતાના રસ્તા તરીકે ઓળખાવ્યો. તેમાં જંગલો અને સૃષ્ટિશોભા વધારેમાં વધારે હતાં. એ રસ્તો છેક એકાન્ત હતો અને મનુષ્યવસ્તી આવે એવાં બે સ્થળો વચ્ચે ઓછામાં ઓછું ચાળીસ ચાળીસ માઈલનું અંતર રહેતું.

મેં પૂછ્યું, 'મહારાજ, આપ બદરીનારાયણ ક્યારે પધાર્યા હતા?' તેમણે કહ્યું, 'બધી વાર મળીને સત્તર વખત ગયો છું!' સ્વામીને કૈલાસ જવું હતું એટલે મેં બાવાને પૂછ્યું, 'આપ કૈલાસ પણ જઈ આવ્યા હશો?' એમણે કહ્યું, 'આઠ વેળા!' અને જાણે તે રસ્તાનું આખું દશ્ય આંખ સામે ઊભું હોય તેમ એ વર્ણવવા લાગ્યા. કૈલાસને રસ્તે આવતા મોરપંખી બાવા કરીને દર વર્ષે કૈલાસની યાત્રા કરનાર એક સાધુનું વર્ણન પછી ચાલ્યું.

પછી અમે આસપાસના પ્રદેશમાં રહેનારા સોમબારગિરિ બાવા જેવા બીજા સત્પુરુષો વિષે પૂછ્યું. હિંદુસ્તાનના ભિન્ન ભિન્ન પ્રાંતોની આબોહવા, ત્યાંનો ખોરાક, લોકોના રીતરિવાજ અને સ્વભાવ વિષેનો પોતાનો અનુભવ, એ બધું તેમણે કહી સંભળાવ્યું. ગુજરાતની ધર્મશ્રદ્ધાની તેમણે ખૂબ તારીફ કરી. મહારાષ્ટ્રનું આદરાતિથ્ય તેમને વિશેષ ગમેલું.

બંગાળાની ગંદકી અને ત્યાંનાં જળાશયોની સ્વચ્છતા તરફની બેદરકારીની તેમણે ફરિયાદ કરી. રામેશ્વર તરફનાં મંદિરોની વ્યવસ્થામાં શી શી ખામીઓ છે તે વિષે તે બોલ્યા.

પછી તેમણે અમને ચા લેવાનો આગ્રહ કર્યો. હિમાલયની ચા લિપ્ટનની ચા નથી હોતી; ત્યાંની ત્યાં જ ઊગેલી હોય છે. અને ત્યાંની ચા તૈયાર કરવાની પદ્ધતિ પણ જુદી જ હોય છે. હિમાલયની કડક ઠંડીમાં આ ચા બહુ ઉપયોગી વસ્તુ છે એમ ત્યાંના લોકો કહે છે. અમે ચા લેવાની ના પાડી. ત્યારે તેમણે પાસેની જ એક ટોપલીમાંથી પેંડા આપવાને એક સેવકને કહ્યું. મેં કહ્યું, 'હું ખાંડ નથી ખાતો.' તેમણે કહ્યું, 'મારી ખાંડ દેશી હોય છે. હું દર વર્ષે કાનપુરથી ખાસ ખાંડ મંગાવી રાખું છું.' (મને પાછળથી ખબર પડી કે, ખાવાપીવાને ત્યાં વપરાતી ખાંડ પીલીભીતવાળા રાજા લલિતાપ્રસાદ તરફથી દર વર્ષે ખાસ મોકલેલ ગુમાસ્તાની જાતિદેખરેખ નીચે કાનપુરના કારખાનામાં તૈયાર કરવામાં આવતી, અને લાદીને પોઠિયાઓ ભરીને વરસમાં એક વાર સામટી પહાડ ઉપર મોકલી દેવામાં આવતી.) મેં કહ્યું, 'છ વરસ સુધી ખાંડ જ ન ખાવાનું મારું વ્રત છે, માટે મને માફ કરો.' પણ બાવા એમ ક્યાં છોડે એવા હતા? તરત જ મને ખારેક અને બદામ આપવામાં આવ્યાં અને ફરી વાતો ચાલી.

બાવાએ લોટામાંથી ગરમ પાણી પીવાને લીધું, પણ પીતાં પહેલાં એનાં બે ચાર ટીપાં પ્રથમ અગ્નિને અર્પણ કર્યાં. મને એની જરા નવાઈ લાગી. ત્યારે સ્વામીએ મને કહ્યું, 'ખાખીબાવા કંઈ પણ ખાય કે પીએ તે પ્રથમ અગ્નિને અર્પણ કરે જ.' ખાખીબાવા બોલ્યા, "આપણે તો દહાડામાં એક જ વાર એક બાટી બનાવીને 'પાઈએ' છીએ. આજે બપોરે તે પાછા કાલે બપોરે." હું મનમાં બોલ્યો, 'ત્યારે આ પેંડા ને બદામ ને ખારેક ને એ બધું અમારા જેવા અતિથિઓને માટે જ શું! ધન્ય છે આ સાધુને!' ખાખીબાવાની કેડે મુંજનું એક જાડું દોરડું અને એક વેંત પહોળી કૌપીન હતી. આખું શરીર ભસ્મચર્ચિત રહેતું. દાઢી અને મૂછના લાંબા લાંબા વાળ તાપથી લાલ થઈ ગયા હતા.

પછી હાલના સાધુઓના ધર્મોપદેશ વિષે વાત ચાલી. અંગ્રેજી ભણેલા કેટલાક સાધુ થઈ જાય છે. તેઓ અંગ્રેજીમાં ચોપડીઓ લખે છે, વ્યાખ્યાનો આપતા ફરે છે, સમાજસેવાના પાઠ શીખવે છે, એ જોઈ ખાખીબાવાનું હસવું ખાળ્યું ન રહેતું.

તેઓ બોલી ઊઠ્યા, 'તમે અંગ્રેજી ભણેલા સાધુઓ ગરીબ લોકોની શી સેવા કરો છો? દુખિયાંને શો દિલાસો આપો છો?' અને એકદમ શૂન્ય દૃષ્ટિએ સામેની ધર્મશાળા પર નજર ઠેરવી સ્વગત બોલતા હોય તેમ ઉદ્વેગથી બોલ્યા:

'સાલે સુસરે લેકચરબાજી કરતે હૈં! ઉસમેં ભી ઔર કોઈ બિવેકાનન્દ બનનેકી તો તાકત નહીં; ખાલી ટ્રાન્સલેશન કરતે હૈં! ભગવાનકા નામ લો, કુછ તપ કરો; બન સકે તો ભૂખેકો અન્નદાન દો, ઔર અપના કામ કરો. યે ક્યા ખાલી લગાઈ હૈ!'

સ્વામીએ પૂછ્યું, 'આપ આ વરસે બદરીનારાયણ જવાના છો ખરા?' એમણે પોતાનાં મોટા મોટા ચીરા પડેલાં પગનાં તળિયાં બતાવીને કહ્યું, 'ઈશ્વરે મને આ સજા કરી છે. આ બચ્ચો યાત્રાનો ભારે રસિયો થઈ ગયો છે, માટે એને એક ઠેકાણે બેસાડવો જોઈએ એમ ધારી ઈશ્વરે જ મારા પગની આ દશા કરી મૂકી છે. હવે મારે જવું હોય તો કંતાનના જોડા વાપરવા પડે.'

ખગમરામાં રહીને ખાખી બાવા જે મૂગી સમાજસેવા કરતા તેનો આંક કોણ બાંધી શકે? દર્દીઓને તેઓ દવા આપતા. વહેવારકુશળ અને નિઃસ્પૃહ હોવાથી મૂંઝાયેલા સંસારીઓને સલાહ આપતા. ભૂખ્યાંતરસ્યાં સહુ ખગમરામાં સંતોખાતાં. અદાલતોમાં ન પતનારા ભાઈ ભાઈ વચ્ચેના કજિયા એમના ઉપદેશથી પતી જતા. તેઓ પોતે યોગમાર્ગી હતા અને છેલ્લી ઘડીએ પદ્માસન વાળી પ્રાણ બ્રહ્માંડમાં લઈ જવાની તેમની અભિલાષા હતી. સંસારની ધાંધલમાંથી તેઓ નિવૃત્ત થયા હતા. છતાં આ નિવૃત્તિમાં જ તેમણે સાત્ત્વિક પ્રવૃત્તિ ઊભી કરી હતી, અને આ સાત્ત્વિક પ્રવૃત્તિ વચ્ચે પણ કમલપત્રની પેઠે અલિપ્ત રહેવાનો અદ્‌ભુત યોગ તેમણે સાધ્યો હતો.

ધર્મની ચર્ચા કરનારા આપણા આધુનિક વિદ્વાનો, મુત્સદ્દીઓ, સમાજસેવકો, અર્થશાસ્ત્રીઓએ સાધુઓ ઉપર ટીકા કરતા પહેલાં પૂર્વગ્રહશૂન્ય નિર્મળ વૃત્તિથી તેમના જીવનનો અભ્યાસ કરવો જોઈએ. બીજું કાંઈ નહીં તો, આ દેશમાં કેવી રીતે રહેવાથી સારામાં સારી રીતે આરોગ્ય જાળવી શકાય છે, એ બતાવવાની એમની સેવા દેશને માટે આજે પણ એટલી આદર્શરૂપ છે કે, સાધુઓ પર ખરચાતો પૈસો તેટલે દરજ્જે સાર્થ ગણાય. શું સંસારમાં રહીને લોકોની અધમ વૃત્તિને પોષીને ધન મેળવનાર અને મરતી વેળાએ પ્રાણ અને શહૂર વગરનાં છોકરાંઓની ફોજ પાછળ મૂકી જનાર લોકો સમાજના હિતકારી, અને સાધુઓ 'મફતનું ખાનાર'? અજબ છે એ ન્યાય!

તમારી સમાજસેવાની સંસ્થાઓ જુઓ, તે કેટલી ખરચાળ હોય છે! તેના વ્યવસ્થાપકોને કેટલો ભારે પગાર આપવો પડે છે! તેના રિપોર્ટ છાપવા પાછળ પણ પૈસાનો અને સત્યનો કેટલો વ્યય કરવો પડે છે! અને છતાં પૈસાની ઘાલમેલ પણ તેમાં કેટલા બધા દાખલાઓમાં થાય છે તે જોવા જેવું છે. બીજી બાજુએ, સાધુઓને હાથે ચાલતી સંસ્થાઓ નનામી હોય છે; તેના રિપોર્ટ કદી બહાર પડતા નથી; તેને 'લાઈફ મેમ્બરો' અને 'પેટ્રનો' હોતા નથી; છતાં ઘણે ભાગે બધો ખરચ કસર કરી કરીને કરવામાં આવે છે અને દરેક પાઈ કામ આવે છે.

હિંદુસ્તાનનું અપ્રતિમ લોકસાહિત્ય આ સાધુઓની જ કૃપાએ જીવતું રહ્યું છે અને ભવિષ્યમાં પણ જીવતું રહેશે. ધાર્મિક સંસ્કૃતિ ટકાવવા, વધારવા, ફેલાવવા ને સુધારવા માટે દુનિયામાં આટલી સુઘરેલી, સસ્તી અને ખાતરીલાયક વ્યવસ્થા બીજે ક્યાંય નહીં મળે.

ઐતિહાસિક અને ભૌગોલિક પુરાવા આપીને ચોપડી લખનારા વિદ્વાનોએ હિંદુસ્તાનની રાષ્ટ્રીય એકતા સાબિત કરી હશે, પણ તે રાષ્ટ્રીય એકતા ઉત્પન્ન કરવાનું શ્રેય તો સાધુઓને જ છે. જૂના વખતમાં દરેક પ્રજાહિતદક્ષ રાજા કોઈ પણ મહાન સાધુ પોતાની રાજધાનીમાં આવે એટલે તેના દર્શને જતો, અને દૂર દૂરના દેશોમાં શું ચાલે છે, લોકોની શી સ્થિતિ છે વગેરેની પૂરી માહિતી તેની પાસેથી મેળવતો. અને તે સાધુ પણ રાજાની રાજધાની છોડતી વેળાએ રાજા પાસે આશીર્વાદ આપવા જઈ

તેના રાજ્યમાં પોતે જે કાંઈ જોયું હોય તે સાફ સાફ કહી દેતો. આ રીતે દીન, રંક પ્રજાની પણ ફરિયાદ આવા નિઃસ્વાર્થીમાં નિઃસ્વાર્થી વકીલની મારફત રાજાને પહોંચતી. રાજાના અમલદારો પર આ એક ભારે અંકુશ રહેતો; અને કીર્તિની ખેવના રાખનાર દરેક રાજા પણ સાધુની ધર્મ-બુદ્ધિને પસંદ પડે અને સંતોષ થાય એવી જ રાજ્યવ્યવસ્થા રાખવાને ઇંતેજાર રહેતો.

સાધુ જ્યારે ગામડાંઓમાં વિચરે ત્યારે ગ્રામદેવતાના મંદિરમાં અગર કોઈ ઝાડ તળે પોતાની ધૂણી નાખે. ત્યાં તેની પાસેથી ગામનાં છોકરાંઓને વાર્તાઓ દ્વારા લોકજીવનનું અને ભૂગોળનું જ્ઞાન મળે; વેપારીઓને વેપારની માહિતી મળે; શૂરવીરોને પોતાની બહાદુરીની કદર ક્યાં થઈ શકે તેમ છે તે જાણવાનું મળે; ગામની ડોશીઓના વૈદકના જ્ઞાનમાં ઉમેરો થાય; દુખિયાંના રોગ મટે; અને ઘણી વાર ગામના જૂના મંદિર કે ધર્મશાળાનો જીર્ણોદ્ધાર પણ થાય. પતંગિયું જેમ એક ફૂલ ઉપરથી બીજા ફૂલ ઉપર બેસી ઝાડોને સુફલિત કરે છે, તેમ સાધુઓ એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં વિચરીને સંસ્કૃતિની આપલે કરનારા વણજારા બને છે અને દેશ દેશ સંસ્કૃતિની પેંઠો ઉઘાડે છે. સમાજના ઉચ્ચ અને સંસ્કારી વર્ગના લોકો ગૃહલોલુપ થયા, સંયમનો સ્વાદ તેમના-માંથી લોપ પામ્યો, અને તેથી સાધુવર્ગમાંથી પણ સારા લોકો ઓછા થયા. સમાજ આળસુ, વિષયાસક્ત અને લાલચુ બન્યો; સાધુની કદર કર્યા વગર, ધર્મનું પુણ્ય ખીસામાં પડે એટલા જ હેતુથી, સાધુઓનું પાલન થવા લાગ્યું. તેથી તે વર્ગ પણ સમાજના જેટલો જ પડ્યો. હવે આપણે પારકાઓની ટીકા સાંભળીને તે વર્ગનો નાશ કરવા તૈયાર થયા છીએ.

આમ આપણી સંસ્કૃતિની દરેક ઉચ્ચ અને ઉદાત્ત સંસ્થા પ્રાણને અભાવે આપણે સડવા દીધી અને આજે તેને સુધારવાને બદલે તેનો નાશ કરી આપણે અસંસ્કારી, અસંગઠિત દશાને વળગવા માગીએ છીએ. ગ્રીસ, રોમ, ઇજિપ્ત વગેરે રાષ્ટ્રો મરી ચૂક્યાં, હિંદુસ્તાન એક જીવે છે, એમ અભિમાનપૂર્વક કહેનાર આપણે ધ્યાનમાં રાખવું જોઈએ કે, હિંદુસ્તાન જીવે છે એનો અર્થ એ છે કે, હિંદુસ્તાન હજી પોતાની જૂની છતાં

તાજી સંસ્કૃતિમાંથી ઊપજેલી સંસ્થાઓ ટકાવી અને સુધારી રહ્યું છે. આ સંસ્થાઓ તોડી નાખી કે હિંદુસ્તાને કબરસ્તાનમાં પ્રવેશ કર્યો સમજવો.

આવા આવા વિચારોની મનમાં ધમચકડી ચાલવાથી ખગમરા ટેકરીથી અમે પાછા ક્યારે ફર્યા, રસ્તામાં લાલા બદરીશાએ શું પૂછ્યું, પોસ્ટ માસ્તર જોડે બીજા કોણ કોણ હતા, એ તરફ મારું ધ્યાન બિલકુલ ગયું નહીં. હિમાલયની હવા ધ્યાનને માટે અનુકૂળ છે, પણ તે ધ્યાનનો ભંગ કરનાર બે વસ્તુઓ જોરાવર છે: એક ટાઢ અને બીજી ભૂખ. બંનેએ મારા ઉપર સરખો જ હુમલો કર્યો હતો, તેથી બન્ને સામે એકસામટું રક્ષણ મેળવવા અમે દોડતા દોડતા અમારા રસોડામાં પ્રવેશ કર્યો.

૧૫

પદમખોરી

સાધુઓમાં પણ જીવનના બે આદર્શો હોય છે. લેકચરબાજીને માટે અમારા જેવાઓને ઠપકો આપનાર ખાખીબાવા ગરીબોને અન્નદાન આપી, દરદીઓની દવા કરી અને બીજી અનેક રીતે સમાજસેવા કરતા હતા. કેટલાક સાધુ આ બે પ્રવૃત્તિઓને પણ ઉપાધિરૂપ ગણે છે. સાધુએ તો ફક્ત આત્મનિષ્ઠ રહેવું જોઈએ, પરોપકારને માટે પણ કોઈ જાતનો પરિગ્રહ એ ન કરે, એમ તેઓ માને છે. તેમનું સૂત્ર છે —

धर्मार्थं यस्य वित्तेहा वरं तस्य निरीहता ।
प्रक्षालनाद्धि पंकस्य दूरादस्पर्शनं वरम् ॥

દાન કરવા સારુ વિત્તની વાસના રાખો એના કરતાં વિત્તનું નામ જ ન લો એ વધારે સારું. કાદવમાં હાથ બોળી ધોઈ નાખો એના કરતાં કાદવથી દૂર રહો એ શું ખોટું ?

આવા લોકોમાં સમાજ વિષે ઉદાસીનતા હોય છે અથવા દયાનો અભાવ હોય છે એમ નથી. તેઓ કહે છે, ' પ્રવૃત્તિને તમે બરાબર ઓળખતા નથી. પ્રવૃત્તિમાત્ર બંધક છે; અને એમાં તે જેટલી સાત્ત્વિક તેટલી તે વધારે બંધક, કેમ કે તેનો બંધ બંધ જેવો લાગતો જ નથી અને જલદી છૂટતો પણ નથી. પ્રવૃત્તિના જ સાધન વડે તમે દુનિયાનું ભલું

કેવી રીતે કરી શકો ? ખાસ ઉપદેશ કરવા ન જવામાં પણ દયાનો અભાવ નથી. તમારો ઉપદેશ ઘણે ભાગે નિષ્ફળ જાય છે એ વાત પ્રવૃત્તિમાં ફસાયેલા તમે જોઈ શકતા નથી. જે માણસને તમારા ઉપદેશની જરૂર હોય તે પોતાની મેળે તમારી પાસે આવે એવી ઈશ્વરી યોજના છે. તમે ઉપદેશ કરતા ફરો અથવા સમાજસેવાનો ધંધો લઈ બેસો એમાં વિશ્વની અનાદિકાળથી યથાતથ રચના કરનાર પ્રભુ વિષે કેટલી અશ્રદ્ધા છે એ તમે કેમ નથી જોઈ શકતા ? પ્રસંગવશાત્ જે ઉપદેશ કરવો પડે અથવા જે કોઈની સેવા કરવી પડે તેટલી ઉત્તમ રીતે કરીને છૂટી જાઓ. ત્રિગુણોની અંદર તમે હો ત્યારે સ્નેહ, દયા વગેરે સાત્ત્વિક ગુણો કેળવવા ખાતર તમે ભલે થોડા દિવસ સમાજસેવા કરો. પણ એ સાધન છે, ચિત્તશુદ્ધિનો ઉપાય છે; પણ તેથી મોહમાંથી મુક્તિ ન મળે એટલું ધ્યાનમાં રાખજો.' આ વૃત્તિના એક સાધુનું દર્શન મહદ્‌ભાગ્યે અમને થયું. તે પ્રસંગ હવે આપું છું.

આલમોડા અમે લગભગ પંદર દિવસ સુધી રહ્યા. પંદર દિવસમાં ખૂબ જોયું, કેટલાક સારા લોકો મળ્યા અને કુદરત સાથે પણ વાતચીતો કરી. સ્વામી વિવેકાનંદ અહીં જેમને ત્યાં રહેતા તેમને મળી તેમની પાસેથી સ્વામીજી વિષે ખૂબ માહિતી મેળવી. પણ એ બધું અહીં ન લખાય.

'સાધુ ચલતા ભલા'; અને પ્રવાસવર્ણન પણ જો ઝટ ઝટ આગળ ન ચાલે તો કંટાળો આવે. અમારે પણ ઉત્તરાખંડની યાત્રા કરવા જવાની ઉતાવળ હતી, એટલે અનુકૂળ વખત જોઈ અમે આલમોડાથી નીકળ્યા. આલમોડાથી પાછા કાઠગોદામ, ત્યાંથી રેલમાં બેસી હરદ્વાર અને ત્યાંથી ઉત્તરાખંડની યાત્રા, એવો ક્રમ અમે ગોઠવ્યો હતો. પાછા જતાં મુક્તેસર થઈને જવાનો અમારો વિચાર હતો, કેમ કે મુક્તેસર પાસે સોમબારગિરિ બાબા કરીને એક સાધુ રહેતા હતા, તેમનું દર્શન કરવાની મનીષા હતી.

સોમબારગિરિ જે સ્થાને રહેતા તેને પદમબોરી કહે છે. જગા બધી રીતે કાવ્યમય છે. ત્રણ બાજુ ત્રણ મોટા મોટા પહાડ અને વચમાંથી એક નાનકડી નદી વહે છે. આ ત્રણ પહાડ એટલા બધા ઊંચા અને એટલા પાસે છે કે, નદીને કાંઠે બેસીને ઉપર જોવાથી આકાશની વિશાળતા નષ્ટ થઈને તે એક ત્રિકોણાકૃતિ ચંદરવો હોય એમ ભાસતું.

અમે સાંજરે પદમઓરી જઈ પહોંચ્યા. રસ્તામાં પેલો રૂખડુ છોકરો હરખદેવ, ગીતા ભણનાર ભિસ્તી, ભલા વકીલ હરિરામ પાંડે, બુઢ્ઢા બદરીશા, ગળગળા થયેલા સાંઈજી દરજી અને ઘડપણમાં પુત્રપ્રાપ્તિના આનંદમાં ગાંડો થયેલો પોસ્ટમાસ્તર — એ બધા વિષે અમે વાતો કરતા હતા. એટલામાં અમારા ઘોડાવાળાએ (અમારો સામાન એ ઘોડા ઉપર રાખેલો હતો.) કહ્યું, 'પેલું નદી પાર નાનકડું મંદિર દેખાય છે ત્યાં જ મહારાજ રહે છે.' અમે પ્રથમ તો ધર્મશાળામાં ગયા, ત્યાં બધો સામાન ગોઠવી દીધો અને બાબાજીનાં દર્શન માટે નીકળ્યા.

જેને દર્શન કરવા જવું હોય તેણે હાથપગ ધોઈ શુદ્ધ થઈ જવું એવો બાબાજીનો નિયમ હતો. પણ પોતે નદી પાર રહેતા હોવાથી આ નિયમ સહેજે પળાતો હતો. અમે હાથપગ ધોઈ ને નદીના પ્રવાહ વચ્ચે જ એક મોટો પથરો હતો તેના ઉપર બેઠા, સંધ્યાવંદન ટૂંકામાં પતાવી દીધું અને આગળ વધ્યા. સામો કાંઠો ચડી બાબાજીનું દર્શન કરવા ગયા. બાબાજી તો કુદરતની જ મૂર્તિ હતા. એક લંગોટી સિવાય એમના શરીર પર કંઈ હતું જ નહીં. માથા ઉપરના વાળની જટા થયેલી હતી અને એની નાની નાની લટ આંખ ઉપર અને કપાળ ઉપર રમતી હતી. હાથમાં એક ચલમ હતી.

અમે જઈને ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા. એમણે પણ એટલી જ નમ્રતાથી સામો નમસ્કાર કર્યો અને મંદિરની વાડની દીવાલ હતી એના પર જઈને બેઠા અને અમને પાસે આવીને બેસવાનું કહ્યું. અમારાથી સમાન આસને કેમ બેસાય? અમે નીચે એક પગથિયું હતું તેના પર જઈને બેઠા. બાબાજીથી આ ઉચ્ચનીચ ભાવ સહન ન થયો. તેઓ તરત જ પગથિયા ઉપર આવીને બેઠા. અમે નીચે એક ચટાઈ હતી તેની ઉપર જઈને બેઠા. તોયે બાબાજી હારી જાય એમ ન હતા, તેઓ છેક જમીન ઉપર જઈને બેઠા. હવે શું કરીએ? અમે ચટાઈ કાઢી નાખી, ત્યારે બાબાજી કહે, 'પ્રભુ, હું તો તમારામાં ઈશ્વર જોઉં છું. હું સવારથી રાહ જોઉં છું. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ — તમે મને દર્શન આપવા આવ્યા છો.'

સોમબારગિરિની ઓળખાણ તો હતી જ નહીં. અમે આવવાના છીએ એવી બાતમી પણ કોઈએ તેમને આપી ન હતી. છતાં સવારથી

જ તેઓ પાસે બેઠેલા લોકોને કહેતા હતા કે, 'આજે મને મળવા કેટલાક આવવાના છે તેમની રાહ જોઉં છું.' અને બપોરથી પોતાનું સ્થાન છોડીને ઊઠી ઊઠીને દૂર સુધી જોતા અને નિરાશ થઈ પોતાના સ્થાન પર આવીને બેસતા, એમ ત્યાંના એક ખેડૂતે કહ્યું. નિરાશ થાય તોપણ કહે, 'ના, ના, આજ તો તેઓ આવવા જ જોઈએ.' અમે કહ્યું, 'મહારાજ, અમારો ઘોડાવાળો મોડો આવ્યો, નહીં તો અમે અહીં ક્યારના પહોંચી ગયા હોત.' પછી યાત્રાની વાત ચાલી. પોતે ખૂબ યાત્રાઓ કરી હતી, એટલે ખાખીબાવાની પેઠે પોતે પણ જીવતોજાગતો વિશ્વકોષ હતા. ગમે તે પ્રાંત વિષે વાત કાઢો તો ત્યાંનું વિગતવાર વર્ણન કરે. ભાષા શુદ્ધ હિંદી જ હોય, એટલે આ સાધુ વતની ક્યાંના એ તો કોઈ વરતી જ ન શકે.

છતાં ખાખીબાવા અને સોમબારગિરિ બાવામાં ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ જેટલું અંતર હતું. બન્ને એક જ વાર ખાતા. લંગોટી સિવાય બીજા વસ્ત્રની દરકાર એમને રહેતી ન હતી. છતાં બંનેનાં જીવન અને જીવનના આદર્શોમાં ઘણો ફેર હતો. ખાખીબાવા પોતાનો મઠ બાંધીને રહ્યા હતા, જ્યારે સોમબારગિરિ બાવા ઝાઝા દિવસ એક ઠેકાણે રહેતા જ નહીં. તેઓ કહેતા, 'એક ઠેકાણે રહેવાથી તે સ્થાન વિષે અને ત્યાંની પરિસ્થિતિ વિષે એક જાતની આસક્તિ ઉત્પન્ન થાય છે.' ખાખીબાવા અનેક જાતની વનસ્પતિઓ પાસે રાખતા. અતિથિ, અભ્યાગત મુસાફરને ખવડાવતા, જમાડતા; ત્યારે સોમબારગિરિ બાવા નરદમ અપરિગ્રહી હતા — કશું લે નહીં અને કશું આપે નહીં. તેઓ માનતા કે, આ પ્રવૃત્તિ તેમના જેવા વિરક્ત પુરુષોને માટે નથી જ. ખાખીબાવાને ત્યાં અમે ગયેલા ત્યારે તેમણે અમને પહેલાં મીઠાઈ આપી હતી અને હું ખાંડ નથી ખાતો એમ જાણી સૂકો મેવો આપ્યો હતો. અહીં સોમબારગિરિ બાવાએ પોતાની બાટીમાંથી એક એક કકડો અમને આપી દીધો. એટલું પવિત્ર અન્ન ખાવાનું ભાગ્ય હમેશાં અમને ક્યાંથી મળે ? તેનો સ્વાદ તો કાંઈ ઓર જ હતો. સાચે જ, એટલી સ્વાદિષ્ટ રોટલી મેં બીજે ક્યાંયે ખાધી નથી. સોમબારગિરિ બાવાએ તે જ દિવસે સવારે આસપાસનાં બે ચાર ગામડાંમાં જઈ, ત્યાં નિષ્પાપ ખેડૂતો પાસેથી ભિક્ષા માગીને તાજો લોટ આણેલો. તેમાં શુદ્ધ ઘી અને

શુદ્ધ પાણી રેડીને જંગલનાં લાકડાં ઉપર બાવાજીએ પોતે હાથે બનાવેલી બાટી — એની પવિત્રતા અને એની મીઠાશનું વર્ણન કોણ કરી શકે? પોતાના જ આહારમાંથી અતિથિને ભાગ આપી દેવો એ સોમબારગિરિની વૃત્તિ અને અતિથિને અનુકૂળ સાધનો રાખવાં એ ખાખીબાવાની વૃત્તિ; ખાખીબાવા સ્વદેશી ખાંડની ગૂણ ખાસ કારખાનામાંથી મંગાવતા; જ્યારે અમે સોમબારગિરિ બાવા પાસે જઈ પહોંચ્યા ત્યારે તેઓ, લુચ્ચાઈ કરી પરદેશી ખાંડ વાપરવા બદલ એક કંદોઈની ખૂબ ઝાટકણી કાઢતા હતા.

અમે જ્યારે ખાખીબાવા વિષે વાત કરી ત્યારે તેમનું નામ સાંભળતાં વાર સોમબારગિરિ બાવાએ તેમના નામને શ્રદ્ધાપૂર્વક નમસ્કાર કર્યા અને કહ્યું, 'તેઓ શ્રેષ્ઠ સાધુ છે, તપસ્વી છે, ખૂબ લોકકલ્યાણ કરે છે.' અને પછી કહ્યું, 'હાં, તેઓ તો રાજયોગી છે, ખૂબ પ્રવૃત્તિમાં પડે છે. હું તો નિઃસંગી માણસ રહ્યો. આ મારું વ્યાઘ્રચર્મ અને આ કમંડલુ એટલો જ મારો પરિગ્રહ છે. અહીં લોકો વધારે મળવા આવે એટલે અહીંથી પણ નાસી જાઉં. આ પરિગ્રહ પણ ફેંકી દેવાનું મન થાય છે.' પછી એમણે એમના ઓળખીતા અનેક સાધુઓની વાત કરી, તેમનાં કાર્યથી વાકેફ કર્યા, અને આડકતરી રીતે સાધુઓમાં પણ ભિન્ન ભિન્ન આદર્શો હોય છે એ તેમણે બતાવી દીધું.

મેં તેમને પૂછ્યું, "આપ લોકોને ધર્મોપદેશ કરો છો. હું પણ જ્યારે નિશાળમાં કામ કરતો હોઉં ત્યારે છોકરાઓને 'ધાર્મિક શિક્ષણ' આપું છું. ફરક એટલો જ છે કે, હું વાંચેલી વસ્તુઓ કહું છું અને આપ અનુભવની. મને કંઈ પણ સૂચના આપો."

તેમણે કહ્યું, 'હું જાણું છું કે તમે છોકરાઓને ભગવદ્‌ગીતા ભણાવો છો અને તેનો અર્થ સમજાવી દો છો. પણ એમાં શ્રેય નથી. ભગવદ્‌ગીતા જે નિવૃત્તિધર્મ શીખવે છે તેને માટે મોટેરા પણ લાયક નથી હોતા; પછી છોકરાઓ ક્યાંથી હોય? कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः જેવા, અથવા

कर्मणो ह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः ।
अकर्मणश्च बोद्धव्यं गहना कर्मणो गतिः ॥

જેવા શ્લોકો છોકરાઓને તમે શી રીતે સમજાવવાના હતા? છોકરાઓ

આગળ નિષ્કામ કર્મની વાતો કરો તે પહેલાં સકામ કર્તવ્યકર્મની એમને સારી તાલીમ આપો. તમારા વેદાંતથી છોકરાઓ નાલાયક બની જાય છે, તેમની સંકલ્પશક્તિ નષ્ટ થઈ જાય છે, ધારેલું કરી શકતા નથી અને નાહક આખો દિવસ બકબક કર્યા જ કરે છે. ગીતાજીનો ઉપદેશ તો લાયક માણસને જ કરો.'

આ તો મને એક નવી દિશા મળી. હું ખૂબ વિચાર કરવા લાગ્યો. મેં પૂછ્યું, 'ત્યારે છોકરાઓને ગીતા ન જ ભણાવવી?' એમણે કહ્યું, 'ના, હું એમ નથી કહેતો. છોકરાઓ ગીતાજીના શ્લોકો મોંએ તો જરૂર કરે. તેમને નિવૃત્તિધર્મની દીક્ષા ન આપો એટલું જ મારું કહેવું છે.'

ત્યાર પછી ઉત્તરાખંડની યાત્રા વિષે અમે એમને ખૂબ પૂછી લીધું. જેમ જેમ વાતો વધતી ગઈ તેમ તેમ આ બાવાજી કેટલા અધિકારી પુરુષ છે એનું ભાન થતું ગયું. મોડી રાત સુધી અમે ત્યાં બેઠા અને આખરે વંદન કરી પાછા ધર્મશાળામાં આવ્યા. ધર્મશાળામાં એટલી બધી ભીડ થઈ ગઈ હતી કે અમે પોતાની પથારી પહેલેથી જ ન પાથરી હોત તો અમને સૂવા જેટલી જગા ન મળી હોત.

સવારે વહેલા ઊઠ્યા અને ફરી મહારાજનું દર્શન કરી રજા લેવા એમની પાસે ગયા. બાવાજી પોતાનું ધ્યાન વિસર્જન કરી ઊઠતા હતા એટલામાં અમે જઈ પહોંચ્યા. વાતચીત કરીએ એટલામાં ત્યાં એક નોળિયો આવ્યો. બાવાજીએ કહ્યું, 'આ ભગવદ્દર્શન છે.' પછી બાવાજીએ અમને ચા આપી. મેં કહ્યું, 'હું તો ચા નથી પીતો.' બાવાજીએ જવાબ વાળ્યો, 'આ તો તમારા મુલકની ચા નથી. આ હિમાલયની ચા છે. આમાં નથી ખાંડ કે નથી દૂધ. આ થોડી પીઓ એટલે પ્રવાસમાં એ ફાયદો કરશે.' ચામાં એક બદામના ત્રણ કટકા કરીને પ્રસાદ તરીકે એમણે દરેકને અકેક કટકો આપ્યો. બીજી એક વિચિત્ર વનસ્પતિ (ભાંગ નહીં) ચામાં નાખી. અમે શ્રદ્ધાપૂર્વક પ્રસાદ માનીને તે ચા પી ગયા, મહારાજને નમસ્કાર કર્યા અને રજા માગી. પ્રેમથી એમણે ખભા ઉપર હાથ મૂક્યો અને કહ્યું, 'બધે પરમાત્મા છે.'

૧૯

ગોવધ

પદ્મઓરીથી મુક્તેસર. કેટલો ફેર! ઉન્નતિ અને અવનતિ! પાછળ કહી ગયા તેમ, પદ્મઓરી ત્રણ પહાડ વચ્ચે એક પાર્વતી નદીને કાંઠે આવેલું મહાદેવનું સ્થાન છે. ત્યાંથી અમારે મુક્તેસર જવું હતું. મુકતેસર કંઈ નહીં તો સાત હજાર ફૂટની ઊંચાઈએ છે. તેને મુકતેસર શા માટે કહેતા હશે એની અમે ચર્ચા કરી. મેં કહ્યું, 'મુક્તીશ્વર અથવા મુક્તિકેશ્વર પરથી એ નામ પડ્યું હશે.' બુવાએ કહ્યું, 'ત્યાં મોતી જેવું તળાવ હશે તે પરથી મોતીસર નામ પડ્યું હશે. અથવા તો મૌક્તિકેશ્વર પણ હોય.' અમારી સાથે આલમોડાના ભટજી હતા તેમણે કહ્યું, 'ઘણી વાર નામો તો સાદાં જ હોય છે; પછી તમારા જેવા શાસ્ત્રી ભાષા જાણનાર એ જ નામને કંઈ પણ સુંદર સ્વરૂપ આપી દે છે.'

મૂળ નામ શું હશે એ આપણે નથી જાણતા. અહીંયાં તળાવ તો નથી. મુકતેશ્વર મહાદેવ માત્ર છે. છેક પર્વતની ટોચે છે. ત્યાં ભૈરવ-ઘાટી પણ છે. પદ્મઓરીથી મુકતેસર ચડવું એટલે પૃથ્વી પરથી સ્વર્ગમાં જવા જેવું છે. મુકતેસરનું કુદરતી દૃશ્ય સ્વર્ગીય છે એમ કહેવામાં અત્યુક્તિ તો નથી જ; ઊલટું અલ્પોક્તિ હોવાનો સંભવ છે. પણ — હાલ હિમાલયમાં પણ 'પણ' કહેવાનો પ્રસંગ આવે છે — આ સ્થાન આજે નરક કરતાંયે વધારે ખરાબ થઈ પડ્યું છે. નીચે સ્વર્ગ અને ઉપર નરક એને અલંકારશાસ્ત્રીઓ કયો અલંકાર કહેશે?

મુકતેસરમાં સરકારી બૅક્ટીરિયોલૉજિકલ ડિપાર્ટમેન્ટ છે. આ ખાતાની અંદર ભયંકર ગોવધ ચાલે છે. એનું કારણ શું? યુરોપિયન લશ્કરને ગોમાંસ પૂરું પાડવા સારુ? નહીં. હિંદુસ્તાનની ગરીબ ગાયો અને બળદ ઉપર ક્રૂર માણસનો આહાર થવા ઉપરાંત જાતજાતના રોગો પરની દવા થવાની પણ ફરજ આવી પડી છે. યુરોપિયન લોકોએ જોઈ લીધું કે, તેમના કેટલાયે ઘોડા 'રિંડરપેસ્ટ' નામના રોગથી મરે છે.

તેનો ઉપાય તેમને એ જડચો કે, બળદનું લોહી ચૂસી કાઢી, તેની રસી બનાવી, પોતાના ઘોડાના શરીરમાં એ રસી દાખલ કરવી. અને આવાં પશુ તો હિંદુસ્તાનમાં જ મળે. મેં ત્યાં એક જણ પાસે સાંભળ્યું કે, શરૂઆતનાં સોળ વર્ષની અંદર આખી દુનિયાને 'રિંડરપેસ્ટ' પરની રસી પૂરી પાડવા માટે ચાળીસ હજાર બળદનું લોહી ચૂસવામાં આવ્યું હતું. આ લોહી કાઢવાની ક્રિયા પણ બહુ ઘાતકી હોય છે. બળદને ખૂબ ખવડાવી પુષ્ટ કરે છે. પછી તેની એક નસ કાપી તેમાંથી એક બે ડોલ લોહી કાઢી લે છે. પછી મલમપટી કરી જાનવરને સાજું કરે છે. થોડા દિવસ પછી ફરી પહેલાંની પેઠે લોહી કાઢી લે છે. ત્રીજી વાર બધું જ લોહી ચૂસી લેવામાં આવે છે, કેમ કે તે વખતે જાનવર એટલું નિઃસત્ત્વ થયેલું હોય છે કે ચોથી વાર દવા સારુ આપવાને તેના શરીરમાં લોહી જ રહેતું નથી!

મુક્તેસર અમે સાંજરે પહોંચ્યા હતા. ત્યાં એક સજ્જનને ત્યાં રાતે આરામ લીધો; ભોજનનો પ્રબંધ તેમણે બહુ ભક્તિપૂર્વક સુંદર રીતે કર્યો હતો. પણ ચોખા તો બિલકુલ ચડેલા જ ન હતા. વાતચીતમાં એમ જણાયું કે પહાડી લોકો એવા જ ચોખા પસંદ કરે છે. અમને પહાડી ભૂખ લાગી ન હોત તો આટલા ચોખા ચાવી પચાવવાની મહેનત લેવા દાંતે ના જ પાડી હોત. ભુજજી (ભાજી) બહુ મજેદાર થઈ હતી. તે સજ્જનના દીવાનખાનામાં ચોમેર દીવાલનો નીચલો ભાગ લાકડાનો હતો અને તે પણ તકિયાની પેઠે ત્રાંસો. આ શીત પ્રદેશમાં દીવાલને અઢેલીને બેસવું હોય તો આવી કાંઈ પણ સગવડ જરૂરની છે.

બીજે દિવસે સવારે પેલું જંતુશાસ્ત્રનું ખાતું જોવા ગયા. અમારા યજમાન અમને બધું સમજાવતા હતા. હું તે બધું શૂન્યમનસ્ક થઈ સાંભળતો હતો. મારી દૃષ્ટિ આગળ તો ગોહત્યાનું કલ્પનાચિત્ર જ ઊભું થતું હતું. એક ટેકરી પર એક બુરજ હતો. તેના પર એક મોટો ઘંટ ટિંગાડેલો હતો. મેં પૂછ્યું, 'આ શા માટે છે?' એમણે કહ્યું, 'જંગલમાં આગ લાગે, કંઈ અકસ્માત થાય અથવા કંઈ પણ બીજું સંકટ આવે, તો આ ઘંટ વગાડે, જેથી બધા લોકો ભેગા થાય.' જ્યાં ચાળીસ હજાર ગોકુળનો સંહાર થાય છે ત્યાં બીજા સંકટની શી જરૂર છે? મને થયું

કે, આ બુરજ પર ચડી પેલો ઘંટ વગાડી બાવીસ કરોડ હિંદુઓને હું અહીંયાં ભેગા કરું; અને તેઓ ન સાંભળે તો હિમાલયમાં અદશ્યરૂપે વિચરનાર તેત્રીસ કરોડ દેવોને ગૌમાતાનો આર્તનાદ સંભળાવું.

આ વિચાર મનમાં ચાલતો હતો એટલામાં અમે મુક્તેસર મહાદેવ પાસે જઈ પહોંચ્યા. ત્યાં મનને સહેજ આરામ મળ્યો ખરો. મુક્તેસર મહાદેવ પાસે ભૈરવઘાટીનું સ્થાન છે. જ્યાં પહાડ પર ઊંચામાં ઊંચું શિખર અને પાસે એકદમ નીચે કરાડ તૂટેલી હોય તેને ભૈરવઘાટી કહે છે. જૂના વખતમાં અને આજે પણ ભૈરવ સંપ્રદાયી લોકો આવે ઠેકાણે કેટલીક વાર ભૈરવનો જાપ જપતા જપતા ઉપરથી નીચે ભૂસકો મારે છે. આ રીતે આત્મહત્યા કરવામાં પાપ નથી પણ મોક્ષ છે એમ મનાય છે. એ માન્યતા હાલના કાયદા પ્રમાણે ભલે ભૂલભરેલી હોય, પણ માનસશાસ્ત્રીઓ એની પાછળ રહેલું તત્ત્વ સહેજે સમજી શકે એમ છે. દુનિયામાં બધી રીતે નિરાશ થઈ કાયર બની માણસ આત્મહત્યા કરે તે, અને કુદરતનું વિશાળ, ઉચ્ચ, ઉદાત્ત અને રમણીય સૌન્દર્ય જોઈ તદાકાર થઈ કુદરત સાથે એકરૂપ થવાની ઇચ્છા થઈ જાય, કુદરત સાથે કોઈ જાતની જુદાઈ સહન ન થાય, એવે વખતે માણસ આ ક્ષુદ્ર દેહનું બંધન ભૂલી જઈ અનન્તત્વમાં સાત્મ્ય પ્રાપ્ત કરવા કૂદી પડે, એ બે વસ્તુ તદ્દન ભિન્ન છે; બંનેનું પરિણામ ભલે એક જ હોય. દરેક જાતના વિનાશને મરણ એ એક જ નામથી આપણે સંબોધીએ છીએ, પણ વસ્તુ એક જ નથી હોતી. કેટલીક વાર મરણ એ જીવનરૂપી નાટકનો વિષ્કંભક હોય છે, કેટલીક વાર તો તે નાટકનું ભરતવાક્ય — જીવનનું સાફલ્ય હોય છે.

મનુષ્યની આશા દુરંત કહેવાય છે. સાચે જ મનુષ્યની આશાને પાર નથી, મનુષ્યની દરેક આશા સફળ કરવાની શક્તિ જીવનમાં નથી. જીવનની સમૃદ્ધિને પણ મર્યાદા હોય છે. મનુષ્યની આશા આગળ જીવન દરિદ્રી છે; પણ મરણની સમૃદ્ધિ આશાને તૃપ્ત કરી શકે એટલી હોય છે. જ્યાં જીવન થાકી જાય છે ત્યાં મરણ ફાવે છે. જીવન અસંખ્ય વાર માણસને નિરાશ કરે છે. મરણ પાસે નિરાશા છે જ નહીં.

ભૈરવઘાટી પર અમે ચડ્યા ત્યાં પણ ગોવધનો વિચાર મનમાંથી ગયો ન હતો. બિચારા બળદો નાહક મરી જાય છે. એક રીતે જોતાં આ બળદોનો આત્મયજ્ઞ સ્વાત્માર્પણની પરાકાષ્ઠા સૂચવતો હતો. હિંદુસ્તાનમાં જાનવરો મરે અને દુનિયાનાં — આખી દુનિયાનાં ઘોડાં, ખચ્ચર વગેરે અનેક જાતનાં પ્રાણી પ્લેગમાંથી બચે એ કંઈ સાધારણ પુણ્ય ન કહેવાય. પણ એ ક્યાં સ્વેચ્છાથી કરેલું બલિદાન છે? આજે મારું હિંદુસ્તાન પણ અમર્યાદ આપભોગ આપી રહ્યું છે; હિંદુસ્તાનની બદૌલત બ્રિટિશ સામ્રાજ્ય ટકેલું છે; હિંદુસ્તાન પોતે મરીને અસંખ્ય લોકોને જિવાડે છે. પણ એનું પુણ્ય હિંદુસ્તાનને મળતું નથી. દુર્બળતા અને અજ્ઞાનને લીધે થયેલો ત્યાગ શા કામનો? न च तत्प्रेत्य नो इह ।

બુવાએ ભૈરવના નાનકડા મંદિરનો ઘંટ વગાડ્યો અને પાછા જવાની સૂચના કરી.

૧૭

ધર્મશાળામાં ઋષિકુળ

મુક્તેસરથી અમે કાઠગોદામ જૂના રસ્તા પર આવ્યા, ભીમતાલનું ફરી દર્શન કર્યું અને હિમાલયનો પહાડ ઊતરી માનવી સૃષ્ટિમાં આવ્યા. રસ્તામાં પૂર્વપરિચિત સ્થાનો જોઈ જુદા જ ભાવ મનમાં પેદા થતા હતા. આલ્મોડા જતી વખતે હિમાલયનું પ્રથમ દર્શન હતું. આટલી વિશાળતા અને ઉત્તુંગતા પ્રથમ વાર જ નિહાળી હતી. પાછા આવતાં આ બધું પરિચિત જેવું લાગતું હતું. છતાં એનો રસ કંઈ ઓછો નહોતો થયો. પ્રથમનો રસ અપૂર્વતાનો હતો; આ વખતનો રસ પરિચયનો હતો. જતી વખતે જે જે ઝરણાંઓએ અને ઝાડોએ અમારો સત્કાર કર્યો હતો તેમને ફરી મળતાં કૃતજ્ઞતાનો ઊભરો આવ્યા વગર કેમ રહે? પરિચિત ઝાડોને હું ભેટ્યો, પરિચિત ઝરણાંઓનું સ્વાભાવિક નહીં પણ પ્રેમતૃષાથી પાન કર્યું. જતી વખતે જે પુલો પર બેસી અમે થાક ઉતાર્યો હતો તે

પુલ ફરી આવતાં તેમના પર એક બે મિનિટ ન બેસીએ તો કૃતઘ્નતાના દોષને પાત્ર થઈએ એમ જ લાગતું.

રસ્તામાં સ્વામી જોડે સંસ્કૃત સાહિત્યનું વિવેચન શરૂ થયું. મેં કહ્યું, "આ ગગનચુંબિત 'ઝાડનાં ઝુંડની ઝાઝી ઝાડી' જોઈ મને બાણભટ્ટની સાહિત્યશૈલીનું સ્મરણ થાય છે. દરેક સ્થાને અપૂર્વતા અને ઉદાત્તતા રહેલી છે, પણ તે અતિશય થવાથી પોતાનું સૌંદર્ય છુપાવવામાં જ ખપી જાય છે." પછી સંસ્કૃત કવિઓ અને રાજાશ્રયનો સવાલ ઊપડ્યો. કાલિદાસ રાજાશ્રયી કવિ હતો, જ્યારે ભવભૂતિ લોકાશ્રયી કવિ થયો. કાલિદાસ પુષ્પક વિમાનમાં બેસી અથવા મેઘનું વાહન બનાવી વિહંગમ-દૃષ્ટ્યા ભારતવર્ષનું અવલોકન કરે છે, જ્યારે ભવભૂતિ વલ્કલધારી રામ, લક્ષ્મણ અને જનકતનયા સાથે દંડકારણ્ય અને પંચવટીનાં અરણ્યોમાં માર્ગ કાઢતો ધીમે ધીમે પગે ચાલે છે. બન્નેની શૈલીમાં એ જ ભેદ છે. ભવભૂતિની શૈલી રાજકુમારની પેઠે 'धीरोद्धता नमयतीव गतिर्धरित्रीम्'; જ્યારે કાલિદાસની વર્ણનશૈલી શકુંતલાના ભાવની પેઠે 'न विवृतो मदनो न च संवृतः' જેવી છે. વનશ્રી જોઈ સંસ્કૃત કવિઓની યાદ આવી અને તેમાં લોકાશ્રયનો વિચાર કરતાં રાજાશ્રયની નિંદ્ય રીતે નિંદા કરનાર બિલ્હણ યાદ આવ્યો. પણ તે જ ક્ષણે સ્મરણ થયું કે, સંસારથી વિરક્ત થયેલા સાધકોને સંસ્કૃતિનો આવો કાવ્યરસ છાજે નહીં. બપોર થયા હતા, સૂર્યનારાયણે એક આંખ ઉઘાડી હતી. બુવાએ કહ્યું: 'पिपासितैः काव्यरसो न पीयते।' નીચે ખીણમાં રામગંગા પ્રચંડ ઘુઘવાટ કરતી દોડતી હતી, પણ શરદના મેઘની પેઠે તેનું પાણી અમારે માટે દુષ્પ્રાપ હતું. સ્વામી બોલ્યા, 'આ જંગલની શોભા જોઈ તને બાણભટ્ટની કાદંબરીનું સ્મરણ થાય છે, પણ મને તો આ રામગંગાના ખરાડા સાંભળી કોલાબા સ્ટેશન ઉપરનાં દસ વીસ એન્જિનનો ઘોંઘાટ યાદ આવે છે.'

એન્જિનનું નામ નીકળ્યું અને તરત જ સ્મરણ થયું કે, કુદરતી સૃષ્ટિ છોડી માનવી સૃષ્ટિમાં જઈએ છીએ ત્યાં અગ્નિરથનો વખત ન સાચવીએ તો ચાલે નહીં. બોટીમાંનું ઘડિયાળ કાઢી મેં જોયું અને બુવાને કહ્યું, 'બુવા, દોડો, નહીં તો આપણે વખતસર કાઠગોદામ નહીં

પહોંચી શકીએ.' ત્રણે જણ દોડ્યા અને માંડ માંડ સ્ટેશને પહોંચ્યા એટલામાં આગગાડી કૂઉઉઉઉ કરતી હસતી હસતી અમારા દેખતાં પસાર થઈ! અમે જરાક માટે ટ્રેન ચૂક્યા. આગગાડી ગઈ તેનું કશું ખોટું ન લાગ્યું, પણ અમે ખોટી ન થઈએ તે માટે આગળ દોડતો ગયેલો અમારો કુલી નિરાશ થયેલો જોઈ અમને દુઃખ થયું. છતાં અમે હસી પડ્યા અને પેલાએ કહ્યું, 'ચાલો ભાઈ, દિવસ તો ઘણો છે. અહીંયાં બેસીએ એના કરતાં હલદ્વાની જઈ રાત ત્યાં જ ગાળીએ.' હલદ્વાની તો કાઠગોદામથી પહેલું સ્ટેશન. વેપારનું એક નાનકડું મથક છે. ત્યાં ચાલતા જઈ પહોંચ્યા. ત્યાં ખાધુંપીધું ને (સ્વપ્નસૃષ્ટિ) પર રાજ્ય કર્યું.

સ્વપ્નસૃષ્ટિમાં જતા પહેલાં કલ્પનાસૃષ્ટિમાં જવા જેવો એક પ્રસંગ આવ્યો. અમે ધર્મશાળામાં જગા મેળવી રાંધતા હતા. ધર્મશાળા એટલે વિવિધ જનસમાજ. ત્યાં ત્રિખંડોની વાર્તા ચાલે. ત્યાં બાવાઓ આવે, વેપારીઓ આવે, સરકારી અમલદારો આવે, જૂનો જમાનો વીતી ગયો છે એની જેમને બિલકુલ ખબર નથી એવા જૂના જમીનદારો ઘોડા પર જૂનું જીન કસી પ્રવાસ કરતા આવે, જૂના જમાના જેવું કંઈ હતું કે ન હતું એનો ખ્યાલ પણ જેને નથી એવા જુવાનિયાઓ આવે, ભિખારીઓ આવે અને ભિખારીઓ કરતાં ખરાબ પોલીસ પણ આવે. આવા અનેક જાતના લોકો સાથે પ્રસંગ પડવાથી જેમનો મિજાજ ખાટા દહીં જેવો બન્યો છે એવા દુકાનદાર દહીં વેચવા પાસે જ બેઠેલા હોય. ધર્મશાળામાં સાંજરે છ વાગ્યાથી આઠ વાગ્યા સુધી ઘણે ભાગે લડવાડ જ ચાલે છે. મુસાફરો એકબીજા સાથે અથવા પોતાના કુલીઓ સાથે, ઘરાકો દુકાનદાર સાથે, દુકાનદારની સ્ત્રી પોતાનાં છોકરાં સાથે, પોલીસો ભિખારીઓ સાથે અને કૂતરાંઓ એકબીજા સાથે આઠ વાગ્યા સુધી લડી લે છે. આઠ વાગ્યે પ્રથમ ક્ષુધા શાંત થાય છે, પછી ચૂલાઓ શાંત થાય છે. ઘણે ભાગે દીવાઓ પણ શાંત થાય છે (કેમ કે એક પૈસામાં કોડિયું, દિવેટ અને તેલ આપનાર દુકાનદાર પાસે આઠ વાગ્યાનું જ બજેટ હોય છે) અને પછી વિરોધ શમી જઈ વાર્તાલાપ શરૂ થાય છે. આઠ વાગ્યા પછી એક વાર સુલેહનામું થયું એટલે કોઈ કોઈની સાથે લડે નહીં એવો ધર્મશાળાનો આંતરરાષ્ટ્રીય કાયદો હોય છે.

તરત જ મુસાફર મુસાફર વચ્ચે સંવાદ શરૂ થાય છે. બાવાઓ દેશદેશાંતર વિષેની હકીકતો અને તેની સાથે પોતાની ટીકાટિપ્પણી અહીંયાં રજૂ કરે છે. જ્યાં છોકરાઓ હોય ત્યાં બાદશાહ–બિરબલ જરૂર આવે. બૈરાંઓ હમેશાં યાત્રાની જ વાતો કરે અને એક જ ગામનાં હોય તો સાસુવહુ વચ્ચેના સનાતન સંગ્રામની વાતો કરે. હિંદુસ્તાનની ગમે તે પ્રાંતની સ્ત્રીઓ બીજા ગમે તે પ્રાંતની સ્ત્રીઓ સાથે ધર્મશાળામાં વાતચીત કરી શકે છે. ભાષાની અગવડ તો સુશિક્ષિત લોકોને માટે જ હોય છે. સ્ત્રીઓ એટલે જૂની દુનિયા. ત્યાં વિચારો, ભાવનાઓ, વહેમો, રિવાજો અને આદર્શો એક ને એક. પછી વાતો કરતાં અગવડ શાની આવે? જેમ બે અંગ્રેજ મળે એટલે આજની હવા કેવી છે એની વાત કરે છે, તેમ સ્ત્રીઓ મળે એટલે તારે કેટલાં છોકરાં છે, છોકરીઓ ક્યાં ક્યાં પરણી છે, છોકરીઓને સુખ છે કે દુઃખ છે, ઘરની ડોશીએ જાત્રા કરી છે કે નહીં, વગેરે વાતો જ ચાલે. દુકાનદારની સ્ત્રી આમાં ભળી પોતાના દુઃખની કહાણી પાંચ હજાર છસો બારમે વખતે અશ્રુ સહિત અને કશો સંક્ષેપ કર્યા વગર જેવી ને તેવી જ કહી દે છે, અને ઘણે ભાગે આ વર્ણન નકામું નથી જતું. માયાળુ મુસાફરો — ખરાબ દુકાનદારથી છેતરાયેલા આ મુસાફરો — દુકાનદારની સ્ત્રીનું દુઃખ જોઈ, તેમ જ તે પણ દુકાનદારનો પોતાના જેટલો જ દ્વેષ કરે છે એ વાતનું સમાધાન માની, તેને કંઈ પણ આપી વિદાય લે છે. દુકાનદારોએ પણ દરેક પ્રાંત વિષે પોતાનો અભિપ્રાય બાંધેલો હોય જ. અને તેઓ બાવા જેટલી જ છૂટથી તે જણાવી દે છે; કેમ કે પીનલ–કોડની એક પણ કલમ બાવાઓ અને દુકાનદારોને માટે નથી.

દેશી રિયાસતના રહીશો ધર્મશાળામાં આવે એટલે રિયાસતોનું તારતમ્ય ચર્ચાય છે અને દરબારની અંદરની ખટપટ અને પ્રપંચનું રહસ્ય 'તમને જ' કહે છે. ગમે તે માણસ આગળ પોતાના રાજદરબારની કિંવદન્તી બોલી નાખવા જેટલા તેઓ બેવકૂફ નથી હોતા. પણ 'તમે' તો ખાનદાન માણસ. 'તમારી' આગળ એવી વાતો કહેવામાં શાનો વાંધો હોય?

અમારે ભાગે એક દેશાભિમાની, સનાતનધર્માભિમાની વેપારી આવ્યા. હસ્તિનાપુર તરફ એમનું એક ગુરુકુળ હતું — ના ગુરુકુળ નહીં,

ઋષિકુળ. ગુરુકુળ આર્યસમાજીઓનાં હોય છે, તેથી સનાતનીઓનાં ઋષિકુળ જ હોય. વૈષ્ણવોનાં આચાર્યકુળ. બાવાઓ હોય તો મુનિમંડલ કે સાધુઆશ્રમ. અને ગોર મહારાજની સંસ્થા હોય તો તે પંડાકુમાર મહાવિદ્યાલય. પણ આ બધું જ્ઞાન મને હરદ્વાર ગયા પછી થયું. હસ્તિનાપુરના વેપારીએ કહ્યું કે, 'ગયે વર્ષે જ અમારું ઋષિકુળ સ્થપાયું છે. પણ હજી અમને કોઈ અધ્યાપક મળ્યો નથી. એક બ્રાહ્મણ હમણાં કામ ચલાવે છે, પણ છોકરાઓ એને આંટી નાખે એવા છે. તમારા જેવો કોઈ 'ઇંગ્લિશ એજ્યુકેટેડ' સાધુ ત્યાં આવે તો લોકો પર અસર થાય અને પ્રચાર માટે જઈએ એટલે ફંડ પણ સારું થાય. તમે આવો તો અમને રોજ તમારાં દર્શનનો લાભ મળે, 'ભવબંધ કટ જાય' અને પેલા આર્યસમાજીઓ ઉંદરે આદુ ખાધાની પેઠે ચૂપ થઈ જાય. અમે ઋષિકુળ એટલા માટે જ સ્થાપ્યું. અમારે ત્યાં બે આર્યસમાજી પ્રચારકો આવ્યા હતા. એમણે સનાતન ધર્મની નિંદા શરૂ કરી. અમારે ત્યાં એમને જવાબ આપે એવો કોઈ પંડિત ન હતો, એટલે અમે અરજન્ટ તાર કરી હરદ્વારથી ત્રણ સનાતની ઉપદેશકો મંગાવ્યા અને એવા તો લડાવ્યા કે વાત ન પૂછો. ત્રણ દિવસ શાસ્ત્રાર્થ થયો!' મેં વચમાં પૂછ્યું, 'કયા મુદ્દા પર?' તેમણે કહ્યું, 'અરે તમારા શાસ્ત્રની વાત અમે શી જાણીએ? અમે થોડા જ સંસ્કૃત ભણેલા છીએ? પણ આખરે આર્યસમાજીઓ જ ચૂપ રહ્યા અને અમારી જીત થઈ. સામાવાળાઓ તો નાહક કહેવા લાગ્યા કે જીત તો પોતાની જ થઈ. પણ તમે જ કહો કે તેમની જીત થઈ હોત તો તેમના પંડિતો છાના બેસે ખરા?'

આ મહાયુદ્ધનું વર્ણન ઉદાસીનતાથી મેં સાંભળ્યું એ જોઈ તેઓ સહેજ વિરસ થયા. તેમણે પૂછ્યું, 'આપ આર્યસમાજી તો નથી?' મેં કહ્યું, 'નાજી! હું તો ચુસ્ત સનાતની છું.' એમણે કહ્યું, 'ત્યારે તમે જરૂર હસ્તિનાપુર આવજો. અમે તમને સરસ કુટી બાંધી આપીશું, તમારે માટે ખાસ રસોઇયો રાખીશું, અંગ્રેજી છાપાંઓ મંગાવીશું. તમારાં વ્યાખ્યાનનો અમને લાભ મળશે.' મેં કહ્યું, 'બીજો કંઈ પણ સંકલ્પ ન હોત તો વખતે હું આવત ખરો. પણ મારે તો ઉત્તરાખંડની યાત્રા કરવી છે અને પછી પુરશ્ચરણ કરવું છે.'

મારા બધા વિચારો એમને કહેવાની મારી હિંમત શાની જ ચાલે ? અને કહેત તોપણ તેઓ થોડા સમજવાના હતા ?

બીજે દિવસે 'રેલ'માં બેઠા અને ચાલ્યા. હિમાલયની મુસાફરી પછી રેલની મુસાફરી કેવળ નીરસ જ નહીં પણ અસહ્ય થઈ જાય છે. એક એક ખેતરવાને આંતરે ચાલનાર અમે ત્રણ જણા અર્ધા બાંકડા ઉપર સંકડાઈને બેઠા હતા. વૃક્ષના જંગલને બદલે ડબાની અંદર મુસાફરોનો કોલાહલ સંભળાતો હતો. બરેલી થઈ અમે લુકસર ગયા અને ત્યાં ગાડી બદલી મધરાતે હરદ્વાર જઈ પહોંચ્યા.

૧૮

રામકૃષ્ણ સેવાશ્રમ

યાત્રા કરવાથી પુણ્ય મળે છે, પણ તે ગમે તે સ્થિતિમાં નહીં. પગે ચાલીને જાય તેને સોએ સો ટકા પુણ્ય મળે. માણસના ખભા પર કે પાલખીમાં બેસીને જાય તેને અડધું પુણ્ય. પશુનું વાહન કરી યાત્રાએ નીકળે તેનું પુણ્ય લગભગ નહીં જેવું અને (આજની સ્થિતિએ ઉમેરવું જોઈએ કે) રેલમાં કે મોટરમાં બેસીને યાત્રાએ જાય તેને પુણ્યને બદલે પાપ જ લાગે. રેલની મુસાફરીમાં કોઈ પણ જાતની ઉચ્ચ કે ધાર્મિક ભાવના પોષાતી જ નથી. અને આજે તો રેલની મુસાફરી એટલે સ્વાભિમાનનો નાશ. પૈસા આપીને એક લેબલ લઈએ છીએ તે ધારણ કરીને પાર્સલની પેઠે ડબ્બામાં ગોઠવાઈ જઈએ છીએ. મુકામ ઉપર બીજાં પાર્સલો બહાર ફેંકી દેવામાં આવે છે, આપણે પોતાની મેળે બહાર ચાલી નીકળીએ છીએ એટલો જ ફરક. ગાડીમાં બેઠા બેઠા આપણે ભવિષ્યકાળ તરફ નથી જતા, પણ બહારની દુનિયા નિસાસો મૂકી ભૂતકાળ તરફ દોડતી જાય છે. બે માણસ ભાગ્યવશાત્ પાસે આવે અને ત્યાં પ્રેમભાવ પેદા ન થાય એને નરક જ કહેવું જોઈએ. તીર્થસ્થાન સુધી રેલગાડી લઈ જવી એ અસુરોનું કામ છે. રેલમાં બેસી યાત્રાનું

પુણ્ય મેળવવું એ ગયાસુરે આપેલા મોક્ષ બરાબર છે. ગુજરાતે ડાકોર અને સિદ્ધપુર તો ભ્રષ્ટ કર્યાં જ: હવે પશ્ચિમધામ શ્રીદ્વારકાને ભ્રષ્ટ કરવાનો મહાપ્રયાસ શરૂ થયો છે. સાચે જ આ કળિયુગ છે. રવીન્દ્રનાથ કહે છે: 'કળિયુગ એટલે કળ (યંત્ર) યુગ.'

હરિદ્વાર એટલે ગંગાદ્વાર. ભાગીરથી ગંગા ગંગોત્રીમાંથી નીકળી ત્યાંથી મહાદેવની જટામાં એટલે કે હિમાલયનાં જંગલોમાં સપડાઈ ગઈ. એ પહાડ કે ટેકરીની વચમાં માંડ માંડ રસ્તો કાઢીને તે આગળ વધે છે. ટિકિટ લેવાના સાંકડા રસ્તામાંથી લોકો પસાર થાય છે ત્યારે જે ભીડ અને અગવડ થાય છે, તેવી જ અગવડ પહાડોમાં ગંગાને થાય છે. કોઈ ભારે સરઘસ સાંકડી શેરીમાંથી મોટા મેદાનમાં પ્રવેશ કરે અને પછી જેમ લોકો છૂટથી અનેક દિશામાં હાશ કરીને વીખરાઈ જાય, તે જ દશા હરિદ્વાર પાસે શ્રી ગંગાજીની થઈ છે. ગૌશાળામાંથી છૂટેલાં વાછરડાં સ્વતંત્રતાનો અનુભવ કરવા ખાતર જ જેમ આમતેમ દોડે છે, તેમ હરદ્વારથી ગંગા નદી અનેક પ્રવાહે દોડે છે, અને દરેક પ્રવાહનો ઉલ્લાસ પણ બાલવૃત્તિ જ દાખવે છે. નીલધારા કંઈક ગંભીર છે ખરી; પણ નાનાં છોકરાં દાદાની પાઘડી પહેરી, હાથમાં લાકડી લઈ ગંભીરતાથી ચાલે છે, તેવી જ આ કૃત્રિમ ગંભીરતા છે. નીલધારા પોતાની ગંભીરતા સાચવી પણ નથી શકતી. હરિદ્વાર એ ગંગાને માટે પહાડ છોડી મેદાનોમાં જવાનું જેમ પ્રથમ દ્વાર છે, તેમ જ મુસાફરોને માટે હિમાલયની યાત્રા શરૂ કરી તળેટી છોડી પહાડોમાં પ્રવેશ કરવાનું પણ દ્વાર છે. ઉત્તરાખંડની યાત્રા અહીંથી શરૂ થઈ ગણાય છે. હરિદ્વાર સુધી રેલ છે, છતાં આ તીર્થ પ્રમાણમાં ખૂબ સ્વચ્છ છે. એનું એક કારણ અહીંની મ્યુનિસિ-પાલિટીની અઢળક આવક એ ભલે હોય, પણ મુખ્ય કારણ તો હરિદ્વાર એ સાધુઓનું સ્થાન છે એ જ છે. બાવાઓ અને સંન્યાસીઓમાં બીજો મેલ ગમે તેટલો હોય, પણ તેઓ શારીરિક સ્વચ્છતા ખૂબ જાળવે છે એમાં શક નથી.

અમે રાત્રે બે વાગ્યે હરિદ્વાર જઈ પહોંચ્યા. કોઈને ઓળખતા ન હતા અને કોઈ પંડાના મહેમાન થવા પણ માગતા ન હતા, એટલે અમે પહેલેથી જ કાગળ લખી હરિદ્વાર પાસેના કનખલમાં આવેલા રામકૃષ્ણ

સેવાશ્રમમાં ઊતરવાની ગોઠવણ કરી હતી. રાત્રે બે વાગ્યે સ્ટેશનથી આશ્રમ સુધી અમને રસ્તો કોણ બતાવે? અમે એક કુલી કર્યો. એને ચાર આના આપવાનું કબૂલ કર્યું અને અંધારામાં ચાલ્યા. અમને આપસમાં બોલવામાં અંગ્રેજી શબ્દ વાપરતા સાંભળી પેલો કુલી કહે છે, 'Oh! sir, you are gentlemen. I knows English, sir. I am gentleman coolie, sir. I have 10 years live in Dehradun, sir.' અમે હસી પડ્યા. એનો અંગ્રેજી વાક્પ્રવાહ ચાલતાં છતાં એની સાથે હિંદીમાં જ બોલવાની અમે અરસિકતા કે અસભ્યતા બતાવી. છતાં અમે અંગ્રેજી જાણીએ છીએ એ વાત હવે કેમ છાની રહી શકે! એ તો અંગ્રેજીમાં જ બોલે.

સેવાશ્રમ પાસે પહોંચી ગયા ત્યાં અમારો 'જેન્ટલમૅન કુલી' કહે, 'Give me four anna bit, sir. Copper is very heavy, sir.' સ્વામીના મોઢામાંથી જવાબ નીકળ્યો, 'Oh, I see. But certainly it is not heavier than the luggage you brought.'

રાતના અઢી વાગ્યે કોને જગાડીએ? આશ્રમના રુગ્ણાલયના એક ઓટલા પર અમે સૂઈ ગયા. સવારે કોઇ ઊઠે તે પહેલાં ચોરોની માફક આમતેમ ફરી શૌચ જઈ આવ્યા. મોઢું ધોયું અને મઠપતિ સ્વામી કલ્યાણાનંદજીને મળવા ગયા. તેમણે પ્રેમથી અમારું સ્વાગત કર્યું અને અમને અમારો સામાન મૂકવા માટે એક ઓરડી બતાવી.

સ્વામી વિવેકાનંદ આખું ભારતવર્ષ અને પછી આખી દુનિયા ફરી વળ્યા ત્યારે તેમને સૂઝ્યું કે આ નવા યુગમાં સાધુઓ માટે નવી ઉપાસનાની જરૂર છે; જીવતાજાગતા પણ ભૂખ્યા, તરસ્યા, દીન, અપંગ કે રોગી નારાયણની સેવા કરવી એ જ આજે મોક્ષનો ઉત્તમ માર્ગ છે,—દયાભાવથી નહીં પણ સેવાભાવથી, કોઈના પર ઉપકાર કરવા માટે નહીં પણ સેવા કરવાની તક આપ્યા માટે આભારી થઈ સ્વામીજીના ગુરુભાઈઓએ અને શિષ્યોએ બનારસ, પ્રયાગ, પુરી, હરદ્વાર, માયાવતી, વૃંદાવન વગેરે તીર્થસ્થાનોમાં રુગ્ણાલયો અથવા સેવાશ્રમો સ્થાપન કરેલાં છે.

હરદ્વારનું સેવાશ્રમ બ્રહ્મદેવની સૃષ્ટિની પેઠે શૂન્યમાંથી પેદા થયું છે. માયાવતીવાળા સ્વામી સ્વરૂપાનંદે ક્યાંકથી બસો રૂપિયા ભેગા કર્યા હતા તે લઈ સ્વામી કલ્યાણાનંદ હરદ્વાર આવ્યા. તેઓ ન જાણે હિંદી કે ન જાણે વૈદક. સરસ્વતીનો પણ તેમના પર કૃપાપ્રસાદ નહીં હોવાથી હજીયે તેઓ મુખદુર્બળ તો છે જ. પણ તેમની શ્રદ્ધા અડગ હતી. એક દેવદારની પેટી લઈ, તેમાં કેટલીક હોમિયોપૅથિક દવા મૂકી, એક ઝૂંપડીમાં પોતાનો 'ધંધો' તેમણે શરૂ કર્યો. ધીમે ધીમે ધંધામાં બરકત આવી. કોઈ એક મારવાડીએ દસ હજારનું એક મકાન બંધાવી આપ્યું. કલ્યાણાનંદજીએ વૈદકનો અભ્યાસ કર્યો. તેમના હાથને યશ મળ્યો અને કામ ધમધોકાર ચાલ્યું. નિશ્ચયાનંદ કરીને એક મહારાષ્ટ્રી સંન્યાસી તેમની મદદમાં છે. એ સ્વામી વિવેકાનંદના શિષ્ય. તેઓ મરાઠી ઠીક નથી બોલી શકતા, પણ તેમને બંગાળી સારી પેઠે આવડે છે. આ ભાઈ પણ મિતભાષી જ. સવારથી માંડીને રાત સુધી કામ કર્યા જ કરે. થાક જેવી કોઈ પણ વસ્તુ તેઓ જાણતા જ નથી. દસ પાંચ સવાલોનો જવાબ આપવો પડે ત્યારે માત્ર તેઓ થાકે છે. તેમના ગુરુજીએ તેમને માટે નામ પણ યથાર્થ ગોતી કાઢ્યું છે.

સેવાશ્રમમાં સેંકડો દરદીઓ — સાધુ તેમ જ ગૃહસ્થ — રોજ આવે છે. તેમાંના બહુ માંદા હોય તેમને રુગ્ણાલયમાં રાખવામાં આવે છે. ક્ષયરોગને માટે નોખું જ મકાન છે. ધનવાન લોકો ગમે તેટલી ફી આપે તોપણ કલ્યાણાનન્દજી ગરીબોને છોડી ધનવાનને ત્યાં પ્રથમ નથી જતા. અમે સેવાશ્રમમાં ગયા તે વખતે રામકૃષ્ણ મિશનના પ્રમુખ અને શ્રીરામકૃષ્ણ પરમહંસના પ્રિય શિષ્ય સ્વામી બ્રહ્માનન્દ ત્યાં આવેલા હતા. તેમને 'રાખલ રાજા' અથવા 'રાજા મહારાજ' પણ કહે છે. તેમના દર્શનનો અપૂર્વ લાભ મળ્યો. બીજા સાધુ તે કાશીના અદ્વૈતાશ્રમના મઠપતિ શિવાનન્દજી. સ્વામી વિવેકાનન્દે એમનું નામ મહાપુરુષ પાડ્યું હતું. તેમની પાસેથી રામકૃષ્ણ પરમહંસ તથા સ્વામી વિવેકાનન્દ વિષે અને તેમના સંઘ (મિશન) વિષે ખૂબ વિગતો જાણવા મળી. કૉલેજમાં સ્વામી વિવેકાનન્દનાં લખાણો વાંચીને જ મારો નાસ્તિકતાનો જ્વર અને સંશયવાદનો ગર્વ ઊતરી ગયો હતો; રામકૃષ્ણ પરમહંસને

આ યુગના અવતારી પુરુષ તરીકે હું માનતો થયો હતો. આ સ્થિતિમાં રામકૃષ્ણ પરમહંસના પ્રત્યક્ષ સહવાસમાં આવેલા પુણ્યપુરુષોનું દર્શન મારે માટે ભારે અસરકારક થાય એમાં શું આશ્ચર્ય? સ્વામી બ્રહ્માનન્દ પાસે એકાંતનો સમય મેં માગી લીધો. તેમની પાસેથી આશ્વાસન મળ્યું. રામકૃષ્ણ મિશનમાં હું જોડાયો નહીં, છતાં તેઓ મને પોતાનો ગણવા લાગ્યા. મને પણ રખડુને ઘર મળ્યા જેવું થઈ ગયું. હિમાલયની યાત્રા કરવાનો મારો સંકલ્પ મેં સ્વામી બ્રહ્માનંદને જણાવ્યો. તેમણે આશીર્વાદ આપ્યો અને અમે યાત્રાની તૈયારી શરૂ કરી.

૧૯

તૈયારી

અમારે બદરીનારાયણની યાત્રા કરવી હતી. હરદ્વારથી બદરીનારાયણ કેટલું દૂર છે, કયે રસ્તે જવાય છે, વચમાં કેટલા ‘પડાવ’ આવે છે, સાથે શું શું રાખવું જોઈએ, સામાન ઊંચકવા ‘કુલી’ ક્યાંથી મળે, એ શું લે છે, રસ્તામાં જોવા લાયક શું શું છે, એ બધું અમારે જાણવાનું હતું. કનખલ પાસે સરકારે એક બંધ બાંધી ગંગા નદીનો પ્રવાહ અટકાવ્યો છે. અહીંથી જ ગંગા નદીની પ્રખ્યાત નહેર કાનપુર સુધી જાય છે. રૂડકી પાસે સોલાના નામની એક નદી આ નહેરની આડે આવે છે; પણ ઇજનેર લોકોએ સોલાના નદી પર એક ભારે પુલ બાંધી આખી નહેર એ પુલ ઉપરથી આગળ લઈ લીધી છે. પણ આ ભગીરથ કામનું વર્ણન અહીંયાં ન કરું.*

કનખલ પાસેનો બંધ ઓળંગી એક બેટમાં દામ્પાર કરીને આશ્રમ છે ત્યાંના સ્વામી કેશવાનંદ પાસેથી કંઈક મદદ મળે એમ હતું તેથી અમે ત્યાં ગયા. ત્યાં કેશવાનંદ તો ન મળ્યા પણ ઝાડીમાં પીપળાના ચોતરા પર બેઠેલા એક સંન્યાસી અમને મળ્યા. તેમના શરીરની

* ‘લોકમાતા’માં પ્રકરણ ૨૦ જોવું.

રચના અને અંગકાંતિ જોઈ તેઓ 'સુખવસ્તુ' એટલે કે ખાધેપીધે સુખી હશે એમ સ્પષ્ટ જણાતું હતું. તેઓ ચોતરા ઉપર આરામમાં બેઠા હતા. પોતાનો લાંબો ખેસ ઢીંચણ અને કેડની ફરતો બાંધી તેમણે પોતાના શરીરની 'રૉકિંગ ઈઝી ચેર' (ઝૂલતી આરામખુરશી) બનાવી હતી. આ આસન ઉપર બેસી કલાકો સુધી માણસ વાતો કરે તોપણ થાકે નહીં એ એની ફલશ્રુતિ છે. તેમની પાસેથી અમને માહિતી તો ઝાઝી ન મળી. પણ રસ્તો વિકટ છે, જવું મુશ્કેલ છે, ગયેલા ઘણા-ખરા પાછા આવતા જ નથી, એવી તેમણે ખૂબ બીક બતાવી અને અમને યાત્રાનો વિચાર માંડી વાળવાની પુખ્ત સલાહ આપી. છતાં અમારો નિશ્ચય કાયમ જોઈ તેમણે એક ઉર્દૂ શેર સંભળાવી, જેનો અર્થ એટલો જ હતો કે, હામ ભીડીને કામ ઉપાડો, તો પછી મરો તોપણ મૂકો નહીં.

આ કીમતી સલાહ માટે એમનો આભાર માની અમે પાછા વળ્યા અને હરદ્વારના બજારનો રસ્તો લીધો. કોટ, પહેરણ વગેરે વસ્તુનો તો મેં ત્યાગ કર્યો હતો. સીવેલી વસ્તુ મારે ખપે એમ નહોતી અને ઓઢવાનું પૂરતું ન હતું, તેથી એક કાનપુરી શાલ અને બે મફલરો લઈ લીધાં. એક પાતળી લોઢી, ઍલ્યુમિનિયમની એક તપેલી, ઢાંકણું, એક રકાબી, પિત્તળની એક મોટી લોટી અને એક નાનકડી થાળી, એટલી વસ્તુઓ ખરીદી લીધી. (યાત્રામાંથી પાછા ફરતી વેળાએ આ જ બજારમાંથી બનૂસની બે ઘૂઘીઓ સરસ મળી ગઈ તે અમે લઈ લીધી હતી. ઘૂઘી એટલે માથાથી તે ઢીંચણ સુધી શરીર ઢંકાય એવી બનૂસની લાંબી ટોપી. આ સીવેલી નથી હોતી.) એટલામાં મને સૂઝ્યું કે, ચોમાસાના દિવસ છે, આપણી પાસે મીણિયું હોય તો ઠીક. મારો આ વિચાર બહુ જ ઉપકારક નીવડ્યો. કપડાં, પથારી બધું બાંધી દઈ એના પર મીણિયું વીંટાળી લેવાથી, ગમે તેટલો વરસાદ પડ્યો હોય અને ગમે તેટલા પલળ્યા હોઈએ તોપણ, રાત્રે અમને સાવ કોરી પથારી મળતી. ક્વિનાઈનની બાટલી તો મારી પાસે હતી જ. મીણબત્તીઓ, દીવાસળી, સાબુ, પૂરતું પરચૂરણ અને ઠુવાને માટે એક નક્કર વાંસની લાંબી ડાંગ, એટલું અમે લઈ લીધું અને યાત્રાને માટે સજ્જ થયા.

હરદ્વારની બહાર ભીમગોડ પાસે કુલીઓનો અડ્ડો હોય છે એમ અમે જાણ્યું, એટલે ત્યાં જઈ કુલીઓની પણ વ્યવસ્થા કરી. અને એક દિવસ હરદ્વાર તથા કનખલ જોવામાં ગાળી યાત્રા માટે પ્રસ્થાન કર્યું. અમને યાત્રાએ જવાની ઉતાવળ હતી, પણ વાચકને સાંભળવાની ઉતાવળ તો ન જ હોય. તેઓ મને હરદ્વારનું અને કનખલનું જરા વિગતવાર વર્ણન આપ્યા વગર તો છોડે જ નહીં, એટલે પ્રથમ તેની વાત નિરાંતે કરવી જોઈએ.

૨૦

ગંગાદ્વાર

હરદ્વાર, કનખલ અને જ્વાલાપુર ત્રણ મળીને એક સમષ્ટિ છે. હરદ્વાર એટલે યાત્રાળુઓનું નગર, જ્વાલાપુર તે પંડાઓનું ધામ, અને કનખલને સંન્યાસીઓનો કાયમી શિબિર કહેવાય. ત્રણે પાસે પાસે છે છતાં અલગ અલગ છે. ત્રણે ઠેકાણે મિશ્ર વસ્તી છે. ત્રણે ઠેકાણે મોટી મોટી ધર્મશાળાઓ છે, સદાવ્રતો છે અને વિદ્યાલયો પણ છે. ત્રણમાં કનખલ ને હરદ્વાર એ જૂનાં છે અને પુરાણોમાં બન્નેનું માહાત્મ્ય ખૂબ વર્ણવેલું છે. કનખલથી થોડે દૂર નદી પાર આર્યસમાજીઓનું પ્રખ્યાત ગુરુકુલ* છે; હરદ્વાર અને જ્વાલાપુર વચ્ચે સનાતનીઓનું ઋષિકુળ છે; અને ખુદ જ્વાલાપુરમાં ઋષિકુળ જેવા સનાતની 'ઢંગનું' પણ આર્યસમાજી મતનું જ્વાલાપુર મહાવિદ્યાલય છે. ત્રણે સંસ્થાઓનો ઉદ્દેશ પોતપોતાના મત પ્રમાણે સ્વધર્મનો ઉદ્ધાર કરનાર ચુસ્ત ધર્મપ્રેમી અને ધર્મોપદેશક તૈયાર કરવાનો છે. ત્રણેને લાગે છે કે, અસરકારક ધર્મોપદેશ કરવા માટે અંગ્રેજી ભાષા અને લૌકિક વિદ્યાનું સંગીન જ્ઞાન હોવું

---

* મોટી રેલમાં આખું ગુરુકુલ તણાઈ જવાથી હવે એ સંસ્થા ગંગાની આ પાર કનખલમાં આવી છે.

જોઈએ. જ્યારે હું પહેલવહેલો આ ત્રણે સંસ્થાઓ જોઈ આવ્યો ત્યારે મારા પર એવી છાપ પડી કે, ત્રણે સંસ્થામાં સંસ્થાપકો અથવા અધ્યાપકો કરતાં વિદ્યાર્થીઓમાં ધાર્મિક ઝનૂન ઓછું હતું, અને મતાગ્રહ કરતાં સ્વદેશપ્રેમ વધારે હતો. આર્ય ધર્મ કે હિંદુ ધર્મ કરતાં રાષ્ટ્રધર્મની અસર એમના ઉપર કંઈક વધારે હતી. મુસાફર તરીકેની મારી પ્રથમ છાપ જ હું અહીં આપું છું. ત્યાર પછી એટલે કે યાત્રા પૂરી કર્યા પછી આ ત્રણે સંસ્થા સાથેનો મારો પરિચય વધ્યો. તેમને વિષે કહેવા જેવું ખૂબ છે. પણ યાત્રાવર્ણનમાં તે ન આવે.

એક સંસ્થાએ મારું ધ્યાન વિશેષ ખેંચ્યું. અને તે મુનિમંડલ આશ્રમ. આ સંસ્થા હરદ્વાર સ્ટેશન અને ઋષિકુળ વચ્ચે છે. મુનિમંડલ આશ્રમ વિદ્યાલય નથી પણ એક જાતનું ધર્મતત્ત્વસંશોધન મંદિર છે. અહીંયાંનો ધર્મગ્રંથભંડાર સરસ છે. એકાન્તમાં બેસી ધર્મચિન્તન અને અધ્યયન કરનાર માણસને ઘણો ઉપયોગી થાય એવો છે. આ સંસ્થામાં હરિવંશની એક ભારે પોથી છે. પોથીના દરેક પાના ઉપર એક કે વધારે સુંદર ચિત્ર, તેની આસપાસ જાતજાતની સોનેરી વેલો, અક્ષર તો મોતીના દાણા જેવા અને ચિત્રકામ જયપુરી પદ્ધતિનું અને અત્યંત મનોહારી. દરેક ચિત્ર નીચે તેનો પરિચય આપ્યો છે. તે મરાઠી ભાષામાં છે, છતાં તેની લિપિ મરાઠી પદ્ધતિની નથી, એટલે મને લાગે છે કે, આ અપૂર્વ ગ્રંથ કોઈ મરાઠા સરદારે જયપુરી કારીગરો પાસે તૈયાર કરાવ્યો હશે. મેં વડોદરા તથા જયપુરના તેમ જ બાંકીપુરની ખુદાબક્ષ લાયબ્રેરીના ચિત્રસંગ્રહ જોયેલા છે. બનારસના રાજાના મહેલની અંદર દીવાલો પર તુલસીરામાયણના જે પ્રસંગો ચીતરેલા છે તે પણ જોયેલા છે. છતાં આ હરિવંશની અંદર આપેલાં ચિત્રો અને વિવિધ પ્રસંગો જોઈ મને ખૂબ આનંદ થયો.

હિંદી કારીગરીની 'આલા દરજ્જા'ની વસ્તુઓ ક્યાં ક્યાં પડી હશે, ક્યાં ક્યાં સડતી હશે અને કેટલી દેશવટો ભોગવતી હશે, એનો વિચાર આવતાં મન ઉદ્વિગ્ન થયું. કેટલાયે ગ્રંથો લંડન મ્યૂઝિયમમાં કે બર્લિન મ્યૂઝિયમમાં ગયા છે, કેટલાંયે ચિત્રો અને મૂર્તિઓ બોસ્ટન

મ્યૂઝિયમમાં આજે વિરાજે છે. પોતાની આવી વિડંબના થતી જોઈ ભારત કળા પોક મૂકીને રોતી હશે એવો વિચાર મનમાં આવ્યો કે તે જ ઘડીએ મોઢામાંથી કેશવસુતની નીચેની લીટી સરી પડી :

'देवारे !' मग ती स्फुन्दे
अेवढा तरी लाभूं दे ।

ત્યાંના સાધુ લાયબ્રેરિયન મને પૂછવા લાગ્યા, 'તમે શું બોલ્યા?' મેં કહ્યું, 'કુછ નહીં, સ્વામીજી. મૈં યહી ચાહતા હૂં કિ ઐસે રત્ન દેશકે દેશમેં હી રહેં. યશોદા મૈયા જૈસી શ્રીકૃષ્ણકા જતન કરતી થી વૈસે હી આજ ઇસ હરિવંશકા જતન હોના ચાહિયે.'

આ તો બધી થઈ સહેજસાજ આધુનિક પદ્ધતિની સંસ્થાઓ. જૂની પદ્ધતિના અખાડાઓ, ગુફાઓ અને સાધુઓની કોઠીઓ તો અહીંયાં જોઈએ તેટલાં છે. શીખ ધર્મશાળાઓ, ઉદાસી પંથનાં મકાનો, શાંકરમતના દશનામી અખાડાઓ તો આવા ક્ષેત્રમાં હોય જ. અન્નક્ષેત્ર જોવા હું ખાસ ગયેલો. અહલ્યાબાઈ એટલે મહારાષ્ટ્રની ધર્મશ્રદ્ધા, મહારાષ્ટ્રનું દાનનૈપુણ્ય. અહલ્યાબાઈ એટલે મહારાષ્ટ્રની નારીપ્રતિષ્ઠા. આ પુણ્યશ્લોક રાણીએ પ્રજાનું માતૃવત્ પાલન કર્યું, વૈરાગ્યસાધનમાં જિંદગી વિતાડી, કુશળતાથી રાજ્યનું રક્ષણ કર્યું અને આસેતુહિમાચલ તીર્થે તીર્થે અન્નક્ષેત્ર સ્થાપી પોતાની કીર્તિ અજરઅમર કરી. આજે પણ અહલ્યાબાઈને નામે કાશીથી ગંગાજળની કાવડ ભરાઈ રોજ રામેશ્વર જાય છે. પણ આમાંનું કશુંયે અહલ્યાબાઈએ પોતાને માટે કર્યું નથી. એક બ્રાહ્મણે અહલ્યાબાઈની સ્તુતિનો એક સરસ ગ્રંથ લખી અહલ્યાબાઈને તે બતાવ્યો. તે સાધ્વીએ બ્રાહ્મણને દક્ષિણા આપી તે ગ્રંથ લીધો અને પાણીમાં ડુબાડી દીધો.

બુવાએ મને પૂછ્યું, 'તમને કોણે કહ્યું કે હરદ્વારમાં અહલ્યાબાઈનું અન્નક્ષેત્ર છે?' મેં કહ્યું, 'એ તો કોઈએ કહેવાની જરૂર જ ન હોય. મને લાગી જ આવ્યું કે અહીંયાં અહલ્યાબાઈનું અન્નક્ષેત્ર હોય જ.' મને નાનપણનાં સંભારણાં યાદ આવ્યાં. બુવાને મેં કહ્યું, 'હું નાનો

હતો ત્યારે ગોકર્ણમહાબળેશ્વર * ગયો હતો. ત્યાં પણ અહલ્યાબાઈનું એક અન્નક્ષેત્ર હતું. અમે એની પાસે જ ઊતર્યા હતા. બપોરે બાર વાગ્યે એક ભૂખ્યો મુસાફર અન્નક્ષેત્રમાં આવ્યો. કાઢેલું અબોટિયું પાછું પહેરી આ અતિથિને જમાડવા જેટલી શ્રદ્ધા ત્યાંના વ્યવસ્થાપકમાં ન હતી, એટલે એણે મારી મારફતે અતિથિને જમાડવાની સવડ કરી. હું આઠ વરસનો પણ નહીં હોઉં. મને જનોઈ પણ દીધું ન હતું, એટલે હું તો આઠ પહોર પવિત્ર જ. મેં તરત જ કપડાં ફેંકી દીધાં અને અન્નક્ષેત્રના રસોડામાં જઈ એક ભાણું — એક કેળનું પાન — પીરસી અતિથિ આગળ મૂકી દીધું, ને પાછાં કપડાં પહેરી મા પાસે આવ્યો. મેં માને પૂછ્યું કે આ દેવળ કોનું? માએ જવાબમાં અહલ્યાબાઈ વિષેનું એક લાંબું ગીત ગાઈ સંભળાવ્યું. તે દિવસથી હું અહલ્યાબાઈ ને પૂજતો આવ્યો છું. અહલ્યાબાઈ જાતે ભરવાડ હતી, પણ આજે ગોકર્ણમાં ચુસ્ત બ્રાહ્મણો અહલ્યાબાઈની મૂર્તિની પૂજા કરે છે.'

અરે! પણ હરદ્વારની વાત છોડી હું ગોકર્ણમાં ક્યાં ઊતર્યો? યાત્રા કરનાર માણસ જેમ હમેશાં સ્થાનાન્તર કરે છે તેમ તેને વિષયાન્તર કરવાની પણ ટેવ હોય છે. પ્રવાસી વાતૂડિયો તો હોય જ. હરદ્વારના ગમે તે અખાડામાં તમે જાઓ તો ત્યાં દેશદેશાન્તરની વાતો કરનાર સંન્યાસીઓ તમને મળી આવે. જ્વાલાપુરમાં કશી લાંબી મુસાફરી કર્યા વગર આખા હિંદુસ્તાનની વાતો કરનાર પંડાઓ તમને મળે. ફરક એટલો જ કે, સંન્યાસીઓ તમારી સાથે નિરપેક્ષ વૃત્તિથી વાતો કરે, જ્યારે પંડાઓ તમે માલદાર હો તો જ તમારી સાથે વાતો કરે. છતાં એમની વાતમાં માલ હોય જ છે એમ માનવાનું કશું કારણ નથી.

સાંજે તડકો ઓછો થાય એટલે ગંગાજીને કાંઠે ઘાટ ઉપર હજારો ને લાખો યાત્રાળુઓ ભેગા થાય છે. મુંબઈમાં જેમ ચોપાટી પર ભીડ થાય છે તેમ હરદ્વારમાં 'હરિકી પાયરી' પાસે લોકોની ભીડ થાય છે. ઠેક-ઠેકાણે 'સાધુસંતો' અને ધર્મપ્રચારકો વ્યાખ્યાન આપે છે, ભજનકીર્તન

* ગોકર્ણમહાબળેશ્વર એ હિંદુસ્તાનના પશ્ચિમ કિનારા પર કારવારની દક્ષિણે એક પ્રખ્યાત તીર્થસ્થાન છે. મહાદેવ પાસેથી રાવણને મળેલા શિવલિંગની અહીંયાં સ્થાપના છે.

કરે છે. ફેરીવાળાઓ વેપાર કરે છે અને બૈરાંઓ માગણુ સાધુ તરફથી થતી બધી હેરાનગતિ સહન કરીને પણ પોતાની પ્રસન્નતા જાળવી ગંગાના પ્રવાહમાં દીપદાન કરે છે.

દીપદાન એ મુગ્ધ સ્ત્રીસંસારનું એક અનુપમ કાવ્ય છે. અસંખ્ય જીવો જીવનસ્રોત ઉપર સુખદુઃખનાં મોજાં પર થઈને ભાગ્યના પવનની લહેર પ્રમાણે આમતેમ નાચતા જાય છે. કેટલાક શરૂઆતમાં જ ડૂબી જાય છે, કેટલાક કશો અનુભવ મેળવ્યા વગર સામે કાંઠે પહોંચી જાય છે, કેટલાક બબ્બેની જોડી થઈ જાય છે, કેટલાક પોતાની નાનકડી હોડી જ બાળી નાખે છે અને આ રીતે એ ક્ષણુની દીપ્તિ બતાવી લુપ્ત થઈ જાય છે. કેટલાક પોતાના સૌમ્ય તેજની આસપાસ અમુક સ્નેહનો સંગ્રહ રાખી ખૂબ દૂર સુધી સહીસલામત જાય છે અને બીજાઓને દિશાદર્શક થઈ પડે છે. દીપદાન એ આનું જ એક પ્રતીક છે. એક તરફથી અસંખ્ય દીપોની વિશૃંખલ હાર ભાગ્યસ્રોતમાં તણાતી જાય છે, અને બીજી તરફ મંદિરોમાં અસંખ્ય ઘંટાઓનો તાલબદ્ધ રણકાર હવા પર થઈને અનંતના ઉદરમાં પ્રવેશ કરે છે, અને ગંગામૈયા એકબીજા સાથે લડી લડીને લીસા, સુરૂપ અને અહિંસક બનેલા કંકર સાથે રમતી રમતી અને હસતી આ બધું સાંભળે છે. કેવું કાવ્યમય દૃશ્ય! આકાશમાં તારાઓ પણ ક્ષણ વાર સ્તબ્ધ બની આ બધું નિહાળે છે. પોતાનું સનાતન સંગીત થંભાવી રાખી તારાઓ ઘંટાનાદ સાંભળતા હશે અને પોતાનું દિવ્ય નર્તન થોભાવી દીપમાલાની શોભા નિહાળતા હશે. ગંગામૈયા પોતાના કલવરથી કહેતી હશે કે, 'હિંદુસ્તાનમાં આવેલાં દેશદેશાન્તરનાં સંતાનો મારા પ્રિય કંકરોની પેઠે સહિષ્ણુ અને અહિંસક બની એકત્ર રહેશે એમ સાબિત કરનાર હું ભારતની સંસ્કૃતિ છું.'

ચંદ્રમા અસ્ત થયો અને અમે ગંગાજીને કાંઠે કાંઠે ચાલતા કનખલ આવી પહોંચ્યા. રસ્તામાં ઘાસની સાદડીનાં બનાવેલાં કેટલાંયે ઝૂંપડાં અમે જોયાં. ઝૂંપડાંની રચના, એની સાદાઈ, એની સુંદરતા અને ટાપટીપ જોઈ હું ખુશ થયો. સાધુઓમાં મકાનો વિષેની અભિરુચિ ઊંચા દરજ્જાની હોય છે અને પોતાનાં ઝૂંપડાંની આસપાસની સ્વચ્છતા પણ તેઓ બહુ જ ચીવટપૂર્વક જાળવે છે. આધુનિક સૂગ છોડી દઈ તમે

તેમની સાથે ભળો તો તેમનામાં કેટલીયે ખાનદાની, બહુશ્રુતતા, તિતિક્ષા તમે જોઈ શકો. સાધુઓમાં જેમ એક ખોટો ખ્યાલ રહે છે કે, હૅટસ્ટૉકિંગ અને ચશમાં પહેરનાર લોકો નાસ્તિક અને ધર્મભ્રષ્ટ હોય છે, તેમ સુધરેલા લોકોને પણ લાગે છે કે, દરેક ભગવી કંથાની નીચે એક નવરો, ધૂર્ત અને આળસુ પાખંડી હોય છે. બાહ્ય આકારની પૂજા જેમ અજ્ઞાન સૂચવે છે, તેમ બાહ્ય આકાર પરથી કેળવેલો તિરસ્કાર પણ તેટલું જ અજ્ઞાન સૂચવે છે.

હરદ્વારમાં પણ અંગ્રેજી બોલી શકનાર સાધુઓની પ્રતિષ્ઠા વધારે છે એમ જોઈ મને ખોટું તો લાગ્યું જ. પણ અમને અંગ્રેજી બોલનાર સાધુઓ કરતાં અમારો બોજો ઊંચકનાર કુલીની જ ચિંતા વધારે હતી, તેથી કનખલથી બીજે દિવસે સવારે તેની ચોકસી કરવા અમે ભીમગોડા તરફ ગયા.

૨૧

પ્રસ્થાન

હરદ્વારથી ગંગાને કાંઠે કાંઠે ગંગોત્રીની શોધમાં પહેલવહેલો યાત્રી ક્યારે નીકળ્યો હશે, તેનો ઇતિહાસ આપણને મળી શકે ખરો? ગંગોત્રી, જમનોત્રી, કેદાર, બદરી, અમરનાથ, ખોજરનાથ, માનસ સરોવર, રાકસતાલ, અમરકંટક, મહાબળેશ્વર, ત્ર્યંબક બધાં તીર્થો નદીનું મૂળ શોધવાની નૈસર્ગિક જિજ્ઞાસાનાં પરિણામ છે એમ હું માનું છું. ઉત્તર ધ્રુવ તરફ રહેતી આર્ય પ્રજા જેમ ઉષ્ણતા આપનાર સૂરજ ક્યાંથી ઊગે છે અને ક્યાં આથમે છે એમ શોધવા માટે બહાર નીકળી અને ચારે ખંડો પર પ્રસરી, તેમ હિંદુસ્તાનનાં સંતાનો પોતાનાં ઢોરને લઈને કે એકલાં નદીનું મૂળ શોધતાં શોધતાં ફરતાં હોય એમાં નવાઈ નથી.

યાત્રાનો ઉદ્દેશ ધાર્મિક હોવા ઉપરાંત લશ્કરી પણ હોઈ શકે છે એમ એક વાર હું કહી ચૂક્યો છું. લશ્કરી દૃષ્ટિએ આસપાસના પ્રદેશનું રક્ષણ કરવાને સમર્થ એવું એક ઊંચું સ્થાન અથવા સંખ્યાબંધ લોકોના

કોઈ ઉપયોગમાં આવે એવું જળાશય લાયક કે નાલાયક રાજાના હાથમાં રહેવા કરતાં ધર્મચુસ્ત પ્રજાની શ્રદ્ધાનું કેન્દ્ર બની જાય તો સલામતી વધારે, એમ આપણા આદ્યપુરુષોને લાગ્યું હશે અને ધર્મો રક્ષતિ રક્ષિતઃ એ સૂત્રનું ત્યાં પ્રત્યક્ષ પ્રમાણ મળી જતું હશે. કેદાર અને બદરી એટલે તિબ્બત સાથેના વેપારનો નેતિઘાટવાળો રસ્તો. આ રસ્તો વરસમાં આઠ નવ મહિના તો બરફથી ઢંકાયેલો હોવાથી બંધ જ હોય છે અને ફક્ત ચોમાસાના દિવસોમાં ખુલ્લો હોય છે. તે જ દિવસોમાં શાન્તિમય વેપાર કે અશાન્તિમય ચડાઈ થઈ શકે છે. આ ચાર મહિનામાં જ જો હજારો યાત્રાળુઓ તે રસ્તે આવજા કરે તો તે રસ્તાનું સ્વાભાવિક રીતે રક્ષણ પણ થાય અને વેપાર પણ સહેલાઈથી વધે. કૈલાસ અને માનસ સરોવરનું પણ એમ જ છે. લેપુઘાટ અને ઊંટાધુરાઘાટ આપણને માનસ સરોવર અને રાકસતાલ વચ્ચે થઈને ગ્યાનિમા અને ગડતોક જેવાં તિબ્બતી વેપારનાં મથક તરફ લઈ જાય છે. માનસ સરોવર અને કૈલાસ જનાર માણસ ત્યાં જ કૈલાસવાસી ન થાય તો જરૂર યાત્રાના પુણ્ય સાથે તિબ્બતના અમૂલ્ય ગાલીચાઓ અને બીજી વસ્તુઓ લઈ આવવાનો.

કોયડા સાથે તેનો જવાબ પણ આપેલો હોય તો જેમ પ્રયત્નનો આનંદ જતો રહે છે તેમ જ આજે યાત્રાઓનું થયું છે. આજે હિમાલયની યાત્રાઓમાં પણ યાત્રાના રસ્તાઓ ઘણે ભાગે સહેલા થઈ ગયા છે. જૂના વખતમાં ગંગોત્રી કે બદરીનારાયણની યાત્રા કરનાર લોકો પોતાની માલમતા પોતાનાં દીકરાદીકરીને વહેંચી નાખતા, બધાં સગાં-વહાલાંને મળી આવી વિદાય લેતા, અને લડવા જનાર સિપાહીની પેઠે મોતનું તેડું સ્વીકારીને જ પ્રસ્થાન કરતા. એમને મોત ન આવે તો એ વાંક એમનો નહીં; એ તો મોતની બેદરકારી કહેવાય. આજે બદરી-નારાયણમાં પણ યાત્રાના દિવસોમાં તાર મોકલી શકાય છે અને મનીઑર્ડરથી પૈસા મંગાવી શકાય છે. ગંગોત્રી જમનોત્રી તરફ આટલી સગવડ નથી એટલે ત્યાં હજી પુણ્યાંશ બાકી રહ્યો છે.

* * *

ભીમગોડથી સહેજ આગળ ગયા પછી અમને કુલીઓનું સ્થાન જડ્યું. અમારે એક જ કુલી જોઈતો હતો, પણ અમને બે ભાઈ મળ્યા.

તેમણે કહ્યું, 'તમારો બોજો તો એક કુલી જેટલો જ છે, પણ અમે બે જણ તે ઉપાડીશું. તમે અમને એક જણની જ મજૂરી આપો એટલે પત્યું.' તેઓ અમારી ભાષા જાણતા નહોતા એટલે સ્વામીએ મરાઠીમાં કહ્યું, 'કાકા, ઠીક છે. આ જ લોકોને આપણે રાખીશું. આપણને એકને બદલે બે કુલીઓ મળે છે. રસ્તામાં બંનેને સારી પેઠે ખવડાવીશું એટલે પ્રાણીઓ ખુશ રહેશે. આપણે દરેક મુકામને દિવસે એમને ખીચડી ખવડાવીશું. આ લોકોને ખીચડી તો શીરાપુરી કરતાં પણ વધારે રાજવિલાસી ભોજન લાગે છે.' અમે અમારો બોજો કેરાસિંગ અને બાદરુને માથે ચડાવ્યો અને પોતાનું ભાગ્ય સાથે લઈને ચાલ્યા. चराति चरतो भगः ।

૨૨

હૃષીકેશને રસ્તે

જંગલમાં કોઈ નાગણ જાય તેમ ડાબી બાજુ પર ઘીચ ઝાડીમાં થઈને રેલવે ડેહરાડૂન તરફ જતી હતી. જ્યાં સુધી આ રેલવે લાઈન દેખાતી હતી ત્યાં સુધી આપણે પવિત્ર યાત્રા કરવા ઊપડ્યા છીએ એવો ભાવ મનમાં કેમે કર્યો આવે નહીં. પણ અમારા રસ્તાએ થોડા જ વખતમાં રેલવે લાઈન સાથે અસહકાર કર્યો અને એક સુંદર પુલ ઉપર થઈને તે જંગલમાં ઘૂસ્યો. અમને નીકળતાં સહેજ મોડું તો થયું હતું, એટલે સત્યનારાયણ પહોંચતા પહેલાં લગભગ બપોર થઈ ગયા હતા.

અહીંનું મંદિર સારું છે. મંદિરની અંદર લક્ષ્મીનારાયણની આરસ-પહાણની મૂર્તિઓ પ્રેમભાવ ઉપજાવે એવી આકર્ષક છે. ગોરમહારાજ દક્ષિણાની આશાએ અમારી તરફ તાકીને જોતા હતા. શું લક્ષ્મીપતિ સત્યનારાયણના કરતાં અમારાં વદનસરોજ વધારે આકર્ષક હતાં ? બિલકુલ નહીં; પણ મંદિરમાં ઊભી રહેલી આરસપહાણની લક્ષ્મી કરતાં અમારા ગજવામાં રહેલી રૌપ્ય લક્ષ્મી એને વધારે આકર્ષક હતી. અમે

કૂવા પર જઈ હાથપગ ધોઈ લીધા અને મંદિરમાં જરા આરામ કરવા જઈ બેઠા. ત્યાં ચિરપરિચિત ગાયન સ્ફુર્યું :

आजचा सुदीन रे सुदीन
आमुचा अुदयला भाग्याचा
आमुचा अुदयला भाग्याचा
आमुचा अुदयला भाग्याचा

लक्ष्मीनारायण पाहिला
दयाघन देव वैकुंठिचा
दयाघन देव वैकुंठिचा
दयाघन देव वैकुंठिचा

લોકગીતના રાગમાં તાર સ્વરમાં ગાનાર મારા જેવા સંગીતશત્રુનો સાદ સાંભળી કેટલાક લોકો ત્યાં ભેગા થયા. મારો તાર તૂટ્યો અને લજ્જાથી સહેજ ફજેત થયેલું મોં લઈ બહાર નીકળ્યો.

ત્યાંથી જરાક આગળ ગયા ત્યાં એક નાનકડું ઝરણું વહેતું હતું અને આસપાસની ઝાડીમાં કેટલાક લોકો પાકક્રિયા સિદ્ધ કરતા હતા. અમે પણ એક પાકાનુકૂલ સ્થાન શોધી કાઢ્યું અને ચુલ્લિકાની ઉપાસના શરૂ કરી. રાંધવાનો ઇજારો બુવાએ લીધેલો, કેમ કે તેઓ સ્વયંપાકી હતા અને તેમાં વળી દક્ષિણી દેશસ્થ બ્રાહ્મણ — સ્વામીના કે મારા હાથનું તેમને ચાલે નહીં. એટલે અમને હંમેશને માટે એક ભારે રાહત મળી ગઈ હતી. સ્વામી લાકડાંપાણીની વ્યવસ્થા કરે, હું ચૂલો સળગાવી તૈયાર કરી આપું; જરૂર પડ્યે બજાર કરવાનું કામ પણ સ્વામીનું જ. દરેક મુકામે સામાન છોડવો અને ફરી બાંધવો એ કૌશલ્યમાં હું સૌથી પ્રવીણ. (એમાં પણ કૌશલ્ય હોય છે.) અને બુવા રાંધે ત્યાં સુધી અમે બંને બુવાને કંઈક કંઈક સરસ વાંચી સંભળાવીએ.

સ્વામી પાસે થોરોના નિબંધો હતા તેમાંથી આજે સ્વામીએ નૈસર્ગિક માણસનું વર્ણન વાચન માટે પસંદ કર્યું હતું. મારી એક હાથ પહોળી ઘાસની ચટાઈ લઈ પથરા ઉપર પાથરી સ્વામી તેના પર વિરાજમાન થયા. ઘાસની ચટાઈ જંગલના પથરા ઉપર શું ટકી શકે? સ્વામીને નૈસર્ગિક

માણુસ બની મારી વહાલી ચટાઈ પ્રત્યે ક્રૂરતા બતાવતા જોઈ હું ચિડાયો. મેં તેમને ઊડવાનું કહ્યું, પણ જે સ્વામી હોય તે શું કહ્યું માને? હું સારી પેઠે ચિડાયો હતો. મેં તેમનો પગ પકડી ખેંચવાનો વિચાર કર્યો. એટલામાં એક ગાંડા જેવો માણસ અમારી પાસે આવ્યો, એણે પાસેના ઝરણાનું પાણી લઈ અમારા પગ પખાળ્યા અને 'अद्य मे सफलं जन्म अद्य मे सफलाः क्रियाः' બોલવા લાગ્યો. સ્વામીએ એને કંઈક આપી વિદાય કર્યો અને અમે જમવા બેઠા. બુવા પીરસે ત્યારે માની પેઠે હેતથી પીરસે. અમે ખાધું, સહેજ આરામ કર્યો અને આગળ ચાલ્યા.

રસ્તામાં કૈરાસિંગે અમને ગંભીરતાથી કહ્યું, 'આ વેગે ચાલશો તો અમને પાલવશે નહીં. આમ તો ચાર મહિનેય મુસાફરી પૂરી ન થાય. મજૂરીના બધા પૈસા ખાધા ખાતે જ ખરચ થઈ જાય. પછી અમે ઘેર વરસની કમાણી શી લઈ જઈએ?' બિચારો ક્યાં જાણતો હતો કે થોડા જ દિવસમાં અમારી ગતિ એટલી બધી વધવાની હતી કે અમારી પાછળ દોડતાં દોડતાં એમનો દમ નીકળી જાય. સાંજ પડયે અમે હૃષીકેશમાં બાબા કાલીકમલીવાલાની ધર્મશાળામાં આવી પહોંચ્યા.

૨૩

સાધુઓનું પિયર

કોઈ નિરાશ થયેલા વેપારીને આશીર્વાદ અને ઉત્સાહ આપી એક સંન્યાસીએ ધંધામાં પાછો વાળ્યો. વેપારીનું ધંધામાં ભાગ્ય ખૂલ્યું. સંન્યાસીએ વેપારીની કૃતજ્ઞતાની ભેટ સ્વીકારવાની ના પાડી અને કહ્યું, 'તારે પૈસા ખરચવા હોય તો હિમાલયના યાત્રીઓનું દુઃખ દૂર કરી એમની બધી સગવડ કરી આપવામાં ભલે ખરચ.' વેપારીએ હૃષીકેશથી બદરીનારાયણ સુધી યાત્રાળુઓ માટે મોટી સગવડો ઊભી કરી; સંન્યાસીએ એની દેખરેખ પોતાને માથે રાખી. સંન્યાસી જાતે એટલા વિરક્ત કે પોતાની દેખરેખ તળેના કોઈ પણ અન્નછત્રમાં જમે તે પહેલાં અમુક ઘડા પાણી આણીને છત્રના હોજમાં રેડ્યા વગર રહે નહીં. એ સંન્યાસીએ 'પક્ષપાતરહિત અનુભવપ્રકાશ' કરીને એક ગ્રંથ પણ લખ્યો છે. સંન્યાસીએ કફની કાળા કામળાની બનાવેલી હતી, તેથી એમનું નામ 'બાબા કાલીકમલીવાલે' પડ્યું હતું.

સાંજે અમે હૃષીકેશ પહોંચ્યા તે આ કાલીકમલીવાલાની ધર્મશાળામાં જ. મહારાષ્ટ્રમાં પણ ધર્મશાળાઓ હોય છે. પણ ત્યાં મકાન સાચવવા ઉપરાંત રખેવાળને ઝાઝું કામ નથી હોતું. પંજાબ તરફ ધર્મશાળા એ સંસ્થા જ જુદી છે. શીખ લોકોના ગ્રંથસાહેબ જ્યાં રખાય છે ને વંચાય છે તે સ્થાનને ત્યાં 'ધર્મશાળા' કહે છે. અસલ એ જ અર્થ બરાબર છે. એવાં ગુરુદ્વારા અથવા ધર્મશાળામાં યાત્રાળુ અને અતિથિ આવી સુખેથી રહી શકે છે. ધર્મશાળાના સાધુઓ અને વ્યવસ્થાપકો એમની સગવડ તરફ ખાસ ધ્યાન આપે છે.

આ આતિથ્યનું પ્રમાણ આપણે ધારીએ અથવા ઇચ્છીએ એના કરતાં વધારે હોવાથી પહેલે અનુભવે હું ઠીક ઠીક મૂંઝાયો. અમે ધર્મશાળામાં ગયા કે તરત જાણે નોતરેલા મહેમાન હોઈએ તેમ અમારું સ્વાગત પ્રસન્ન

વદને થયું. જમણી બાજુ મેડા પર અમને એક ઓરડી આપવામાં આવી. એક માણસ ત્યાં આવી દીવો કરી ગયો. બીજો આવીને પૂછે, 'શાં શાં વાસણ જોઈએ છે?' અમારી લેવાની તૈયારી હોત તો અમને સીધું પણ આપત. આવા સ્વાગતને માટે તૈયાર નહીં હોવાથી હું મૂંઝાઈ ને એક ખૂણામાં બેસી ગયો. સ્વામીને અજાણ્યા સમાજમાં ભળતાં સરસ આવડે છે. બુવાને અને મને હિંદી આવડે નહીં એ અમારી અગવડ હતી. એટલે ફરવા ચરવાનું કામ સહેજે સ્વામીનું હતું. એ જ અમારા મુખી બન્યા. આખી યાત્રામાં એમણે એ ભાગ યોગ્યતાપૂર્વક ભજવ્યો. કોક કોક વાર તેમના ઉત્સાહને લીધે અમારે ખમવું પડતું. પણ સરવાળે એમની આગેવાનીથી અમારી સગવડ અને શાંતિ ખૂબ જળવાતી.

બુવાએ રાંધ્યું. લાકડાના ધુમાડાએ સાસુપણું ઠીક ઠીક ભજવેલું હોવાથી મૂક વહુની પેઠે બુવાએ પુષ્કળ રડી લીધું હતું. અમે ત્રણેયે ખાધું. જ્યારે મુખ્ય વ્યવસ્થાપક સંન્યાસી કુશળપ્રશ્ન અને અમારી હાજતો પૂછવા આવ્યા ત્યારે એના જવાબ આપવાને સ્વામીને મુખત્યારપત્ર આપી હું નિરાંતે સૂઈ ગયો. ધર્મશાળામાં એટલા બધા યાત્રીઓ ભેગા થયા હતા કે ત્રીજા વર્ગના મુસાફરખાના જેટલી જ ત્યાં ધમાલ હતી. એટલે આસપાસ ફરવાનું કે નિરીક્ષણ કરવાનું જરા સરખું મન ન થયું.

સવારે ઊઠતાંવેંત સ્વામીએ રાત્રે મેળવેલી કેટલીયે હકીકત અમારી આગળ પીરસી. અહીં આટલી આટલી ધર્મશાળા છે, આટલાં અન્નછત્રો છે; પાસે જ ઝાડી કરીને બોરવન છે, એમાં સાધુઓ ઝૂંપડીઓ બાંધીને રહે છે; પંજાબી ધર્મશાળાની આવક ઘણી છે, વગેરે બધું કહ્યું. ઊઠીને શૌચ જઈ આવ્યા ત્યાં તો હાથપગ ધોવા પાણી આપનાર પણ એક માણસ તૈયાર. યાત્રીઓ માટે આટલી આગતાસ્વાગતા સારી નથી એમ તે વખતે મનમાં થયેલું તે આજે પણ કાયમ છે.

આપણાં કાવ્યોમાં, પુરાણોમાં અથવા આજકાલની નવલકથાઓમાં શૌચ વિધિનો ઉલ્લેખ કોઈ ઠેકાણે આવતો જ નથી. સ્મૃતિવચનો બહાર જાણે એ વસ્તુને સ્થાન જ નથી. આ ધર્મશાળાની આસપાસ પણ એ આવશ્યક વિધિ માટે કોઈ ખાસ જગા કે સગવડ હતી નહીં. બાકીની બધી સગવડો જોઈએ તે કરતાં વધારે, પણ આ કુદરતી હાજત તો કુદરત પર જ

છોડી દીધેલી! એટલે મેં મનમાં વિચાર કર્યો, હું જો સંન્યાસી થાઉં અને મારા આશીર્વાદથી જો કોઈ નિરાશ વેપારી કરોડપતિ થાય તો એને પુણ્યના માર્ગ તરીકે હું એમ જ સૂચવું કે, 'એકે નવી ધર્મશાળા ન બાંધતો, હિંદુસ્તાનમાં જ્યાં જ્યાં ધર્મશાળાઓ હોય ત્યાં ત્યાં શૌચવિધિ માટે આદર્શ સ્થાનો બાંધજે. આમ કરવાથી તું તો સ્વર્ગે જઈશ જ, પણ આ દેશના લાખો યાત્રાળુઓને સવારના નરકમાંથી બચાવીશ.' મને બનારસના ત્રૈલિંગ સ્વામીનું સ્મરણ થયું.

હૃષીકેશની ભૂમિ પર રામચંદ્રજીના ભાઈ ભરતની માલિકી જણાય છે. સાધુઓને ઝૂંપડી બાંધવી હોય તો તે ભરતમંદિરના વ્યવસ્થાપકોની પરવાનગી લેવી પડે છે. ભરતજીનું દર્શન કરી અમે માર્ગે સિધાવ્યા.

કોઈ પણ સ્થળે અનેક વાર ગયા હોઈએ તો પ્રથમ દર્શનનું કૌમાર્ય નષ્ટ થાય છે. પણ કાલીકમલીવાલાની ધર્મશાળામાં ત્યાર પછી અનેક વાર હું ગયો છું છતાં પહેલા દિવસનું સ્મરણ આજે એટલું ને એટલું તાજું અને નવીન છે.

એક તરફ પહાડની ઝાડી અને બીજી તરફ ગંગાજીનું પુલિન એવી શોભા નિહાળતા નિહાળતા અમે ચાલ્યા. ત્યાં ડાબી બાજુ ધનરાજગિરિની કોઠી આવી. આનું પાડેલું નામ 'કૈલાસકીર્તિ આશ્રમ' છે, પણ તે ધનરાજગિરિની કોઠી તરીકે જ ઓળખાય છે. વિદ્વાન સંન્યાસીઓની આ વેદાંતની કૉલેજ છે એમ કહીએ તો એનો પૂરતો ખ્યાલ આવી જાય. અત્યંત પ્રાચીન કાળથી સંન્યાસીઓએ આ ગંગાતટ ધ્યાન અધ્યયન માટે પસંદ કર્યો છે. અહીં અન્નછત્રો સ્થપાયાં તે પહેલાં સાધુઓ સવારની સાધના પૂરી કરી ૧૧ માઈલ ચાલીને ભિક્ષા માટે હરદ્વાર જતા. અને ત્યાંથી એટલા જ માઈલ પાછા આવી ફરી પોતાની ગુહામાં પ્રવેશ કરતા. એમની હાડમારી જોઈ હૃષીકેશમાં અન્નછત્ર સ્થપાયું. અને અહીંથી શાક રોટલી વગેરે ઝાડીમાં ફરીને સાધુઓને પહોંચાડવામાં આવતું. પછી તો સાધુઓ જ અન્નછત્રમાં આવીને ભિક્ષા લઈ જાય એવી ગોઠવણ થઈ. કેટલાંક અન્નછત્રમાં અમુક પ્રમાણમાં જ ખોરાક અપાય છે, જ્યારે કેટલાંકમાં સાધુઓ માગે તેટલો. સાધુઓ માંદા કે બંગાળી હોય તો તેમને ભાત મળે છે. પેટૂડા સાધુઓ એમાંથી એક વર્ગમાં ઘૂસી ભાત મેળવે

છે, બીજા અન્નછત્રમાં જઈને દાળરોટલી મેળવે છે, અને ગંગાને કિનારે બેસી એ આરોગે છે. રોટલીની કિનારનો હક તો ગંગાનાં માછલાંનો.

હૃષીકેશની ઝાડીમાં સાધુઓ સુંદર ઝૂંપડાં બાંધે છે. જંગલમાંથી ઘાસ આણે, એમાંથી થોડાનાં દોરડાં બનાવે. લાકડાં માટે તો દૂર જવું પડતું જ નથી. ગંગાજીમાં કેટલાંયે લાકડાં સાફ થયેલાં તણાઈ આવે છે. એમને જ વેઠે પકડે એટલે કામ સર્યું. એક દિવસમાં એક ઝૂંપડું તૈયાર. દસવીસ ઝૂંપડાં વચ્ચે એક વ્યાખ્યાનમંડપ પણ બાંધેલો હોય. એમાં કોઈ વિદ્વાન આચાર્ય બેસીને રોજ સાંજે પ્રસ્થાનત્રયીનું વિવરણ ચલાવે, અને નાનામોટા સાધુઓનું જૂથ 'બ્રહ્મ સત્યં જગન્મિથ્યા'નો સિદ્ધાંત અનેક રીતે સમજી લે. અહીં બધું ચર્વિતચર્વણ જ ચાલે છે એમ નથી. નવી નવી શંકાઓ ઊઠે તેના જવાબમાં નવી નવી દલીલો થાય. કેટલાક અર્વાદગ્ધોનો પાશ્ચાત્ય વિચારોનો કઢંગો સમન્વય કરવાનો પણ અહીં પ્રયત્ન ચાલે. કુંભનો મેળો આવે ત્યારે આવા નવા ઉમેરાનો વિનિમય થાય અને શાસ્ત્રાર્થમાં રસ વધે. આ રીતે આપણા સાધુઓએ આપણું અધ્યાત્મશાસ્ત્ર જીવતું, જાગતું અને ગાજતું રાખ્યું છે.

કહે છે કે, ઔરંગઝેબ એક વાર આ અધ્યાત્મના વિદ્યાપીઠ પર કટક લઈને આવ્યો. સાધુઓએ પોતાનાં ઝૂંપડાં બાળી નાખ્યાં અને તેઓ જંગલ ગામડાંમાં વેરાઈ ગયા. સૈનિકો એમની પાછળ ક્યાં સુધી દોડે? ઔરંગઝેબ ફજેત થઈને પાછો ગયો. અને ત્રણ જ દિવસમાં એ વિદ્યાપીઠ પહેલાં હતી તેવી જામી. જેઓ અપરિગ્રહવ્રત પાળે તેઓ પરતંત્ર કે પરાસ્ત શી રીતે થાય!

અહીંથી આગળ જતાં રામાશ્રમ આવ્યો. આ નાનકડી સંસ્થા સ્વામી રામતીર્થના સ્મરણમાં આગ્રાના લાલા બૈજનાથે ઊભી કરી છે અને એમાં એમણે પોતાની એક નાનકડી લાયબ્રેરી રાખી છે. લાલા બૈજનાથ હિંદુ ધર્મના ઊંડા અભ્યાસી. 'પ્રાચીન અને અર્વાચીન હિંદુ ધર્મ' એ એમની અંગ્રેજી ચોપડી મેં વાંચેલી. લાલાજી આશ્રમમાં છે એમ ખબર પડતાં એમને મળવાનું મન થઈ આવ્યું. એમની સાથેની વાત પરથી મારા પર એવી છાપ પડી કે, રામતીર્થના આ ભક્તના મનમાં કાંઈક એવો ખ્યાલ છે કે રામતીર્થના ઘડતરમાં પોતાનો પણ કંઈક

जीवन निर्माण में

હાથ અથવા ફાળો છે. અને એ વાત સાચી પણ હોય. એમણે અમને જમવાનું આમંત્રણ આપ્યું. અમે જમ્યા. એમને ગમે કે ન ગમે એનો વિચાર કર્યા વગર એમના દીવાનખાનામાં થોડુંક સૂઈ ગયા. પછી વાતો કરી. અને આગળ ચાલ્યા.

આજકાલના સાધુઓ શાસ્ત્રાધ્યયન કરતા નથી, જીવનની નવરાશ વેડફી નાખે છે; એમને કેળવીએ તો ધર્મની ભારે સેવા થાય, દેશનો સર્વાંગીણ ઉદ્ધાર થાય, એ જાતની ધૂન લાલાજીના મનમાં હતી. એટલે ભણેલા વિરક્ત યુવાનોનો સંગ્રહ કરી આવા આશ્રમોમાં નવા નવા સ્વામી રામતીર્થો ઘડી કાઢવા એ તલસતા હતા. અમારા તરફ કંઈક લોભી નજરે એ જોતા હતા એ વાત મારાથી છૂપી ન રહી, પણ અમે કોઈ ઠેકાણે થોભવા આવ્યા ન હતા. અમે તો ચાલવાની ધૂનમાં હતા. ઘણાં વરસ પછી એ જ લાલા બૈજનાથને હું આગ્રામાં મળેલો. ત્યારે પણ મને એમણે અકબરની પ્રખ્યાત કબરને રસ્તે યમુનાકિનારે પોતે એક નિવૃત્તિસ્થાન બાંધ્યું છે તે બતાવી ત્યાં નિવાસ કરવાને લલચાવ્યો હતો. એ નિવાસસ્થાનની રચના બહુ મજાની હતી. એક ટેકરાને માથે એક ઓરડી બાંધેલી. એ પુસ્તકાલય તરીકે કામ આવવાની હતી. એ ઓરડી તળે ટેકરાના પેટમાં બીજી ઓરડી હતી. એ ઓરડીમાં યમુના પરથી આવતો ઠંડો પવન હમેશાં મળતો. પ્રકાશ પણ એ જ રસ્તે આવતો. આ ઓરડી ધ્યાન માટે હતી. પાસે જ એક રસોઇયાની ઓરડી થવાની હતી. આ સ્થાનમાં રહી સંસ્કૃત અને અંગ્રેજી ધર્મગ્રંથોનું ઊંડું અધ્યયન કરવું અને દેશપરદેશમાં ધર્મનો પ્રચાર કરવો એ એમની સૂચના હતી.

અમે રામાશ્રમમાંથી બહાર નીકળ્યા ત્યાં તો જમણી બાજુ ખડક તળે વહેતી ગંગાને કિનારે વાંસનો તરાપો બનાવતા સુતારને મેં જોયા. મને તરત રાતની હાડમારીનું સ્મરણ થયું. એક સુતાર પાસે જઈને મેં કહ્યું, 'ભલા માણસ, આ વાંસમાંથી એક વેંતની ભૂંગળી મને ન આપે ?' એણે એ આપી. અને બુવાને ચૂલો સળગાવવાની ભારે સગવડ થઈ. આ વેણુધમનીએ આખી મુસાફરીમાં ઇંધન પ્રદીપ્ત કરવાનું અમારું કામ કર્યું. આખરે બુવાની ગફલતથી એ અર્ધી બળી ગઈ. અને

બાકીની કોઈના પગ તળે આવી ભાંગી ગઈ. બીજી ભૂંગળીનું શું થયું એ યાદ નથી. આવી વાંસની ભૂંગળી સાથે રાખવાનું મને સૂઝયું એટલે બુવા અને સ્વામી આગળ મારી સૂઝશક્તિની પ્રતિષ્ઠા ઠીક ઠીક જામી. અને અત્યાર સુધી એમાં ઉમેરો જ થતો ગયો છે.

અહીંથી અમે લક્ષ્મણઝૂલા પહોંચ્યા. હૃષીકેશથી લક્ષ્મણઝૂલા સુધી રામ, ભરત, શત્રુઘ્ન અને લક્ષ્મણ એ પ્રમાણે ચાર મંદિરો છે. રામ-મંદિરની આસપાસ બજાર છે અને સામે નાનો સરખો ત્રિવેણીસંગમ છે. ભરત તો, ઉપર કહ્યું તેમ, અહીંની બધી ભૂમિનો માલિક છે. શત્રુઘ્ન આગળ ટેહરી દરબાર તરફથી યાત્રીઓ અને મજૂરો વચ્ચે કરાર લખાય છે. અને લક્ષ્મણ તો ગંગા પાર કરનાર યાત્રાળુઓ પર નજર રાખે છે.

કુલી સાથેનો કરાર એ મહત્ત્વની વસ્તુ છે. ટેહરી રાજ્યમાં કેળવણીનો બહોળો પ્રચાર છે જ નહીં. આ જંગલી કુલીઓ યાત્રાળુઓનાં જાનમાલ અક્ષરશઃ માથે ચડાવી ભયાનક અરણ્યમાંથી પસાર થાય છે. તેમના પર રાજ્યનો અંકુશ જરૂરનો છે. અને ધૂર્ત દુનિયામાંથી આવનાર અને પાપના પ્રાયશ્ચિત્ત માટે યાત્રા કરતા છતાં પોતાની ટેવ ન છોડનાર યાત્રાળુઓ બિચારા મજૂરોને ન જ ઠગે એની પણ ખાતરી નથી. એટલે મજૂરો કરાર વગર એક ડગલું પણ ન ચાલે. ગંગોત્રી જમનોત્રી તથા કેદાર બદરી એ ચાર સ્થાનોની યાત્રા કરી યાત્રાળુઓ રામનગર, આલમોડા કે કાઠગોદામ પહોંચે છે. પણ મજૂરો ત્યાં સુધી નથી જતા. ટેહરી રાજ્યની હદ તો બદરીનારાયણથી પાછા જતાં મિલચૌડી અથવા ગણ્ઈ કરીને સ્થાન છે ત્યાં આવે છે. એટલે ટેહરીના મજૂરો પરરાજ્યમાં ન્યાય ન મળે એ બીકે આગળ જતા નથી. મિલચૌડીમાં નવા મજૂરો કર્યે છૂટકો.

લક્ષ્મણઝૂલાનો હાલનો પુલ લોઢાની દોરડી અને સળિયાનો બનાવેલો ઝૂલતો છે. દાનશૂર શેઠ સૂરજમલે તે બંધાવ્યો, અને એના પર યાત્રીઓ પાસેથી કર લેવાય નહીં એવો નિયમ કર્યો. પહેલાં ગંગા ઓળંગવા માટે અહીં શીકાનો પુલ હતો. એક શીકા પરથી બીજા શીકા પર થઈને જતાં જાનનું જોખમ તો ખરું જ; પણ ઊંડાણમાં જોશભેર વહેતી ગંગા તરફ

જોવાથી ચક્કર ખાઈ ને વગર જોખમે પણ માણસ નીચે પડી જાય. તાકીને પ્રવાહ તરફ જોવાથી એમ જ લાગે છે કે, પુલ મહાવેગે પ્રવાહની ઊલટી દિશામાં દોડે છે. ટ્રેનમાં બેઠાં ઝાડો દોડતાં દેખાય છે તેવી જાતની આ અસર છે. કલકત્તાના દાનશૂર શેઠે આ સલામતીવાળો પુલ બાંધી ભારે પુણ્ય મેળવ્યું એમાં શંકા નથી. પણ યાત્રાનું જોખમ ઘટવાની સાથે યાત્રીઓનું પુણ્ય પણ ઘટ્યું એ આપણે ભૂલી ન જઈએ. જ્યાં સુધી શીકાના પુલ પરથી જળસમાધિ મળવાની પૂરેપૂરી બીક હતી, ત્યાં સુધી સામા કાંઠાના પ્રદેશનું સ્વર્ગાશ્રમ એ નામ અન્વર્થક હતું. હવે તો ધર્મરાજાનો જ નહીં પણ ગમે તે ગામડી કૂતરો પણ એ પુલ પરથી સ્વર્ગે જઈ શકે છે.

લક્ષ્મણઝૂલા આગળ ગંગાની શોભા કંઈક અનેરી છે. સામસામા ઊંચા ખડક અને વચમાં સ્વચ્છ લીલું જળ બંધનમુક્ત થયાના આનંદથી દોડતું હોય અને આસપાસના ઊંચા પહાડ પરનાં નાનાં મોટાં વૃક્ષો એ દૃશ્ય જોતાં હોય, ત્યારે કોણ કોની શોભા વધારે છે એ કહેવું મુશ્કેલ થઈ જાય છે.

કેટલાંક સ્થાનોની અસર કંઈક અદ્‌ભુત હોય છે. જેટલી વાર લક્ષ્મણ-ઝૂલાના પુલ પરથી પસાર થયો છું તેટલી વાર સૃષ્ટિ ચૈતન્યમય છે, અંતરાત્માએ જ આ જાતજાતના આકાર ધારણ કર્યા છે, અને જેમ હજારો ને લાખો વરસથી ગંગાનાં પાણી વહેતાં છતાં એનો અંત આવતો નથી, તેમ અંતરાત્માની વિભૂતિઓનો પણ અંત નથી, એ વિચાર મનમાં અચૂક આવ્યો છે. નદીનાં જળ અને તેમાં રમતાં માછલાં, ઝાડનાં પાંદડાં અને એમાં ગાતાં પક્ષીઓ, બીડનું ઘાસ અને એના પર ચરતાં પશુઓ, અને એ બધાનો દ્રોહ કરતાં છતાં પરમપિતાનો વારસો મેળવવા ઇચ્છનાર માણસ, બધાં એક જ છે; દ્રોહ અને પાપ એ માયા છે; અભેદ અને પ્રેમ એ જ સાચા છે; એ જાતના વિચારો, કોણ જાણે શાથી, પુલ પર જ્યારે જ્યારે પગ મૂક્યો છે ત્યારે ત્યારે મનમાં આવ્યા છે, અને બુવા સાથે એની ચર્ચા કરી છે.

હિમાલયની બધી યાત્રા પૂરી કર્યા પછી આ ઝૂલાને પડખે જ સ્વર્ગાશ્રમ-માં બુવા અને હું રહ્યા હતા. તે વખતે સાંભળ્યું કે અહીંથી નીચે બે એક

માઈલ પર ઘણાં વરસ પહેલાં એક સાધુ રહેતો હતો અને 'સોહમ્'નો જાપ કરતો હતો. એક દિવસ ભૂખ્યા વાઘે એના પર તરાપ મારી તોયે એનું 'સોઽહમ્' તો ચાલતું જ હતું. સોહમ્ એટલે જ અભેદ. એ સાધુને મરણ વખતે પણ વાઘની બીક કે ક્રોધ ન મળે. એ જ સ્થાને અતિ પ્રાચીન કાળમાં આપણા ધાર્મિક ગ્રંથો લખાયાની દંતકથા પણ મેં સાંભળી હતી. પણ એ કથા ભગવાન વ્યાસ વિષે હતી કે આદ્ય શંકરાચાર્ય વિષે, તેનું અત્યારે સ્મરણ નથી.

આ સ્થાનમાં ઓરડીનાં ઝાડ ખૂબ છે, અને નજીક જે ડાંગરનાં ખેતરો છે તે આસપાસના બધા મુલકમાં પ્રખ્યાત છે. તપોવનના 'બાસમતી ચાવલ'નો ભાત ખાવા અમીર અને ફકીર તો શું પણ દેવ અને પિતરો પણ લલચાય.

૨૪

નવા નવા અનુભવો

મગજમાં મુસાફરીનાં ચિત્રો પાર વગરનાં પડ્યાં છે. પણ એ ચિત્રોની નીચે કે પાછળ સ્થળકાળ લખી રાખેલાં નથી. એટલે એનો ક્રમબદ્ધ ચિત્ર-સંગ્રહ (આલબમ) તૈયાર થતો નથી, અને બીક રહે છે કે એક સ્થળનું વર્ણન બીજા સ્થાન ઉપર ગોઠી દેવાય. એટલે જેટલું સ્પષ્ટ યાદ હોય તેટલાને જ વળગી રહેવું એ સારો ઉપાય છે. કલ્પનાના રંગ ગમે તેમ પુરાય, પણ મૂળ રેખાચિત્ર તો યથાદૃષ્ટ હોય તો જ એ સાચું પ્રવાસવર્ણન ગણાય. સ્વામીની લેખમાળા વાંચું છું ત્યારે ભૂંસાઈ જતાં સ્મરણો તાજાં થવાને બદલે વધારે ગૂંચમાં પડે છે.

આ સ્થિતિ અનુભવતાં એક નવો જ વિચાર મનમાં આવ્યો કે, જે મુસાફરી અમે સાથે કરી તેનું વર્ણન વાંચીને પણ જો તે વખતનાં ચિત્રો નજર આગળ યથાર્થપણે ખડાં થતાં નથી, તો જેમણે એ મુસાફરી કરી નથી તેમને કોરા શબ્દનું વર્ણન આપીને કેટલોક ખ્યાલ આપી શકું? જો આખું વર્ણન શબ્દજાળ જ થઈ જાય, તો એમાંથી નીકળતો

આનંદ સૃષ્ટિનો આનંદ નથી પણ શબ્દનો જ આનંદ છે. એ કાંઈ શુદ્ધ કે ઉચ્ચ આનંદ ન કહેવાય. કોઈને ગદગદિયાં કરીને હસાવીએ એના જેવી આ પ્રવૃત્તિ છે. એમાંથી સાચી વસ્તુ કેટલી મળવાની હતી?

પણ આવા વિચારો બોલનારને અને સાંભળનારને વિષણ્ણ કરે છે, વિરસ કરે છે. માટે ડાહ્યા માણસે આવા વિચારો પોતાની પાસે જ રાખવા જોઈએ. જેમ ખાનગી દુઃખ જાહેરમાં રડાય નહીં, તેમ નિર્મોહ દશા પણ જાહેર કરાય નહીં. એટલે એ બધું અહીં છોડી દઈ આપણે પ્રવાસે ઊપડીએ.

લક્ષ્મણઝૂલા સુધી અમે સુધરેલી દુનિયામાં હતા. ઝૂલો ઓળંગ્યો, જમણી બાજુનો સ્વર્ગાશ્રમ તરફનો રસ્તો ટાળ્યો, અને અમે વનમાં પ્રવેશ કર્યો. અહીંથી રસ્તો ખૂબ ઊંચોનીચો થવા લાગ્યો. જંગલનાં કેટલાંક જાનવરો જેમ બીક નહીં જાણવાથી કોક કોક વાર પાસે આવે છે, તેમ ઝાડો અને વેલાઓ બહુ પાસે આવવા લાગ્યા. અને અમને પણ થયું કે આપણે હવે આરણ્યક છીએ. હવે પછી ઝંપાનમાં બેસનાર લોકો આસપાસના દૃશ્યથી અળગા અને વિશ્રી દેખાવા લાગ્યા. ઝંપાન એ એક જાતની પાલખી હોય છે. એને ઊંચકનાર ભોઈઓ ચોરસ આકારમાં નથી ચાલતા, પણ એક પાછળ એક એમ હારમાં ચારે જણા ચાલે છે. કેમ કે સાંકડા રસ્તાની અધરી કેડી પરથી જવું હોય ત્યારે બે જણ પડખે પડખે ઊભા જ ન રહી શકે. એક બાજુ ઊંચા પહાડ સાથે અથડાય તો ચારે ભોઈ, એમનું ઝંપાન અને ઝંપાનમાં મૂકેલો જીવતો બોજો બધાં જ બીજી બાજુની ઊંડી ખાઈમાં પડી સ્વર્ગે પહોંચી જવાનાં.

કંડીમાં બેસનારા લોકો એટલા બેડોળ નથી લાગતા. પાણીના ઊભા પવાલાના આકારના જંગલી નેતરના એક મોટા કરંડિયામાં પોતાનો સામાન અર્ધે સુધી ભરી યાત્રાળુ એના પર બેસે છે. પગ બહાર કાઢતાં ફાવે એટલા માટે કરંડિયાની ઉપરની કિનારમાં કાપ મૂકેલો હોય છે, અને નીચે લટકતા પગ થાકી જાય નહીં એટલા માટે એક કામચલાઉ પેંગડું બાંધેલું હોય છે. એક મજૂર આવો કરંડિયો પોતાની પીઠ પર ખભા સાથે બાંધી દે છે. એટલે જાકીટ પહેર્યા પછી હાથ

છૂટા રહે છે તેમ મજૂરના હાથ છૂટા રહે છે. કરંડિયાનો બોજો એકલા ખભાને ઊંચકવો ન પડે એટલા માટે એનો બીજો એક પટો મજૂરના માથા પર થઈને પસાર થાય છે. અને મજૂર ચાલતો ન હોય ત્યારે ખભાને અને માથાને આરામ મળે એ ખાતર Tના આકારની—'કૂબડી'ના આકારની લાકડી તે સાથે ફેરવે છે. કરંડિયા તળે એ કૂબડી મૂકી દીધી એટલે બોજામાંથી મજૂર મુક્ત થયો. આ રીતે એક મજૂરને માથે એક માણસ જાનમાલ સાથે જાય છે! માત્ર એનું મોઢું પાછળની બાજુ. શરૂઆતમાં એ બધું રૂપ હસવા જેવું લાગે છે, પણ જોવાને ટેવાયા પછી આ મુલકમાં એ જ યોગ્ય છે એવી ખાતરી થાય છે. મુકામ પર મજૂરો માંહેમાંહે વાતો કરે ત્યારે પોતે કેટલા મણની 'લાશ' ઊંચકે છે એનો ઉલ્લેખ કર્યા વિના રહેતા નથી. પોતાનો મજૂર પોતાને વિષે પોતાના દેખતાં 'લાશ' શબ્દનો ઉપયોગ ન કરે એટલે અહીંનો વિવેક સચવાયો, એવો અહીંનો ધારો છે.

યાત્રાળુઓની પૂર સીઝનની શરૂઆતમાં જ અમે ચાલ્યા હતા. તેથી રસ્તામાં વિજન જેવું હતું જ નહીં. કીડીની હારની પેઠે અમે લોકો ચાલતા. અમારી સાથે નગર કે વરાડ તરફનો એક ભાઈ ઝંપાનમાં બેસીને જતો હતો. એની સાથે આશ્રિતોનો પરિવાર પણ ઓછો નહોતો. પાછળથી ખબર પડી કે, એ બે પત્નીનો ધણી છે, છતાં સંતાન નથી એટલે બદરીનારાયણને દર્શને જાય છે.

ઝંપાનમાં બેસનારાઓમાં બે જાતની મુદ્રા દેખાય છે. કેટલાક પોતે ચાલી શકતા નથી, અને જીવતાં જ માણસના ખભા પર બેસવું પડે છે એની શરમ મોઢા પર રાખીને જાય છે; જ્યારે બીજી કોટીના 'અમે ક્યાં દરિદ્રી છીએ કે પગે ચાલીએ?' એવા દમામમાં બેસીને પોતાનું કલ્પનાદારિદ્ર્ય પ્રગટ કરે છે.

અમારો પ્રવાસી આ બીજી કોટીનો હતો. એ તો ઝંપાનમાં મરઘાની પેઠે છાતી કાઢીને બેઠો હતો અને ઊંટની પેઠે આમતેમ જોતો હતો. એની સ્ત્રી ઉતાવળે ઉતાવળે એની પાછળ ચાલતી હતી. એનાથી એ સહન ન થયું. બાદશાહના અવાજે એણે હુકમ છોડ્યો, 'આગળ જઈશ તો શું બગડી જશે? ચટ્ટીએ પહોંચીને રાંધવાની શરૂઆત કર, એટલામાં અમે

આવીએ છીએ.' અત્યારે પણ એ બિચારીનો તે વખતનો સંભ્રમ નજર આગળ તરે છે. કદમાં કાંઈક ઠીંગણી, ભરાવદાર બાંધો, ભગવા રંગની (લીલી) સાડી, કપાળ પરનો ચાંલ્લો જૂની ઢબનો મોટો, નાકમાં મોટી નથ, વાંકડિયા વાળ થોડાક ઊડે છે અને થોડાક પરસેવાથી કપાળ પર ચોંટી ગયા છે, એવી એ સતી હિમાલયના રસ્તા પર, ચડણ હોય કે ઉતાર હોય, સાસભરી ચાલે છે. ઘડીકમાં પાછળ જુએ છે, ઘડીકમાં અમારી નજરમાં પોતે ફજેત થાય છે કે કેમ એ તપાસે છે, અને માથું નીચું ઘાલીને ફરી આગળ ચાલે છે. જાણે હિંદુ સમાજની વિટંબણા પ્રાયશ્ચિત કરવા ચાલતી હોય. અરબસ્તાનના કે મધ્ય એશિયાના જંગલી પુરુષો નારીપ્રતિષ્ઠાને સમજતા જ નથી. તોફાન ચાલતું હોય ત્યારે પોતે તંબૂમાં બેસે છે, અને તંબૂ પવનથી ઊડી ન જાય એટલા માટે પોતાની સ્ત્રીઓને તંબૂની દોરીઓ ઝાલીને બહાર બેસવાનું કહે છે. એવાં વર્ણનો વાંચી આપણે એ લોકોની દયા ખાઈએ છીએ. પણ આપણે ત્યાં જવાંમર્દો પોતે આરામ ભોગવી જ્યારે સ્ત્રીઓ પાસેથી ગમે તેવું મહેનત મજૂરીનું કામ લે છે, ત્યારે આપણે એ બધું મૂંગે મોઢે સહન કરીએ છીએ.

આ બાઈ એની પહેલી સ્ત્રી. એને બાળકો ન થયાં એટલે એ બીજી વાર પરણ્યો હતો. એટલે આ સ્ત્રી તો અણુમાનીતી મજૂરણ જ ને! એણે ઉતાવળે આગળ પહોંચવું જોઈએ, અને અજાણ્યા પ્રદેશમાં રસોઈ માટે સ્થાન મેળવી લઈ, ચટ્ટીવાળા પાસેથી વાસણકૂસણ માગી લઈ રસોઈની તૈયારી કરવી જોઈએ. એક દિવસ શું થયું ખબર નથી, ચટ્ટીમાં અમે જમતા હતા, એટલામાં પેલા નરપશુનો મિજાજ ગયો. તે પોતાની સ્ત્રીને વઢવા લાગ્યો. બિચારીએ હાથ જોડ્યા. પણ પેલાએ તો માથા પર પ્રહાર કર્યો જ. એ પડી ગઈ. પછી પૂછવું જ શું? બિચારીની પીઠ પર પેલાએ પોતાના પગની ચંપી શમાવી. સાથેના આશ્રિતો ભાણા પર બેસીને એ બધું ટગર ટગર જોતા હતા. માર મારીને એ આખલો થાક્યો કે ભૂખથી અકળાયો, એ કોણ કહી શકે? પણ એણે ધરાઈને ખાધું, અને પછી પેલી તરફ જોઈને કહે, 'જમજે હવે નિરાંતે બેસીને.' ડૂમા સાથે બિચારીએ ખાધું, અને બધાંનાં એઠાં વાસણો ઊંચકીને ઊટકવા લઈ ગઈ.

આર્ય કુટુંબમાં ઝઘડામાં બહારના માણસથી પડાય નહીં, એટલે અમે આ બધું સહન કર્યું. આજે અમારી એ કાયરતા પર તિરસ્કાર છૂટે છે. પણ તે વખતે જ મનમાં વિચાર આવ્યો, શું આ જ આપણો આર્ય ધર્મ છે? મનુએ જ્યારે 'यत्र नार्यस्तु पूज्यन्ते' લખ્યું ત્યારે આ જ જાતની પૂજા એણે કલ્પી હશે? પતિ એ પત્નીનું દૈવત છે એ ખરું, પણ શું સ્ત્રી પતિની ગુલામ છે કે ઢોર છે? કોઈ સનાતની શાસ્ત્રીને પૂછીએ તો આને માટે પણ એ શાસ્ત્રાધાર જરૂર કાઢી આપે. માણસ એ દેવોનો પશુ છે એમ ઉપનિષદમાં લખ્યું છે. પતિ એ દેવ છે, એટલે પત્ની એનું ઢોર ખરી જ ને? ઉપનિષત્કાલીન ઋષિ આ તર્કશાસ્ત્ર સાંભળશે ત્યારે પોતાના નિર્દોષ કાવ્ય માટે અસંખ્ય વાર પસ્તાશે. પતિની સેવા કરવી એ પત્નીનો ધર્મ છે એવો એકાંગી ધર્મ ભલે માનીએ, પણ સેવા અને તે પણ આવી રીતે લેવાનો પતિનો હક છે એમ તો કોઈ ઠેકાણે લખ્યું નથી.

વાત એ છે કે, આપણો ધર્મ આર્ય આદર્શનું અને અનાર્ય વૃત્તિઓનું મિશ્રણ થયો છે. અને હીન વૃત્તિના સંસ્કૃતજ્ઞ તાર્કિકોએ ધર્મને શુદ્ધ રાખવાને બદલે દરેક રિવાજનો બચાવ કરવાનું માથે લીધું છે. વ્યાકરણકારો જેમ छंदसि बहुलम् કરીને ચલાવી લે છે, તેમ જ્ઞાતિ-ભિન્ન આપણા સમાજે કોઈએ કોઈના કામમાં દખલ કરવી નહીં એવું નક્કી કર્યું છે, અને અંતે નામર્દ જબરદસ્તો ફાવી ગયા છે. શાસ્ત્રીઓને એ ખ્યાલ નથી આવતો કે ધર્મનું શુદ્ધ સ્વરૂપ જો જાળવી ન રાખીએ તો આખો ધર્મ વગોવાય છે, જીવન વિકૃત બને છે, અને પરધર્મીઓ ફાવી જાય છે. જ્યારે જ્યારે હિંદુ ધર્મ પર પરધર્મીઓએ સરસાઈ ભોગવી છે ત્યારે ત્યારે એના મૂળમાં આપણા લોકોનું રૂઢિદાસ્ય અને ગફલત જ રહેલાં છે. સામે થવામાં આપણે હમેશાં કાયર, અન્યાય સહન કરવાની ધીરજ અને બહાદુરી જો અન્યાયની સામે થવામાં વાપરીએ તો આપણાં બધાં જ દુઃખો ટળી જશે.

આવા વિચાર સાથે અમે જમીને ઊઠ્યા, અને આરામ કર્યા વગર આગળ ચાલ્યા. એક બે દિવસના અનુભવ પરથી અમે જોયું હતું કે,

ચટ્ટીમાં મોડા પહોંચવું પોસાય એમ નથી. જેમ સ્ટીમર પર વહેલો તે પહેલો, જેટલી જગા રોકે એટલી એની, તેમ જ આ ચટ્ટીમાં પણ હતું. ચટ્ટી એટલે શું? યાત્રાળુઓ માટે જંગલના દુકાનદારોએ બાંધેલી કામચલાઉ દુકાનો. જમીનની ભીનાશ પણ ગયેલી ન હોય, દીવાલો ઊંચી હોવી જોઈએ એવો અહીં કાયદો નથી. છાપરા પર ઘાસ અથવા ઝાડનાં પાંદડાં. અને આ બધી કારીગરી પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટની નહીં હોવાથી પહાડમાં જેવો માગ હોય તેવો દુકાનનો આકાર. આવું સ્થાપત્ય શહેરી આંખોને શરૂઆતમાં ભલે ન ગમે, પણ જંગલની સંપૂર્ણ શોભામાં હળી જવા માટે આના કરતાં જુદી પદ્ધતિ નહીં જ ચાલે.

મકાનમાં એક ખૂણામાં દુકાનદાર પોતાનો માલ ગોઠવી રાખે છે. માલમાં શું શું હોય? ઘઉંનો લોટ, મીઠું મરચું, ઘી, બટાટા, અને દુકાન મોટી હોય તો દાળચોખા. દુકાન મોટી હોય કે નાની, એમાં તમાકુ તો હોય જ. પણ એ આપણે ત્યાં હોય છે તેવી નહીં. હિમાલયમાં પાનતમાકુ ઊગતી નથી. તેથી ગોળમાં તૈયાર કરેલી ગુડાકુ બધે વેચાય છે. બીજા એક કોથળામાં રાંધવાનાં વાસણો પડેલાં હોય છે, જે યાત્રાળુને ભારે રાહત આપે છે. યાત્રાળુઓ જો પોતપોતાનાં વાસણ ઊંચકીને યાત્રા કરે, તો માણસ કરતાં વાસણનું જ પુણ્ય વધી જાય, અને એ પુણ્યના ભાર તળે યાત્રાળુઓ અકાળે સ્વર્ગે પહોંચી જાય.

હિમાલયમાં ખેડૂતની રસોઈમાં અજબનું સ્વાવલંબન હોય છે. તેની પાસે વહોરાની ટોપી જેવી એક મોટી લોઢાની તપેલી કે તાંસળી હોય છે. એમાં એ પહેલાં લોટ બાંધીને પથરા પર મૂકી દે છે. પછી ત્રણ પથરાના ચૂલામાં દેવતા સળગાવી તેના પર એ જ તાંસળીમાં રોટલીઓ શેકી લે છે. એ બધી રોટલીઓ હાથરૂમાલ પર રાખી ફરી એ જ તાંસળીમાં શાક રાંધી લે છે. તાંસળી લોઢાની એટલે ગમે તે શાક એક જ રંગનું થઈ જાય છે. હવે એને શું જોઈએ? શાકરોટલી ધરાઈને ખાય અને તાંસળી ઊટકે એટલે પાણી પીવાનું પણ એ જ વાસણ. જમીને બપોરે જરા વામકુક્ષિ કરી લે, અને એ જ તાંસળી માથા પર રાખી એના પર ફેંટા જેવું બાંધી દે, એટલે કેરીના ગોટલા જેવડા કરા આકાશમાંથી પડે તોયે શિર સલામત. આટલી સૂઝ અને હિકમત હોવા

છતાં શહેરીઓ કહે છે કે પહાડના લોકો જંગલી. જંગલી ખરા જ તો ! જંગલમાં રહે તે અપંગ હોય નહીં. અને અપંગપણું એ તો સુધારાનો પાયો અને શિખર છે. અસંખ્ય સાધનો વગર જે ચલાવી ન શકે તે સુધરેલો, અને ઓછામાં ઓછાં સાધનથી ચલાવવાની બાહોશી જેનામાં છે તે જંગલી, એ વ્યાખ્યા શું સાચી નથી ?

અમે ઉતાવળા ચાલીને સૌથી પહેલા મુકામે પહોંચી જઈ સારામાં સારી ચટ્ટી શોધી લેતા. અને સ્વચ્છ ચૂલો ગોઠવી રસોઈ શરૂ કરી દેતા. અહીં અમે એટલે સ્વામી, કેમ કે એમની ચાલ તે ઘોડાની ચાલ. બીજે નંબરે બુવા પહોંચે. હું હંમેશ છેલ્લો પહોંચતો, કેમ કે મારે માથે સૌથી વધારે બોજો — રસ્તામાં જેટલાં ઝાડ જોઉં તેમને કુશળપ્રશ્ન પૂછવા જ જોઈએ. ફળ, ફૂલ, પક્ષી જે નજરે ચડે તે મને બોલાવે. કોઈ ન હોય ત્યારે આકાશનાં વાદળાં તો ખરાં જ. અને એ વખતે મને હાથમાં નાનકડી માળા લઈ જપ કરવાની પણ ટેવ હતી. એટલે જગત અને જગદંબા વચ્ચે મારું ધ્યાન એટલું વહેંચાઈ જતું કે હું તો અચૂક ત્રીજો જ પહોંચવાનો. પહોંચ્યા પછી ઊઠું નહીં; બેઠાં બેઠાં બધું કામ કરું. સામાન બાંધવાનું, છોડવાનું, ગોઠવવાનું એ બધું કામ મારું. લાકડાં લીલાં હોય ત્યારે બુવાનો ચૂલો પણ સળગાવી આપું. જમી રહ્યા પછી વાસણ પણ હું જ ઊટકું. મારાં ઊટકેલાં વાસણથી પહાડી દુકાનદારો ખુશ ખુશ થતા. સ્વામીના પગમાં ને વાણીમાં અસાધારણ જોર એટલે એ બધે પહોંચી જાય. આવી રીતે અમારો સંઘ ચાલતો. અમે ઉતાવળે જવાનો નિશ્ચય કર્યો તેથી પેલી બે ગાયોના બલીવર્દના સંગાથથી પણ અમે છૂટયા.

જેમ જેમ અમારી મુસાફરી વધી તેમ તેમ અમારી ભૂખ પણ વધી. એક તપેલી ભરીને દાળ બનાવીએ તે ત્રણ જણા એકબીજાનું મોઢું જોતા જોતા ખાઈ જઈએ. પછી તો રાતની બે ચાર રોટલી રાખીને સવારે ગોળ સાથે ખાતા. જોતજોતામાં અમારા ગાલ ગાજર જેવા લાલ દેખાવા લાગ્યા. વજન બાપડું વધે જ શાનું ? રોજના ૨૦–૩૦ માઈલ સાથે વજનનો મેળ ન ખાય. એ તો રાહ જોઈને જ બેઠું હોય કે ક્યારે આરામ મળે ને હું વધું. અમે જેટલા આરામ લીધા તેટલા આ રીતે અમને ખૂબ સદ્યા.

૨૫

દેવપ્રયાગ

રેલવેની મુસાફરીમાં જેમ બોગદામાં ડૂબકી મારીએ છીએ ત્યારે પાંચ દશ મિનિટ અંધારા સિવાય બીજું કશું દેખાતું નથી, તેમ જૂની સ્મરણયાત્રામાં વિસ્મરણનાં બોગદાં આવી જાય છે. મુંબઈથી પૂને જતાં ખંડાળા ઘાટનાં અથવા બેલગામથી ગોવા જતાં તીનાઈ ઘાટનાં લાંબા લાંબાં બોગદાંમાં વચ્ચે વચ્ચે બારીઓ આવે છે, જેમાંથી જરાક સરખો પ્રકાશ હાઉક કરીને અલોપ થાય છે. વિસ્મરણમાં પણ એવી જ રીતે સ્મૃતિનું એક કિરણ — ફક્ત એક જ કિરણ આવી કેવળ વિસ્મૃતિને વધારે ગાઢ કરવાનું કામ કરે છે.

જે દિવસનું વર્ણન લખું છું તે દિવસ આવી જ રીતે વિસ્મૃતિમાં ડૂબી ગયેલો છે. મહાદેવચટ્ટીનું રૂપ જરા સરખું ધ્યાનમાં નથી આવતું. દુનિયા નામરૂપથી બનેલી છે. એમાંથી રૂપ ગયું એટલે શેષ તો નામ જ રહે છે. મારે ભાગે મહાદેવચટ્ટી નામશેષ થઈ છે.

અમે મુકામે પહોંચ્યા એટલે હું નિરાંતે બેસી ગયો — ના, હું સાવ આડો થઈને સૂતો. એ મારી સગવડભરેલી ટેવ હતી. તક મળે ત્યારે પૂરતો આરામ લઉં, એટલે બધી શક્તિનો ચાલવામાં ઉપયોગ થઈ શકતો. સ્વામીને આગળ ચાલવું હતું. મને સૂતેલો જોઈ પૂછે, 'શું થાકી ગયો છે? હું તો આગળ જવા માગતો હતો.' મેં કહ્યું, 'ઊઠીને અમસ્તું હરવાફરવાનું જ હોય તો તે આપણાથી નહીં બને. પણ જો પાંચ દશ માઈલ ચાલીને નવી ચટ્ટીએ પહોંચવું હોય તો તો હું જરાયે થાક્યો નથી. આ જો હું ચાલ્યો!' એમ કહેતાંની સાથે કૂદીને મેં ચાલવા જ માંડ્યું.

નવી ચટ્ટીએ ગયા. પણ એ બહુ નાની નીવડી. રેલવે ટાઈમ-ટેબલમાં યુરોપિયન લોકો માટે જમવાનું સ્ટેશન, ચાનું સ્ટેશન વગેરે

સ્ટેશનો નક્કી જ હોય છે. યાત્રામાં પણ સૂવાની ચટ્ટીઓ હંમેશાં મોટી હોય છે. દરરોજ અમુક માઈલ ચાલવું એવો યાત્રાળુઓનો ક્રમ ગોઠવાઈ ગયેલો હોય છે. તે પ્રમાણે સગવડો ઊભી થાય છે. અને પછી તો સગવડને કારણે જ પ્રવાસનો પડાવ નક્કી થઈ જાય છે. દહાડાની ચટ્ટીમાં અમે રાત કાઢી. દહાડાના દુકાનદારને રાતના યાત્રાળુઓ બહુ ઓછા મળે છે, એટલે તેઓ આવે પ્રસંગે યાત્રાળુ તરફ વધારે ધ્યાન આપે છે.

અહીંથી અમે આગળ ચાલ્યા. ચાલતાં ચાલતાં દેવપ્રયાગ નજીક આવ્યું. મારી કેડે ઓટીમાં મારું ઘડિયાળ હતું. મારા કરતાં તે ઉંમરે મોટું, સમયપાલનમાં વફાદાર. પણ મેં જ એને કેટલાય દિવસ સુધી ઉપવાસ કરાવ્યો હતો, એટલે કેટલા વાગ્યા એ સૂર્યનારાયણને જ પૂછવાનું રહેતું. રસ્તાની કિનાર પર પોસ્ટઑફિસ જોતાવેંત સ્વામીને ત્યાંથી મારા ઘડિયાળમાં પૂરવા માટે સમય આણવાનું સૂઝ્યુ. ઘડિયાળને જીવતું અને ચાલતું કરી અમે દેવપ્રયાગમાં પ્રવેશ કર્યો. જો મારું સ્મરણ સાચું હોય તો, માધવાનંદ નામનો બંગાળી સાધુ અહીં જ અમને પહેલવહેલો મળ્યો. એને વિષે ઘણું લખવા જેવું છે. એમાંથી થોડુંક યથાસ્થાને આવશે.

દેવપ્રયાગ પંચપ્રયાગમાં એક છે. જાણે પહાડી ખડક પર બાંધેલો પક્ષીઓનો માળો. એના બે ભાગ થાય છે: નદીની આ બાજુ બ્રિટિશ મુલક છે, પેલી પાર ટેહરી રાજ્ય છે. વચમાં કેદારનાથથી આવતી અલકનંદા પીળી માટીમાં થઈને વહે છે; અને નીચે અબરખની અત્યંત સૂક્ષ્મ રેતીથી ચળકતી એવી ભાગીરથી ગંગોત્રીથી આવીને અલકનંદાને મળે છે.

બુવા કહે, 'આપણી મુસાફરીમાં એક લોટો જરૂર જોઈએ. પહોળું મોઢું હોય તો અંદર હાથ ઘાલીને સાફ કરાય. જો કોઈ દિવસ દૂધ મળે તો તે પણ એમાં ગરમ કરાય.' સ્વામી ચાલ્યા બજારમાં, અને એક લોટો લઈ મુકામે આવ્યા. કેમ કે જેમ જેમ આગળ જઈએ તેમ બજારો ન મળે, અને હોય તોય તેમાં લોટો ક્યાંથી જ હોય? લોટામાં મેં પાણી રેડી જોયું. લોટો કાણો નીકળ્યો. બુવા સ્વામીને કહે, 'હમણાં ને હમણાં પાછો લઈ જાઓ ને બીજો લેતા આવો.' લોટામાં પાણી

ભરી સ્વામી ફરી બજારમાં ગયા. દુકાનદાર ભલો હતો. આપણે ત્યાં દુકાનદારો જેમ ભોળા ઘરાકને ધમકાવે છે તેમ કરતાં એ શીખ્યો ન હતો. એણે દુકાનમાંથી બીજો લોટો કાઢી આપ્યો. તપાસ્યા વગર લોટો આણવા માટે સ્વામીને અમે ઠપકો આપ્યો હતો, એટલે સ્વામી આ વખતે ભૂલ કરે એમ ન હતું. તેમણે નવા લોટામાં પાણી રેડ્યું. પાણી ઝરવા લાગ્યું. દુકાનદારે ત્રીજો લોટો આપ્યો. એમાંથી પણ ગંગા વહેવા લાગી. ચોથો, પાંચમો, છઠ્ઠો એમ બિચારાએ અનેક લોટા કાઢ્યા. દરેકની દશા પહેલાના જેવી જ. વામનાવતારના વખતમાં વહેતી ઝારી બંધ કરવાનું સામર્થ્ય એક બ્રાહ્મણે બતાવ્યું હતું, પણ કળિયુગમાં બધા જ લોટાને વહેતા કરવાની અદ્‌ભુત શક્તિ તો દેવપ્રયાગમાં સ્વામી આનંદાનંદે જ બતાવી. બિચારો દુકાનદાર ગભરાયો; એણે માન્યું કે સ્વામી કોઈ જાદુગર છે, પોતાની માયા ખેંચી લેવાને સ્વામીને એ કરગરીને વીનવવા લાગ્યો. સ્વામી સારી પેઠે મૂંઝાયા. આખરે લોટાના આપેલા દામ પાછા લઈને મુકામે આવી ગયા. મધ્યકાલીન લોક-સાહિત્યમાં જાદુની અગણિત વાર્તાઓ પ્રચલિત છે. એમાંની ઘણીના મૂળમાં આવા જ કંઈ કિસ્સાઓ તો ન હોય?

સવારે ઊઠીને હું એકલો એકલો અલકનંદાને કિનારે જઈને બેઠો. ખૂબ નીચે ઊતરવાનું હતું. અલકનંદાની એ શાંત શોભા જોઈ હું તો ભાન ભૂલી ગયો, અને કેટલોયે વખત ત્યાં બેઠો જ રહ્યો. આખરે બુવા કે સ્વામી બોલાવવા આવ્યા ત્યારે ખબર પડી કે આપણે અહીં યાત્રાએ આવ્યા છીએ અને ત્રણ જણા સાથે છીએ.

સાંજે સ્વામી કહે, 'ચાલો, આપણે સંગમ પર જઈએ.' પુલ ઓળંગીને મંદિર તરફ ગયા. ત્યાંથી ઊતરીને સંગમ સુધી પહોંચ્યા. અહીં લોઢાની સાંકળો ખડકમાં બેસાડી છે. જેથી યાત્રાળુઓ ગંગામાં નાહીને સ્વર્ગના અધિકારી થાય છતાં તરત સ્વર્ગે જાય નહીં; કેમ કે ભાગીરથીનો પ્રવાહ અહીં ભારે વેગવાન છે. गंगातरंगकणशीकरशीतलानि-વાળો શ્લોક મેં સ્વામીને સમજાવ્યો. સાંજનો વખત અમે બંને જણા ભાગીરથીને કાંઠે બેઠા. એક નાનકડો પક્ષી સામેને કાંઠે બેઠો હતો. વચમાં પાણીનો પ્રવાહ જોરથી વહેતો હતો. અમે બન્ને જણા એ પક્ષી તરફ

જોઈએ. પ્રથમ પ્રથમ એ પક્ષી ડોક ધુણાવે, માથું હલાવે, પણ થોડા વખતમાં કુદરતે એના પર પણ મોહની નાખી, અને એ પણ એકીટસે જોતો જ રહ્યો. અમારી ભાષા એ ન જાણે. એનું હૃદય અમે ન જાણીએ. છતાં ભાગીરથીએ અમારું ત્રણેનું હૃદય એક કરી નાખ્યું હતું. ઉપર મંદિરનો ઘંટ ભક્તોને દર્શન કરવા માટે આમંત્રણ દેતો હતો. અમને તો અહીં જ આત્મૌપમ્ય દ્વારા ભગવાનનું દર્શન થતું હતું.

અમે તો માણસ રહ્યા. અંધારામાં દીવો કરીને પણ ચાલીએ, રાત્રે ઘરની અંદર સૂઈએ. પણ પેલી પાર બેઠેલો ભાઈ અંધારું થયા પછી શી રીતે રાત ગુજારે? ભારે પગે અથવા ભારે પાંખે એ ઊડ્યો, અને કોણ જાણે અનંત આકાશમાં ક્યાં ગયો. દરરોજ આપણે હજારો પક્ષીઓને જોઈએ છીએ. એમની દુનિયા જુદી, આપણી જુદી. એમની અને આપણી વચ્ચે ખેતરનાં અનાજ અને ઝાડ પરનાં ફળની વહેંચણીની જે તકરાર થાય છે એટલો જ સંબંધ, પણ દેવપ્રયાગનો એ દ્વિજરાજ હજી હૃદયમાં સ્થાન કરી બેઠો છે. વિષાદને સમયે વિચાર આવે છે કે, એ પછી પાછો આવશે તો ફરી અમારાં ત્રણેનાં હૃદયો એક થઈ જશે.

મંદિરનો જીર્ણોદ્ધાર અમુક વખતે અમુક માણસે કર્યો છે એવું કંઈક લખાણ સ્વામીએ ત્યાં શોધી કાઢ્યું. દર્શન કરીને અમે પાછા આવ્યા. રાત્રે એ પક્ષીનાં જ સ્વપ્નાં આવ્યાં. એ પૂર્વજન્મનો કોઈ સાથી હશે, ભાઈ હશે અથવા પ્રેમી હશે. એ ફરી દેખાવાનો નથી. એ અમારી માનસપૂજાનો અધિકારી શાથી બન્યો એ કોણ કહી શકે? પણ જો માનસપૂજામાં કંઈ શક્તિ હોય તો એ પાછો આવવો જ જોઈએ; એની અમને કેટલી જરૂર છે એનો એને ખ્યાલ આવે તો જ્યાં હોય ત્યાંથી ઊડીને એ આવવો જ જોઈએ.

સવારે ઊઠીને અમે બદરીનારાયણનો રસ્તો છોડ્યો, અને ગંગોત્રી જવું હતું એટલે ટેહરીનો રસ્તો પકડ્યો. પગ લઈ જાય તે રસ્તે જવું એ અમારી ટેવ. અલકનંદાની બે બાજુ પર બે રસ્તા જાય છે. નદીની ડાબી બાજુએ; અથવા ઊગમ તરફ જનાર યાત્રાળુની દૃષ્ટિએ જોતાં જમણી

બાજુએ બદરીનારાયણનો રસ્તો છે, એટલે ડાબી બાજુનો રસ્તો ટેહરીનો જ હોવો જોઈએ એમ નિશ્ચય કરી અમે ચાલ્યા. ઠીક ચાલ્યા ત્યાં તો નદીની પેલી બાજુથી કેટલાક એક દિવસના ઓળખીતા મજૂરો બૂમો પાડીને ઇશારો કરવા લાગ્યા. સ્વામીએ એ બૂમ પ્રથમ સાંભળી. એ લોકોના ઇશારાનો અર્થ પણ સ્વામી જ સમજી શક્યા. અમે ખોટો રસ્તો લીધો. ભૂલ જાણ્યા પછી સુધારતાં કેટલી વાર? હતા ત્યાંથી રસ્તા વગર સીધા ઉપર ઉપર ચડ્યા અને ટેહરીનો રસ્તો આખરે મેળવ્યો. રસ્તામાં કેટલાંક ઝાંખરાં પર નારંગી રંગનાં અને રાઈ જેવડાં નાનાં નાનાં ફળના ગુચ્છા ઊગ્યા હતા. આઠદશ દાણાનો એક ગુચ્છો મોટા ચણા જેવડો થતો. દરેક દાણા વચ્ચે રૂવાં જેવું કાંઈક દેખાતું. આ દાણા તોડીને મેં ચાખી જોયા, બરાબર નારંગીના રસનો જ સ્વાદ. પછી પૂછવું જ શું? મેં બે હાથે ફળ આરોગવા માંડ્યાં. પણ વિચાર આવ્યો કે, હું કાંઈ જંગલનો લૂંટારુ નથી કે એકેએક ઝાડને સાવ નિષ્ફળ કરી મૂકું. ખરો રાજા કરભાર લે છે તેથી પ્રજા નિઃસત્ત્વ નથી થતી. મારે એક ઝાડ પાસે ઊભા ન રહેતાં ચાલતા જવું અને હાથમાં આવે તેટલાં ફળ સહેજે પેટ સુધી પહોંચાડી દેવાં.

દિવસો સુધી આ સ્વાદ ચાખવાને મળ્યો.

૨૬

શ્રીનગર ન ગયો

દેવપ્રયાગથી અમે ટેહરી ચાલ્યા હતા. સ્વામી, બુવા અને હું હિમાલયની પ્રાણદાયી હવામાં આનંદ કરતા કરતા જતા હતા. પણ મારા મનમાં એક ગુપ્ત વિષાદ ઘર કરીને બેઠો હતો. હું ઘેરથી ઊપડ્યો હતો તે કંઈ હિમાલયનાં બધાં તીર્થસ્થાનો ફરી વળવા માટે નહીં, મારો વિચાર અહીંના પ્રદેશમાં આવેલા પુરાણપ્રસિદ્ધ શ્રીનગરમાં સાધના કરવા બેસવાનો હતો. કાશ્મીરનું શ્રીનગર જુદું અને કેદારને રસ્તે આવેલું આ શ્રીનગર જુદું. આ શ્રીનગર સિદ્ધપીઠ કહેવાય છે. અહીં કરેલી સાધના એળે જતી નથી અને શીઘ્ર ફળદાયી હોય છે. દેવી ભાગવતમાં આ સ્થાનનું માહાત્મ્ય ઘણું બતાવ્યું છે.

પહેલાં અહીં એક પથ્થર ઉપર શ્રીચક્ર કોતરી તેની પૂજા થતી. કહેવાય છે કે, પ્રાચીન કાળમાં આ સ્થાને રોજ એક નરમેધ થતો. આદ્ય શંકરાચાર્ય જ્યારે શ્રીનગર આવ્યા ત્યારે મનુષ્યવધનો એ અનાચાર જોઈ એમની ધર્મભાવના ઊકળી ઊઠી. એમણે એક કોશ લઈ એ શ્રીચક્રનો પથરો ઊંધો વાળ્યો અને આજ્ઞા કરી કે આજથી નરમેધ બંધ.

પ્રસ્થાનત્રયી ઉપર ભાષ્ય લખીને અને નિતાન્તરમણીય સ્તોત્રો લખીને શંકરાચાર્યે હિંદુ ધર્મની જે સેવા કરી છે, તેના કરતાં આ નરમેધ બંધ કરવાની સેવા ચડિયાતી છે એ વિષે કોઈને શંકા છે? ભાષ્ય લખવા માટે બુદ્ધિવૈભવ જોઈએ છે. સ્તોત્રો માટે ભક્તિ ન હોય અને ફક્ત કલ્પનાનો ઉલ્લાસ જ હોય તોયે ચાલે. પણ પરાપૂર્વથી ચાલતી આવેલી ઘાતકી રૂઢિ ઝનૂની સમાજની સામે થઈને એકદમ બંધ કરવી એને માટે તપસ્તેજ, ધર્મનિષ્ઠા અને હૃદયસિદ્ધિ જોઈએ છે.

જ્યારથી નરમેધ બંધ કર્યાનો એ કિસ્સો મેં સાંભળ્યો છે, ત્યારથી શંકરાચાર્યની એ ઠીંગણી અને જાડી મૂર્તિ, ભગવાં કપડાં, રુદ્રાક્ષમાળા અને ભસ્મવિલેપનથી મંડિત અને આગલાત મુંડિત, નજર આગળથી

ખસતી જ નથી. કર્મકાંડી નિર્દય શાક્તો ચારેકોર હાહાકાર કરે છે, અને એમની વચ્ચે હાથમાં કોશ લઈને એ તેજસ્વી સંન્યાસીની મૂર્તિ ઊભી છે. એક્કે 'કર્મ'વીર નજીક આવવાની હિંમત કરતો નથી. અને એ જ્ઞાનવીર તપસ્વી ધ્રૂજતે હોઠે એક એકને અથવા બધાને સામટા શાસ્ત્રાર્થ માટે આહ્વાન કરે છે. પણ કોઈની બુદ્ધિપ્રભા એ ધર્મમૂર્તિ, દિગ્વિજયી સંન્યાસી આગળ પ્રકાશ પાડી શકતી નથી. ઉપનિષત્કાલીન યાજ્ઞવલ્કયની પેઠે શ્રી શંકરાચાર્યે પણ શાસ્ત્રાર્થ માટે આહ્વાન કર્યું હશે. — ब्राह्मणा भगवन्तो यो वः कामयते स मा पृच्छतु, सर्वे वा मा पृच्छत, यो वः कामयते तं वः पृच्छामि, सर्वान् वा वः पृच्छामि । પણ ते ह ब्राह्मणा न दधृषुः ।

* * *

'શ્રીનગર જતાં પહેલાં સ્વામીને મળી લઉં' એ એક ફણગો મૂળ સંકલ્પને ફૂટ્યો અને હું આલમોડા ગયો. ત્યાંથી પાછા ફરતાં હરદ્વારમાં ગંગોત્રીનો સંકલ્પ પાકો થયો; અને દેવપ્રયાગથી ફક્ત અઢાર માઈલ ઉપર આવેલા શ્રીનગર તરફ જવાનું છોડી ગંગોત્રીને રસ્તે હું ચાલ્યો. હિમાલયનાં નવાં નવાં પુણ્યધામો જોવાને મળશે એ આનંદ તો હતો જ. પણ મૂળ સંકલ્પથી હું દૂર જાઉં છું એ ખરખરો કેમે કર્યો જતો નહોતો.

ટેહરીને રસ્તે ચીડનાં વૃક્ષ ખૂબ, લાંબી લાંબી સળી જેવાં એનાં લીલાં પાંદડાં જ્યારે જમીન પર પડે છે ત્યારે પગ એના પર ચાલતાં સહેજે લપસી જાય છે. અહીં મેં એક સુંદર શોધ કરી. ખૂબ ચાલવાથી અને ટાઢથી મારા પગ ફાટી જતા અને એમાં નદીના કોતર જેવી ઊંડી તડો પડતી. એને માટે ઇલાજ ન જડે તો યાત્રા શી રીતે પૂરી થાય એ ચિંતા હતી. કોકમનું મીણ થોડુંક સાથે હતું, પણ મેં એનો ફાયદો ન જોયો. મૂંઝવણમાંથી માણસ શોધ કરે છે. ચીડના ઝાડમાંથી નીકળતો તાજો ગુંદર પગની ફાટમાં મેં ભર્યો અને બીજે જ દિવસે એનું સુંદર પરિણામ અનુભવ્યું. ચામડી એવી તો જામી ગઈ કે જાણે કદી ફાટી જ નહોતી! તે દિવસથી દીવાસળીની એક પેટી ભરીને ચીડનો ગુંદર મેં સાથે રાખ્યો. આ ગુંદરમાંથી જ રાળ બને છે. અરે ટર્પેન્ટાઈન પણ આ જ ઝાડમાંથી નીકળે છે.

૨૭

શ્રદ્ધાભક્તિનો સ્પર્શ

દેવપ્રયાગથી સાતેક માઈલ આવ્યા હોઈશું. બપોરનો વખત હતો. ભૂખે તો હકદારની પેઠે પોતાનું થાણું પેટમાં જમાવ્યું હતું. બુવાએ રાંધ્યું. નજીકના એક પીપળાનાં પાંદડાં ભેગાં કરી સ્વામીએ કે મેં પતરાવળો બનાવી. એ ઉપર શાસ્ત્રાર્થ નીકળ્યો. પીપળાના પાનની પતરાવળ બનાવાય નહીં, એના ઉપર જમે તે પાપ કરે છે, એમ બુવાએ કહ્યું. હું પણ એ મર્યાદા જાણતો હતો. પીપળો એ પ્રત્યક્ષ પરમાત્માની વિભૂતિ; अश्वत्थः सर्ववृक्षाणाम् । એનાં પાંદડાં પતરાવળ બનાવી એઠાં કરવાં એમાં નાસ્તિકતા રહેલી છે, એવી બુવાએ દલીલ કરી. મેં કહ્યું, પીપળાનાં પાનની પતરાવળ પર ગૃહસ્થાશ્રમીઓ ન જમે એવો પ્રાચીન દંડક છે. જેણે ઘર છોડ્યું છે, જે વિરક્ત થયો છે તે જ પીપળાની પતરાવળનો અધિકારી છે. એને મન તો સર્વત્ર પરમાત્મા જ ભરેલો છે. અન્ન પણ બ્રહ્મ, પતરાવળ પણ બ્રહ્મ અને ખાનાર પણ બ્રહ્મ. तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः ।

મતલબસિંધુની પદ્ધતિથી કરેલી આ દલીલ ભૂખની મદદથી ગળે ઊતરી અને મેં તથા સ્વામીએ ब्रह्मार्पणं ब्रह्म हविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् એ શ્લોક બોલી જમવાનું શરૂ કર્યું. રાંધવાનું કામ બુવાનું હોવાથી તેઓ આર્ય રિવાજને અનુસરી અમને જમાડીને પછી જમવા બેઠા. બુવા કર્મકાંડી, ચુસ્ત સનાતની. બોટિયાઅબોટિયાનો વિવેક એમની પાસે ઘણો. સ્વામી એ સમજે પણ નહીં. હું એ બધું સમજતો પણ પાળતો નહીં. એટલે બુવાને માટે અબોટિયું પહેરીને અલગ સ્વતંત્ર જમવું એ જ સલામત માર્ગ હતો. અમને પીરસી રાખે અને પછી જમવા બોલાવે. અમે જમી રહ્યા પછી પોતે નિરાંતે જમે. એ ઢબે બુવાનું માતૃહૃદય પણ સંતુષ્ટ થતું. આજે બુવા પીપળાની પતરાવળ પર જમવા બેઠા એટલામાં આગલે દિવસે દેવપ્રયાગમાં મળેલા એક મારવાડી બનિયા

યાત્રી અમે બેઠા હતા ત્યાં આવ્યા. પ્રેમભક્તિના ઊભરામાં એમણે અમારો ત્રણેનો ચરણસ્પર્શ કર્યો. બુવા એકાએક ઝંખવાણા પડ્યા, જ્યારે પેલા મારવાડીની આંખોમાં ભક્તિનાં આનંદનાં ઝળઝળિયાં આવ્યાં હતાં. બુવાની તે લાંબી દાઢી, માથા પરની જટા, નાહીને શુચિર્ભૂત થયેલી કાયા, પાસે પડેલો દાસબોધ અને ભજનની માળા, એ બધું જોઈ મારવાડીને થયું, 'કેટલું મારું સદ્‌ભાગ્ય કે આવા પાવન બ્રાહ્મણનું ફરી વાર દર્શન થયું!' અને બુવાને શું થતું હતું?—

સામાન્ય રીતે બુવાની રૂઢિચુસ્ત ધાર્મિકતાને હું હમેશાં માન આપતો. એમને લીધે મને ઘણી વાર અગવડ વેઠવી પડતી, પણ તે બધી હું સંતોષપૂર્વક સહી લેતો. એક વાર ગંગા પર હોડીમાં પ્રવાસ કરતાં બુવાએ મને પૂછેલું, 'મારી અગવડ તમને કેટલી બધી થાય છે! હું આ બોટઅબોટના નિયમો છોડી દઉં? મુસાફરીમાં નભાવી લઈશ જેમ તેમ.' મેં એમને કહેલું, 'ના. એ પોસાય નહીં. આ બોટઅબોટ નિરર્થક છે એવી ખાતરી થયા પછી જ મેં તે છોડી દીધું છે. मार्गे शूद्रवदाचरेत् એ વચન પ્રમાણે તમે છોડી શકો છો, પણ મને એ ગમે નહીં. તમારા અંતરાત્માની ખાતરી થઈ જાય ત્યારે એ વિધિનિષેધ એની મેળે ખરી પડશે. ત્યાં સુધી એ ટકાવી રાખો. એમાં જ તમારું શ્રેય છે.'

મુસાફર મારવાડીનો સ્પર્શ થતાંવેંત બુવા મારી તરફ જોવા લાગ્યા. એકાદ દિવસ ભૂખ્યા રહેવું બુવાને માટે ભારે આપદા નહોતી. એમને એવી ટેવ પણ હતી. બિચારો મારવાડી ચોકો ક્યાં કરવો એ શોધવા આમતેમ જોવા લાગ્યો. એટલામાં મેં બુવાને કહ્યું, 'બુવા, આજે તમારાથી ભાણું છોડાય નહીં. તમે નિશ્ચિંત થઈને જમો. તમને મારવાડી વૈશ્યનો સ્પર્શ નથી થયો, પણ મૂર્તિમંત શ્રદ્ધાભક્તિનો સ્પર્શ થયો છે. ભક્તિ આગળ કર્મકાંડ કોરે મૂકવો જ જોઈએ. તમે ખાવાનું છોડી દેશો તો એ ભક્તહૃદયને કેવડો આઘાત થશે એનો ખ્યાલ કરો, અને કોચવાતે મને નહીં પણ પ્રસન્ન મને જમો.' બુવાની આંખમાં આંસુ આવ્યાં; સંકોચનાં નહીં પણ લાગણીના ઉદ્રેકનાં. જાણે મંદિરનો પ્રસાદ આરોગતા હોય એવા ભક્તિભાવથી બુવાએ ભોજન પૂરું કર્યું.

અહીં ઝાઝો આરામ કર્યા વગર જ અમે આગળ ચાલ્યા. આસ-પાસની વનશોભા તો પ્રતિપર્વં રસાવહમ્ એ ન્યાયે વધતી જ જતી હતી. ચીડનાં ઝાડ ગયાં અને બાંઝનાં આવ્યાં. બાંઝ એ ઓકની જ એક જાત છે. એનું લાકડું બહુ મજબૂત હોય છે. સાંજ પડ્યે અમે એક ચટ્ટી ઉપર આવી પહોંચ્યા. દુકાન પાસે એક સુંદર નાનકડું ઝાડ હતું ત્યાં હું જઈને બેઠો. સ્વામી જગાની શોધમાં ગયા. દુકાનદારે જગા ન આપી. એટલે નજીક જ એક ઝાંખરાનો મંડપ હતો ત્યાં રાત ગાળવાનો અમે નિશ્ચય કર્યો. એ મંડપમાં અમે જરાક બેઠા એટલામાં અમારા બંને કુલી આવ્યા. બે કુલી અને સામાનને લીધે દુકાનદારની નજરમાં અમારી પ્રતિષ્ઠા વધી, અને એણે અમને રાત્રે સૂવા માટે એક હૂંફાળી જગા આપી. સ્વામીએ સ્ટવ સળગાવ્યો. એ અદ્ભુત યક્ષ જોવા માટે આસપાસના લોકો ભેગા થયા.

મંડપમાં ઘડીક અમે બેઠા એની મારા યાત્રાક્રમ પર ભારે અસર થઈ. એ મંડપમાં એક દક્ષિણી સાધુ બેઠો હતો. એણે કાશ્મીરમાં આવેલા અમરનાથની વાત કરી. ત્યાં નિર્જન અને નિર્વન પહાડમાં એક ગુફા છે. એ ગુફામાં દર પૂર્ણિમાએ બરફનું એક શિવલિંગ એની મેળે તૈયાર થાય છે અને અમાસ સુધીમાં ઓગળી જાય છે. એ સૃષ્ટિચમત્કાર વિષે એ સાધુ પાસેથી સાંભળી કોક વખત અમરનાથ જવું જોઈએ એવો સંકલ્પ મનમાં દૃઢ થયો. એ સંકલ્પને પરિણામે બુવાને સાથે લઈને હું કાશ્મીર શી રીતે ગયો એનો ઇતિહાસ સ્વતંત્ર છે.

કાશ્મીર જવાનો સંકલ્પ સેવતાં સેવતાં મેં ખાધું અને થાકેલાં હાડકાંને ચટાઈકંબલની હૂંફ આપી. પણ અમારા દુકાનદારને ત્યાં કંઈક જલસો હતો. કોઈ પહાડી ચારણ આવ્યો હશે. આખી રાત પહાડી કાનોને આનંદ આપતું સંગીત અમારી નિદ્રામાં ખલેલ પહોંચાડતું. એ સંગીતની ગતિ એટલી વિલક્ષણ કે વચમાં વચમાં સ્વપ્નાં આવતાં તેમાં પણ એ પ્રવેશ કરતું.

૨૮

ટેહરી

જ્યારે જ્યારે હિમાલયના પહાડી લોકોનું સંગીત સાંભળેલું સ્મરણ કરું છું, ત્યારે ત્યારે વર્ડ્ઝવર્થની ' ધિ સૉલિટરી રીપર 'ની કવિતા યાદ આવે છે. કેમ કે પહેલે જ વખતે પહાડી પોશાકવાળી એક કદાવર કન્યકાને હાથમાં દાતરડું લઈને ઘાસ કાપતી અને ગાતી મેં જોઈ. હિમાલયની શુદ્ધ તેજસ્વી હવા, ઘઉં દૂધને ખોરાક અને સખત મજૂરી; પછી મોઢા પરની લાલાશ વિષે પૂછવું જ શું ? એનો પેલો વિચિત્ર પહાડી પોશાક જોઈ મારા મોઢામાંથી કાલિદાસનું વચન નીકળ્યું : किमिव हि मधुराणां मंडनं नाकृतिनाम् । એક અર્ધચંદ્રાકાર ખીણને હું પસાર કરતો હતો અને નીચેથી એનું ગાયન બરાબર સંભળાતું હતું. મને વર્ડ્ઝવર્થની લીટીઓ સ્ફુરી :

'Will no one tell me what she sings ? —
Perhaps the plaintive numbers flow
For old, unhappy, far off thing,
And battles long ago :
Or is it some more humble lay,
Familiar matters of to-day ?
Some natural sorrow, loss, or pain
That has been, and may be again ? '

મને પણ થયું કે, આ કન્યકાના ગીતનો અંત આવવાનો જ નથી. એકનો એક સૂર ચાલ્યાં જ કરતો હતો; અને દૂર દૂરના વૃદ્ધ પહાડો એનો પ્રતિધ્વનિ કરી એને રમાડતા હતા. વર્ડ્ઝવર્થની પેઠે હું નિશ્ચેષ્ટ ઊભો તો નહીં છતાં હજી એના ભણકારા હૈયામાં સાચવી રાખ્યા છે ખરા.

પહાડી સંગીતમાં ઝાઝી વિવિધતા નહીં હોય. ઉત્તરાખંડની યાત્રા પૂરી કરીને બદરીનારાયણથી જ્યારે અમે ગણઈ પહોંચ્યા ત્યારે પણ

આખી રાત ગીતો સાંભળ્યાં હતાં. એમાં પણ જાણે એક લીટી આખી રાત ચાલી હોય એવું લાગતું હતું. સામવેદના કાળથી આ પહાડી લોકોએ સંગીતમાં બહુ થોડી પ્રગતિ કરી લાગે છે, નહીં તો આ એકશ્રુતિ સંગીતમાં એમને આટલો રસ ન પડત.

બીજે દિવસે સોળ માઈલની મુસાફરી કરી અમે ટેહરી પહોંચ્યા. રસ્તામાં વનશ્રીની શોભા કંઈક અપૂર્વ હતી. પણ એનું વર્ણન શી રીતે થઈ શકે? સુલલિત શબ્દોનાં લાંબાં લાંબાં વાક્યો લખી કાઢવાથી ન લખનારને સંતોષ થાય, ન સાંભળનારને કંઈક બોધ. એટલે એ મિથ્યા પ્રયાસ છોડી દેવામાં જ ઔચિત્ય છે. એક ઊંચા પહાડની કેડ પરથી વાંદરાઓ ઊતરે તેમ ઊતરીને અમે ટેહરી પહોંચી ગયા. પહાડી લોકોને મન એ એક મોટી સૌંદર્યનગરી છે. અને ક્લૉક-ટાવર (ઘટિગોપુર) એનું સૌથી મોટું ઘરેણું છે. પણ 'ટેહરીના રસ્તા ઉપર ગાડીઓ ચાલે છે,' એટલાં વખાણ કર્યાં એટલે સીમા થઈ.

અમે કડક ભૂખ લઈને ટેહરીમાં પ્રવેશ કર્યો. જતાંવેંત એક શીખ ધર્મશાળા જોઈ. ધર્મશાળા એટલે મુસાફરખાનું નહીં, પણ ધર્મગ્રંથ — ગ્રંથસાહેબ — રાખવાનું, વાંચવાનું અને શ્રવણ કરવાનું સ્થાન. મંદિર અને મસ્જિદ બંનેના ગુણો એમાં સમાયેલા હોય છે. એની વ્યવસ્થા રાખનારને ગ્રંથી કહે છે. ટેહરીની ધર્મશાળાનો ગ્રંથી ભલો માણસ હતો. એણે અમારી બધી સગવડ કરી આપી. સીધુંસામગ્રી ભેગું કરવાનું કામ સ્વામીએ કર્યું. બુવાએ રાંધ્યું. શ્રમવિભાગમાં મારે ભાગે તો ઊંચો ઘાટ ઊતરી ભાગીરથીમાં નાહી આવી જમી લેવાનો જ પરિશ્રમ હતો. તે દિવસે હું બહુ થાક્યો હતો. ટેહરીમાં પોસ્ટ ઑફિસ હોવાથી સ્વામીને કેટલાય કાગળો લખવા પડ્યા. મારી ખાતરી છે કે પોસ્ટ ઑફિસની હસ્તી કૃતાર્થ થાય એટલા માટે જ સ્વામીએ અનેક કાગળો લખ્યા છે. એમના કાગળો હું વાંચું નહીં એટલે મારી ખાતરી વિષે સાશંક થવાનો પ્રસંગ જ આવ્યો નથી. બુવાએ પેલા ગ્રંથી જોડે શીખધર્મની વાતો છેડી. બંને જણાએ માન્યું કે પોતે હિંદીમાં બોલે છે. ગ્રંથીની ભાષા હિંદી ભલે ન હોય, પણ શુદ્ધ પંજાબી હતી. બુવાએ મરાઠી અને ગુજરાતી શબ્દો ભેગા કરી એને પાંચદશ હિંદી પ્રત્યયો લગાડી દીધા અને

રાષ્ટ્રીય ઐક્ય સાધ્યું. મારા જેવો ચુસ્ત સાધુ આવી પ્રવૃત્તિમાં શાનો પડે! મેં તો બપોરના તડકાની મદદથી ખાસી એક કલાકની સમાધિ લગાવી.

હિમાલયમાં આવતા પહેલાં ભારતધર્મ મહામંડળવાળા સ્વામી જ્ઞાનાનંદને હું મળ્યો હતો. એમણે ટેહરીના એક અમલદાર પંડિતનું નામ આપ્યું હતું. અમે એમને મળવા ગયા. અમને મુસાફરીની માહિતીની હોંશ હતી, પેલા પંડિતને પોતાનું પાંડિત્ય પ્રગટ કરવાની ઇચ્છા હતી. અને સ્વામી તો જબરદસ્ત જાહેરાતદાર. પેલા પંડિતે જ્યારે જાણ્યું કે હું ગ્રેજ્યુએટ છું, ત્યારે એણે મને ઊઠીને ખુરશી ઉપર બેસવાને કહ્યું. સ્વામીએ તરત કહી નાખ્યું કે અમારા કાકાએ બધા ધર્મગ્રંથો વાંચ્યા છે. પેલાએ મને સવાલ પૂછ્યો કે સમાધિમાંથી માણસનું વ્યુત્થાન થાય છે એનું કારણ શું? હું મારી બપોરની સમાધિમાંથી વ્યુત્થાન કરીને જ એને ત્યાં ગયો હતો. પણ જવાનું કારણ તો ગંગોત્રીના રસ્તાની માહિતી પૂછવાનું હતું. શાસ્ત્રાર્થ માટેના આ આહ્વાનથી હું ઠીક ઠીક મૂંઝાયો. હું જો કહું કે મેં કશું વાંચ્યું નથી તો સ્વામી જૂઠા પડે, અને કાંઈ પણ જવાબ આપું તો શાસ્ત્રાર્થ શરૂ થાય. એટલે મેં કલિવિડંબન પ્રકરણમાં સૂચવેલી યુક્તિ અજમાવી. મેં કહ્યું, મેં જેટલું વાંચ્યું છે તે બધું અંગ્રેજીમાં વાંચ્યું છે. તમે અંગ્રેજીમાં સવાલ કરો તો બધું વિવરણ બરાબર કરી આપીશ. બિચારા પંડિત નિરાશ થયા અને હું બચી ગયો; નહીં તો મારું અદૃષ્ટ મને આ શાસ્ત્રાર્થમાંથી વ્યુત્થાન કરવા દેત નહીં.

અહીંથી અમે સ્વામી પ્રજ્ઞાનંદ કરીને એક દક્ષિણી સાધુ રહેતા હતા એમના દર્શને ગયા. કહેવાય છે કે, આ દક્ષિણી પંડિત સત્તાવનની સાલના બળવામાં સારી પેઠે સપડાયા હતા. ત્યાંથી સાધુને વેશે હિમાલયમાં રખડતા અંતે અહીં આવી પહોંચ્યા હતા. અહીં ટેહરીમાં બહુ ખરાબ રીતે મરકીનો રોગ ફેલાયો હતો ત્યારે આ સાધુએ કંઈક સાધના કરીને અને પંચમુખી મારુતિની સ્થાપના કરીને એ રોગ અજબ રીતે હઠાવ્યો. પરિણામે રાજાની એમના પર ભક્તિ બેઠી અને સ્વામીજી રાજગુરુ બન્યા. પ્રખર પંડિત તરીકે એમની કીર્તિ દૂર દૂર સુધી ફેલાઈ હતી, જેને લીધે

દૂર દૂરના વિદ્યાર્થીઓ એમની પાસે શંકાનિવૃત્તિ માટે આવતા. અમને તો કશી શંકા હતી જ નહીં, ફક્ત કુતૂહલ હતું. એટલે અમે સાંજનો થોડોક વખત એમને ત્યાં ગાળ્યો. એમની કોઈ એક વિધવા શિષ્યા ત્રાંબાના પતરા પર કોતરેલા શ્રીચક્રની પૂજા કરતી હતી, તે તરફ મારું ધ્યાન ગયા વગર રહ્યું નહીં. એ બાઈએ દીવો કરીને અમને સ્વામીજી આગળ બેસાડ્યા. અમે સ્વામીજી જોડે ખૂબ વાતો કરી, માહિતી મેળવી અને પંચમુખી હનુમાનનું તેમ જ મુખ્ય મંદિરનું દર્શન કરી પાછા ફર્યા.

ટેહરીની મુખ્ય શોભા તો ભાગીરથી પરનો તારનો ઝૂલતો પુલ છે. એ પુલને આ છેડે વડ અને પીપળના ચોતરા ખાસ ધ્યાન ખેંચે છે. મુસાફરો અને સાધુઓ માટે ધર્મશાળા કરતાં પણ આ છાયાની જગા વધારે સગવડભરેલી હોય છે. જે ઠેકાણે વડ અને પીપળની છાયા એકત્ર પડે છે તે સ્થાન પવિત્ર ગણાય છે. ત્યાં જપ વગેરે ખાસ સાધના કરાય.

વડનું ઝાડ એ આપણા ગૃહસ્થાશ્રમનો આદર્શ સૂચવે છે, એની વડવાઈઓ ફરી ફરી જમીનમાં ઊતરી એક મોટું અવિભક્ત કુટુંબ બનાવે છે. જ્યારે પીપળ એ દર વરસે પોતાનાં બધાં પાંદડાં ખંખેરી નાખી અને ચામડી ઉપર પણ પોપડા બાઝવા ન દઈ સંન્યાસધર્મને સૂચવે છે. એનાં પાંદડાંની અખંડ જાગૃતિ પણ સંન્યાસધર્મને સૂચવે છે; આ બે આશ્રમ જ્યાં ભેગા થયા હોય ત્યાં હિંદુ સમાજને વિશેષ પાવિત્ર્ય દેખાય તો તેમાં આશ્ચર્ય શું?

ટેહરી એ એક પ્રખ્યાત પહાડી દેશી રાજ્ય છે. એક વખતે આ રાજ્યનો વિસ્તાર અને એની પ્રતિષ્ઠા ઇતિહાસપ્રસિદ્ધ હતાં. હિમાલયની પેલી પાર સુધી અહીંના રાજાઓની આણ વર્તતી. આજે તો કેવળ જંગલની આમદાની માટે જ એ પ્રખ્યાત છે. બીજી ખ્યાતિ તો અહીંની પ્રજાની અજ્ઞાત અને બીકણ દશાની ગણીએ તો છે. કેળવણી વિષે અહીંના રાજાના મનમાં જરાય ઉત્સાહ નથી. તે માને છે કે કેળવણીથી પ્રજામાં અસંતોષ ફેલાય છે. અંગ્રેજી નિશાળના એક શિક્ષકે આ માહિતી આપી! હું વિચારમાં પડ્યો, આ શિક્ષક કેમ અહીં વૈતરું કરતો હશે?

આપણે રાષ્ટ્રીય સંસ્થાઓ માટે સાધનો અને સગવડો શોધીએ છીએ. નાણાંની છૂટ હોત તો ફલાણું કર્યું હોત, ઢીકણું કર્યું હોત એવી

વાતો કરીએ છીએ. પણ આ પરાક્રમી પૂર્વજોના રાજવંશી વારસો જુઓ. એમની પાસે બધી જાતની સગવડો હોવા છતાં કશાનો વિચાર જ કરતા નથી, અથવા કરે છે ત્યારે અવળો વિચાર કરે છે. સત્તાવન સાલનો પ્રયત્ન એળે ગયો એટલે પેલા પંડિત ભગવું ધારણ કરી ઘટત્વ અને પટત્વના અવચ્છેદકાવચ્છિન્નત્વની ચર્ચામાં ડૂબી ગયા. અને રાજાઓ શામાં શામાં ડૂબી ગયા છે એની ગણતરી કરતાં પણ કંટાળો આવે. એક વાર હાર્યા તેથી શું થયું? દરેક હાર એ નવા પ્રયત્ન માટે ખાતરરૂપ ગણવી જોઈએ. હારમાંથી મળતી કેળવણી ઓછી મહત્ત્વની નથી હોતી. વિજ્ઞાનશાસ્ત્રીઓના સફળ પ્રયત્નનાં વર્ણનો આપણે વાંચીએ છીએ; પણ એ સફળ પ્રયોગો કરતાં સોગણા નિષ્ફળ પ્રયોગો તેમણે ધીરજપૂર્વક કરેલા હોય છે એ આપણે કેમ ભૂલી જઈએ? ઉપરાઉપરી અસંખ્ય હારો જે ખમી શકે તે જ પુણ્યવાન છે. સત્તાવન સાલમાં હાર્યા કે તરત જ બુદ્ધિમાન અને પુરુષાર્થી લોકોએ ભેગા થઈ વિચાર કરવો જોઈતો હતો કે આપણે કેમ હાર્યા? કયા કયા રાષ્ટ્રીય દુર્ગુણોને લીધે મેળવેલી જીતનું આપણે પાણી કરી નાખ્યું? આપણી પદ્ધતિમાં કંઈ ખામી હતી? હવે સમાજરચનામાં કયો ફેરફાર કરવો જોઈએ? નવા પ્રયત્નમાં આખી પ્રજા એકદિલીથી સામેલ થાય એ માટે શું કરવું જોઈએ? જે લોકોએ આપણને હરાવ્યા તે લોકોનો દેશ કેવો છે, એ દેશનો પ્રજાસ્વભાવ કેવો છે, એ સ્વભાવને કેળવવા એ લોકોએ શું શું કર્યું છે, આપણામાં પણ એવાં તત્ત્વો ભિન્નરૂપે સુપ્ત સ્થિતિમાં છે કે નહીં, એ તત્ત્વોને કેમ ઓળખીએ, કેમ કેળવીએ?

આવા આવા વિચાર કરવાને બદલે રાજાએ સંન્યાસી પંડિતને વૃત્તિ બાંધી આપી, સંન્યાસી પંડિતે રાજાને આશીર્વાદ આપ્યો અને બંનેએ મળીને પ્રજાને પંચમુખી હનુમાન આપ્યો અને રાષ્ટ્રીય જીવનનાં પચાસ વરસ એમ ને એમ વહેવા દીધાં.

પણ પૂર્વજોની કીર્તિ ઉપર જ જે નભે છે એ જેમ નામર્દ છે, તેમ પૂર્વજોના દોષની જ ગણતરી કરવા બેસે તે પણ નામર્દ છે. હિમાલયમાં આવ્યો છું, અંતર્મુખ થયો છું, કશું બંધન કે જવાબદારી

નથી. મારે જ એ બધી વસ્તુનો વિચાર કેમ ન કરવો? મારે જરૂર એ વિચાર કરવો જોઈએ એવા એવા વિચારો મનમાં ચાલતા હતા અને થાકેલાં ગાત્રો ઉપર નિદ્રાદેવીનું સામ્રાજ્ય જામતું હતું. સવારે ઊઠીને અમે ધરાસુનો રસ્તો લીધો.

૨૯

બાદરુનું ગામ

હિમાલયની યાત્રા પૂરી કર્યા પછી ફરી એક વાર બીજે રસ્તે ટેહરી તરફ હું આવ્યો હતો, અને નજીકના માલદીવલ નામના ગામડામાં સ્વામી રામતીર્થના મઠમાં અમુક મહિના સાધના માટે રહ્યો હતો. એ વખતનો અનુભવ કાવ્યમય તો હતો જ, પણ બેત્રણ બાબતમાં મનોવૃત્તિમાં કાયમનું પરિવર્તન કરનાર નીવડ્યો. જેનું વર્ણન અહીં ચાલે છે તે મૂળ યાત્રા વખતે એ ગામડા વિષે અમે કશું સાંભળ્યું નહોતું. પણ સ્મરણયાત્રામાં ટેહરી પછી માલદીવલ અને ત્યાંનું અત્યંત ભીડવાળું એકાંત યથાક્રમે આવે જ છે. એ અનેરો અનુભવ જો ટૂંકામાં આપી શકાય એમ હોત તો અહીં જ એ બધો આપ્યો હોત. સ્મરણયાત્રામાં એ જ ઉચિત થાત. અત્તરની શીશી ખોલતાંવેંત જેમ એની સુગંધ પૂરજોસમાં બહાર નીકળી ઓરડીને ભરી દે છે, તેમ જ માલદીવલનું નામ લેતાંવેંત કષાયમધુર સ્મરણોની એટલી બધી સેરો છૂટે છે કે એકએ લેખના પવાલામાં એ મવડાવવી અશક્ય નહીં તો કઠોર તો છે જ. એટલે સ્મૃતિનાં કમાડ બંધ કરી ધરાસુનો રસ્તો લીધે જ છૂટકો.

ટેહરીના રાજાની તાલીમમાં તૈયાર થયેલા પંડિત અમલદારે ગંગોત્રીજમનોત્રી તરફની માહિતી આપતાં એક સવાલ છેડ્યો. જમનોત્રી તરફના લોકો શૌચ જઈ આવ્યા પછી પાણી વાપરતા જ નથી. તેઓ માને છે કે, ગંગાયમુના જેવી પવિત્ર નદીઓનું—માતાઓનું પાણી

અપવિત્ર કામ માટે વાપરવાથી અધર્મ થાય. અમે કોક વાર સ્વચ્છતા વિષે એમને ઉપદેશ કરીએ છીએ. પણ મનમાં અનેક વાર શંકા ઊઠે છે કે, અજ્ઞાનજન્ય ભલે હોય પણ એ શ્રદ્ધા તોડવાનો આપણને અધિકાર છે? જમનોત્રી તરફના લોકો ભાગ્યે જ જૂઠું બોલે છે. ચોરી તો ત્યાં થતી જ નથી. કોઈ પણ ઘરને કે પટારાને તમે તાળાં નહીં જુઓ. એમને જૂઠાણાની આવડત જ નથી. સાચું કહેતાં મૂંઝાશે, પણ એની અવેજીમાં બીજું કાંઈ પણ કહી શકાય એ એમના સ્વપ્નામાંયે નહીં આવે. એ અમલદારના પ્રત્યક્ષ શબ્દો મને યાદ નથી, પણ મતલબ અને અતિશયોક્તિ એ જ હતી. એ મને પૂછે, 'ત્યારે કહો, અમારે શું કરવું? એ લોકોનું એ ધન્ય અજ્ઞાન તોડવું અને એમને આપણા જેવા બનાવવા? કે એમને છે એવા ને એવા જ નિર્બુદ્ધ અને નિર્દોષ રાખવા?' મેં જવાબ વાળ્યો, 'હું એવી સ્થિતિની અદેખાઈ પણ ન કરું. ગાય જૂઠું નથી બોલતી એટલા માટે એ પવિત્ર નથી. પથ્થર બોલતો નથી એટલા ખાતર એ મુનિ ગણાતો નથી. અને આ માછલીઓ અખંડ ગંગાસ્નાન કરે છે એથી કાંઈ એ સ્વર્ગે જવાની નથી.' પેલા ભાઈ કાંઈક બોલવા જતા હતા. એમનો શબ્દ નીકળે તે પહેલાં જ મેં કહ્યું, 'હા, મને પેલા સ્તોત્રની ખબર છે. એ કવિની કલ્પના માત્ર છે. માછલીઓ જે સ્થિતિમાં રહે છે એને તમે સ્વર્ગ ભલે કહો, પણ ગંગાસ્નાનના પુણ્યને પ્રતાપે એમને એ સ્વર્ગ નથી મળવાનું કે જે સદાચારપાલનના પરિણામે આપણે મરણ પછી મેળવવા માગીએ છીએ. તમે આ લોકોને જ્ઞાનથી વંચિત નહીં જ રાખતા. એમની જડતા એ શ્રદ્ધા નથી. માણસમાં જૂઠું બોલવાની શક્તિ છે, એ શક્તિનો એ પ્રયત્નપૂર્વક ત્યાગ કરે છે. અને અન્તે જૂઠું બોલવાની શક્તિ હોવા છતાં જૂઠું બોલવું પોતાને માટે અશક્ય કરી મૂકે છે, તેથી જ તે સત્યપાલનનો આનંદ અને એમાંથી મળતી વાચાસિદ્ધિ અને ક્રિયાફલાશ્રયત્વ મેળવે છે. માણસ અજ્ઞાનમાં રહે એ મોટું દુર્દૈવ છે, કોઈ બીજાને ઇરાદાપૂર્વક અજ્ઞાનમાં રાખે એ મહાપાપ છે. અજ્ઞાનની સુરક્ષિતતા ભયાનક છે, જોખમકારક છે. જે સાંભળ્યું તે સાચું માન્યું એ વૃત્તિ શ્રદ્ધા નથી, પણ ભોળપણ છે, બાઘાઈ છે.'

ટેહરીથી આગળ જતાં ચડવાઊતરવાનું બહુ ઓછું હતું એટલે અમે જરા ઝપાટાભેર ચાલવા લાગ્યા. રસ્તો ગમે તેવો હોય તોયે અમારા કુલી કરતાં અમારી ચાલ તેજ રહેતી. પણ આજે મેં જોયું તો અમારા કુલી અમારાથી આગળ. એ અસાધારણ બનાવ તરફ મારું ધ્યાન ગયું. મેં સ્વામીને કહ્યું, 'બાદરુ અને કૈરાસિંગ આજે કંઈ વિશેષ જુવાન થયા લાગે છે. આપણા કરતાંયે આગળ ચાલે છે.' સ્વામી કહે. 'આજે રસ્તામાં એ લોકોનું ગામ આવવાનું છે. ઘેર જવાની ઉત્કંઠાથી એ લોકો આજે આટલા તેજ થયા છે. પછી સ્વામીએ આ મુગ્ધ પહાડી લોકોની એ વૃત્તિનાં ખૂબ વખાણ કર્યાં. 'Home, Sweet Home'-વાળી કવિતા સ્વામીને યાદ આવી. આપણે ત્યાં એ ભાવ કેમ નથી એવી ચર્ચા પણ ઉપાડી. મેં કહ્યું, 'દેશાભિમાન એ શબ્દ નવો છે. આપણે અભિમાનને દોષ ગણીએ છીએ. દેશભક્તિ એ કંઈક સારો શબ્દ છે. પણ આપણો જૂનો શબ્દ છે જન્મભૂમિવાત્સલ્ય. એ કેટલો સુંદર લાગે છે! એ વાત્સલ્યને કેટલાક કવિઓએ નબળાઈ તરીકે વર્ણવી છે એ ખરું. પણ શ્રીકૃષ્ણના જીવનમાં ગોકુળવૃન્દાવન વિષેની જે લાગણી મોટપણમાં દેખાય છે તે આ દેશભકિતની જ ઘરગથ્થુ આવૃત્તિ છે.'

મને થયું, જો પ્રથમથી ખબર હોત કે બાદરુનું ઘર આજે આવવાનું છે તો ટેહરીથી જ એનાં છોકરાંઓ માટે મેં થોડીક મીઠાઈ લીધી હોત. સ્વામીને મારી સૂચના ગમી. પણ જંગલમાં મીઠાઈ ક્યાંથી આવે? એટલામાં રસ્તામાં એક ધર્મશાળા આવી; ત્યાં મીઠાઈની એક દુકાન હતી. બાદરુ ત્યાં થોભ્યો હતો — એટલી જ ખાતરી કરી લેવા કે અમે ત્યાં થોભવાના નથી. 'હજી ઘણો દિવસ બાકી છે. તમે જરાક તેજ ચાલશો તો અમારું ગામડું આવી જશે. યાત્રાલાઈનથી બહુ દૂર નથી.' એમ કહીને કરગરવા લાગ્યો. સ્વામીએ મીઠાઈ ખરીદી લીધી અને હસતાં હસતાં એને ખાતરી આપી કે આજે રાત્રે તારે ઘેર જમીશું.

યાત્રાલાઈન છોડી અમે ઝપાટાભેર અમારા કુલીના ગામ તરફ ચાલવા લાગ્યા. શબરી કે વિદુરને જેટલો આનંદ થાય તેટલો આનંદ અમારા બિચારા કુલીને થયો. રસ્તામાં એક ઠેકાણે મેં સાંભળ્યું કે, એક વરસ ઉપર અહીં એક માણસને ઘાસ વાઢતાં સર્પ કરડ્યો હતો

અને એ મરી ગયો હતો. સર્પનો સવાલ ઊપડે એટલે એ વિષય ખૂબ લાંબે સુધી ચાલવાનો. અમુક વિષયો મનુષ્યપ્રિય હોય છે. બહારવટિયાનો ત્રાસ, દુકાળનો અનુભવ, ભૂત જોયાના પ્રસંગો, એ જેમ અખૂટ વિષયો છે તેમ જ સર્પની દુનિયા પણ ખૂબ લંબાયમાન છે. સર્પની વક્ર ગતિથી પાળે પાળે જતી અમારી કેડી અમે કાપતા ચાલ્યા અને બાદરુ પોતાના ઘરની વાતો કહેતો ચાલ્યો. રસ્તામાં ખેતરો વચ્ચેના ઊંચા ઊંચા પથરાના બાંધ જોઈ મેં કેટલાક સવાલો પૂછ્યા. જેમ જેમ સવાલો પૂછીએ તેમ તેમ બાદરુ ખીલે. આમ કરતાં બાદરુનું ગામ નજીક આવ્યું. પછી તો એને અમારી સાથે વાતો કરવાનો રસ ન રહ્યો. સાંજ પડી હતી એટલે ખેડૂતો ખેતરમાંથી ઘેર જતા હતા. જેને જુએ તેને બાદરુ પોતાનાં બૈરાંછોકરાં વિષે પૂછે, સગાંવહાલાંની ખબર કાઢે. એ તો ગાંડો ગાંડો થઈ ગયો હતો. આખરે અમે એના ઘર આગળ ખળામાં જ બેસીને રાંધ્યું; ભક્તિભાવપૂર્વક આણેલું ઘી, દૂધ, દહીં આરોગ્યું; અને ભેગા થયેલા ટોળા જોડે વાતો કરવા બેઠા.

કેરાસિંગ અને બાદરુ એ કંઈ શહેરી મજૂરો જેવા ભૂખલા મજૂરો નહોતા. વતન, વાડી, ઢોર, ખેતી અને સામાજિક પ્રતિષ્ઠા એમના પ્રમાણમાં એમની પાસે ઠીક ઠીક હતાં. પહાડના લોકો પાસે નાણાંનો દુકાળ. એટલે યાત્રાની મોસમમાં એકાદ મહિનો કુલીપણું કરી પચાસ પોણોસો રૂપિયા મેળવી લે એટલે આખું વરસ સુખેથી જાય, અને હાથમાં નાણાંની છૂટ રહેવા ખાતર ઘરનો માલ ગમે તે ભાવે વેચવાનું જોખમ ખેડવું ન પડે.

'અમારા દેશમાં આવા મોટા મોટા પહાડ નથી હોતા, રસ્તાઓ સીધા હોય છે. એના પર ગાડી દોડે છે.' વગેરે અમે કહ્યું. ગામની ડોસીઓ પૂછવા લાગી, 'એકદમ સીધો રસ્તો? ચડવાઊતરવાનું કશું ન મળે? અફસોસ! ત્યારે તમારા પગ થાકી જતા હશે. અને ત્યાં તડકો પણ હશે. તમે શી રીતે ચાલતા હશો?' પણ જ્યારે મેં એમને કહ્યું કે અમારે ત્યાં અઢીત્રણ પૈસે નાળિયેર મળે છે, ત્યારે તો એ ગામનાં નાનાં મોટાં બધાં જ અમારા દેશ તરફ આવવાને લલચાયાં. હિમાલયમાં નાનામાં નાનું નાળિયેર ચાર આનાથી ઓછે ભાવે મળે

નહીં. એને કોઈ વધેરે નહીં. ખરીદીને મંદિરમાં મૂકે. મંદિરનો ગોર ફરી એ ને એ જ નાળિયેર બજારમાં આણીને વેચે. આમ એક જ નાળિયેરના નસીબમાં વરસમાં અસંખ્ય વાર અર્પણ થવાનું હોય છે. વધેરવાથી અંદર કોપરું મળશે જ એવી પણ ખાતરી ન રખાય.

પછી અમે ઘરમાં પાણી ભરવાની વાતે ચડ્યા. અમારા દેશમાં દૂર જઈ નવાણમાંથી પાણી આણવાપણું નથી હોતું, ઘેર ઘેર કૂવા હોય છે, એમ મેં કહ્યું. એ ગામડાની મુગ્ધ કન્યાઓ તો કૂવો કેવો હોઈ શકે છે એની કલ્પના જ ન કરી શકે. ડોસાઓ દયા ખાઈને કહે, 'તમારે ત્યાં બહેનોને માટે એ કેટલી મોટી હાડમારી ? ઊંડાણમાંથી પાણી ખેંચીને બહાર કાઢવું એ હિંમત તો તમારી બહેનો જ કરે. અમારે ત્યાં એ મુશ્કેલી જરાય નથી. નવાણમાંથી ગાગર ભરી માથે ચડાવી કે ચાલ્યાં.' પણ ચાલ્યાં એટલે શું ? કોક કોક વાર ખાસો અર્ધો માઈલ પહાડ ચડવાનો કે ઊતરવાનો. પણ એ લોકોને મન એ કશું વિસાતમાં નહીં. પણ જમીનના ઊંડાણમાંથી રસી વતી વીસેક હાથ ઊંડાણવાળું પાણી બહાર ખેંચી કાઢવું એ તો ભારે હાડમારી — સખત સજા જ કહેવાય !

બીજે દિવસે બાદરુ કહે, 'હું હવે રહી જવાનો. મારો દીકરો તમારી સાથે આવશે. એ તગડો છે. તમને ખૂબ કામ આવશે.' એ પ્રમાણે વ્યવસ્થા થઈ પણ છેલ્લી ઘડીએ એ બાવીસ વરસના બાળકને 'પરદેશ' મોકલવાની એની માતાની હિંમત ન ચાલી, અને આખરે અમારો બાદરુ જ ગાંગરતાં ગાંગરતાં પલાણ્યો.

૩૦

રાઢીની ધારે

બાદરુના ગામથી ધરાસુ સુધીનો રસ્તો કેમે કર્યો ધ્યાનમાં આવતો નથી. બાદરુની અને કૈરાસિંગની મહેમાની સ્વીકારી ન હતી ત્યાં સુધી એમનો અમારો સંબંધ શેઠ નોકર જેવો હતો. એમના ઘરનું ઘીદૂધ ચાખ્યા પછી અને એમના આંગણામાં રાતવાસો કર્યા પછી અમારી વચ્ચે સમાનભાવ જાગ્યો. આરામના દિવસની ખીચડી અને રોજના ચણાચબીના (ઘઉંની ધાણી)ની રકઝક કરવાનું હવે પછી એમને કદી ન સૂઝ્યું. અમે પણ એમની સાથે વધારે વાતો કરવા લાગ્યા, એમણે ક્યારે અને શું ખાધું પીધું એની તપાસ રાખતા થયા, અને અમારાં હૃદયો કંઈક વધારે નજીક આવવા લાગ્યાં. આ પરિચયને લીધે એમણે અમારી સેવા ઓછી કરી એવું તો બિલકુલ ન બન્યું. ઊલટું અમે વઢવાના નથી એ ખાતરીને લીધે પોતાની બુદ્ધિ વાપરી અમારી સગવડો શોધવા તરફ જ એમનું વલણ વધ્યું. નોકરો અને મજૂરો સાથે કડકાઈથી કામ લેવા કરતાં પ્રેમ અને સદ્‌ભાવથી કામ લેવાથી કામ સુધરે છે, સેવા વધારે મળે છે. પણ એથીયે વિશેષ લાભ તો એ છે કે, નોકરોની ગભરાયેલી બુદ્ધિને આશ્વાસન મળવાથી તે વધારે ખીલે છે અને નોકર પણ બુદ્ધિમાન પ્રાણી બને છે.

ધરાસુમાં રાત્રે મજૂરો વચ્ચે ખૂબ ચર્ચા ચાલતી હતી. બંગાળ તરફનો કોઈ મોટો જમીનદાર ત્યાં પડાવ નાખીને પડ્યો હતો. એ રાજાના મુનીમ અને મજૂરો વચ્ચે ખૂબ રકઝક ચાલતી હતી. કલાકો સુધી શાંતિનું નામ ન મળે. મને કંઈક સ્મરણ છે કે અહીં જ અમને કેટલાક ગુજરાતી યાત્રાળુઓ મળ્યા. સ્વામીએ એમની સાથે વાતો કરી. એ લોકો આગળ જતાં અમને ગંગોત્રીમાં મળ્યા હતા. અને ત્યાં મારે એમના રસોઇયાને ખાવાના ધાર્મિક નિયમોને અંગે કાંઈક ચુકાદો આપવો પડ્યો હતો.

ધરાસુથી જમનોત્રી જવાનો રસ્તો ફંટાય છે. અહીં સુધી જમનોત્રી જવું કે ન જવું એ વિષે અમારો નિશ્ચય થયો ન હતો. આખરે નક્કી થયું કે જવું. એ મજૂરો સાથે વધારે મજૂરીનો કરાર અહીં જ કર્યો અને અમે ચાલ્યા. કેરાસિંગ કહે, 'અમે જમનોત્રીના પ્રદેશમાં ભાગ્યે જ જઈએ છીએ. આ રાઢી પહાડની પેલી પારનો મુલક સારો નથી. ત્યાં જોખમ ખૂબ છે.'

પહાડી લોકોની મનોદશાનું આ સૂચક છે. મોટો પહાડ આડે આવ્યો એટલે ત્યાં દુનિયાનો અંત આવી ગયો. પહાડ ઓળંગવો એમને માટે રમત વાત છે. પણ પેલી પારની દુનિયા જુદી અને આપણી જુદી; એ લોકો જુદા, આપણે જુદા; એવી ગાંઠ તેમના મનમાં બંધાઈ જાય છે. હાઈસ્કૂલમાં કૂપરની કવિતા ગોખેલી તેમાંની બે લીટી યાદ આવી :

Lands intersected by a narrow frith
Abhor each other. Mountains interposed
Make enemies of nations who had else
Like kindred drops been mingled into one.

જમના મૈયાનું નામ લઈ ને અમે ચાલ્યા. માધવાનંદે પણ સાથ કાયમ રાખવાનું નક્કી કર્યું. અહીંથી એક ઘોર જંગલમાં અમે પ્રવેશ કર્યો. જ્યાં જુઓ ત્યાં છાયા જ છાયા. એક પણ ઝાડ ન ડોલે ન હાલે. જાણે ધ્યાની ઋષિઓનું સંમેલન. અમે ઉત્સાહભેર આગળ ચાલીએ. બિચારો માધવાનંદ અમારી ગતિને શી રીતે પહોંચે? એ પાછળ રહેતો. એને બંગાળી સિવાય બીજી એકે ભાષા ન આવડે. એટલે સ્વામી કહે, 'જો એક વાર આ જંગલમાં એ ભાઈ ભૂલો પડ્યો તો વાઘવરુનો ખોરાક થઈ જવાનો. આપણે જરાક થોભીએ અને એની રાહ જોઈએ.' પ્રવાસમાં થોભવાની સૂચના કોને ન ગમે? પણ હું બેસવાની ના પાડતો. નાગવેતની મારી લાકડી પર ભાર મૂકી હું ઊભો ને ઊભો જ આરામ લેતો. એક વાર બેઠા અને પગમાં લોહી ફરવા માંડ્યું એટલે પગ ફૂલી જવાના અને ચાલતાં મુશ્કેલી વધવાની. મુકામ આવે ત્યારે જ બેસીએ.

કોઈ પણ લડત માટે પણ એ જ નિયમ શું સાચો નથી?

માધવાનંદ ધીમે ધીમે રસ્તો કાપે. મને પ્રણવગર્જના સૂઝી. ઊંચે શિખરેથી ઊંચે સાદે મેં લલકાર્યું: ૐ શાऽऽऽન્તિઃ શાऽऽऽન્તિઃ શાऽऽऽન્તિઃ । દૂરથી માધવાનંદનો જવાબ આવ્યો: શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ । આમ થોભવામાં અમારો કેટલોય વખત ગયો. રાત પડી અને અમે પહાડ ઊતરી જવાને બદલે પહાડને માથે જ પહોંચ્યા હતા. અંધારું ઘનઘોર. વચમાં એક નાનકડી કેડી પાસેના એક નેસડા તરફ જતી હતી. એણે પણ અમારો વખત લીધો. કયો રસ્તો મોક્ષનો અને કયો રસ્તો આડે માર્ગે લઈ જનાર સિદ્ધિનો? અમે આસપાસ જોયું, ઉપર જોયું, નીચે જોયું અને મુસાફરની સહજબુદ્ધિથી અચૂક નક્કી કર્યું કે કેડીનો રસ્તો છોડી દેવો. અંધારામાં તો ઈશ્વર પર આધાર રાખીને જ જવાય. શાંતિની ગર્જના કરતા અમે શિખરે પહોંચ્યા. એટલામાં રજનીકાન્ત ઊગ્યો અને આસપાસનું અંધારું કંઈક દેખાવા લાગ્યું.

ખાવાનું શું મળશે એ સવાલ મનમાં અહીં આવે જ શાનો? રહેવાની જગા મળે તો ધન્યભાગ્ય. જંગલખાતાની એક કચેરી રસ્તામાં આવે છે એમ અમે સાંભળ્યું હતું. તેનું ધ્યાન ધરતા અમે ચાલ્યા. પણ એ કચેરી કેમે કરી આવે જ નહીં. એટલામાં બુવાએ નવરા લોકો ગપ્પાં મારતા હોય એવો અવાજ સાંભળ્યો. એ દિશાએ જઈને સ્વામીએ 'બાતમી' આણી કે જરાક ઊંચે જંગલના સિપાઈઓનું એક થાણું છે, ત્યાંથી એ અવાજ આવે છે. અમે ત્યાં ગયા. પણ જંગલના એ બેપગા વાઘ અમને પાસે ઢૂંકવા દે શાના? તેઓ ઘૂરક્યા, બબડ્યા, ધસી આવ્યા, પણ અમે એકના બે ન થયા — અથવા સાચું કહીએ તો ત્રણના ચાર ન થયા. માધવાનંદ અને કુલીઓ પહોંચ્યા હોત તો અમે ખાસા છ થાત. અંધારામાં પણ સ્વામીની વાણીની મોહનીએ પોતાનું કામ કર્યું અને વાઘ નરમ પડ્યા. એમણે અમને ઓટલા પર પણ આવવા દીધા. પછી વાતો જામી. પ્રથમ તો એમણે જંગલના કાયદાની કડકાઈ અને એનું મહત્ત્વ સમજાવ્યું: કોઈ સળગતી બીડી ફેંકી દે તો આખું જંગલ બળી ઊઠે, લોકોના જાન જોખમમાં આવે, અને એથીયે વધારે, સરકારને પારાવાર નુકસાન જાય!

માધવાનંદ આવ્યો, અને એની બંગાળી વાગ્ધારા ચાલી. મેં એને બે ત્રણ વાર કહ્યું કે, બંગાળીનો બ્રહ્માક્ષર પણ હું સમજતો નથી. 'આનંદમઠ 'નાં કેટલાંક પાનાં વાંચ્યાં હતાં પણ બંગાળી ઉચ્ચાર એ બંગાળી ઉચ્ચાર. એનું જ્ઞાન તો ગુરુમુખે જ થાય. મેં એને મરાઠીમાં કહ્યું, હિંદીમાં કહ્યું. નિષ્કામ કર્મ તરીકે અંગ્રેજીમાં પણ કહ્યું, પણ માધવાનંદની વાગ્ધારા તૂટે જ નહીં. પેલા કવિએ કહ્યું છે: I sing because I must. (નથી રહેવાતું માટે હું ગાઉં છું.) એ જ જાતની માધવાનંદની પ્રતિભા હતી. હું સમજું ન સમજું એની એને દરકાર ન જણાઈ. મારા કાન માણસના છે એટલું એને માટે બસ હતું. શ્રવણાંજલિપુટપેય એવા એના વાચામૃતનું એણે મને પરાણે પાન કરાવ્યું. મેં પણ હૈયું કઠણ કરી નિષ્કામ કર્મ સમજી શાંત રીતે બધું સાંભળ્યા કર્યું, જાણે પાડા ઉપર વરસાદ.

ચંદ્ર ઊગ્યો તો ખરો, પણ આકાશ એટલું સારું ન હતું. અને અમે થાકેલા. એટલે કશા ગાંડપણ વગર અમે સૂઈ ગયા.

સ્મૃતિ દગો દે છે, પણ ધરાસુથી નીકળ્યાને દિવસે ઘણું કરીને એ અદ્ભુત અનુભવ થયેલો હોવો જોઈએ. રસ્તે ચાલતાં ચાલતાં એવું એક સ્થાન આવ્યું કે જ્યાં જતાંવેંત અંદરથી થઈ આવ્યું કે આ સ્થાન પૂર્વપરિચિત છે, જાણે અહીં કોક વખતે હું રહ્યો જ છું. આવો ભાવ ક્યાંથી પેદા થયો એ સમજાતું નથી. અનેક વેળા એને વિષે અનેક વિચારો કર્યા છે, પણ નિર્ણય થતો નથી. આવે ઠેકાણે હું કોઈ કાળે પૂર્વે આવ્યો ન હતો એ ચોક્કસ. ત્યારે આમ શાથી લાગ્યું હશે? આ રમણીય સ્થાન જોઈ કોઈ અસ્પષ્ટ કલ્પના કે વાસના તેને ભૂત જેવી વળગી પડી હશે? કાલિદાસ તો ઝટ દઈને કહેત:

तच्चेतसा स्मरति नूनमबोधपूर्वं
भावस्थिराणि जननान्तरसौहृदानि ।

પણ એટલું ખરું કે મને આગળ પાછળનો કશો વિચાર કર્યા વગર ત્યાં જ રહી જવાનું મન થઈ ગયું હતું. પણ મનુષ્યવસ્તી વગરના એ મહારણ્યમાં કેવળ કાવ્યમય કલ્પનાને જોરે રહી જવાતું હશે?

૩૧

'યામુન' ઋષિ

સવારે ઊઠીને અમે ગંગાણીનો રસ્તો લીધો. બરફના દર્શનને લીધે ચિત્ત પ્રસન્ન થયું હતું જ. એને અપ્રસન્ન કરનાર એકે વસ્તુ આ કુદરતી મુલકમાં ન હતી. પહાડમાં ચડતાં જેટલું સૃષ્ટિનિરીક્ષણ થઈ શકે છે તેટલું ઊતરતાં થઈ શકતું નથી એટલી જ એક મુશ્કેલી હતી ખરી. ચડતાં આપણે ધીમે ધીમે ચડીએ છીએ, ચારે કોર જોઈ શકીએ છીએ, અને શરીરને ગમે તેટલું જોર કરવું પડે તોયે શરીર તરફ ધ્યાન આપવું નથી પડતું. ઊતરતી વખતે પહાડનો ઉતાર જ આપણને ઉતાવળ કરાવે છે, આસપાસ જોવા કરતાં પગ તળે જોવાની આવશ્યકતા વધારે હોય છે, દરેક પગલા સાથે આખા શરીરનો ભાર ઢીંચણ અને ઘૂંટણ પર આવી પડે છે, અને પગ સાચવવાની કસરત તો અનેક રીતે કરવી પડે છે. શંકરની ત્રીજી આંખની પેઠે અમારી પાસે લાકડીનો ત્રીજો પગ હતો, એટલે જ અમે સુરક્ષિત હતા. જંગલમાં જોવા લાયક તો ઘણું હોય છે. જાત-જાતનાં વૃક્ષ અને પાંદડાં, નાનીમોટી ટેકરીઓની વ્યૂહરચના, અને ઊંચાં ઊંચાં શિખરોની હરીફાઈ. પણ એ બધા કરતાં મારું ધ્યાન તો ઝાડોનાં થડ તરફ જ વધારે જાય છે. નાનપણથી મને થડો જોઈને વિશ્વામિત્ર આદિ ઋષિઓનું સ્મરણ થાય છે. અખાડાબાજ બાવાઓ મલ્લખમની કસરત કરતા હોય અને એમના પગમાં અનેક પ્રકારે આંટી પડતી હોય એવી ઝાડની ડાળીઓ જોઈ મને ખૂબ આશ્ચર્ય થાય છે. થડ અને ડાળીનો આકાર, એની છાલ અને એનો રંગ જોઈને દરેક ઝાડનો સ્વભાવ હું કલ્પી શકું છું. કેટલાંક ઝાડ જાણે પોતા પ્રત્યે જ કઠોર થવામાં જીવનનું સાર્થક થયેલું માને છે. કેટલાંક ઝાડ ખાધેપીધે સુખી એદીડુ લોકો જેવાં ગોળમટોળ હોય છે. કેટલાંક

સાવ ત્રાંસી ડાળીવાળાં ઝાડ મરાઠા ઇતિહાસના રાજારામના વખતના વીરોની પેઠે વિપત્તિ સામે અસહાય પણ અવિચળપણે ઝૂઝતાં હોય એમ લાગે છે. જ્યારે કેટલાંક તો આખા વનનો ઇતિહાસ બની શકે તેટલો સાચવવા સંઘરવાનું કામ કરતાં હોય એવાં દેખાય છે. કેટલાંક ઝાડની ત્વચા એવી કોમળ હોય છે કે શકુંતલાને તપશ્ચર્યા કરતી જોઈ દુષ્યન્ત જેમ અસ્વસ્થ થયો હતો તેમ આપણું મન અસ્વસ્થ થઈ જાય છે. અને કેટલાંક ઝાડની બખોલો તો જાણે મધમાખોને અથવા પોપટ જેવાં પક્ષીઓને આશ્રય આપવા પોતાનું હૃદય ચીરીને ઉઘાડું કરતી હોય એવી લાગે છે. ઝાડોની સાચી શોભા જોવી હોય તો વરસાદ પછી તડકો પડયો હોય છે એ વખતે જોઈ લેવી, અથવા પક્ષીઓનાં ઝુંડનાં ઝુંડ ઝાડ પર ફૂલોની પેઠે ઊભરાતાં હોય ત્યારે. ચીડનાં ઝાડનાં થડમાં રાંઢવાના વળાંક જેવા રેષા હોય છે, અને તેથી એ થડને મજબૂત બનાવવા માટે કુદરતે કંઈક વિશેષ મહેનત લીધી હોય એવો ભાસ થાય છે.

આવી આવી બધી સુંદરતા જોતો જોતો હું ઊતરતો હતો, એટલામાં ઉપરથી નીચે નજર ગઈ અને યમુનાનાં દર્શન થયાં. યમુનાને ઓળખતાં વાર ન લાગી. હા, એ જ તે કાળી કાલિંદી જેના પાણીમાં પ્રયાગમાં હું નાહ્યો હતો, જેના કાચબાને વૃંદાવનમાં વાંદરા જોડે લડતા મેં જોયા હતા, જેના અરીસામાં તાજમહાલનું પ્રતિબિંબ જોઈ હું આશ્ચર્યચકિત થયો હતો અને જેના નામ સાથે કાલિયમર્દનનાં ચિત્રો નાનપણથી મેં જોડયાં હતાં. બેવડા કાઠાવાળી મજબૂત બાંધાની સોળ સત્તર વરસની સુંદર બાળા યૌવનના ભાનને અભાવે દોડતી કૂદતી હોય અને સાંકળાં ને ઝાંઝરના નાદની મસ્તીમાં આખી દુનિયાને ભૂલી જતી હોય એવી એ અહીં દેખાય છે. અમે જ્યારે પહાડ ઊતરીને પાસે આવ્યા ત્યારે એનાં નિર્મળ પાણી અનેક રંગે દર્શન દેતાં હતાં. ઘડીકમાં પાણી નીલકાળું મેશ જેવું દેખાય છે. ઘડીકમાં જ્યારે પથરા પર ભટકાય ત્યારે મોરથૂથુના રંગનું થઈ જાય છે. મોજાં જ્યારે પથરા પર ભાગીને હસી ઊઠે છે ત્યારે તે સાવ ધોળું થઈ જાય છે; અને છતાં ફરી નીલ ગંભીર થતાં એને વાર લાગતી નથી. નિર્મળ પાણીના ગેલથી તપોવૃદ્ધ

અને મહાકાય પથરાઓ ધન્ય ધન્ય થતા હોય એવું લાગતું. પાણી પોતાની એક જાતની મસ્તીમાં નાચતું હતું, જ્યારે પથરાઓ બીજી જાતની મસ્તીમાં મગ્ન હતા. એમના મનમાં શું ચાલતું હશે? મારા મનમાં શું ચાલતું હતું એનો એમને ખ્યાલ હશે? થોડીક ધોળી રેતી વટાવીને અમે યમુનાને તટે જઈને બેઠા. કેટલીક પહાડી છોકરીઓ ત્યાંથી પસાર થઈ. અમે અહીં બેઠા શું જોઈએ છીએ એનું એમને આશ્ચર્ય થયું. અમારી નજર જ્યાં પડતી ત્યાં ખાસ શું છે એ તેઓ જોવા લાગી. અહીં તો ખાસ કંઈ દેખાતું નથી એવી નજરે તેઓ ચાલી ગઈ. મારા મનમાં શું ચાલે છે એનો તેમને ખ્યાલ પણ શી રીતે આવે?

આ સ્થાનને ગંગાણી કહે છે. ગંગાણી એટલે શું ગંગા આણી?

એક ઋષિ હતો. ગંગા અને યમુના બંને લોકમાતાની નિર્વિશેષ ભાવે ભક્તિ કરતો હતો. બંનેનાં દર્શન વગર એનો એકે દિવસ જતો નહીં. એ રહેતો અને જમતો જમુનાને કાંઠે, પણ રોજ નાહવા જાય ગંગાના જળમાં. વચ્ચે મોટો રાક્ષસ જેવો રાઠી પર્વત પડ્યો હતો તેને એણે કોઈ પણ ક્ષણે ગણકાર્યો નહીં. પંદર વીસ માઈલ કાપી નાખવા એને હિસાબે રમતવાત હતી. શરીર ચાલ્યું ત્યાં સુધી ખડતલ ઋષિએ એ નિયમ પાળ્યો. જ્યારે શરીર સાવ ક્ષીણ થઈ ગયું ત્યારે એણે ગંગાની સ્તુતિ કરી. ગંગાને એની દયા આવી. અને યમુનાને કાંઠે એના આશ્રમ પાસે ધોળા પાણીના ઝરણારૂપે ગંગા પ્રગટ થઈ. ઋષિ કૃતાર્થ થયો. એ નૂતન ગંગામાં નાહવાને ઋષિ કેટલા દિવસ જીવ્યો એ 'માહાત્મ્ય'માં લખ્યું નથી. એ ઝરણું અમે જોઈ આવ્યા. એ ઋષિ જાણે મારા જ ગોત્રનો કોઈ પૂર્વજ હોય એવી ભક્તિ એના પ્રત્યે જન્મી. એ તપસ્વી હતો એના કરતાં કવિ કંઈ ઓછો ન હતો. કાવ્ય લખે તે કવિ એ વ્યાખ્યા અવ્યાપ્ત પણ છે અને અતિવ્યાપ્ત પણ છે. કાવ્ય જીવે તે કવિ એ જ સાચી વ્યાખ્યા છે. કાંઈ નહીં તો ત્રીસ ચાળીસ વરસ સુધી ગંગા ને યમુનાની ઉપાસના એણે જરૂર કરી હશે. એ નિયમ લેતાં એના હૃદયના કેવા ભાવો ઉદ્ભવ્યા હશે! અને એ નિયમના પાલનમાં રોજ રોજ એને કેટલો આનંદ આવ્યો હશે! ચારે

ધામની યાત્રા કરવી અને રોજ રોજ નવા અનુભવ લેવા એમાં એક જાતની સંસ્કારિતા રહેલી છે, જ્યારે એ ને એ જ પથ દિવસના બે વાર કાપવો અને છતાં એમાંથી રોજ નવો નવો આનંદ લૂંટવો એમાં બીજી જાતની, ઠરેલ અને ઊંડી સંસ્કારિતા રહેલી છે. જતે દહાડે એ ઋષિને એ પહાડ પરનાં ઝાડ તો શું એકેએક વાદળાંની પણ ઓળખ થઈ હશે. એના દેખતાં કેટલાંયે ઝાડનાં બચ્ચાં મોટાં થયાં હશે. એણે કેટલીયે વાર જમનાનાં જળ વધતાં અને ઘટતાં જોયાં હશે. અને કુતૂહલ જેવી કાંઈ જ વસ્તુ ન રહેવાથી ચિત્ત અંતર્મુખ કરવામાં એ એની રોજની યાત્રા એને ઉત્તમ રીતે મદદગાર થઈ હશે. એકાગ્રતાનું એ ફળ છે. સાંસારિક અને આધ્યાત્મિક મહાનમાં મહાન પ્રશ્નોનો ઉકેલ આણવામાં આવી એકાગ્રતા પથરા ફોડવાની સુરંગ કરતાંયે વધારે અસરકારક નીવડે છે એ દુનિયાનો અનુભવ છે.

એ યામુન ઋષિનું ધ્યાન વિસર્જન કરી હું આસપાસ જોઉં તો સ્વામી કે બુવા કોઈ ન મળે. તેઓ તો જરાક દૂર જઈને એક ઝૂંપડીએથી તાજું વલોવેલું માખણ ખરીદવામાં મશગૂલ હતા. હું પણ ત્યાં પહોંચ્યો. એ ગોરસ જાણે એ ઋષિનો જ પ્રસાદ હોય એવા ભાવથી આરોગીને અમે આગળ ચાલ્યા.

૩૨

રાણાગામ

ગંગાણી છોડી અમે આગળ ચાલ્યા. રિવાજ મુજબ સ્વામી ઝપાટાભેર સૌથી આગળ જાય, બુવા એમની પાછળ પાછળ સાથ રાખવા મથે, અને હું હરીફાઈમાં ન માનનાર મારી ગતિએ ધીમે ધીમે રસ્તો કાપું. ઝડપ અને થાક બંને સાથે મારી દોસ્તી ઓછામાં ઓછી. થોડુંક આગળ ગયા ત્યાં પહાડી વિચિત્ર પોશાકવાળાં સ્ત્રીપુરુષોની નાનકડી છાવણી જોઈ. એ સ્થાયી ગામડું ન હતું, પણ કોઈ રખડતી ટોળીનો કામચલાઉ નિવાસ હતો. રખડતી ટોળીની સ્ત્રીઓના પહેરવેશમાં, હાવભાવમાં અને આંખોમાં એક જાતનું ઉગ્રપણું અને લૂંટારાપણું હોય છે. અબલા કે લલના એ નામ એમને માટે હોય જ નહીં. પાસે થઈને પસાર થાય તો મનમાં જરા બીક જ ઉપજે. રખડુ ટોળીનો બીજો ગુણ એમનું આળસ, કંઈ કામ કરવાનું હોય તો અચૂક આવડતની ઝડપથી કરી નાખે, અને ફરી આળસમાં ડૂબી જાય. જાણે ઈશ્વરે આટલો વધારેપડતો વખત શા માટે સરજ્યો હશે એની ચિંતામાં પડ્યા હોય અને આખરે કંટાળીને બગાસાંથી જ એ ભરી કાઢતા હોય એવું દેખાય છે. આ છાવણીથી રસ્તો કંઈક જમણી બાજુ એકાએક જતો હતો એટલે રસ્તો નક્કી કરવા માટે ઊભા રહેવું પડ્યું, ને પરાણે આ લોકોનું નિરીક્ષણ કરવું પડ્યું.

આગળ જતાં રસ્તો બહુ કઠણ આવ્યો. સ્વામી, બુવા ને હું અમે ત્રણે ભેગા થયા, અને રસ્તો કઈ બાજુ હોઈ શકે એના વિચારમાં પડ્યા. આગળનો પ્રદેશ મોટા મોટા વીખરાયેલા, હાડકાં થઈ ગયેલા પથરાથી ભરેલો હતો. જાણે પાંચ દશ પહાડ વચ્ચે સંકુલ યુદ્ધ થઈ ગયું છે અને હવે રણભૂમિ પર વિનાશના અવશેષ ઉપરાંત કશું રહ્યું નથી. જ્યાં જુઓ ત્યાં પથરા જ પથરા. દૂર નજર નાખતાં એક પહાડની બાજુ દેખાતી હતી. એ પણ પથરાના ઢગલાથી જ બનેલી. અમે સહેજે

વરતી શકચા કે પૃથ્વીના પેટમાં કંઈ ઉત્પાત થયો હશે અને એક પહાડ ભાંગીને પથરાની રેલ ચાલી હશે.

હવે આ પહાડી રણક્ષેત્રમાંથી રસ્તો શી રીતે કાપવો ? રણનદી જેવી યમુના વચમાં વચમાં 'મત જાઓ' કહેતી હતી. આખરે સ્વામી-એ એક ઠેકાણે એક કામચલાઉ પુલ શોધી કાઢચો. દરેક પહાડીને પુલ બાંધતાં આવડવું જ જોઈએ. લશ્કરમાં કામચલાઉ પુલ બાંધનાર કુશળ લોકોની નોખી ટુકડી જ હોય છે. પહાડી માણુસને માટે પુલ બાંધવો એ જીવનકળા છે. એ પુલ ઉપરથી શરીરને બરાબર સાચવી અમે આગળ ગયા. આગળ જતાં એક પથરા તળે દબાયેલો એક કાગળ-નો કકડો મારા હાથમાં આવ્યો. એના પરનું અંગ્રેજીમાં છાપેલું લખાણુ જોતાં ત્રિકોણમિતિના કેટલાક આંકડા એક કોઠામાં ગોઠવેલા દેખાયા. એ કાગળને મેં એની જીવનકથા ઘણી પૂછી, પણ ત્રિકોણ-મિતિના આંકડાના કોઠા બબડવા ઉપરાંત એ કશું કહે જ નહીં. જે ગણિત ન જાણે તેની આગળ વાત શી, એમ એને લાગતું હશે. કોઈ સરકારી અમલદાર અથવા સાહિસક પ્રવાસી આ રસ્તે ગયો હશે, બરફમાં સપડાયો હશે, અથવા વાઘવરુનો ભક્ષ થયો હશે; કોને ખબર ? એનો સામાન પવન અને વરસાદમાં ઓગળી ગયો હશે. અહીં જે પહાડ તૂટી પડચો હતો એની તળે કોઈ મુસાફર દબાઈ ગયો હશે. અને એના કાગળમાંથી આ એક અવશેષ ઊડતો ઊડતો આકાશમાં વિહર્યો હશે, અને અંતે કશું જ ન સૂઝવાથી અહીં આવીને પડચો હશે. 'વારેઘડીએ આમ નકામો શું ઊડે છે, છાનો સખનો બેસી જા' એમ કહી કોઈ પથ્થર એની છાતી પર સવાર થયો હશે અને એ કાગળ હવે કોઈ ઉદ્ધારક આવવાની વાટ જોતો અહીં પડચો હશે. કેટલાય દિવસ સુધી એ કાગળનો કકડો અહીંના 'લૅંડસ્લિપ'ની યાદગીરી તરીકે મેં મારી સાથે રાખ્યો હતો, પણ આગળ જતાં એનું શું થયું કોણ જાણે. એ કાગળનો કકડો મારી સાથે બોલ્યો હોત તો કદાચ મેં એને કોઈ પદાર્થ-સંગ્રહાલયમાં મૂકચો હોત. ઘનઘોર જંગલમાં જ્યાં મનુષ્યવસ્તીનાં નામનિશાન નથી, જ્યાં પહાડના ઉત્પાત અને જલપ્રવાહના પ્રપાત એની જ લીલા પથરાયેલી હોય, એવે ઠેકાણે માણુસના ભેજામાં

સરજાયેલી ત્રિકોણમિતિના કાગળનો કકડો જડે એનું વિસ્મય કેમ ન થાય?

મહામુસીબતે રસ્તો કાઢતાં કાઢતાં અમે આગળ ચાલ્યા. એટલામાં એ પહાડ વચ્ચે થઈને યમુના નદી ગૂઢ ભાવે આવતી દેખાઈ. પાણીનો રંગ અને પાણીની શાંતિ જોઈ ખાતરી થઈ કે અહીં ઊંડો ધરો છે. આગળ જવાનો રસ્તો ન મળે. જમણી બાજુ ઊભો પહાડ અને ડાબી બાજુ પહાડના પગ ડુબાડતું પાણી. પાણીમાં પગ બોળ્યા વગર આગળ જવાય જ નહીં એવી ખાતરી કરી, પહાડની કેડને વળગી પાણીને કાંઠે કાંઠે પાણી કાપતા અમે આગળ વધ્યા. આમ પાણીમાંથી બહુ ચાલવાનું હતું નહીં, પણ પાણીએ અમારી ઠીક ઠીક સરભરા કરી. પાણીની ઠંડક ઘૂંટણ અને કેડથી ચડી હૈયા સુધી પહોંચી ગઈ.

હવે ચડવાનું આવ્યું. અંધારું વધતું ચાલ્યું. મહામુશ્કેલીએ રાણાગામમાં પહોંચ્યા. અહીં શનૈશ્ચર મહારાજ ગ્રામદેવતા તરીકે પૂજાય છે. એના લાકડાના મંદિરમાં અમે પહોંચી ગયા. એવો તો થાક ચડ્યો હતો કે ભયાનક ટાઢ હોવા છતાં પગ લાંબા કરીને જ સૂવાનું મન થતું. ગામડાના છોકરા કુતૂહલથી અમારું સ્વાગત કરતા હતા. શહેરના છોકરા હોય તો મુસાફરને એકાદ વાર્તા કહેવાનો આગ્રહ કરે. શહેર પાસેના ગામડાના છોકરા હોય તો સલામ કરી પૈસા માગે. આપણા તરફના ગામડાના છોકરા હોય તો જાત જાતના સવાલો પૂછે: 'ક્યાંથી આવો છો? તમારા ગામમાં ફલાણું શું છે, ઢીકણું શું છે?' અહીંના છોકરા મુસાફર પાસેથી 'સૂઈ દે, ધાગા દે, બિન્દી દે,' એ જ એક માગણી કર્યા કરે. પહાડી સ્ત્રીઓ અને છોકરીઓ કપાળ પર ચાંલ્લો કરી એના પર અબરખની અથવા એગડની ચકતી અથવા તારા બેસાડી દે છે, એને એ લોકો બિન્દી કહે છે. એ બિન્દી ઉપર પહાડી છોકરીઓ વારી જાય છે. હિંદુસ્તાનમાંથી કોઈ મુસાફર પહાડમાં જાય અને સાથે સોય-દોરો ને બિન્દી રાખે તો ગમે તે ગામડામાં તેને આવકાર મળવાનો જ. મંદિરની આગલી ઓરડીમાં આપણા અખાડામાં કુસ્તીની જગા હોય છે એવો ખાડો હતો. એમાં અમે સૂઈ ગયા. એક પહાડી કૂતરો ઘુરઘુરતો અમારી ચોકી કરતો હતો. સામાન્યપણે એમ કહી શકાય કે, પહાડની

ગાયો ઘેટાંબકરાં જેવડી નાની નાની હોય છે, જ્યારે પહાડી કૂતરા વાઘ જેવા મોટા હોય છે.

મધરાતે થાક ઊતર્યો ને પેશાબ કરવા હું બહાર ગયો. સામે પહાડનું એક મોટું શિખર અનંત કાળથી બરફ ઓઢીને સૂતું હતું, અને એના ઉપર ચંદ્રનો શીતળ પ્રકાશ સોનાના ઢોળની પેઠે ચળકતો હતો. મધરાતની ઢંગધડા વગરની કલ્પનાએ એ પહાડમાં મહાદેવનું માથું જોયું. એ પેલું વિશાળ કપાળ, એની તળે પેલી બે આંખો જેવી ખીણો, અને વચ્ચેનું એ ચીબું નાક, અને એની તળે મોઢા સાથે એકરૂપ થયેલી વિચિત્ર દેખાતી એ હડપચી, અને બંને કાન તો જાણે રિસાઈને દૂર દૂર બેઠા હોય, અને મહાદેવનું એ માથું ટટાર રહેવાને બદલે થાકીને આરામ લેવા ઢળેલું હોય એવું દેખાતું હતું. આસપાસની ટાઢ તો માર્શલ લૉની પેઠે મંદિરની અંદર જવા ફરમાવતી હતી. છતાં એ પહાડનું વિશાળ દૃશ્ય કેમે કર્યું પગ ઉપાડવા દેતું નહોતું. જે વખતે ચારે કોર પાણી થાજીને બરફ થઈ ગયું હતું એ વખતે કાવ્યતરસી કલ્પના એ સામેનું દૃશ્ય પીધાં જ કરતી હતી. આકાશમાં બૃહસ્પતિનો તારો વૃશ્ચિક રાશિ પર વિરાજમાન હતો.

સવાર પડી અને ગામડાના ભક્ત લોકો લાંબા લાંબા જાડા ડગલા પહેરીને મંદિરે આવવા લાગ્યા. હવે અહીં વધારે રહેવાની જરૂર નથી એમ સમજી અમે આગળ ચાલ્યા.

૩૩

જમનોત્રી

પહાડોમાં જ્યારે ધૂમસ હોય છે ત્યારે ઘણી વાર મુસાફર જાદુઈ દૃશ્યો જુએ છે. જાડું દહીં જેવું ધૂમસ ફેલાયું હોય એટલે આગળ પાછળ એક હાથ કરતાં વધારે ભાગ્યે જ કશું દેખાય છે. સામસામા માણસ દોડી આવતા હોય તો બરાબર ભટકાય. એટલામાં જો વાદળાં વીખરાય અને સૂરજનાં કિરણ પોતાનો પ્રતાપ ચલાવી શકે તો એ જ ધૂમસ ત્યાં ને ત્યાં જ ઓગળી જાય છે ને મોટી વિશાળ સૃષ્ટિ એકાએક છતી થાય છે. આશ્ચર્યમગ્ન થઈ આમતેમ જોઈએ છીએ એટલામાં અદેખાં વાદળાં આકાશનાં કમાડ એકદમ બંધ કરી દે કે તરત આપણે ધૂમસના ક્ષીરસાગરમાં મગ્ન થઈએ છીએ ને પછી કશું જ દેખાતું નથી. આ ઇંદ્રજાળ જોવાની કંઈક ઓર જ મજા હોય છે. યાદદાસ્તના આકાશમાં જ્યારે વિસ્મૃતિનાં વાદળાં ઘેરાય છે ત્યારે સ્મરણયાત્રાનું પણ એમ જ થાય છે. મુસાફરીનાં અમુક સંસ્મરણો કુતૂહલ કે નિરીક્ષણને લીધે વરસોના પટલ ભેદી તાજાં ને તાજાં દેખાય છે, જ્યારે મોટા મોટા ભૂમિભાગ વિસ્મૃતિના ધૂમસ પાછળ ભૂંસાઈ જાય છે. રાણાગામ છોડ્યું અને જમનોત્રી આવી પહોંચ્યા એ વચ્ચેનો મુલક કેવો હતો, એમાં શું શું જોયું એ કશું જ હવે સ્મૃતિની પહોંચમાં આવી શકે એમ નથી. એ ગયું, સફળતાપૂર્વક ગયું, સદાને માટે ગયું. પાંચ પાંચ દસ દસ ડગલે થાક ખાવાને થોભવું પડતું હતું, પણ જરાક ઊભા રહ્યા કે તરત ઠંડો પવન અમને પંપાળી ફરી તાજા બનાવતો, એટલું જ હવે યાદ છે.

વિસ્મૃતિના પટલમાંથી બહાર નીકળતાં, જમનોત્રીની ખીણમાં નદીની જમણી બાજુનો ઊંચો પહાડ અમે ઝપાટાભેર ઊતરીએ છીએ એવું ચિત્ર નજર આગળ ઊભું થાય છે. અને તે વખતે મારી

આત્મકથાનાં કેટલાંક મહત્ત્વનાં પ્રકરણો ખુવા આગળ હું ઉઘાડતો હતો એ પણ યાદ આવે છે.

પહાડની ભયાનક ભૂમિમાં દરેક નદીને બંને બાજુએ રખેવાળ પહાડ હોય જ છે. પણ યમુના નદીએ જમનોત્રીની આસપાસ જેવા રખેવાળનો સાથ બાંધ્યો છે તેવા જવલ્લે જ બીજી કોઈ નદીના ભાગ્યમાં આવ્યા હશે. હિમાલયનાં અસંખ્ય ભવ્ય દૃશ્યોમાં જમનોત્રી આગળનું દૃશ્ય એના શૈત્યપાવનત્વથી અને ભીષણ ગાંભીર્યથી જુદું જ પડે છે. (એનું વર્ણન 'યમુનારાણી'*વાળા લેખમાં કાંઈક આપ્યું છે. જે દૃશ્યે હૃદયનો ખૂણેખૂણો હચમચાવી નાખ્યો હોય એનું વર્ણન એક વાર એક રીતે કર્યા પછી એને બીજી રીતે વર્ણવવાનું આપણને ગમે નહીં. અને એક જ વસ્તુ એક જ રીતે અનેક વાર કહ્યાં કરવી એ પણ બરાબર ગણાય નહીં.)

પણ એ શીત પ્રદેશમાં કાલિંદીને કિનારે વસતા અસિત ઋષિનું ફરી ફરી સ્મરણ થયા વગર રહેતું નથી. ચારે કોર ધોળા ધોળા બરફના પહાડમાં અસિત ઋષિ કેવા શોભતા હશે! જેની જીવનભેદી કલ્પનાઓ ખીલવા માટે જમનોત્રી કરતાં ઊતરતું સ્થાન કામ ન આવ્યું તે ઋષિની સાધના કેટલી ઉગ્ર હશે! અહીં રહ્યાં એ ઋષિએ ભૂત અને ભવિષ્યકાળના ઇતિહાસમાં કેટલાં સૈકાંઓ સુધી નજર ફેંકી હશે! માનવકલ્યાણના અનેક સંકલ્પો એણે અહીં સેવ્યા હશે. એની જ અસર આજની આપણી રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં સૂક્ષ્મરૂપે કામ કરતી હોય તોયે આપણને એની શી રીતે ખબર પડે? અહીંના ગરમ કુંડો જોઈને એ ઋષિએ આ સ્થાન પસંદ કર્યું હશે એમ માનવા કરતાં, એણે અહીં નિવાસ કરવાનું નક્કી કર્યા પછી એના સંકલ્પને બળે વિવશ થઈ કુદરતે અહીં ઉષ્ણ ઝરણાંઓ પોતાના નિઃશ્વાસ તરીકે મોકલ્યાં છે, એમ માનવા તરફ મારું મન વધારે ઢળે છે. અહીંના પાણીમાં ગંધકની ગંધેય નથી. મોટું એંજિન ચાલતું હોય તેમ ધૂક-ધૂક-ધૂક એનું ગાયન ચાલ્યાં કરે છે.

---

* જુઓ 'લોકમાતા'માં પ્રકરણ ૨૩મું.

લાંબી મુસાફરીને અંતે ઘેર પહોંચ્યા હોઈએ એટલા આનંદથી રાત અમે ત્યાં ગાળી. ગરમી અને ઠંડી વચ્ચે પાસાં ફેરવતા રાતની એકેએક પળની મીઠાશ અમે અનુભવી શક્યા: એકે કલાક અમે ગાઢ નિદ્રામાં ખોયો નહીં. શું આવાં સ્થાનો કુદરતે કશા હેતુ વગર જ નિર્માણ કર્યાં હશે? આજે કોઈ મહાન સંકલ્પેય સેવતું નથી અને એની સાધનાયે કરતું નથી. આજે તો આવાં સ્થાનો ભક્તિની તૃપ્તિને અર્થે અને કાવ્યના ઉન્માદને અર્થે કામનાં છે. સાધના આપણા જીવનમાંથી નીકળી ગઈ છે, તેથી જ આવાં સ્થાનો સાધક-વિહોણાં થઈ પડ્યાં છે.

૩૪

ઉપરીકોટની ચડાઈ

જે મોતીને વીંધ પડેલું નથી હોતું તેની કિંમત વધારે ગણાય છે. શકુંતલાને જોઈને દુષ્યંતને પણ अनाविद्धं रत्नम्‌નું સ્મરણ થયું હતું. જમનોત્રીનું તીર્થસ્થાન કંઈક એવું જ ગણાય. સામાન્ય યાત્રીઓને બદરીનારાયણ કરતાં કેદારનાથનું આકર્ષણ ઓછું અને ગંગોત્રી કરતાં જમનોત્રીનું ઓછું. એમાં વળી જમનોત્રીનો રસ્તો આવતાં જતાં મહા-મુશ્કેલીનો. એટલે દેહરખા યાત્રીઓ આ બાજુ આવે જ નહીં. પરિણામે આ બાજુની પ્રજા પણ ઓછી ધૂર્ત — સાવ ભોળી કહેવાય. અહીંના પંડાઓમાં ગરીબાઈ અને માગણવૃત્તિ ઢાંકવાની લુચ્ચાઈ જરાયે ન મળે. એમનો ખોરાક સાવ સાદો. કોઈ માંદું પડે તો મરી, જીરું, તજ, લવિંગ કે સૂંઠ જેવી ઔષધિ વાપરી કે સાજું થાય. અહીં હું પ્રથમ અનુમાન કરી શક્યો કે, આપણે આપણો સ્વાદ બગાડવા માટે અને હોજરીને આખો જન્મારો અકળાવવા માટે મસાલા તરીકે જે વસ્તુઓ ખાઈએ છીએ તે મૂળે બિચારી ગંભીર માંદગીને પ્રસંગે દવા તરીકે જ વપરાતી હતી. માણસે જોયું કે અપચો થાય તો આવી ગરમ વનસ્પતિથી તે મટી શકે છે. આટલું જ્ઞાન થયા પછી ખાવામાં સંયમ રાખે તો તે

માનવી શાનો ? અપચો થાય એમાં આપણી આબરૂ જાય છે એ વસ્તુ માણસ ભૂલી ગયો. એ થોડો જ પશુ છે કે કુદરતને વફાદાર રહે ? એને પડવાની છૂટ છે, ત્યારે પડ્યા વગર સમાધાન શું ? માણસે વધારે ખાઈ ને એની સાથે અપચાની દવા ખાવાનો નિત્ય-નિયમ કર્યો અને કુદરત સામે વેર વાળ્યું. એ દવાનો ચસકો લાગ્યો, એટલે એ દવા મટી મસાલો બન્યો, મસાલો ખાધા છતાં જ્યારે અપચો થવા લાગ્યો ત્યારે હવે શું કરવું એ મૂંઝવણમાં માણસજાત પડી છે. અહીંના પહાડી લોકો હજી સુધારાને લીધે એટલા બગડ્યા નથી. મરી, તજ, લવિંગ એમને માટે હજી દવા જ છે—આટલું લખ્યા પછી યાદ આવે છે કે મારી યાત્રા ગઈ પેઢીમાં કરેલી. આજે જમનોત્રી પાસેના સમાજમાં સુધારો ને પ્રગતિ પેસી ન ગયાં હોય એમ બને ?

જમનોત્રીથી અમે રાણાગામ પાછા આવ્યા અને ત્યાંથી ઉપરીકોટની ચડાઈ ચડી ઉત્તરકાશી તરફ જવાનો સંકલ્પ કર્યો. વાતાવરણમાં ઉપરીકોટ આવ્યું અને ઉપરીકોટનું માહાત્મ્ય અથવા દૌરાત્મ્ય દરેકને મોઢે સંભળાવા લાગ્યું. એક જણે કહ્યું, "અરે, તમે અહીં ક્યાંથી આવ્યા ? ઉપરીકોટ ઓળંગવો એ કંઈ સહેલી વાત છે ? 'કાબુલકી લડાઈ ઔર ઉપરીકોટકી ચડાઈ' જે જીતે તે શૂર." આગળ જતાં અનુભવ પણ એવો જ થયો.

અહીં રસ્તામાં અમે પહાડી ધાર્મિક નાચ જોયો. પહાડી લોકોનો ચહેરો હિંદી અને ચીની ઢબના મિશ્રણનો હોય છે. એમના મોઢા પર સ્વાસ્થ્ય જેવું લાગતું જ નથી. રોવાની અને હસવાની એકસામટી તૈયારી કરી હોય એવું એમનું મોઢું હોય છે. ઠંડી હવાને કારણે એમને જાડાં ઊની કપડાં પહેરવાં પડે છે. પગે જાડા જાડા જોડા. એમાં પણ ઉપરની બાજુએ ઊની જાળીની ભાત. આખું ધ્યાન (સ્વાંગ) બહુ મજાનું લાગે છે. એ લોકો એક મંદિર આગળ નાચતા હતા. એમાં ઘરડા પણ હતા ને યુવાનો પણ હતા. કેટલાક લોકોએ પહાડી પાતળા પથરાની તક્તીઓ પીઠ પર બાંધી હતી અને એની સાથે જ નાચતા હતા. એ નાચમાં નહોતું લાસ્ય કે નહોતું તાંડવ. છતાં કોઈ પણ ક્રિયા અમુક નિયમસર ફરી ફરી થાય એટલે એમાંથી કંઈક ભાવ તો પેદા થાય જ.

ગભરાયેલી ભેંસો એકની પાછળ એક દોડયા કરે એટલે જેવી રમૂજ પડે એવી જ રમૂજ આમાં પડતી હતી. પણ હું એ નાચ પાછળ શી ધાર્મિક ભાવના સમાયેલી છે એનો જ વિચાર કરતો હતો. અને આ પથરાનું પ્રયોજન શું? મને લાગ્યું કે, આવા પથરા દૂરથી આણી, પથરા સાથે નાચ કરી, પછી એ મંદિરને અર્પણ કરવામાં કંઈક વિશેષ પુણ્ય હશે, કેમ કે એ મંદિરનું છાપરું પથરાની એવી તક્તીઓનું જ બનેલું હતું. પથરાનો આકાર ચોરસ કે લંબચોરસ કરવાનો એ લોકો જરાયે પ્રયત્ન કરતા નથી — છાપરા પર જેમતેમ ગોઠવી દે છે. પણ છાપરું કોઈ પણ ઠેકાણે વધારેપડતું જાડું કે બેડોળ થાય નહીં એટલી કળા એમનામાં હોય છે. અને અંદર પાણી કે બરફની બિલકુલ બીક નહીં.

ઉપરીકોટની ચડાઈની શરૂઆતમાં જ પગ લપસવા લાગ્યા. કોઈ કોઈ ઠેકાણે માણસ મૂળે ચોપગું જનાવર છે એનો પુરાવો આપવો પડ્યો. ભીની જમીનમાંથી બહાર નીકળી આવેલાં મૂળિયાંને પકડીને ઉપર ચડી શક્યા. આજની ચડાઈ કઠણ છે એમ જાણીને બુવાએ અમને સવારે નાસ્તો ઠીક ઠીક આપ્યો હતો. એ લઈ ને અમે ચાલવા લાગ્યા હતા. ચાલવા લાગ્યા કહેવા કરતાં રિસાયેલા પહાડ સાથે અનુનય કરવા લાગ્યા એમ કહીએ તો વધારે સાચું ગણાય. અમે થોડાક આગળ ગયા ને રિવાજ પ્રમાણે અમારા કુલી થોડાક પાછળ રહ્યા. ઉપર ક્યાંય મનુષ્યવસ્તીનું નામનિશાન નહીં. કોઈ કોઈ ઠેકાણે જંગલમાં એવાં તો સુંદર ફૂલો ખીલેલાં કે પાસે જ ક્યાંક કોઈ ઋષિનો આશ્રમ હોવો જોઈએ એવી અપેક્ષા મનમાં પેદા થાય. એકલું જંગલ હોય તો એક જ જાતનાં ફૂલો ચારે કોર દેખાય. પણ અહીં તો જાતજાતના છોડવાની ફૂલગૂંથણી પણ દેખાઈ આવતી. અહીંની કુદરતમાં ઉડાઉપણા સાથે રમતિયાળપણું પણ હશે એમ કોણે ધાર્યું હતું? માઈલના માઈલ ચાલીએ તોયે મનુષ્યવસ્તીનું શું, કોઈ માણસનું પણ દર્શન ન મળે. અમારા ત્રણમાં રસ્તો ભૂલી જવાની કળા એકલા બુવાએ જ સાધ્ય કરી હતી. અમને અચૂક સાચો રસ્તો જડે તો બુવા અચૂક આડે રસ્તે જઈ ક્યાંક ભટકાવાના. જંગલમાંથી જતાં પણ ગોઠણ કે કોણી ઝાડ સાથે એમની જ અથડાવાની.

આખરે ઉપરીકોટને શિખરે પહોંચ્યા. જ્યાં જુઓ ત્યાં બરફ જ બરફ. પાણીને અભાવે એ બરફ તોડીને અમે જરા જરા ખાતા. ગુલકંદમાં જેવી સાકરની કણી હોય તેવી બરફની કણી આ પહાડી બરફમાં હોય છે. બરફ ખાવામાં મજા તો બહુ પડે છે, પણ તરસ છિપાવવાનું કામ એનું નહીં.

આટલી જબરદસ્ત ચડાઈ ચડ્યા પછી ભૂખ લાગે તો ભૂખનો વાંક કેમ કહેવાય? પણ ખાવાની શી વ્યવસ્થા? પહાડના શિખર પરથી ગમે તે દિશાએ નજર ફેરવીએ તોયે બાદરૂ કે કૈરાસિંગ નજરે પડે જ નહીં. મારી ધીરજ ખૂટી. મેં કુલીઓ ક્યાં હશે, ક્યાં ગયા હશે, લપસીને ક્યાંક પડ્યા તો નહીં હોય, એવી એવી ચર્ચા શરૂ કરી. એ ભાગી ગયા હશે એવી તો શંકા સરખી પણ અમને કોઈને આવી નહીં. પહાડી લોકોનો સ્વભાવ ભાગી જવાનો નહીં અને સરકારી અમલદાર આગળ જો કરાર નોંધાયો હોય તો કોઈ ભાગવાની હિંમત પણ ન કરે. એ લોકો પરનો સરકારી જાપતો લગભગ ગુલામો જેવો છે.

શિખર પર એક મોટો પથરો જરાક ઢળતો છે. એટલે એની સોડમાં વરસાદ સામે આશ્રય જેવું કંઈક મળી શકે છે. અહીંના લોકો એને ગુફા કહે છે. પડું પડું થયેલી દીવાલ જરા ઢળી હોય તો એને આપણે ગુફા કહી શકીએ ખરા? પણ આ પહાડ ઉપર એટલી જ એક ગુફા છે કે જ્યાં આકાશના તોપખાના સામે માણસ બચી જવાની કંઈક આશા રાખી શકે.

આ પ્રદેશમાં આ ઋતુમાં વાદળાંનો કાર્યક્રમ ભારે નિયમિત હોય છે. રાત્રે જ્યાં ત્યાં ખીણોમાં વાદળાં સૂતાં હોય છે. આઠનવ વાગ્યે બગાસાં ખાતાં ઊઠે. ધીમે ધીમે લપસતાં લપસતાં — પણ લપસીને નીચે ન જતાં ઉપર જાય છે એટલે એમને તો ઊપસતાં ઊપસતાં કહેવું જોઈએ ને? — ખીણની ટોચે પહોંચે છે. પછી ઊડવું કે ન ઊડવું એની લાંબા વખત સુધી ભવતિ-ન-ભવતિ (ગડમથલ) મનમાં ચલાવી આખરે પાંખો ફફડાવવાનો અવાજ કર્યા વગર ઉત્તર તરફ ચાલ્યાં જાય છે. બધાં જ ઉત્તરે જાય છે, જાણે સૈન્ય ભેગું કરવાનો 'સમય' ત્યાં જ હોય. ત્યાં બધાં મળીને રણનીતિની મંત્રણા લગભગ ત્રણ વાગ્યા સુધી ચલાવે છે. ત્રણ સવાત્રણ

થવા આવ્યા કે એમની દક્ષિણની ચડાઈ શરૂ થઈ. જ્યાં જરૂર જણાય ત્યાં વચમાં વચમાં થોડાં થોડાં વાદળાં તૂટી પડે છે ને નીચલી સૃષ્ટિને ચીત કરે છે. ઉપરનાં વાદળાં જીતના આનંદમાં આગળ જાય છે. ઉપરકોટ જેવા મોટા પહાડ ઉપર નાના કરા પાડયે શી રીતે ચાલે ? ત્યાં તો લીંબુ અને કેરી જેવડા મોટા કરાનું જ તોપખાનું ચાલવું જોઈએ. અહીંના લોકો એને 'ઓલે' કહે છે. ઓલાનું નામ સાંભળીને સ્થાનિક પહાડી પણ ધ્રૂજવાનો; કેમ કે કરાનો એક પણ પથરો લમણા પર વાગ્યો કે માણસ ત્યાં ને ત્યાં જ કાયમનો બેસી જવાનો. અમારી છત્રીઓ અમે કુલીઓને આપી રાખતા. આખો દહાડો ભીંજાઈએ એ તો ઇષ્ટાપત્તિ જ હતી. ચાલીને શરીરમાં ગરમી આવી હોય એ કંઈ ઓછી થાય. આટઆટલું ચાલે ને ધરાઈને ખાય તે માંદો શાનો પડે ? રાતવાસા માટે પથારી કપડાં માત્ર સૂકાં હોવાં જોઈએ, નહીં તો તાપણીનું શરણ લેવું પડે.

અને આ પહાડ ઉપર કુલી પણ છત્રી ઉઘાડવાની હિંમત શી રીતે કરે ? કરાને હાથે છત્રીની ચાળણી થોડી જ બનાવવાની હતી ?

ગુફા આગળ અમે પહોંચ્યા અને તાકી તાકીને ચારે કોર જોયું. ચર્ચાનો અંત આવ્યો, પણ અમારા કુલીને અમારી દયા ન આવી. એકે દર્શન ન દે. ત્રણ તો વાગવા આવ્યા હતા. એટલે અહીં રહેવામાં પણ સલામતી ન હતી. એટલામાં દૂરથી કેટલાક યાત્રીઓ આવતા દેખાયા. થોડીક વારમાં તેઓ નજીક આવ્યા. ભગવાન મળ્યા જેટલો અમને આનંદ થયો. અમારી મૂંઝવણ જાણી એ ગરીબ લોકોએ અમને લોટ, મીઠું, તવો, લાકડાં વગેરે થોડુંક થોડુંક આપ્યું અને કહ્યું, 'જો જો, રાંધવામાં બહુ વખત નહીં લગાડતા. હમણાં 'ઓલા' પડશે. અમારી થોભવાની હિંમત નથી. અમારાં વાસણકૂસણ નીચલા ગામડામાં અમને આપી દેશો તો ચાલશે.' અમારા જવાબ માટે પણ તેઓ ન થોભ્યા. બુવાએ રોટલા ઘડયા. મેં કે સ્વામીએ બરફ ફૂટીને પાણી બનાવ્યું. મીઠાની મદદથી, અથવા ખરું કહીએ તો વરના જેવી ભૂખની મદદથી રોટલા ગળે ઉતાર્યા અને અમે પણ પહાડ ઊતરવા લાગ્યા. અમે મોડા પડયા હતા એટલે અમારે ઉતાવળે જવું પડયું. પહાડ ઊતરતી વખતે અમે ત્રણપગા થતા હતા એ તો મેં કહ્યું જ છે. એક પગ ઊતરી જાય

એ પોસાય, પણ હાથની લાકડી ભાંગી જાય કે ભૂલી જવાય એ અહીં ન પોસાય. નીચલા ગામની નજીક અમે પહોંચ્યા ત્યાં તો અમારા હિત-કર્તા યાત્રાળુઓ અમને મળ્યા. અમારી ઝડપ જોઈ તેઓ તાજુબ થયા. એક જણે કહ્યું કે એમનામાંની એક ડોસી પગ લપસવાથી પડી. એવી તો ગબડી કે સૌએ એની આશા છોડી હતી. પણ સદ્‌ભાગ્યે નીચલી બાજુ એક યાત્રાળુ ઊભો હતો તેની નજર ગઈ ને એણે પોતાની લાંબી લાકડી ડોસીના અવતારની આડે મૂકી. આખી સાંજ બધા વચ્ચે એ જ એક વાતોનો વિષય થઈ પડ્યો.

પહાડમાં અણીને પ્રસંગે જેમણે અમને મદદ કરી હતી અને અમારા પર આટલો વિશ્વાસ રાખ્યો હતો એ લોકો કંઈ અમીર ન હતા. આખો જન્મારો જ્યારે વૈતરું કરે ત્યારે એક યાત્રા જેટલા પૈસા બચાવે. આ યાત્રા એમને માટે કુદરતનું સૌંદર્ય નિહાળવાની સહેલ નહોતી, પણ આખા જીવતરનું સાર્થક્ય કરવાની એકમાત્ર તક હતી. બાર બાર વરસ વેઠ કરીને કેટલાયે ગરીબો પરણે છે. કેટલાક ત્રીસ ચાળીસ વરસ પેટે પાટા બાંધીને રહેવાનું ઘર ઊભું કરવા પામે છે. એ જ રીતે પરમાર્થને પરમ અર્થ માનનાર આ ભક્તો આખા જન્મારાની કમાણી ભેગી કરી આવી યાત્રાએ ઊપડે છે. સહીસલામત પાછા ઘેર પહોંચ્યા તોયે શું અને રસ્તામાં જ દેવ થયા તોયે શું ? સાર્થક્ય તો સરખું જ. એવા લોકો બીજા યાત્રાળુઓને વિના સંકોચે મદદ કરે એ ત્યાગ હોવા છતાં એમાં આશ્ચર્ય જેવું કોઈને લાગતું નથી. મનુષ્યના હૃદયમાં માનવપ્રેમ, પ્રાણી-પ્રેમ વસે છે એટલા માટે જ માનવીની હસ્તી ટકી છે, નહીં કે પોલીસ અને ફોજથી કે એમને હાથે અમલમાં મુકાતા કાયદાકાનૂનથી.

નીચલા ગામડામાં પહોંચ્યા ત્યાં તો મંદિર અને ધર્મશાળા ચિકાર ભરાઈ ગયાં હતાં. આંગણામાં પણ લોકો પડ્યા હતા. આંગણાની આસપાસ દીવાલ હતી. દીવાલ સાથે ઓટલો હતો. એ ઓટલો ખાલી જોઈ બુવાએ ઉતાવળે ઉતાવળે પોતાની પથારી ત્યાં પાથરી. પણ એમાંથી એક વિઘ્ન ઊભું થયું. ગામડાના લોકો એકદમ બુવા સામે ઊલટ્યા. તેઓ શું બોલે છે એ અમે ન સમજીએ. કારણ તો ધ્યાનમાં આવે નહીં, અને કોઈ ધીરજથી વાત કરે નહીં. બુવા હેબતાઈ ને થંભી ગયા; જ્યારે બુવાના

આચરણમાં ધાર્યો ફેરફાર ન જોઈ સ્થાનિક લોકો સારી પેઠે ચિડાયા. યાત્રાળુઓ શું ચાલે છે એ જોતા હતા. આખરે મામલો મારામારી પર આવશે એમ લાગ્યું. આખા દિવસના થાક પછી થોડો પંજરીપાક ઉપયોગી તો નીવડત, પણ એ અમારા નસીબમાં ન હતો. તેથી એક જણે અમને મામલો સમજાવ્યો કે, એ ઓટલો ઓટલો નથી પણ પાંડવોની બેસવાની જગા છે!! મેં લોકોને મારી ઢબે સમજાવ્યું કે ખુવાને આવી સ્થિતિમાં ઓટલો તો શું ઇન્દ્રપ્રસ્થ હસ્તિનાપુરનું રાજપાટ મળે તોયે એનો એ લોભ રાખે એવા નથી. પ્રસંગ સમજી મેં તરત ધર્માત્માનો અવતાર ધારણ કર્યો અને લોકોની ઝાટકણી કાઢી કે, જ્યાં પાંડવો વસે છે ત્યાં નથી તુળસીનો ક્યારો, નથી ચડાવ્યાં ફૂલો, અને નાના છોડવાની વાડ પણ નથી, એ કેટલી બેદરકારી! હુમલો કરવા આવેલા ગામડિયા ગરીબ ગાય જેવા થઈ પોતાનો બચાવ કરવા લાગ્યા કે, 'અમે ગામડાના રહીશ, આટલું ક્યાંથી જાણીએ?'

રાત્રે મેં ન ખાધું. આખી મુસાફરીમાં ભૂખ્યા રહ્યાનો આ એક જ દાખલો. મને સ્મરણ થયું કે એ દિવસ મારી માતાનો શ્રાદ્ધદિન હતો. સ્વામીએ કહ્યું, 'કાલે સવારે ઊઠીને ખૂબ ચાલવાનું છે. અત્યારે ન ખાય એ કેમ ચાલે?' મેં જવાબ વાળ્યો, 'કાલે પણ ઉત્તરકાશી પહોંચ્યા પછી જ ખાઈશ.' અહીં મંત્રયુક્ત શ્રાદ્ધ કરવાની સગવડોયે નહોતી અને મારી શ્રદ્ધાયે નહોતી. સવારે વહેલા ઊઠીને અમે ચાલ્યા. દસેક માઈલ ચાલીને ઉત્તરકાશી પહોંચ્યા.

૩૫

ઉત્તરકાશી

ગંગા નદીનો પ્રવાહ ઉત્તરથી દક્ષિણ અને પછી મોટે ભાગે પૂર્વ અને દક્ષિણ દિશાએ જ વહે છે, એટલું હિંદુસ્તાનનો નકશો સહેજ જોવાથી પણ ખબર પડે એમ છે. આવા આ લાંબા પ્રવાહમાં કોઈ પણ ઠેકાણે જો નદીનો પ્રવાહ દક્ષિણથી ઉત્તર તરફ જાય તો એ એક મોટું આશ્ચર્ય ખરું. આવી ઉત્તરવાહિની ગંગા ત્રણ ઠેકાણે છે. આપણે બધા જાણીએ છીએ કે, કાશી બનારસનું માહાત્મ્ય એ જ કારણે છે કે ત્યાં ગંગા ઉત્તરવાહિની છે. એવી જ રીતે હિમાલયના પહાડમાં ગંગાનો પ્રવાહ દક્ષિણથી ઉત્તરે વહેતો જોઈ એ અદ્‌ભુત દૃશ્ય આપણા પૂર્વજોને કાવ્યમય લાગ્યું હશે, એટલે એમણે એનું નામ ઉત્તરકાશી પાડ્યું. એક વાર કાશીક્ષેત્ર તરીકે એને સ્વીકાર્યા પછી કાશીમાં આવેલા બધા મુખ્ય મુખ્ય દેવોની અહીં પણ સ્થાપના કર્યે જ છૂટકો. ઉત્તરકાશીમાં કાશીવિશ્વનાથ છે, બિંદુમાધવ છે, મણિકર્ણિકા છે, દત્તાત્રેય અને પરશુરામ છે. જેટલું કાશીમાં છે તે બધું નાના પાયા પર ઉત્તરકાશીમાં મળવું જ જોઈએ. (ઉત્તરકાશીમાં વાંદરા નથી એનો ઇલાજ નથી. વનગાયો ખૂબ છે.)

ઉત્તરકાશી એ પહાડ વચ્ચેની એક પહોળી વિશાળ ખીણમાં આવેલું છે. ઉનાળામાં અહીં ઘણા સાધુઓ રહે છે. અને કેમ ન રહે? જે ગૃહસ્થ છે, ઘર સાથે બંધાયેલો છે, તે માણસ હોવા છતાં સ્થાવર બની જાય છે. ઉનાળો હોય કે શિયાળો, વરસાદના દિવસો હોય કે પાનખરના, એ પોતાનું સ્થાન છોડી ન શકે. આજીવિકાને અંગે પણ એને એક જ સ્થાને ગોંધાઈ રહેવું પડે છે. સાધુઓ તો અનિકેત અનગારિક; એ શા માટે બારે માસ એક ઠેકાણે પડ્યા રહે? દિવાળીના ઉત્સવ માટે સાધુઓ અમૃતસર જાય, શિયાળો હૃષીકેશની હૂંફાળી ખીણમાં ગાળે, અને ઉનાળો આવ્યો એટલે ગિરિઆરોહણ કરી ઉત્તર-કાશીએ પહોંચી જાય. દુનિયાનો વધુમાં વધુ આનંદ અમીર અને ફકીર

માટે જ છે; ફરક એટલો જ કે ફકીરને ફિકર નથી હોતી. ઉનાળામાં ઉત્તરકાશીની હવા બહુ ખુશનુમા હોય છે. હિમાલયની પ્રાણદાયી હવા, પહાડના ઘઉંનો પૌષ્ટિક ખોરાક, અને ગંગાનાં અમૃતજળ. અહીંના સાધુઓ ચાર મહિનામાં એવા તો લાલબુંદ અને અલમસ્ત બની જાય છે કે એક એકનું શરીર જોયા જ કરવાનું મન થાય. એ લોકો અન્નછત્રની તૈયાર રસોઈ જમે છે, અંદર અંદર જાતજાતની ચર્ચાઓ કરે છે, પહાડમાં મોજ પડે તેમ ઘૂમે છે, અને જતા આવતા યાત્રીઓને આશીર્વાદ આપે છે. કંઈ આચરકૂચર ખાવાની ઇચ્છા થાય તો એની ભિક્ષા આસપાસની ભલી પહાડી સ્ત્રીઓ પાસેથી મળ્યા વગર રહે નહીં.

ઉત્તરકાશીમાં કેટલાક સાધુ ચાર પાંચ મહિના માટે પોતાની કૉલેજ પણ ખોલે છે. ભારેમાં ભારે વિદ્વાન સંન્યાસીઓ અહીં આવીને રહે છે, વિરક્તભાવે વેદાંતની ચર્ચા કરે છે, જેની શ્રદ્ધા હોય તેને ખંતપૂર્વક ભણાવે છે, અને ચિરંતન શાંતિમાં જીવન વ્યતીત કરે છે. અજાયબઘર સાથે જે પ્રાણીસંગ્રહ હોય છે એમાંના વાઘસિંહને જેમ રોજ પ્રેક્ષકોનો ઉપદ્રવ સહન કરવો પડે છે, તેમ અહીંના સાધુઓને યાત્રાળુઓનો ઉપદ્રવ સહ્યા વિના છૂટકો નથી થતો. 'સ્વામીજી મહારાજ, દર્શન દો.' 'સ્વામીજી મહારાજ, કુછ ઉપદેશ સુનાઓ.' 'સ્વામીજી મહારાજ, આટલો સૂકો મેવો ખાઓ.' 'સ્વામીજી મહારાજ, આ મારી વહુને આશીર્વાદ આપો.' 'સ્વામીજી મહારાજ, આ નજીકની ધર્મશાળા સુધી આવી થોડી ભિક્ષા ગ્રહણ કરો. જમનારા બધા આપની રાહ જોઈને બેઠા છે.' એમ કાંઈ ને કાંઈ હેરાનગત એમને માટે રહેવાની જ.

અમે કાલીકમલીવાલાની મોટી ધર્મશાળામાં બે દિવસ મુકામ કર્યો. ધર્મશાળા છેક જ ગંગાને કિનારે. પાણીમાં ઊતરવા માટે સરસ ઘાટ. બજાર, ડાકઘર બધી સગવડ અહીં હતી. નદીમાં સરસ સ્નાન કરી હું કેટલાક સંન્યાસીઓ સાથે વાતે ચડ્યો. બુવાએ મુસાફરી માટે કેટલીક વસ્તુઓ ખરીદવાનું ગોઠવ્યું. અને સ્વામીને અહીં ડાકઘર હોવાનો એટલો તો આનંદ થયો કે કાગળ પર કાગળ લખવાનું એમનું ચાલ્યું. સાંજે એક મંદિરમાં એક સાધુને દર્શને અમે ગયા. વિદ્વાન અને યોગી હોવાની એમની ખ્યાતિ હતી. અહીં એક મહારાષ્ટ્રી દંડી સંન્યાસી

સાથે કંઈક ઓળખાણ થઈ. એ મૂળ પંઢરપુર તરફના રહીશ. એમણે અમારી સાથે મરાઠીમાં બોલવાનો ખૂબ લહાવો લૂંટ્યો. અહીં સ્થાયી રહેનાર સંન્યાસીઓ કેવા હોય છે એની વિગતવાર માહિતી આપતાં તેઓ ચૂક્યા નહીં. અહીંની પહાડી ભાષાના કેટલાક ચુનંદા શબ્દો સાથે એમણે અમારો પરિચય કરાવ્યો. આ સંન્યાસી શરીરે સુકલકડી. મોઢામાંથી દાંતોએ રાજીનામું આપેલું. છતાં એમનો વિનોદ, ટીખળી અને વાતોડિયો સ્વભાવ, અને હાસ્યરસ જમાવવાની હથોટી, એમાંનું એકે એમણે છોડ્યું નહોતું.

ઉત્તરકાશીમાં આરામ કરી અમે ભટવાડી ગયા. ભટવાડીનું પ્રાચીન નામ ભાસ્કરપુરી. ભાસ્કરનું ભટ શી રીતે થયું એ કોઈએ અમને સમજાવ્યું નહીં. એક પૈડાના રથને સાત ઘોડા જોડી અખંડ દોડનાર સૂર્યનારાયણ ભટ એટલે બહાદુર વીર છે ખરો. ભટવાડીમાં જોવા જેવું કશું નહોતું. પણ અમે અમારો વધારેપડતો સામાન અહીં એક દુકાનમાં રાખીને આગળ ગંગોત્રી જવાનું કર્યું, તેથી એ સ્થાન ધ્યાનમાં રહ્યું છે. ગંગોત્રીથી પાછા આવતાં ભટવાડીથી જ કેદારનાથ જવાનો રસ્તો ફંટાય છે.

ભટવાડી ઓળંગીને આગળ ગયા અને સૃષ્ટિએ એકાએક નિતાન્ત-રમણીય સ્વરૂપ ધારણ કર્યું. ઊંચાં ઊંચાં ઝાડ, એની લાંબી લાંબી પણ નીચી નમેલી ડાળો, નદીનો પટ, એમાં અખંડ સ્નાન કરનાર ઋષિસમા ગોળમટોળ પથરાઓ, સુગંધી હવા, — જે જુઓ તે આકર્ષક. મને કંઈક ખ્યાલ છે કે અહીંથી સત્યનારાયણ જતાં અમારે એક વાર ગંગા નદી ઓળંગવી પડી હતી. અહીં પાસે જ એક મોટો ધોધ છે. એનું વર્ણન સ્વામી અને બુવાએ મારી આગળ ખૂબ કર્યું. ચાલતી વખતે મારું ધ્યાન ક્યાં ચરવા ગયું હતું કોણ જાણે, મેં એ જોયો જ નહીં. પાછળ આવતાં પણ એ જોયાનું સ્મરણ નથી. સ્વામીએ એ ધોધનું એટલા તો ઉત્સાહપૂર્વક વર્ણન કર્યું કે મારે તો એવું સુંદર દૃશ્ય ખોવા માટે વીલું મોઢું કરીને જ બેસવું પડ્યું.

સત્યનારાયણમાં એક પંડા સાથે થોડીક વાતચીત થઈ. એણે પૂછ્યું, 'તમે ક્યાંથી આવો છો?' અમે કહ્યું, 'મુંબઈથી.' આટલે દૂર

આવ્યા પછી આથી સૂક્ષ્મ સ્થલનિર્દેશ કરવામાં માલ નથી હોતો. એને માટે મુંબઈ અને બેલગામ સરખાં જ. મુંબઈનું નામ સાંભળતાંવેંત જ એણે પૂછ્યું, 'વેંકટેશ્વર છાપખાના છે ત્યાં?' મેં કહ્યું, 'હા, ત્યાં જ.' મુંબઈમાં એવું તે બીજું છે શું કે જેની કીર્તિ અહીં પહાડ સુધી પહોંચે? 'વેંકટેશ્વર છાપખાના' પાસેથી હું આવું છું એટલું સાંભળીને એણે તુરત નરમાશથી કહ્યું, 'મારે માટે ત્યાંથી એક શનિમાહાત્મ્ય મોકલશો?' મેં હા પાડી. એનું નામઠામ મારી નોટમાં લખી લીધું, અને સ્મરણ છે તે પ્રમાણે છ આઠ મહિના પછી એક શનિમાહાત્મ્ય ક્યાંકથી એને સરનામે મોકલી દીધું. હું આશા રાખું છું કે, એ માહાત્મ્ય એને પહોંચ્યા પછી શનિમહારાજે એને કોઈ જાતની પીડા નહીં કરી હોય.

સત્યનારાયણથી થોડાક આગળ ગયા. ત્યાં ગંગનાણી કરીને એક ચટ્ટી આવી. અહીં એક વૃદ્ધ સાધુની કીર્તિ અમે સાંભળી, એટલે ગંગા ઓળંગી પેલી પાર એક ઉષ્ણ જલકુંડ હતો ત્યાં અમે પહોંચ્યા. અહીંનાં ઝરણાંમાંથી જે ચૂનાના સૂક્ષ્મ કણ નીકળે છે તે એકબીજા પર બાઝી એનો રૂપાળો રાફડો થયેલો મેં જોયો. હિમાલયના કેટલાક પ્રવાહની આ ખાસિયત છે. પાણીમાં એકાદ જાડાં પાંદડાંવાળી ડાળ પડી જાય એટલે પાણી ધીમે ધીમે એના પર પોતાની અસર કરવા માંડે. પાંદડાં જેમ જેમ કોહવાતાં જાય તેમ તેમ પાણીની અસર વધતી જાય. પાંદડાંના અને એની સાથેના એના લાકડાના સૂક્ષ્મ કણ જેમ જેમ ખરતા જાય તેમ ચૂનાના સૂક્ષ્મ કણ ત્યાં એ જ આકારે બાઝતા જાય. છએક મહિનામાં એ આખી ડાળનો પુનર્જન્મ થઈ વનસ્પતિને ઠેકાણે આરસપહાણના જેવી નાજુક દેખાતી પણ ઠીક ઠીક મજબૂત ડાળ તૈયાર થઈ જાય છે. એની કારીગરી જોઈ ગ્રીસના શિલ્પીઓ પણ અવાક થઈ જાય. અસલી ડાળનું આમાં રૂપ ઉપરાંત કશું જ રહેતું નથી. આત્માના અસ્તિત્વમાં વિશ્વાસ રાખ્યા વગર પુનર્જન્મમાં માનનાર બુદ્ધ ભગવાનનું આ પહાડી ચમત્કાર તરફ ધ્યાન ગયું હોત તો એમણે દીવાનો દાખલો આપવાને બદલે આ ખનિજ જલજ ડાળનો જ દાખલો આપ્યો હોત. (એક વાર લાહોરમાં એક જણને ત્યાં આ જ રીતે

બનેલું એક અખરોટનું ફળ જોયું હતું. પણ એમાં ચૂનાને બદલે લોઢાની માટી હતી અને તેથી વજનમાં એ અખરોટ ભારે લાગતું હતું.)

અહીંના વૃદ્ધ સાધુએ સ્વામીનું વિશેષ ધ્યાન ખેંચ્યું. સ્વામી એની સાથે વાતોમાં મશગૂલ હતા એટલો વખત હું તો પેલો ચૂનાનો રાફડો જોવામાં જ ગરક હતો. પાછા આવતાં સ્વામીએ કહ્યું, 'આ સાધુ અહીં ત્રીસ વરસથી રહે છે.' એ માહિતી વિષે સાશંક થવાનું મને કશું કારણ ન હતું, છતાં મનમાં વિચાર આવ્યો કે, હિમાલયમાં યાત્રાને રસ્તે કેટલાક સાધુ આવી જ રીતે ઝૂંપડી બાંધીને રહે છે, આસપાસના પહાડી લોકોને પોતાને વિષે મોટી મોટી વાતો ફેલાવવાનું સમજાવી દે છે, અને એ મહેનત પેટે પોતાની કમાણીમાં તેમનો કંઈક ભાગ પણ રાખે છે. એમાંના જ આ સાધુ નથી એમ શા ઉપરથી? 'પુલની પેલી પાર ઉષ્ણ કુંડ પાસે એક મોટા સાધુ છે, એનું દર્શન કરવા તમે જરૂર ચાલો,' એવો આગ્રહ નહીં તો એ લોકો અમને શા માટે કરત? એક જણે તો અમને એટલે સુધી કહ્યું, 'મારા દાદા કહેતા હતા કે, એમના નાનપણમાં એમણે આ સાધુને અહીં જોયેલા ત્યારે પણ એ ઉંમરે આટલા ને આટલા જ દેખાતા હતા!' વર્તમાનપત્રોમાં કેટલાક બનાવોનાં વર્ણનો જેમ કાયમનાં જોડી કાઢેલાં હોય છે, તેમ જ જંગલમાં રહેતા યોગીઓ વિષેની આવી વાતો પણ જ્યાં જુઓ ત્યાં એક જ જાતની હોય છે. રોજ નવી નવી વાતો સાંભળવા કરતાં સર્વમાન્ય વર્ણનો સાંભળવાનાં મળે એમાં સગવડ નથી એમ કોણ કહે? રેલવેનાં બધાં સ્ટેશનોની રચના જેમ સરખી, તેમ સાધુઓના ચમત્કાર પણ સરખા જ.

તળ ગંગનાણીથી બહુ જ નજીક એક નાનકડો ધોધ છે. પાણી જોરથી પડતું હતું. પણ ત્યાં નાહવાનો લોભ અમે રોકી ન શક્યા. હિંમત કરી ધોધ તળે પહોંચ્યા કે તરત માથા પર પાણીની ટાંકીઓ એક પછી એક વરસવા લાગી. સ્વામીને એમના નાનપણના નિશાળના દિવસો યાદ આવ્યા. 'ના માસ્ટર, મારો મા. ફરી આવું નહીં કરું, નહીં કરું,' એવી આજીજી એમણે હસતાં હસતાં ચલાવી. ત્યાર પછી અમારી વાતચીતમાં એ ધોધનું નામ જ અમે 'ના માસ્ટરનો ધોધ' પાડ્યું.

અહીંથી આગળનો પ્રદેશ એ ગંગોત્રીનો ખાસ પ્રદેશ કહેવાય. રસ્તામાં એક લાકડાનું મોટું ઘર દેખાયું. આ બાજુ સરકારી બંગલા ને ખાનગી ઘરો લાકડાનાં પાટિયાંનાં બાંધેલાં હોય છે, અને અંદર ચીડના ગુંદરની ધૂપ જેવી સુગંધ જ્યાં ત્યાં મળે છે, કેમ કે આ પાટિયાં ચીડ કે દેવદારનાં મોટાં મોટાં થડ વહેરીને જ તૈયાર કરેલાં હોય છે.

આ પ્રદેશમાં જ મેં પહેલવહેલી વનગાય જોઈ. વનગાયને અહીં યાક અથવા ઝબ્બુ કહે છે. આ વનગાયના માલિક ભોટિયા લોકો એ વનગાય કરતાં જરાય સુધરેલા દેખાતા નથી. ગાયો આગળ ચાલે અને આ ભોટિયા અનુયાયી થઈને પાછળ ચાલે એટલો જ ફેર. વનગાયો બહુ દેખાવડી હોય છે. તેમનાં શીંગડાં કંઈક આગળ આવેલાં, શીંગડાં વચ્ચે થઈને કપાળ ઉપર વાળનું ઝૂલફું લટકતું, એવું ચિત્ર મારી નજર આગળ બંધાઈ ગયું છે. અહીં આ વનગાયોનું ઘી બહુ સસ્તું મળતું. માત્ર કોઈ કોઈ વાર એમાં વનગાયોના વાળ પણ પડેલા હોવાથી ગરમ કરીને ગાળ્યા વગર વાપરવાનું મન ન થાય. આ પ્રદેશના બટાટા પણ ઠીક મોટા મોટા અને સ્વાદિષ્ટ. ઘઉંના રોટલા અને બટાટાનું શાક એ જ ખોરાક કેટલાયે દિવસ સુધી અમારો ચાલ્યો.

૩૬

ગંગોત્રી

બદરીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને જમનોત્રી આ ચાર ધામોમાં બદરીનારાયણમાં એનો વૈભવ આકર્ષે છે, જ્યારે કેદારનાથના વાતાવરણમાં મુખ્યત્વે વૈરાગ્ય જડે છે. જમનોત્રીની ભવ્યતા આપણા હૃદયમાં કાયમને માટે સ્થાન કરી લે છે, જ્યારે ગંગોત્રી તો પોતાની પવિત્રતામાં જ આપણને સાવ ડુબાડી દે છે.

ગંગોત્રી પહોંચતાં રસ્તા ઉપરના એક સાપને સ્વામીએ પોતાની લાંબી લાકડી વતી નીચે ખીણમાં ફેંકી દીધો અને ગભરાયેલો એ સાપ

હવામાં પોતાનું શરીર અક્કડ કરી નીચે પડતો હતો, ત્યારે નાનપણમાં બજારમાંથી ખરીદી આણેલા રબરના લીલા સર્પ જેવો એ કેમ દેખાયો એવા જ વિચારો મારા મગજમાં હતા. પણ ગંગોત્રી પહોંચતાંવેંત એ બધું ઓગળી જઈ, વિચાર-ક્ષેત્રમાં પ્રાચીન રાજર્ષિ અને મહર્ષિઓ ઘૂસવા લાગ્યા. ભારતસમ્રાટ ભગીરથ અને ધર્મસમ્રાટ શ્રી શંકરાચાર્ય, એમનું સ્મરણ અહીં થયા વગર કેમ રહે! પૂર્વ હિંદના અંગવંગાદિ સપાટ પ્રદેશ ઉપર પાણીની રેલમછેલ કરી કરોડો માનવોને કરોડો વરસો સુધી અન્નદાન કેમ કરાય, એ વારસામાં ઊતરી આવેલો સંકલ્પ સેવતો સેવતો રાજા ભગીરથ આ જ ટેકરીઓ ઉપર રખડતો હતો અને હિમાલયના પ્રવાહોની 'સર્વે' કરતો હતો. આજે આમાંથી કેટલીયે ટેકરીઓ માતાની સિદ્ધપીઠો તરીકે પ્રખ્યાત છે. આ સિદ્ધપીઠો ઉપર કરેલી કોઈની તપશ્ચર્યા હજી એળે ગઈ નથી!

અને શંકરાચાર્યે જ્યારે ચારે કોર દિગ્વિજય કરી દક્ષિણ તરફનાં ધર્મનિષ્ઠ સંસ્કારસંપન્ન બ્રાહ્મણકુટુંબો અહીં આણી સ્થાપ્યાં, ત્યારે એમના મનમાં શા શા સંકલ્પો હશે? હિમાલયનાં આ શિખરો ઉપરથી, દક્ષિણ અને ઉત્તર બંને બાજુ, હિંદુસ્તાન અને તિબ્બત બંને દેશોમાં ધર્મપ્રવાહ વહેવડાવી અદ્વૈતના જીવનસિદ્ધાંતની અને સર્વૈક્યના હૃદયધર્મની રેલમછેલ કરવાનો સંકલ્પ એમણે પણ અહીં સેવ્યો હશે. એમના જ પૂર્વાવતાર જેવા ગૌતમ બુદ્ધે જે ધર્મપ્રેરણા ફેલાવી હતી તેનાં મોજાં હિમાલયની પેલી પાર શંકરાચાર્યના વખતમાં પહોંચ્યાં જ હતાં. શંકરાચાર્યને તો બુદ્ધના ઉપદેશને આસ્તિક્યના પુટ ચડાવી એને રાષ્ટ્રીય બનાવવો હતો. શંકરાચાર્યને પ્રચ્છન્ન બૌદ્ધ કહી એમના વિરોધીઓએ એમની નિંદા નથી કરી, પણ એમના કાર્યની પરંપરા અને મહત્તા જ બતાવી છે. ગંગોત્રીમાં ગંગામૈયાનું મંદિર કેટલું નાનકડું છે! જાણે કોઈ તપઃપૂત ઋષિની આદ્ય પ્રેરણા અથવા ધર્મસ્ફુરણા!

મારે હિમાલયમાં શક્તિરૂપિણી જગન્માતાની ઉપાસના કરવી હતી. અહીં રહેલા એક બંગાળી સાધુને ઉપાસનાનો વિધિ મેં પૂછ્યો. મને સ્મરણ છે તે પ્રમાણે, એ સાધુનું નામ શામભારતી કે શામાભારતી

એવું કાંઈક હતું. એણે મારી પાસેથી મારો ઉદ્દેશ જાણી લીધો અને તરત જવાબ વાળ્યો, 'તમે કાંઈ મારા શિષ્ય નથી, હું તમને એ વિધિ શી રીતે બતાવું? તમે તમારા ગુરુને જ પૂછો.' આ જવાબમાં કેટલાક લોકોને સાંપ્રદાયિક સંકુચિતતા દેખાશે. મને તેમ ન લાગ્યું. મેં જોયું કે, આપણા ધર્મમાં ગુરુપરંપરા દ્વારા નિષ્ઠા અને એકાગ્રતા જાળવેલી છે. વિવિધતા એ જેનું સનાતન સ્વરૂપ છે એવા આ જગતમાં સ્વધર્મનિષ્ઠાનું તત્ત્વ ન હોય તો ઐક્ય સંઘ કાશીએ પહોંચવાનો નથી. કૌટુંબિક જીવનમાં જેમ નિષ્ઠા જ પ્રાણરૂપ છે તેમ ધાર્મિક જીવનમાં પણ નિષ્ઠા મહત્ત્વનો ભાગ ભજવે છે, એ વાત ધ્યાનમાં આવવાથી એ સંન્યાસીના જવાબથી મને સંતોષ જ થયો.

તીર્થક્ષેત્રમાં જતાં ભૂખે પેટે જવું અને પાછા વળતાં ભરેલે પેટે નીકળવું એવો નિયમ હોય છે. અમે પણ એ નિયમનું રીતસર પાલન કરતા.

ધગધગતા અંગારા ઉપર થઈને ચાલવું એમાં જેમ માણસની કસોટી થાય છે, એવી જ કસોટી અહીં બરફના પીગળેલા પાણીમાં નહાતી વખતે થાય છે. છતાં ગંગોત્રી આવીએ અને નાહ્યા વિના રહીએ એ બને જ કેમ! કૉલેજના એક સાથીએ Bathની (સ્નાનની) એક વિનોદી વ્યાખ્યા આપી હતી: सकलगात्रार्द्रीकरणं बाथः । નાહવાનો શરીરશુદ્ધિ સાથે અથવા મલાપહરણ સાથે કશો સંબંધ નથી, આખું શરીર પલળ્યું એટલે સ્નાન સંપૂર્ણ થયું. એ વ્યાખ્યા પ્રમાણે જ અમે નાહ્યા અને પાણીમાંથી જીવતા બહાર નીકળ્યા. અભ્રક અને અત્યંત ઝીણી રેતીને કારણે પાણી ડહોળું હતું. હું જ્યાં નહાતો હતો ત્યાં પાણી પૂરતું ઊંડું નહીં હોવાથી માથું પલાળવા માટે મારે ઉતાવળે પાણીમાં ડૂબકી મારવી પડી. મને શી ખબર કે મારા માથા આગળ જ એક ગોળ પ્રાચીન પથ્થર પાણીમાં ધ્યાનસ્થ બેઠો છે! અમારાં બંનેનાં માથાં પ્રેમથી સખત ભેટ્યાં. અવાજ તો થયો, પણ માથાની અંદર વેદના પહોંચવા જેટલું ચૈતન્ય ક્યાં રહ્યું હતું. બધિર શરીરે હું પાછો દોડતો નીકળ્યો ને ધૂણી આગળ હાથ તપાવ્યા પછી જ પલાળેલાં કપડાં નિચોવવા પામ્યો. બીજે દિવસે કપાળ ઉપર પેલા મારા મિત્રની નાનીશી

પ્રતિકૃતિ ઊપસેલી દેખાઈ ત્યારે અમારો ભેટો કેટલો પ્રેમાળ હતો એનું પ્રદર્શન થયું.

અહીં અમે ત્રણ દિવસ રહ્યા. દુર્ગા સપ્તશતી, ગીતા, તુકારામના અભંગ, રામદાસનો મનોબોધ અને ઈશ-કઠ આદિ ઉપનિષદ વાંચવામાં જ અમારો વખત ગયો. અહીંથી ગોમુખ કેવળ બાર કે અઢાર માઈલ છે. ત્યાં જઈએ કે ન જઈએ એ વિષેની ભવતિ-ન-ભવતિ અમારી વચ્ચે ખૂબ ચાલી. થોડાક વહેલા આવ્યા હોત તો થીજી ગયેલા ગંગાના પટ ઉપરથી જ સહેલાઈથી ગોમુખ પહોંચી શકાત. ગોમુખમાં હજીયે આકાશમાંથી ગંગા પડે છે એમ કહેવાય છે. ત્યાંના ઝરમર ઝરમર વરસાદને જ યાત્રાળુઓ આવી રીતે વધાવી લેતા હશે. બાકી ત્યાં તો અખંડ બરફનો ખજાનો જ છે, બીજું કાંઈ નથી. પંડાઓ અમને કહે, 'જો કેટલાક કુલીઓને કુહાડી ને લાકડાં સાથે લઈ લઈએ તો નદીને કાંઠે કાંઠે ગોમુખ સુધી જવાય. ગંગામાં આવી મળતા પ્રવાહો જો આડે આવે તો લાકડાના કામચલાઉ પુલ બનાવી જવાશે. પાછા ફરતાં એ પુલ ઠેકાણે હશે જ એમ માનવાનું કારણ ન હોવાથી એવડી તૈયારી રાખવી પડે છે.' ગંગોત્રીથી ગોમુખ સુધી ભૂમિ એટલી બધી પવિત્ર છે કે યાત્રીએ ત્યાં મળમૂત્ર વિસર્જન કર્યા વગર જ જઈ આવવું જોઈએ એમ શંકરાચાર્યની આજ્ઞા છે, એમ પંડાઓએ અમને કહ્યું. અમે સાથે ટેહરીના અમલદારની ભલામણચિઠ્ઠી લઈ આવ્યા હતા એની વિચિત્ર અસર થઈ હતી. પંડાઓ અમને નારાજ કરતાં ડરતા હતા. સાથે સાથે અમારી પાસેથી વિશેષ દ્રવ્યપ્રાપ્તિની આશા પણ ન રાખી શકતા હતા. તેથી, પોતાનો ઉત્સાહ પૂરતો છે, બધી સગવડો આપવા પોતે તૈયાર છે એમ અમને બતાવે અને છતાં આગળ જવાનું અમને મન ન થાય એવી રીતે બધી વસ્તુઓ રજૂ કરે. 'શાકુંતલ'માં સેનાપતિ અને વિદૂષક વચ્ચેની મૃગયાપ્રેમી દુષ્યંત સામેની સંતલસનું અહીં સ્મરણ થયું. બહુ વિચારને અંતે સ્વામીએ આગળ જવાનો વિચાર માંડી વાળવાની દરખાસ્ત મૂકી. મને એનું માઠું ન લાગ્યું. અત્યાર સુધી જેટલું જોયું હતું તે જ એટલું બધું ભવ્ય, વિવિધ અને વિશાળ હતું કે નવું જોવાનું ખાસ ઔત્સુક્ય રહ્યું ન હતું. જવાનું નક્કી થાત

તો દરેક જાતનાં કષ્ટ અને જોખમ ખેડવા હું તત્પર હતો. અને છતાં જવાનું ન થયું તેથી કાંઈ જીવનનો મોટો લહાવો ખોયો એમ પણ ન લાગ્યું. મનમાં કશો વિષાદ ન રહ્યો. શાસ્ત્રશુદ્ધ ઉદાસીનતા માણસે કેળવી હોય તો नैव तस्य कृतेनार्थो नाकृतनेह कश्चन એ યોગીની સ્થિતિ સ્થૂળરૂપે માણસ જરૂર બતાવી શકે છે.

ગોમુખ ન ગયા એનું તો કશું ન લાગ્યું, પણ ગંગોત્રી છોડતાં ચિત્તવૃત્તિ સ્વસ્થ કેમ રહે? ઘેરથી કૉલેજ જતાં હેતાળ માની વિદાય વખતે જેમ હૈયું ભરાઈ આવતું તેમ જ ગંગોત્રી છોડતાં થયું. આ સ્થાને કેટલા અગણિત હિંદુ પૂર્વજો ભક્તિભાવથી આવ્યા હશે અને મૈયા પાસેથી સ્થાયી શાતા અને પવિત્રતા મેળવી પાછા ગયા હશે! અને કેટલાકોએ તો અહીંયાં આવીને પાછા જવાનો વિચાર પણ માંડી વાળ્યો હશે. ખરેખર, ગંગા એ ભારતવાસીઓની મૈયા જ છે અને એના ખોળામાં દરેકને જીવનની શાંતિ મળે જ છે.

૩૭

બુઢ્ઢા કેદાર

ગંગોત્રીથી અમે ગંગાજળનો લોટો ભરી લીધો. પંડાઓએ એને લાખનું સીલ કરી અમને યાત્રાનું સુફળ આપ્યું. અમે પાછા ફર્યા. રસ્તામાં દરેક યાત્રાળુના હાથમાં ગંગાજળનો એક એક લોટો હતો જ. આ પવિત્ર જળ અનેક પ્રાંતોનાં અનેક ઘરોમાં અને ઝૂંપડાંમાં પહોંચશે; પશ્ચાત્તાપથી બળતા કેટલાયે પાપીઓને આ જળ પરમાત્માની ક્ષમાની શાંતિ આપશે; કેટલાય મૃત્યુશય્યા ઉપર પડેલા વૃદ્ધોને આ જળ મરણ-કાળની શાંતિ આપશે!

અને કેટલાક સાધુઓ તો, જેમ આપણે પાટીથી ખાટલાને વણી કાઢીએ છીએ તેમ, અહીંનું ગંગાજળ સેતુબંધ રામેશ્વર પહોંચાડી અને રામેશ્વરની રેતી ગંગોત્રીમાં પધરાવી આખા ભારતવર્ષને ધર્મબંધનથી

હિ–૧૨

વણી કાઢે છે. ચાર ધામની યાત્રા એ આપણો ધાર્મિક વણાટ છે. દેશ અને સમાજ એ રીતે એકબીજામાં ઓતપ્રોત થઈ જાય છે.

ભટવાડી પાછા આવી અમે કેદારનો રસ્તો પકડ્યો. આ રસ્તો હિમાલયમાં પણ અત્યંત જંગલી અને જોખમકારક ગણાય છે. વીસ વીસ માઈલ સુધી એકે ગામડું કે માણસ દેખાય નહીં. ઊંચાં ઊંચાં વૃક્ષ એટલાં બધાં કે બપોરે પણ લગભગ અંધારા જેવું જણાય. વરસાદથી નીચલી જમીન કાંઈક ધોવાઈ ગયેલી હોવાથી ઝાડનાં મૂળિયાંની જાળ જમીન પર પથરાયેલી દેખાતી. આ મૂળિયાં રાતની મુસાફરીમાં ભાગ્યેજ નીવડ્યા વગર રહે નહીં. કેમ કે એમાં પગ ભરાયો એટલે માણસ ઠોકર જ ખાવાનો. પણ આવા જંગલમાં રાતની મુસાફરી કરે જ કોણ! કઠણ ચડાણમાં આ મૂળિયાંનો આશ્રય ન હોત તો કોક કોક ઠેકાણે ચડવું યે અશક્ય થઈ જાત. વચમાં વચમાં સુકાઈ ગયેલાં પાંદડાંના ઢગલા જંગલને વધારે બિહામણું કરતા હતા. કોઈ કોઈ ઠેકાણે જ્યાં ચડાઈ આકરી ન હોય અને ઝાડ પણ બહુ ન હોય ત્યાં રમણીય દૃશ્ય જોવાને મળતું. જ્યાં જુઓ ત્યાં રંગબેરંગી ફૂલો જ ફૂલો. એમ થતું કે, કોઈ શોખીન માણસના બંગલાના બગીચામાં ફરીએ છીએ અને જરાક આગળ જઈએ તો બંગલો જડ્યા વગર રહે નહીં. છતાં સવારથી સાંજ સુધી, આખા દિવસમાં ન મળે કોઈ ગામડું કે મકાન અને ન મળે માણસ કે જાનવર. નિર્જનતા કેટલી બિહામણી હોય છે એનો ખ્યાલ અહીં જ મેળવી લેવો. નિર્જન પ્રદેશમાં વિધવિધ રંગનાં ફૂલોના આ ભૂમિભાગ કોઈ જાદુઈ પ્રદેશ જેવા લાગતા.

જ્યાં માણસનું મોઢું જોવાનું ન મળે ત્યાં રસ્તો બરાબર છે કે નહીં એ કોને પુછાય! ભીડમાંથી સૂઝ ઉત્પન્ન થાય છે. અમે જોયું કે આ રસ્તે જતાં યાત્રાળુઓએ પોતાના ફાટી ગયેલા જોડાઓ વચમાં વચમાં આમતેમ ફેંકેલા છે. પા અરધા કલાક સુધી આવા ફાટેલા જોડા જો ન દેખાય તો શંકા જતી કે ક્યાંક રસ્તો ભૂલ્યા છીએ. જંગલના મુસાફરો હાથમાં કુહાડી લઈ જતાં જતાં ઝાડની છાલો ઉપર ઘા કરીને નિશાની કરે છે, જેથી ગયેલે રસ્તે તેઓ પાછા આવી શકે. અમારી યુક્તિ એથાયે સારી હતી કેમ કે અમારે અમારા પૂર્વયાત્રીઓ જે રસ્તે ગયા હતા તે જ

રસ્તો અનુસરવો હતો. આગળ જતાં જ્યારે અમારા જોડા સાવ ઘસાઈ ગયા ત્યારે સ્વામીએ એક દિવસ પોતાના પગના એક જોડાને રસ્તામાં વિદાય આપી બિનવારસી કોઈક સારો જોડો એને ઠેકાણે કામમાં આણ્યો, બે ચાર દિવસે સાથેનો બીજો જોડો પોતાના જોડીદારના વિરહથી રિસાઈ બેઠો, એટલે એને પણ હિમાલયમાં રહેવાનું પુણ્ય બક્ષી એના બદલામાં રસ્તે જે બીજો અજોડ જોડો મળ્યો તે એમણે પગે ચડાવ્યો. આ બે જોડા એક ઘાટના કે એક પ્રાંતના હોવાનો પણ સંભવ ક્યાંથી ?

यथा काष्ठं च काष्ठं च समेयातां महोदधौ ।
समेत्य च व्यपेयातां तद्वद् भूतसमागमः ॥

સાંજે છુવાચટ્ટીમાં અમે પહોંચ્યા. આ જ રસ્તા ઉપર — પણ કયે ઠેકાણે તે યાદ નથી — સ્વામી ને બુવા આગળ ગયા હતા. હું એકલો પાછળ રહ્યો. અંધારું થઈ આવ્યું, હવે રસ્તો કેમ જડશે એ ચિંતામાં હું પડચો ત્યાં કેટલાક યાત્રાળુઓ પાછળથી આવ્યા. એવે ઠેકાણે માણસનું મોઢું જોવાનું મળે ત્યારે કેટલો આનંદ થાય છે એનો ખ્યાલ અનુભવ વગર નહીં આવે. અમે અમારી તત્કાળ–જોડી–કાઢેલી રાષ્ટ્રીય ભાષામાં વાતો કરતા જતા હતા. એટલામાં એક જણે એકદમ બૂમ પાડી, 'એ ભાલુ ભાલુ ભાલુ !' આવા જંગલમાં રીંછ ક્યાંથી એ આશ્ચર્યથી હું જોવા લાગ્યો. પણ બધાએ ચીસ પાડી ભાલુ પાછળ દોડવા માંડ્યું અને હું એ 'ભાલુ'ના દર્શનથી વંચિત જ રહ્યો. અમારી ચટ્ટીમાં અમે પહોંચ્યા ત્યાં બુવાએ મારે માટે ગરમ દૂધ થોડી હળદર નાખીને તૈયાર રાખ્યું હતું, કેમ કે તે દિવસે મારું ગળું સાફ ન હતું, ઉધરસ થવાની બીક હતી. મુસાફરીમાં આવા સાદા ઉપચારો ઠીક અસરકારક નીવડે છે.

ગંગાત્રીથી કેદાર જતાં રસ્તામાં વૃદ્ધ કેદાર અથવા બુઢ્ઢા કેદાર આવે છે. મોટો ઉતાર ઊતરીને સાંજે અમે ત્યાં પહોંચ્યા. રસ્તો એવો ખરાબ હતો અને વરસાદે અમને એવા તો હેરાન કર્યા હતા કે મુકામે પહોંચ્યા પછી મંદિરે જવાની મેં તો ના પાડી. સાથીઓ દર્શન કરે એટલું બસ છે એમ મન મનાવી લીધું. અહીં ધર્મશાળામાં ઉત્તર તરફના કેટલાક મહારાષ્ટ્રીઓ અમને મળ્યા. એક વૃદ્ધ બાઈ બોલવામાં બહુ સંસ્કારી દેખાતી, એણે અમને અનેક સવાલો પૂછ્યા. સ્વામી જેવો

જુવાન છોકરો માબાપને તજીને, સગાંસંબંધીઓને ભૂલી જઈને, આમ જંગલ જંગલ ભટકે છે એ જોઈને એ વૃદ્ધાનું હૈયું ભરાઈ આવ્યું અને એણે મુક્તકંઠે રુદન કર્યું. 'અરે, તમે લોકો કેવા નિષ્ઠુર. તમારાં માબાપને શું થતું હશે, તમારાં ભાઈબહેનોને કેટલું ઉદાસ જેવું લાગતું હશે! આવાં જંગલોમાં કાયા નિચોવી તમને શું મળતું હશે!' એવા અનેક સવાલો બિચારીએ પૂછ્યા.

એક હંમેશનો અનુભવ અહીં જ કહી દઉં. આપણા દેશમાં નવરી કુતૂહલવૃત્તિ ઘણી. પગપાળા જતા હોઈએ અથવા ટ્રેનમાં, કોઈનો સાથ થયો કે એકબીજાને આખી કુળકથા પૂછ્યા વગર ચેન પડે નહીં. અને કહેનાર પણ જન્મારાનો કોઈ સાથી મળ્યો હોય તેમ વિસ્તારપૂર્વક કહેતાં થાકે નહીં. મારાં ચશ્માં જોઈ હું કોઈ ભણેલો માણસ છું એ અનુમાન સહેજે નીકળતું; એટલે પૂછે, 'ક્યાં સુધી ભણેલા છો?' કૉલેજની કેળવણી પૂરી કરી છે એટલું જો કહું તો ભોગ મળ્યા. તમે નોકરીએ કેમ ન ચડ્યા, વકીલ થવાની તૈયારી કેમ ન કરી, અંગ્રેજી ભણ્યા છતાં યાત્રા ઉપર શ્રદ્ધા કેમ ટકી, વગેરે બધું પૂછે છે. પછી સવાલ આવે ઘરમાં કોણ કોણ છે. ભાઈઓની વાત કરીએ તો દરેક જણ શું કરે છે એનું બયાન રજૂ કર્યે જ છૂટકો. પરણ્યા છો કે નહીં એ તો કુતૂહલનો મુખ્ય પ્રશ્ન. જો કહું નથી પરણ્યો તો પૂછે, 'આ વૈરાગ નાનપણથી હતો કે એનું કાંઈ ખાસ કારણ થયું?' અને જો કહું પરણ્યો છું, તો સવાલ જરૂર આવવાનો, 'સ્ત્રી જીવે છે કે નહીં?' જીવે છે એવો સાચો જવાબ આપું તો અનેક અગવડભર્યા સવાલોની પરંપરા ચાલવાની અને સ્ત્રી જીવતાં છતાં સાધુ થવાનો માણસનો હક છે કે નહીં એનો શાસ્ત્રાર્થ ખાસો લાંબો ચાલવાનો. રોજ રોજ આવા એકરાર કરવાની મારી તૈયારી ન હતી અને માણસને તોછડાઈથી તોડી નાખવા એ મુસાફરીમાં આપણને ગમે નહીં. એટલે હિંમતપૂર્વક જૂઠું બોલવાનો મેં નિશ્ચય કર્યો. કોઈ ઝાઝા સવાલો પૂછે તે પહેલાં જ હું નિસાસો મૂકી કહી દઉં, 'સ્ત્રી બહુ સારી હતી પણ તે ગુજરી ગઈ, એટલે છોકરાઓને ભાઈને સોંપી દઈ મેં આમ જંગલ સેવ્યું છે.' આવા અસત્ય કથનને માટે કાયદામાં સજા નથી એ હું જાણું છું, પણ

ધર્મશાસ્ત્ર આટલી સહેલાઈથી માફી આપે કે કેમ એની મને ખાતરી નથી.

લોકોની આવી વધારેપડતી જિજ્ઞાસાથી અકળાયેલો હું કોઈને ઝાઝા સવાલો પૂછતાં ડરું છું. રખેને એ પણ મારી પેઠે ત્રાસીને જૂઠું બોલે તો એ પાપ મારે માથે આવશે એવો ખ્યાલ હંમેશાં મારા મનમાં રહે છે. કોક કોક વાર કોઈ માણસ બહુ સવાલો પૂછે એટલે મેં એને જવાબ વાળ્યો છે, 'બહુ થયું, હવે વધારે પૂછશો તો જૂઠા જવાબ આપીશ.' જૂઠું બોલવા કરતાં જૂઠું બોલવાની બીક બતાવીએ એ સારો રસ્તો છે. પછી સાચો જવાબ આપીએ તોપણ પેલા માણસને ખાતરી તો નહીં જ રહે.

રસ્તામાં મળેલો કોઈ બિચારો યાત્રી નિઃસ્વાર્થભાવે માનવસહજ સમભાવથી સવાલો પૂછે એમાં ખોટું શું છે એમ કોઈ પૂછે તો મારી પાસે એનો જવાબ નથી. યાત્રાળુઓને પાંચદસ સવાલના જવાબ આપતાં તે વખતે કંટાળી જતો હું હવે આખા પ્રવાસનું લાંબું લાંબું વર્ણન કેમ લખતો થયો, એ સવાલ મારા મનમાં ઊઠે છે એનો પણ જવાબ નથી.

સાહિત્ય અને જીવનને કાંઈક હાડવેર લાગે છે. સેકન્ડ ક્લાસમાં બેઠેલો અંગ્રેજ પડોશના માણસ સાથે વાતો કરી એની જીવનકથા જાણવાને બદલે રૂપિયો બે રૂપિયા ખરચી એકાદ નવલકથા વાંચવામાં વખત ગાળશે. અને નવલકથામાં આખરે તો કોઈ કાલ્પનિક જીવનકથા જ હોવાની. પ્રવાસવર્ણન લખું છું તે મારી સગવડે. કોઈ સવાલ પૂછે ત્યારે બંધનમાં આવી પડાય છે અને એક જ સવાલ અનેક લોકો ફરી ફરી પૂછે ત્યારે તો ધીરજ ખૂટી જાય છે. છતાં આપણે ભૂલવું ન જોઈએ કે નિરક્ષર સમાજમાં સાહિત્ય ને કેળવણીની ઘણી ગરજ સંભાષણથી સરે છે.

એ જ ધર્મશાળામાં બીજે દિવસે સવારે બુઢ્ઢા કેદારનો એક બ્રાહ્મણ અમને મળવા આવ્યો. અમને ભણેલા જોઈ એ પોતાના દીકરાને અમારી પાસેથી એની પરીક્ષા લેવડાવવા માટે લઈ આવ્યો. છોકરો ચૌદ પંદર વર્ષનો હતો. પિતાએ કહ્યું, 'હાલ એને તર્કસંગ્રહ ચાલે છે.' હું કૉલેજમાં ઇન્ટર ક્લાસમાં તર્કભાષા શીખ્યો હતો. તેથી આવા ચૌદ પંદર

વર્ષના છોકરાને તર્ક ભણતો જોઈ મને આશ્ચર્ય થયું. મેં એને સહેજ પ્રશ્ન પૂછ્યો. પ્રશ્ન સાંભળ્યો કે એ છોકરાએ એ પ્રશ્નને લગતું આખું પ્રકરણ મોઢેથી બોલી બતાવ્યું. ત્યાર પછી એ જ પ્રકરણ ઉપરની ટીકા પણ કડકડાટ બોલી ગયો, કોઈ શાસ્ત્રી સમજાવે તેમ યોગ્ય ઠેકાણે થોભીને શબ્દોનો સંબંધ બતાવતો હોય એવે જ અવાજે બોલી ગયો. પણ બાપડાને એમાંનો એક બ્રહ્માક્ષર પણ સમજાતો ન હતો. મેં એ પિતાને કહ્યું, 'તર્ક એ તો બુદ્ધિનો વિષય છે, વ્યાકરણ કરતાં અઘરો. વ્યાકરણનો ભાષા સાથે સંબંધ છે, જ્યારે તર્ક તો વિચારશુદ્ધિનો વિષય છે. એમાં ગોખણપટ્ટી કેમ ચાલે?' પિતાએ ભોળો જવાબ આપ્યો, 'આ ઉંમરે ગોખી કાઢે તો મોટપણમાં તકલીફ ઓછી અને ભૂલ થવાનો સંભવ જ નહીં!'

શિક્ષણશાસ્ત્ર ઉપર ઘણો વિચાર કરતાં છતાં ગોખણપટ્ટીની પ્રથા સાવ કાઢી નાખવા જેવી છે એવો નિર્ણય નથી થતો. ગોખણપટ્ટીનો દુરુપયોગ ઘણો થાય છે એ ખરું, પણ યોગ્ય રીતે વપરાય તો તે બુદ્ધિના વિકાસમાં આડે આવવી જોઈએ એમ નથી. જ્યારે છાપખાનાં ન હતાં અને બધું લખી કાઢવાની અને જાળવવાની મહેનત કેમ ટાળવી એ મોટો સવાલ હતો, ત્યારે સ્વાવલંબી માણસ પોતાની ભણતરની મૂડી તાજી અને તૈયાર રાખવા માટે ઘણું મોઢે રાખતો એમાં આશ્ચર્ય શું? શક્તિનો સંગ્રહ એમાં જ હતો. આજે પણ એ લાભ નાખી દેવા જેવો નથી.

બીજે દિવસે એકાદ માઈલ ગયા હોઈશું ત્યાં આગલા દિવસના વરસાદથી પલળી ગયેલા મારા જોડાએ એકાએક હડતાળ પાડી. હડતાળ શું, રાજીનામું જ આપ્યું. મેં મારી સાથે અમદાવાદી જોડાની એક વધારે જોડ રાખી હતી. આટલી મુસાફરી એ મારા ઉપર સવાર થઈ ચાલતી. હવે હું એના ઉપર સવાર થયો પણ એ જોડા મારા નાના પગને પણ નાના પડ્યા. એ વાપરીને ચાલતાં ચીન દેશની લલનાની પેઠે મારા પગના બેહાલ શરૂ થયા. એટલે જોડાને પાણીમાં પલાળ્યા પછી જ પહેરતો. ભીનું ચામડું ગરીબ થઈ પગનો આકાર ગ્રહણ કરતું. પણ જરાક સુકાય એટલે બેવડું વેર વાળે. સો સવાસો માઈલ સુધી એ હેરાનગત ચાલી. મારું દુઃખ જાણી સ્વામીએ પોતાની પાસેના

દક્ષિણી જોડા આપ્યા. એ લાલ જોડા જંગલમાં શોભતા અને યાત્રાળુઓનું ધ્યાન ખેંચતા. એની આગળની ગોળ બાજુ તો ઠોકર સામે અકસીર ઇલાજ હતો; પણ હિમાલયના રસ્તા ઉપર એ જોડો પગમાં કેમ ટકે અથવા સાચું કહીએ તો જોડામાં પગ કેમ ટકે! પગ ઘસાતો ગયો અને તળિયે ફોલ્લા પડ્યા. એકે જોડો પહેરાય નહીં અને ઉઘાડે પગે ચાલું તો રસ્તા પરના નાહી ધોઈને તૈયાર થયેલા કાંકરા વીંછીના ડંખ જેવો પોતાનો પ્રતાપ બતાવ્યા વગર રહે જ નહીં.

આખો રસ્તો પગના દરદનું જ ધ્યાન ચાલે. આવા જંગલમાં આરામ લેવા રહી જવાનું પણ કેમ સૂઝે? જેમ તેમ કરતાં આગળ ચાલ્યા, પણ રસ્તામાં શું જોયું તેનું કશું સ્મરણ ન રહ્યું.

૩૮

ભોટચટ્ટી

એક ઠેકાણે સવારે સહેજ ચાલ્યા અને સાંજના મુકામની ચટ્ટી નજરે પડી. આટલામાં એક દિવસ કેમ ગળાય એવી મનમાં શંકા આવી. મેં કહ્યું, ‘અરે, એ પેલું પહાડના શિખર ઉપર માળા જેવું દેખાય છે ત્યાં જતાં કેટલી વાર! આટલા ચડણથી હારીને શું એક દિવસ ગાળવો છે? પણ હું તો ખાંડ ખાતો હતો. સીધું ચડાણ હોત તો તો વાત જુદી, હાંફતા હાંફતા ત્યાં પહોંચી જવાય. પણ આખો રસ્તો કરવતની ધાર જેવો ચડ અને ઊતર કરવાનો હતો. ચડતાં હાંફી જઈએ, ઊતરતાં ઘૂંટણ ભરાઈ આવે એનું દુઃખ હતું જ. પણ જેટલું ચડ્યા એટલું જ લગભગ ઊતરવાનું માથે આવે ત્યારે ઘણી મહેનત બરબાદ થયાની માનસિક વેદના આખી મુસાફરીને મારી નાખતી હતી. મને સ્મરણ છે ત્યાં સુધી, તે દિવસે અમે નવ ટેકરીઓ પાદાક્રાંત કરી અને એટલી જ ખીણો કાપી. છેલ્લે છેલ્લે તો આખરે મુકામ આવવાનો છે કે નહીં એની શંકા મનમાં પેઠી. મહાકષ્ટે ઉપર પહોંચ્યા. ચટ્ટીની ઝૂંપડીમાં

ઊભા રહેવાય એટલી ઊંચાઈ હતી જ નહીં. જાનવરો ગુફામાં ઘૂસે એવી રીતે અંદર જવાનું. જમીન સાવ ભીની ભીની. અમારી સાથે મીણિયું હતું. મારી ખાસ ઘાસની ચટાઈ હતી. એટલે અમે જેમ તેમ રાત પસાર કરી. અહીંની મુસાફરીમાં શાક તો બટાકાનું જ હોય. આજે તે પણ ન મળે. જંગલમાં કેટલાક નાના નાના છોડ ઉપર અળવીની ડાંડી જેવા દાંડલાઓ ઊગ્યા હતા. પણ એને છેડે પાંદડું ન મળે, ઘેટાના શીંગડાની પેઠે એનો છેડો શંખાકૃતિ થઈ જતો. એ દાંડલાનું શાક બનાવીને ખાતા મેં કેટલાક પહાડીઓને જોયા હતા. તેથી આસપાસ ફરીને મેં એવા દાંડલા એકબે મૂઠી વીણી આણ્યા. મારી ખાતરી હતી કે બુવા રાજી થશે. પણ તેમણે એ રાંધવાની જ ના પાડી. બુવા રામદાસી સંપ્રદાયના, દાસબોધની શિખામણ પ્રમાણે ચાલનારા. એમણે કહ્યું, 'અજાણ્યું ફળ કે શાકપાન ખવાય જ નહીં.' એમણે પોતાના નિર્ણય સાથે દાસબોધની એક ઓવી ટાંકી. પછી મારું શું ચાલે! એ દાંડલીઓ જમીન ઉપર ચક્રાકાર ગોઠવી મેં અનેક જાતની આકૃતિઓ બનાવી. અને આ રીતે જીભથી નહીં પણ આંખથી મારા પુરુષાર્થનો રસ ચાખ્યો.

એક રાત્રે અમે ભોટચટ્ટી પહોંચ્યા. પાર વગરની ભીડ હતી. રાત્રે આશ્રય વગર ખુલ્લામાં સૂવું પડશે એવી બીક હતી, પણ આખરે અમને સ્થાન મળ્યું. આ જ ઠેકાણે બે પહાડીઓની એક દુકાન સહિયારી હતી. વેપાર સાથે કરવા જેટલી વિશ્વાસપૂર્ણ ઉદારતા એમનામાં હતી. પણ એને માટે જોઈતું ગણિત એમની પાસે ન હતું. એટલે એક જણનો જેટલો માલ દુકાનમાં આવે તેટલો જ બીજો પણ દુકાનમાં આપે. અને એક ઘરાકને માલ આપ્યો કે હાથમાં આવતા પૈસા તે જ ક્ષણે બંને જણ સરખે ભાગે વહેંચી લે. અને આ વહેંચણીનો હિસાબ થાય નહીં ત્યાં સુધી નવા ઘરાકને દાદ શાની મળે! આ બે જણમાં એક જરાક હોશિયાર હતો. હિસાબની સગવડ માટે ઘરાકને સહેજ ઓછું કે વધારે ખરીદવા કહેતો. ઘરાક ન માને તો એને કશું મળવાનું નહીં. અને અઢી દુકાનની ચટ્ટીમાં એક જણ રિસાયો એટલે અગવડનો પાર નહીં.

રાત પડી અને આકાશમાં તારાઓ ચમકવા લાગ્યા. ઘણે દિવસે નિરભ્ર આકાશનો આનંદ મળ્યો. આજના આકાશની નીલિમા કાંઈ ઓર જ હતી. એટલું સ્વચ્છ અને એટલું ઘેરું નીલું આકાશ સહેજે જોવાને ન મળે. આગળ જતાં દ્વારાહાટને રસ્તે સાંજે એવું જ આકાશ જોવાને મળેલું. પણ ત્યાં તો આગળ જતાં મુશળધાર વરસાદે આખું દૃશ્ય બગાડ્યું હતું. અહીં તારાઓ નીલી ધરતી ઉપર હીરાની પેઠે આખી રાત ચળકતા હતા. એ આનંદ એકલાથી કેમ પિવાય! સ્વામી અને બુવા બંનેને બહાર આણ્યા, લાંબા વખત સુધી અમે આકાશની જ વાતો કરી. એટલામાં ચટ્ટીમાં કંઈક બૂમાબૂમ સંભળાઈ. સ્વામીએ જઈને તપાસ કરી. યાત્રીઓમાંથી કોઈ મારવાડીની ડોસી ચિડાઈને રિસાઈને ચટ્ટી છોડી જંગલમાં નાસી ગઈ હતી. ક્રોધ આગળ વિવેકનો પરાજય હંમેશાં થાય છે; પણ આજે તો બીકનોયે પરાજય થયો હતો. પેલા ભાઈને ડોસી ગયાનું દુઃખ હતું કે આબરૂ ગયાનું એ કોણ કહી શકે! બે પેઢી વચ્ચેના મતભેદની આવી દુર્દશા પણ કોઈ કોઈ વખતે થાય છે! ડોસીની તપાસ કર્યા વગર અમે વહેલા ઊઠીને આગળ ચાલ્યા.

કેદારનો રસ્તો એટલે પવાલીની ચડાઈ. રામચંદ્રના સૈનિક જેવા પહાડી પણ આ ચડાઈ આગળ હારે. 'કાબુલકી લડાઈ ઔર પવાલીકી ચડાઈ' એ કહેવતમાં અહીંના લોકોએ પોતાનાં કષ્ટ વ્યક્ત કર્યાં છે. કહેવતોમાં પણ સ્થાનિક પાઠાંતરો હોય છે.

અમે શ્વાસથી છાતી ફુલાવી રોજની પેઠે 'अथातो धर्मजिज्ञासा'-વાળો હંમેશનો મંત્ર બોલી શરૂઆત કરી.

૩૯

પવાલી અને ત્રિજુગી નારાયણ

રસ્તામાં એક ઠેકાણે ખૂબ વરસાદ પડ્યો હતો. એટલે સૂર્યાસ્ત પહેલાં જ એક ચટ્ટીમાં થોભવાનો વિચાર કરેલો. એ ચટ્ટીમાં નેતર જેવા વેલાની મોટી મોટી ટોપલીઓ બનાવીને ખડકેલી હતી. આ સાવ જંગલી ગણાતા લોકો જ્યારે વાસણો, ટોપલીઓ કે એવો જ બીજો વપરાશનો માલ તૈયાર કરે છે ત્યારે એમાં આટલી કળા ક્યાંથી રેડે છે એવું આશ્ચર્ય થયા વગર રહેતું નથી. અમે પથારીઓ વગેરે ગોઠવી ક્યાં રાંધવું એનો વિચાર કરતા હતા એટલામાં વરસાદ થોભ્યો અને સોના જેવો તડકો નજર આગળ અથડાયો. જયદ્રથવધને દિવસે અર્જુનની જેવી દશા થઈ એવી જ અમારી થઈ. આટલો તડકો — આટલો દિવસ સિલકમાં રાખી થોભી ગયા તો પછી અમારી આબરૂ શી રહી? તરત સામાન સંકેલીને ચાલવા લાગ્યા. કુલીઓ તો બિચારા હંમેશાં ગાંગરતા પલાણે, એમની તકરાર કોણ સાંભળે?

ઘણાંખરાં શક્તિનાં ગણાતાં કામો યુક્તિનાં જ હોય છે. મજબૂત મર્દ દંળાતાં જ્યાં થાકે ત્યાં ડોસીઓ વર્ષો સુધી બમણું કામ આપે. પાણીમાં તરવા માટે શક્તિ જોઈએ છે ખરી, પણ શક્તિ કરતાં યુક્તિ જ વધારે ઉપયોગી નીવડે છે. પહાડ ચડવામાં પણ એમ જ છે. માણસ જો ઉતાવળ ન કરે અને શ્વાસનો તાલ સાચવે તો તે સહેજે થાકે નહીં. ઊંટ પર બેઠેલો માણસ જો પોતાનું શરીર ઢીલું રાખી ઊંટની ગતિ સાથે તાલ ન જમાવે તો સાંજ સુધી એનું આખું શરીર કળવા માંડે. પહાડ ચડવામાં પણ શરીર અક્કડ રાખ્યે નહીં પોસાય. ઘૂંટણ, કેડ અને પીઠ જો મુક્ત સ્થિતિમાં રાખતાં આવડે અને દરેક ડગલામાં લચકપણું કેળવે તો સવારથી સાંજ સુધી ચાલીને પણ માણસ ઝાઝો થાકે નહીં. આ ફલશ્રુતિ જાડા મેદવાળા લોકો માટે નથી એ અહીં જ કહી દેવું જોઈએ.

હિમાલયની કઠણમાં કઠણ ચડાઈ આવી રીતે ચડી ગયા, પછી અમારી ખાતરી થઈ કે આ તપશ્ચર્યા એળે નથી. ઉપર પહોંચીને જે દૃશ્ય જોયું તે જન્મારામાં ભુલાય તેમ નથી. વેદકાલીન ઋષિઓની કોઈ મહાસભા બેઠી હોય એવી રીતે અસંખ્ય બરફ-આચ્છાદિત શિખરોની એક મહાપરિષદ અર્ધ વર્તુલાકારે ગોઠવાઈ હતી. કાંઈ નહીં તો પચાસ માઈલનું દૃશ્ય અહીંથી દેખાતું હતું. અને જે દિશાએ જુઓ ત્યાં દૂર દૂર ધોળાં ધોળાં શિખરો અનન્તતાનું સૂચન કરતાં હતાં. આ ધોળો બરફ ત્રિકાલાતીત હોયની, એવી રીતે પથરાયેલો છે. બરફ જેમ જેમ વાસી થતો જાય તેમ તેમ એના ઉપર હાથીદાંતની પીળાશની પ્રતિષ્ઠા જામે છે. અને એના ઉપર જ્યારે ક્યાંક ક્યાંક નવો ધોળો કપૂર જેવો બરફ પડે છે ત્યારે એ કોઈ ડોસીના ખોળામાં બાળક બેઠું હોય એવી શોભા આપે છે.

જેમ જેમ મીટ માંડીને એ આખું દૃશ્ય હું જોવા લાગ્યો તેમ તેમ એનો ઉન્માદ મારા મગજમાં પેસવા લાગ્યો અને આખું દૃશ્ય જાણે એક ટેકરીઓનો મહાસાગર ઊછળતો હોય એવું જણાવા લાગ્યું. આવી એક પણ ટેકરી આપણા સપાટ પ્રદેશમાં આવીને બેસે તો ચારણો અને કવિઓ અભિમાનથી એને અખંડ ગાયા કરશે. પણ અહીં એવી ટેકરીઓનો ભાવ જ કોણ પૂછે? જેમ હિંદુસ્તાનના સંતોની ગણતરી નથી તેમ હિમાલયની ટેકરીઓની પણ ગણતરી નથી.

અખંડ હિમપ્રદેશ એટલે કાળના પરિવર્તનનો પરાભવ. બારે માસ અહીંની શોભા એકની એક જ રહેવાની. પણ એ શોભામાં પણ ક્ષણે ક્ષણે લાવણ્ય પૂરવાનું કામ સવિતાનારાયણનાં કિરણો કરે છે. કોઈ પુણ્યપુરુષના સહવાસથી જેમ આસપાસનો આખો સમાજ ધર્મનિષ્ઠ થયાનો ભાસ થાય છે, તેમ સવારનાં બાલકિરણો ફેલાયાં કે તરત બધાં જ શિખરો અનુરક્ત થયાનો દેખાવ થવાનો જ. કોક કોક વાર બધાં શિખરો ગેરુનો (ભગવો) રંગ ધારણ કરી દશનામી* અખાડો જમાવે છે.

---

* સંન્યાસીઓમાં ગિરિ, પુરી, ભારતી, સરસ્વતી, અરણ્ય, તીર્થ, આશ્રમ, સાગર વગેરે કુલ દસ ફિરકાઓ હોય છે જેને દશનામી કહે છે.

પવાલીથી ઝપાટાભેર ઊતરી અમે ત્રિજુગી નારાયણમાં આવ્યા. જાણે સ્વર્ગમાંથી મૃત્યુલોકમાં. અને સ્વર્ગનું બધું પુણ્ય જાણે ધોવા માટે જ આવ્યો હોય એવા એક વરસાદે, આખે રસ્તે મારો ચલાવી, અમારો ઉત્સાહ ધોઈ કાઢ્યો. છેલ્લે છેલ્લે તો રસ્તો છોડી અમે સીધા જ ઊતરવા લાગ્યા. પણ પરિણામે વખત તો ન જ બચ્યો.

ત્રિજુગી નારાયણમાં નારાયણનું પ્રાચીન મંદિર છે, તેમાં જે અગ્નિ છે તે આતશબહેરામની પેઠે સતયુગથી આજ સુધી લગાતાર બળતો આવ્યો છે! હિમાલયની દીકરી પાર્વતી દેવાધિદેવ મહાદેવ સાથે પરણી ત્યારે વિવાહના હોમ માટે આ અગ્નિનું આધાન કર્યું હતું. ત્યારથી આજ સુધી એ અગ્નિ બિલકુલ ઓલવાયો નથી!

અહીં એક સાધુ રાત્રે પોતાનું સર્વસ્વ લૂંટાયાનું કહી મોટેથી રોવા અને બરાડા પાડવા લાગ્યો. આખી ધર્મશાળા અકળાઈ ઊઠી. તપાસને અંતે જણાયું કે એ બધું બહાનું જ હતું. બીજા કોઈ સાધુને મુશ્કેલીમાં આણવાને માટે એણે એ બધું નાટક મધરાતની શાંતિમાં ભજવ્યું. સાધુ ખરા!

ત્રિજુગી નારાયણથી નીચે ઊતરી કેદારની મુખ્ય સડક ઉપર અમે પહોંચ્યા. ત્યાંથી મંદાકિનીને કાંઠે કાંઠે આગળ જઈ ગૌરીકુંડમાં પહોંચ્યા. અહીં ગરમ પાણીનાં ઝરણાં છે.

જમનોત્રી અને બદરીનારાયણ પાસે તો છેક તીર્થસ્થાને જ ગરમ પાણીનાં ઝરણાં છે, જ્યારે ગંગોત્રી અને કેદારનાથ જતાં તીર્થસ્થાનની સહેજ આ બાજુ રસ્તા ઉપર જ ગરમ પાણીનાં ઝરણાં જડી આવે છે. ગંગોત્રી માટે ગંગનાણી અને કેદાર માટે ગૌરીકુંડ. ગૌરીકુંડનું પાણી સ્વચ્છ ન હતું, એટલે નાહવાનો વિચાર અમે માંડી વાળ્યો. ગૌરીકુંડથી આગળનો રસ્તો આકરા ચડણ માટે પ્રખ્યાત છે. આ ચડણ ચડી અમે કેદારનાથની નજદીક પહોંચ્યા. રસ્તામાં એક વળાંક વટાવ્યો અને દૂર કેદારનાથનું શિખર દેખાવા લાગ્યું. દરેક યાત્રીએ પોતાની કાયા જમીન પર ફેંકી દઈ સાષ્ટાંગ પ્રણિપાત કર્યો; 'જય, કેદારનાથકી જય, જય કેદારપ્રભુકી જય.'

મંદિરની મૂર્તિનાં દર્શન કરતાં શિખરનાં દર્શનનો ઉમળકો વિશેષ હોય છે.

૪૦

કેદારનાથ

કેદારનાથના મંદિરની લોકપ્રિયતા બદરીનારાયણના કરતાં કાંઈક ઊતરતી ખરી. તેથી જ અહીંનું મંદિર વધારે પ્રાચીન, વધારે ભવ્ય અને તપસ્વી જેવું દેખાય છે. મંદિરના આગળના ભાગ ઉપર ગ્રીક શૈલીનો છાપરાનો ત્રિકોણ (જેને અંગ્રેજીમાં 'ગેબલ' કહે છે) ધ્યાન ખેંચે છે. અહીંના પંડાઓ પાસે જે શંકરાચાર્યની વંશાવળી છે તે ઉપરથી અહીંનું મંદિર અત્યંત પ્રાચીન છે એમ સિદ્ધ થઈ શકે છે, એમ ટેહરીના હેડમાસ્તરે કહ્યાનું સાંભરે છે. પણ મંદિરનું સ્વરૂપ જ પ્રાચીનતાનો પૂરતો પુરાવો છે. ત્યારે અહીંયાં ગ્રીક શૈલી ક્યાંથી આવી? કે ગ્રીક લોકોએ અહીંથી લઈ લીધી? આ શૈલીને આપણી તો ગણાવાય જ નહીં. આપણી હોત તો આના અનેક પ્રાચીન નમૂનાઓ અનેક રૂપમાં દેખાત. કાસ્મીરમાં પંદરેથાન કરીને એક સ્થાન છે. એની સ્થાપત્યશૈલી વિષે એવી જ શંકા ઊઠે છે. જો અશોકનો રાજમહેલ ઈરાની શૈલીનો હતો તો કેદારનાથમાં ગ્રીક શૈલી આવ્યાનું આશ્ચર્ય શા માટે? આપણા સમર્થ પૂર્વજો પારકી કળા પ્રત્યે સુગાળવા હતા એમ શા માટે માનીએ? નબળા લોકો જ્યારે કશું ઉછીનું આણીને પહેરે છે ત્યારે એમનું દારિદ્ર્ય જ વધારે સ્પષ્ટ થાય છે. જ્યારે સબળા કશું ઉછીનું લે છે ત્યારે લઈ ને પોતે જ ઉપકાર કરતા હોય એવું દેખાય છે!

કેદારનાથના મંદિર પાસે કેટલાક કુંડોમાં લાંબી લાંબી લંગોટી જેવા કાગળો પડેલા દેખાયા. કેટલાક કાગળો કપડાંની લંગોટી ઉપર ચોડેલા હતા. એમાંથી એક બહાર કાઢીને તપાસ્યો તો એ કોકની જન્મપત્રિકા નીકળી. તપાસ કરતાં ખબર પડી કે, ઘણા વૃદ્ધ યાત્રીઓ કેદારની યાત્રા કરી કૃતકૃત્ય થયા પછી સાથે આણેલી પોતાની જન્મપત્રિકાનું અહીં વિસર્જન કરે છે. જે દર્શનની ઝંખના દાયકાઓ સુધી સેવી હતી તે કેદારનાથનું દર્શન થયું, જીવનનું બધું પાપ ધોવાઈ ગયું, નવ ગ્રહોએ

પોતાની અસર પાછી ખેંચી લીધી. હવે એ જન્મપત્રિકાને શું પૂછવાનું રહ્યું છે કે એ ચીંથરું હવે સાચવી રખાય !

કેદારપ્રભુનાં દર્શન પછી પણ માણસને જીવવાની ઇચ્છા ક્યાં છૂટી છે કે અહીં પોતાના જીવનનું જ વિસર્જન કરી શકે ! જીવન છોડાતું નથી ત્યાં જીવનની પ્રતિનિધિ જન્મપત્રિકા છોડીને જ સંતોષ મનાય છે. પર્યાયધર્મની પણ બલિહારી છે. દીકરાનો બલિ આપવાને બદલે અબ્રાહામ પાસેથી એના ભગવાને એક ઘેટાના બલિદાનથી સંતોષ માન્યો ! ગયા જઈ કામક્રોધાદિ ષડ્રિપુ છોડવાને બદલે કોઈ અણગમતું શાક છોડીને જ યાત્રાળુઓ યાત્રાને સફળ કરે છે ! નાહવાના ત્રાસમાંથી બચી જવાને માટે પહાડી બ્રાહ્મણે પાણીનાં પાંચ ટીપાંની પંચસ્નાની શોધી કાઢી. અને આજનાં સુધરેલાં રાષ્ટ્રો પણ શત્રુ હાથ ન આવે ત્યારે એનો ફોટો જાહેર ચોકમાં બાળી પોતાની ક્રુદ્ધ વૃત્તિને સંતોષે છે. બિચારા મનુ ભગવાને માનવજાતિને પ્રારંભમાં જ કહી રાખ્યું છે કે, મુખ્ય ધર્મના પાલનની શક્તિ હોવા છતાં જે માણસ પર્યાયધર્મ અથવા આપદ્ધર્મથી સંતોષ માને છે તેને એ ક્રિયાનું ફળ પરલોકમાં નથી મળતું.

હિમાલયનાં આ આપણાં બધાં તીર્થસ્થાનો દસ દસ હજાર ફૂટની ઊંચાઈ પર હોવા છતાં ચિરહિમપ્રદેશની તળેટીમાં જ આવેલાં છે. એટલે અહીં જ્યાં જુઓ ત્યાં ઊંચા ઊંચા પહાડ દેખાય છે. આપણે માનવીઓ ખીણના ખોળામાં એટલા નાના દેખાઈએ છીએ કે બાળકની ઉપમા પણ ન છાજે.

કેદારનાથનું વર્ણન મહાભારતમાં સુંદર રીતે કરેલું છે. પાંડવો જ્યારે વનવાસમાં હતા ત્યારે મધ્યમ પાંડવ અર્જુન અસ્ત્રપ્રાપ્તિને અર્થે રખડતો આ બાજુએ આવ્યો હતો. દિવ્ય કમળો લાવવા માટે જ્યારે ભીમ ઊપડ્યો ત્યારે તે પણ આ સ્થાને પહોચ્યો હતો. રામદાસ સ્વામીને હનુમાનનું દર્શન થયું તે પણ આ જ પ્રદેશમાં થયું હોવું જોઈએ. અને પોતાની જીવનયાત્રા પૂરી કરી પાંડવો જ્યારે મહાપ્રસ્થાને ઊપડ્યા, ત્યારે પણ તેઓ અહીં જ આવ્યા હતા. એ વૃદ્ધ પાંડવો અને એમની સાથેની માનિની દ્રૌપદી આ જ ભૂમિ ઉપર વિષણ્ણ મને વિચર્યાં હશે. જે પહાડો અત્યારે હું જોઉં છું એ જ પહાડો એમણે પણ જોયા

હતા એ ખ્યાલ જ આપણને પાંડવકાળ સાથે જોડી દે છે. અને મહા-પ્રસ્થાનનું સ્મરણ થતાંવેંત ધર્મરાજના પેલા વફાદાર કૂતરાનું સ્મરણ થયા વગર કેમ રહે? ઇંદ્રના સ્વર્ગમાં, આજકાલની હોટેલની પેઠે, કૂતરાઓને પ્રવેશ ન હતો. ઇંદ્રે યુધિષ્ઠિરને કહ્યું, 'આ મલિન જાનવરને પાછું કાઢ, તને હવે પુણ્ય લોક મળ્યા છે.' ધર્મરાજ કહે, 'કહો તો હું પાછો જાઉં; પણ વફાદારનો ત્યાગ મારાથી ન થાય. स्वर्गसुखार्थे अकार्यं न करिन' सोह्नि मी गकार्यातें । સ્વર્ગસુખની ખાતર પણ હું સત્કાર્ય તજીને ખોટું કાર્ય નહીં કરું.'

અમે કેદારનાથના મંદિરમાં ગયા. ત્યાં શંખનાદની સેર ઊડતી સાંભળી ચિત્તવૃત્તિ એકદમ ઉત્તેજિત થઈ. બીજે દિવસે સવારે અમે જોયું કે, અહીંની મૂર્તિ તો કેવળ એક મોટો ખડબચડો પાષાણ જ છે. જમાનાઓ થયાં યાત્રાળુઓની અખંડ ધારાએ પોતાના સ્નેહથી એ પાષાણને લીસો કરી મૂક્યો છે એ વાત જુદી. જે આવે તે શિવલિંગ ઉપર પોતાનો દેહ ટેકવી છાતી સરસું એને ચાંપે છે.

કેદારપ્રભુનું દર્શન કર્યાની મસ્તી વગર કોઈ યાત્રાળુ અહીંની ટાઢ એક રાત પણ જીરવી ન શકે.

હજારો વર્ષ થયાં એકની એક જ શ્રદ્ધા ભારતવાસીઓને દર વર્ષે આ ઠેકાણે લઈ આવે છે. ભારતવર્ષના ઇતિહાસ ને પુરાણોમાં જેટલા પુરુષો પ્રખ્યાત છે એમાંથી કેટલાય આ જ સ્થાને આવી આ શિવલિંગને આલિંગન દઈ ધન્ય ધન્ય થયા હશે. અસંખ્ય સામાન્ય કોટીના લોકોએ એ બધાની પ્રણાલિકામાં પોતાનું સ્થાન લઈ પોતાનું તુચ્છ જીવન પણ ગૌરવાન્વિત કર્યું હશે. આ સ્થાન જેણે નક્કી કર્યું અને જેણે અહીં પોતાની ભક્તિ સૌથી પહેલવહેલી રેડી તેની વિભૂતિ કેવડી હશે! તે અજ્ઞાત ભક્તને અને ઋષિને અને ભારતીય પૂર્વજને કેદારનાથ પ્રભુ સાથે જ અખંડ વંદન હજો.

સવારે તડકો થયા પછી મોડા મોડા અમે મંદાકિની ઉપર સ્નાન માટે ગયા. નદીના પ્રવાહમાં એટલા બધા પથરા હતા કે નાહવાની સગવડનો વિચાર કરાય જ નહીં. અને ત્યાં નાહનાર લોકો પણ ઘણા આવ્યા હતા, એટલે એકાંતની જે મજા હોય છે એ પણ ત્યાં ન મળી. એકાંતની

ઇચ્છા જેટલી સ્વાભાવિક છે તેટલી જ વિચિત્ર છે. એકાંત માટે આપણે નિર્જન સ્થાન શોધીએ છીએ. મનમાં કહીએ છીએ, કેવું નિર્જન સ્થાન ! તે વખતે આપણને ખ્યાલ નથી હોતો કે આપણી હસ્તીને લીધે જ એ સ્થાનની નિર્જનતા તૂટી ગયેલી છે. અમુક ઠેકાણે હું એકલો જ હોઉં અને બીજા કોઈ ન હોય એવી ઇચ્છા કરવી એ શું યોગ્ય છે ? ધર્મ્ય છે ?

એમ છતાં ધર્માત્માઓ જ ખાસ કરીને નિર્જન સ્થાનો શોધે છે. ના, એકલા ધર્માત્માઓ જ નહીં. એક સાધુએ કહ્યું હતું : રોગી, ભોગી અને યોગી ત્રણે શાંત નિર્જન સ્થાન શોધે છે. છતાં ત્રણેની ઝંખનામાં ફેર કેટલો ?

હિમાલયમાં આટલે દૂર સુધી આવીએ અને જે ક્ષણે એકાંતની ક્યાંક ઇચ્છા હોય તે જ વખતે આસપાસ જનસંમર્દ હોય ત્યારે કેટલું માઠું લાગે !

હવે તો ફક્ત બદરીનારાયણની એક યાત્રા રહી. અહીંથી બદરી-નારાયણ બહુ દૂર નથી. કેદાર બદરી વચ્ચે કેવળ એક જ મોટો પહાડ પડેલો છે. પહાડ ઓળંગવાની સગવડ હોય તો પાંચ માઇલ જેટલું પણ અંતર નથી. પણ એ ઊંચો પહાડ ઓળંગવો જ મુશ્કેલ છે. એ અખંડ બરફથી ઢંકાયેલો હોય છે. પરિણામે લોકોને આવેલે રસ્તે પાછા જઈ, મોટું ચક્કર લઈ, અનેક ડુંગરા ટાળી, નવ દિનની મુસાફરીને અંતે બદરીનારાયણ પહોંચવું પડે છે. એ ઉપરથી યાત્રીઓમાં કહેવત પડી છે, ‘ નવ દિન ચલે ઢાઈ કોસ. ’ દંતકથા કહે છે કે પ્રાચીન કાળમાં એ પહાડ વચમાં ન હતો. એક જ પૂજારી બંને ઠેકાણે એક જ આરતીથી એકસામટી પૂજા કરી શકતો હતો. આ વાત ગમે તેટલી રસિક હોય તોય માનવા જેવી નથી. દંતકથાઓ પાછળ કોક વાર ઐતિહાસિક તત્ત્વ હોય છે જ્યારે કોક વાર કેવળ લોકમાનસની કાવ્ય-કલ્પના જ હોય છે.

આ અઢી કોસની વાત સાંભળ્યા પછી મનમાં થાય છે, આધુનિક માણસને અહીં નવ દિવસનું ચક્કર ટાળવાને માટે ખંડાળા ઘાટનાં જેવાં સુરંગબોગદાંઓ પાડવાનું જ સૂઝે.

ઇટાલી કે સ્વિટ્ઝરલૅંડમાં આવાં ઓગદાંઓ પાડેલાં છે એમ કહેવાય છે. ઓગદાંનો રસ્તો કર્યો એટલે વીજળીના દીવા આવવા જ જોઈએ. વીજળી પાછળ હોટેલ પણ આવે અને એની સાથે ધર્મને વિરોધી એવી અસંખ્ય વાતો આવે. કાશ્મીરનું તો એમ જ થવા બેઠું છે. એક હિમાલય પણ આપણે આધુનિકતાના હુમલામાંથી બચાવી નહીં શકીએ?

૪૧

ઉખીમઠ અને તુંગનાથ

સુમેરુના શિખરને અને કેદારના મંદિરને પ્રણામ કરી અમે પાછા ફર્યા. ત્યાં સીધે રસ્તે નાળાચટ્ટી સુધી જઈ ત્યાંથી ઉખીમઠનો રસ્તો લીધો. આ પ્રદેશ મને વિશેષ આકર્ષક લાગ્યો કેમ કે અહીંની કેટલીક ટેકરીઓ મહારાષ્ટ્રની ટેકરીઓ જેવી લાગી.

જેમ આજકાલ દિલ્હીના રાજપુરુષો ઉનાળામાં સિમલા જાય છે, તેમ શિયાળાના દિવસોમાં કેદારનાથ પ્રભુ નીચે ઊતરી ઉખીમઠ આવે છે. શિયાળામાં કેદારનાથની આખી ખીણ બરફથી ઢંકાઈ જાય છે. ઉનાળો આવે એટલે પૂજારીઓ પાવડા કોદાળીઓ લઈને ઉખીમઠથી કેદાર જાય છે. અને ત્યાં બરફ તોડીને રસ્તો સાફ કરી દે છે. પૂજારીઓ કહે છે કે, શિયાળાની શરૂઆતમાં મંદિરો બંધ કરતી વખતે અંદર જે દીવો તેઓ બળતો રાખી આવે છે તે જ ઉનાળા સુધી ટકે છે! આવી આવી વાતો સાચી નહીં માનીએ તોયે કહ્યા વગર રહેવાતી નથી. માણસને શું શું પ્રિય છે, એની કલ્પનાઓ ક્યાં ક્યાં દોડે છે, એ જાણવા પૂરતો જ આનો ઉપયોગ હોય છે. ઘણી વાર આવી કલ્પનાઓમાં જ આગળ જતાં થયેલી મોટી મોટી શોધોની જડ હોય છે. એટલે માણસની મુરાદ તરીકે આવી માન્યતાઓનો લોપ ન જ થવા દેવો જોઈએ.

ઉખીમઠમાં મોટું બજાર છે. યાદ નથી શા કારણે, અમે અહીં ચાર કે આઠ આના આપીને એક નારિયેળ ખરીદ્યું હતું. અહીં

બજારમાં કેટલાંક નારિયેળ દુકાનમાંથી મંદિરમાં અને મંદિરમાંથી દુકાનમાં એવી અખંડ મુસાફરી કરે છે. બજારમાં નાણાંની આવી જ યાત્રા ટાળવા માટે જેમ કાગળની નોટો ચલાવવામાં આવે છે તેમ અહીં મંદિરમાં પણ કાગળનાં નાળિયેરો ચલાવ્યાં હોય તો ખોટું શું? નાળિયેરની પેઠે એ અંદરથી સડી તો નહીં જાય!

મને સ્મરણ છે તે પ્રમાણે પેલો બંગાળી માધવાનંદ ઉખીમઠ સુધી જ અમારી સાથે હતો. અહીં એને ભાંગ પાનાર કોઈ બીજા સાધુઓ મળી ગયા એટલે ઠીક ઠીક પીને એના નશામાં જ અમને મળવા આવ્યો હતો. એનું મોઢું પ્રસન્ન દેખાતું ન હતું. પિત્તપ્રકોપ થયો હોય એવી એની આંખો દેખાતી. હવે અમે યાત્રાના ધોરી રસ્તા ઉપર આવ્યા હતા. ગંગોત્રીને રસ્તે સગવડો ઓછી અને જોખમ ઝાઝું, ત્યાં અમારો સાથ એને બહુ જરૂરનો હતો. હવે એને એ આવશ્યકતા રહી ન હતી. અને અમારી સાથે પચીસ પચીસ ત્રીસ ત્રીસ માઈલની રોજની મુસાફરી કરીને એ થાક્યો હતો. હવે વધુ ખેંચાય એમ રહ્યું ન હતું. એણે કહ્યું, 'હવે હું થોડોક આરામ લઈશ, તેમ ન કરું તો ભાંગી પડવાની બીક રહે છે.' અમે સંતોષપૂર્વક એને વિદાય આપી. અહીંની ધર્મશાળામાં એક ડૉક્ટરે અમને કેટલાંક પાંદડાં બતાવ્યાં. મહારાષ્ટ્રમાં જેને ઘોડાનાં પગલાં કહે છે એવા એક વેલાનાં (ફર્નનાં) એ સુકાઈ ગયેલાં પાંદડાં હતાં. આંગળીમાં લઈએ કે ભૂકો જ થઈ જતો. પણ એ જ પાંદડાં જ્યારે એણે પાણીમાં નાખ્યાં ત્યારે થોડા વખતમાં એ તાજાં પાંદડાં જેવાં લીલાં થઈ ગયાં. ડૉક્ટરે અમને આગ્રહપૂર્વક કહ્યું કે, 'અહીંથી થોડે દૂર એક સાધુ રહે છે. મળવા જાય તેને પથરા મારે છે ને ગાળો દે છે; પણ દર્શન કરી આવનારને પરચો મળ્યા વગર રહેતો નથી, એને કાંઈક તો લાભ થવાનો જ.' અમને પોતાને ગાળો પથરા, પરચો અને લાભ કશાની જ પડી ન હતી, એટલે અમે દર્શનની ઇચ્છા રાખી નહીં. અમે આગળ ગયા.

હવે તો તુંગનાથની ચડાઈ ચડવી હતી. અત્યાર સુધી અનેક ચડાઈઓ અમે ચડી ગયા હતા, એટલે તુંગનાથ માટે તૈયાર ન હતા એમ નહીં. પણ તે દિવસે હવામાં જે ધુમ્મસ ઘેરાયું એને માટે અમે ખરેખર

તૈયાર ન હતા. સવારે અમે કેટલુંયે સુંદર ચાલ્યા પણ સુંદર જોવાનું કશું ન મળ્યું. ક્ષીરસાગરમાં માછલીઓ ચડે એમ અમે તુંગનાથ ચડતા હતા. વચમાં થોભી થોભીને અમે ચારે કોર જોતા કે, કયાંથી ભાગ્ય ઊઘડે છે? ઠીક ટોચે પહોંચ્યા ત્યાં વાદળાં કેટલાંક વેરાયાં. ઉપરનો ભાગ સ્પષ્ટ થયો. પણ એ શિખરની આસપાસ અમારા પગથી નીચાણમાં દૂર દૂર સુધી વાદળાં ઘેરાયાં હતાં. વાદળાં કરતાં પણ ઊંચે જઈ, વાદળાંની ઉપરથી નીચે એમના પર નજર નાખવામાં જે આનંદ આવે છે અને ગૌરવ અનુભવાય છે તેટલા ખાતર પણ માણસે અહીં આવવું જોઈએ. સિંહગઢ, દાર્જિલિંગ, આબુ એવે એવે ઠેકાણે આવી શોભા અનેક લોકોએ જોઈ હશે. માણસને તે વખતે થાય છે કે, આપણે પૃથ્વી ઉપર નથી પણ વાદળાં ઉપર વિરાજતી ગંધર્વનગરીના રહીશ છીએ અને આવી જ રીતે હંમેશ માટે અધ્ધર રહેવાના. એક વાર એવી બીજી મુસાફરીમાં હું બપોરે એક પહાડ ઓળંગતો હતો અને ત્યાં તળેના ધુમ્મસને લીધે પગ તળે દૂર એક મોટું ઇંદ્રધનુષ્ય ફેલાયેલું દેખાતું. જાણે રંગીન કિનારવાળું એક મોટું આસન પાથરીને બેઠો હોઉં એમ જણાતું. આવે ઠેકાણે મફતનો આવો વૈભવ અનુભવી માણસનું ભેજું કાયમનું ચસકી જાય તો આશ્ચર્ય નથી. અને એવા દાખલાઓ નથી એમ પણ નથી. ઘડીક વાર માટે જેનું ભેજું ચસકે તે કવિ. કાયમને માટે ચસકે તે દીવાના. તુંગનાથથી અમે નીચે ઊતર્યા અને ઉપરનું વેરી ધુમ્મસ પણ વેરાઈ ગયું. અમે ઉપર હતા ત્યારે જ એ જાત તો અમે એને કાંઈ શાપ આપવાના ન હતા. નીચેની મંગળચટ્ટીમાંથી તુંગનાથનું શિખર બહુ મઝાનું દેખાયું. કેટલી ભવ્ય રમણીય ઊંચાઈએ અમે જઈ આવ્યા એનો ખરો ખ્યાલ નીચે ઊતર્યા પછી જ થઈ શક્યો! અહીંથી અમે આગળ ચાલ્યા. સ્વામી આગળ હતા. બુવા અને હું ખૂબ પાછળ રહ્યા. સાંજ પડી. અંધારું થવા આવ્યું, અને વરસાદે પણ ઠીક ઠીક પ્રસાદ ચખાડ્યો એટલે હું થોભી ગયો. સ્વામીની તપાસ કરી. તે તો આગળ ગયા હતા. બુવા આવે એની રાહ જોઈને અમે એક જણની સાથે ઓઢવા પાથરવાનું ને બીજો થોડોક સામાન આગળ ગોપેશ્વર મોકલ્યો અને અમે રહી ગયા. અમારી

આખી મુસાફરીમાં આ એક જ રાત્રે અમારો ત્રણ જણનો સાથ તૂટ્યો હતો.

બીજે દિવસે સવારે જ્યારે અમે ગોપેશ્વર પહોંચ્યા ત્યારે સ્વામી ત્યાંના વૃદ્ધ મહંતની જોડે વાતો કરતા હતા. એ મહંત મૂળે દક્ષિણી, અહીં પહાડી થઈ ગયેલો. ભાંગ્યુંતૂટ્યું મરાઠી બોલે. 'રાનાંત' કહેવાને બદલે 'રાણાંત' કહેતો. એણે અમારી આગતાસ્વાગતા કરી. સ્વામીએ એની સાથેની વાતચીતનો સાર અમને કહ્યો. ભગિની નિવેદિતા અહીં આવી ગયાં હતાં એની વાત જાણી. અને અમે વિદાય લઈ લાલસાંગા તરફ ગયા. ત્યાંથી બદરીનારાયણનો રસ્તો છે.

લાલસાંગા એટલે લાલપુલ. આ ગામડાનું ખરું નામ ચમોલી છે. પણ અહીં યાત્રાળુઓ માટે અલકનંદા ઉપર જે પુલ બાંધેલો છે તેના રંગ ઉપરથી આ સ્થળનું નામ લાલસાંગા પડ્યું છે. અહીં બજાર, તારઘર વગેરે સગવડો ઉપરાંત એક શફાખાના (ઇસ્પિતાલ) પણ છે. લાલસાંગાથી આગળની મુસાફરીમાં બહુ મઝા નહીં આવે. કીડીઓની હાર આવતી હોય તેવી યાત્રાળુઓની હાર અહીં જોવા મળે છે. રસ્તામાં ગરુડચટ્ટી આવી ત્યાં બપોરે બહુ સરસ ઊંઘ આવી એટલા જ ખાતર એ ચટ્ટીનું નામ યાદ રહ્યું છે. આગલી રાત્રે મુશ્કેલીએ ઊંઘ મળી હતી. જો બપોરે આમ ઊંઘવા નહીં પામત તો માંદો જ પડત. અહીં જ બિચ્છુ નામના ભયાનક છોડ જોયાનું સ્મરણ છે. એટલા દિવસથી અમે ચાલતા હતા કે હવે થાક જણાવા લાગ્યો હતો. સાંજે અમે જોશીમઠ પહોંચ્યા. જેમ કેદારપ્રભુની ઉખીમઠ તેમ બદરીનારાયણની એ શિયાળાની રાજધાની.

૪૨

બદરીધામ

શ્રી આદિશંકરાચાર્યે દિગ્વિજય કર્યા પછી હિંદુ ધર્મને સુંદર વ્યવસ્થા બાંધી આપી. જેમ ખ્રિસ્તી ધર્મ માટે સેંટ પૉલ તેમ મોટા પાયા ઉપર હિંદુ ધર્મ માટે શ્રી વેદવ્યાસ અને ભગવાન શંકર. આ વિભૂતિઓનાં હૃદયોમાં મોટા મોટા ખંડો સમાય! અને એમની નજર તો દૂર દૂર સૈકાઓ સુધી પહોંચે! વિશ્વાસ, વાગ્વૈભવ અને વ્યવસ્થા એ જ જાણે એમનું હાડ. શંકરાચાર્યે પોતાની વ્યવસ્થા ટકાવવા માટે અને જીવતી રાખવા માટે ભારતવર્ષને ચાર છેડે ચાર મઠો સ્થાપ્યા: દ્વારકા, શૃંગેરી, પુરી, અને જ્યોતિર્મઠ (જોશીમઠ). ચારે ઠેકાણે એ ધર્મસમ્રાટે બ્રહ્મચારીઓ રાખ્યા, જાણે અશોકના રાજુકો (વાઈસરૉય).

ઉત્તરમાં જ્યોતિર્મઠ સ્થાપી ત્યાં દક્ષિણ તરફના ધર્મચુસ્ત બ્રહ્મચારીઓ આણીને એમને કાયમ કર્યા.

હિંદુસ્તાનમાંથી બૌદ્ધધર્મ ઉત્તર તરફ ટિબ્બત અને ચીન તરફ ગયો. એના મંગોલિયન સંસ્કારો દેશમાં નહીં આવે એ ખાતર આ એક થાણું રાખ્યું હતું એમ કહેવાય. પ્રાચીન સંસ્કૃતિમાં વેપારની દૃષ્ટિ, લશ્કરની દૃષ્ટિ, અને ધર્મની દૃષ્ટિ ત્રણે એકત્ર રાખી મથકો સ્થાપાતાં.

જોશીમઠમાં પ્રભુ બદરીનારાયણ શિયાળા માટે પોતે આવીને રહે છે. તેથી અહીં પણ પંડાઓની અને યાત્રીઓની ભીડ ખૂબ હોય છે. અહીંના કારીગરો તાંબાનાં અને ચાંદીનાં પતરાં ઉપર બદરીનારાયણનું ચિત્ર ઉપસાવી યાત્રીઓને વેચે છે; કાગળ પર છાપેલાં ચિત્રો પણ રાખે છે. અહીંનું બજાર આ પ્રદેશમાં મોટું કહેવાય.

જોશીમઠમાં અમને એક મદ્રાસી બ્રહ્મચારી મળ્યો. એ અંગ્રેજીમાં બોલી શકતો. એની પાસેથી જોશીમઠના બ્રહ્મચારી મહંત અને એમના વંશવિસ્તારની ઘણી માહિતી મળી. યાત્રાળુઓની આંધળી દાનવૃત્તિઓમાંથી

આ મહંતોને મફતની કેટલીક આવક છે અને તે કેમ વપરાય છે એ વિષે પણ એણે અમને ઘણું કહ્યું. અંદરની ઘણી ઘણી ખબરો એ જાણતો એમ એના બોલવા ઉપરથી લાગ્યું. હિંદુ સમાજને સાદું ડહાપણ શીખવવા માટે અને અનેક જાતના સડા દૂર કરવા માટે હવે કોઈ જબરજસ્ત કેળવણીકાર શંકરાચાર્ય જાગવાની જરૂર છે. જોશીમઠના મંદિરના ચાર ખૂણા પર ચાર નાનાં નાનાં દેવળો છે. એની અંદરની મૂર્તિઓ પ્રમાણ-શુદ્ધ અને રૂપાળી લાગી. એમાંના એક મંદિરમાં શંકર અને પાર્વતી ભીલ વેશે ઊભાં છે. એ મૂર્તિ જોઈને તો હું મોહી ગયો.

જોશીમઠથી ઊતરીને અલકનંદા અને ધવલગંગાના સંગમ ઉપર વિષ્ણુપ્રયાગ અમે પહોંચ્યા. પહાડી નદીઓ જ્યારે એકબીજીને મળે છે ત્યારે ગાંડીતૂર થઈ જાય છે. ત્યાં લાંબા વખત સુધી બેસવું પણ જોખમ-કારક હોય છે. મસ્તીમાં માણસ ભુસ્કો મારી તણાઈ જાય તો નવાઈ નહીં. આગળ જઈ બેત્રણ ચટ્ટીઓ વટાવી અમે હનુમાનચટ્ટી આવ્યા. અહીં પ્રાચીન કાળમાં એક મોટો યાગ (यज्ञ) થયો હતો. પણ અમે થોભ્યા વગર આગળ બદરીનારાયણ ચાલ્યા. રસ્તામાં એક નદી થીજીને બરફ થઈ ગઈ હતી. એ ઓળંગવી એ સહેલી વાત ન હતી. પગ તળેનો બરફ મજબૂત છે કે પાતળો છે એ જાણવા માટે અમે અમારી લાકડીની અણી બરફમાં ખૂબ જોરથી મારતા. ઘણી વાર નદીની ઉપરનું પડ બરફ થઈ ગયેલું હોય છે અને અંદરથી ઠંડું પાણી વહેતું રહે છે. જો ઉપરનું પડ તૂટે અને માણસ અંદર પડે તો એ ઠંડા પાણીના પ્રવાહના ભોંયરામાં તણાઈ જવાનો. પછી એને માટે બચવાનો ઉપાય જ નહીં. ઉપરની ટેકરી ઉપરના કેટલાયે પથરાઓ ગબડીને બરફના પટ પર પડ્યા હતા. પથરાના ભારથી બરફ ઓગળે અને પાતળો થાય પછી એક એવી અણી આવે કે બરફથી પથરાનો ભાર સહન ન થાય. ડુપ્પ! અને પથ્થરે જળસમાધિ લીધી જ જાણવી. એવી એક બે જળસમાધિ જોઈને અમે ચેત્યા હતા. કહેવાય છે કે એક વખતે કોઈ પૈસાદાર માણસ ચાર ભોઈવાળી ઝંપાનમાં બેસીને જતો હતો અને નીચલો બરફ એકાએક ઓગળી ગયો. એ ઝંપાન અને પાંચે જણા ત્યાં જ પ્રવાહની અંદર ઊતરી ઠરી ગયા. એમને માટે ઠંડી ધોળી કબર તો તૈયાર જ હતી.

મને કંઈક સ્મરણ છે કે કેદારને રસ્તે કે બદરીનારાયણને રસ્તે ક્યાંક અમે નદીને કાંઠે કાંઠે જતા હતા અને નદી ઉપર બરફનો એક મોટો પુલ કુદરતી રીતે બનેલો હતો. નીચલી બાજુથી ઝૂલતા પુલ જેવી બરફની ગોળ કમાન થઈ હતી.

* * *

દર્શન થયું! આખરે બદરીનારાયણના શિખરનું દર્શન થયું. આનંદ! આનંદ! उरसा शिरसा दृष्ट्या वचसा मनसा तथा पद्भ्यां कराभ्यां जानुभ्यां અમે પ્રણિપાત કર્યો. માણસ ગમે તેટલો થાક્યો હોય તોયે શું આ છેલ્લું અંતર કાપતાં વાર લગાડે! પવનદડા જેટલા હળવા થઈ અમે દોડવા લાગ્યા. ભીને કપડે પુરીમાં પ્રવેશ કર્યો. ઉતારે જઈ કપડાં સૂકવ્યાં અને સાંજની આરતી અને રાજભોગ જોવા પહોંચી ગયા. બાવાઓની ઘંટ વગાડવાની એક ખાસ પદ્ધતિ હોય છે. કેડ વાળી વાળીને બે જણ ઘંટ વગાડે છે અને અસમાન તાલ બરાબર સાચવે છે. આ તાલ એમને ક્યાંથી સૂઝ્યો એનું આશ્ચર્ય થયા વગર રહેતું નથી. ઘંટાનાદના આમંત્રણના જવાબમાં અમે મંદિરે પહોંચ્યા. લોકોની એવી તો ભીડ જામી હતી કે જાણે મધપૂડા ઉપરની માખીઓ! તે વખતે મનમાં શું થયું, શા શા ભાવો મનમાં ભરાઈ આવ્યા, એની કલ્પના હું આપું એ કરતાં સ્વામી આનંદની ભાષામાં અહીં ટાંકું, તો મનને કાંઈક સંતોષ થાય.

'અમે ઊઠી ઉતાવળે મંદિરમાં ગયા. પ્રત્યક્ષ નારાયણને બારણે— ભગવંતને ચરણે—લોકોની ભીડનું પૂછવું જ શું? આખી બદરીપુરી જ ત્યાં ઊલટી હતી, પુરીમાં રહેતાં છતાં રાજભોગનું દર્શન ન લે એવો કયો અભાગિયો હોઈ શકે! અમે જેમ તેમ દર્શન કર્યું, મંદિરની અંદર દૂર દૂર મૂર્તિ પાસે અનેક દીવાઓની દીપમાળા ઝળહળતી હતી. દર્શન કરી અમે ગદ્ગદ થયા, કૃતકૃત્ય થયા. સગાંવહાલાં, ઇષ્ટસંબંધી બધાનું અહીં સ્મરણ થયું. અનેક દિવસોથી જેની ઝંખના મનમાં હતી, જેને માટે મહિનાઓના મહિના જંગલોમાં અને પહાડોમાં રખડવાનું અમે આનંદથી સ્વીકાર્યું હતું, તે અંતે પ્રાપ્ત થયેલું જોઈ આંખમાંથી

આનંદાશ્રુ વહેવા લાગ્યાં, જીવન સફળ થયું, ધન્યતા અનુભવી. નારાયણને બારણે તે વખતે કેટલાક લોકો કૃતકૃત્ય થઈ, પાવન થઈ, 'તારે ચરણે એક વાર આપી દે કાયમનું સ્થાન, નારાયણ', 'આ જ ક્ષણે તારે બારણે આશ્રય આપ', 'હવે તારે શરણે આવ્યા પછી ફરી પેલા અસાર જગતમાં અમને ધકેલીશ નહીં,' 'મને ખેંચી લે', 'આ જગતમાંથી મને કાઢી લઈ તારે ચરણે અક્ષય્ય શાંતિ આપ', 'ધન્ય થયો છું નારાયણ હવે મરણ આપ', આમ અનેક રીતે પ્રાર્થના કરતાં ભગવાનને વીનવતાં ઊભાં હતાં! નારાયણને બારણે, પ્રત્યક્ષ નારાયણની સામે ઊભા થયા પછી પણ કયા અભાગી પ્રાણીને આ અસાર જગતની હજીયે ભ્રાંતિ રહી કે તે વિષે યત્કિંચિત્ પણ મોહ એના મનમાં રહેશે?

'મંદિર બહાર નારાયણનો પ્રસાદ (ભાત) વહેંચાતો હતો પણ ત્યાં એટલી ભયંકર ભીડ હતી કે કેમે કરીને અમે અંદર પહોંચવા પામ્યા નહીં. અંતે એક યાત્રાળુ પાસેથી થોડોક પ્રસાદ માગી લઈ, ઘણા પ્રેમથી કૃતકૃત્ય થઈ ખાધો. અહીં નારાયણને બારણે રાજા રંક એક, ગરીબ તવંગર એક, બ્રાહ્મણ શૂદ્ર એક, પાપી પુણ્યવાન એક, સુખી દુઃખી, રોગી કુષ્ઠી, ઢેડ ચમાર, શૂદ્ર અતિશૂદ્ર, ચાંડાળ પતિત, ઊંચ નીચ, કાળા ગોરા, વૈષ્ણવ શૈવ, સંન્યાસી ત્યાગી, શક્તિ વૈરાગી, નાના મોટા, બાળક સ્ત્રી, બધાં જ એક. અહીં ભેદ નથી, અહીં ન્યાત નથી, અહીં સંપ્રદાય કે પંથ નથી, અહીં તારું મારું નથી, અહીં દ્વૈત નથી, અહીં દ્વેષ નથી, અહીં વાદ નથી, અહીં ઝઘડો નથી, અહીં સનાતની અને સમાજિસ્ટ નથી, અહીં સુધારક નથી, ઉદ્ધારક નથી, અહીં પૂર્વ નથી પશ્ચિમ નથી, અહીં બધું જ એક, કેમ કે આજ બધાં ભાંડુઓ ફરી એક જ પિતાને મળવા વિદેશથી પાછાં આવેલાં છે. અહીં કોઈનો દરજ્જો મોટો નથી. કોઈ પણ છેક તણખલા જેવો નથી, કોઈ તુચ્છ નથી. અહંકારથી નાહક ફુલાયેલા લોકોનો મદ અહીં નારાયણને બારણે ખરી પડે છે. જેઓ નાના છે તેમને નારાયણ પોતાને હાથે ઉપર ઊંચકી, પાવન કરી બધાની પંક્તિએ બેસાડશે. અહીં નારાયણની દૃષ્ટિ ન પહોંચે એટલું નાનું, એટલું પાપી કોઈ જ નથી.

'ઇક નદિયા ઇક નારો વહાવૈં મૈલો નીર ભર્યો,
જબ મિલ ગયે તબ એક બરન ભયે ગંગા નામ પર્યો.'

'આ પતિતપાવનને બારણે કોણ પાવન નહીં થાય? કોના ઉપર પ્રત્યક્ષ નારાયણની પાવન દૃષ્ટિ પડ્યા છતાં ઊંચ નીચ, સારું નરસું, પાપી પુણ્યવાનના ક્ષુદ્ર ભેદભાવનો મેલ રહેશે? અને આ અભેદ, આ અદ્વૈત, આ પ્રેમ, આ એકાત્મભાવ, આ બંધુભાવ આ કાળે અહીં મોટા મોટા જ્ઞાનીઓથી માંડી ઠેઠ ગમાર સુધી બધાને સમજાય છે. પૈસાદારથી માંડીને છેક ગરીબ, અભણ અનાડી યાત્રી સુધી, કશો સંકોચ રાખ્યા વગર, મોટા પ્રેમથી, એકબીજા પાસેથી નારાયણનો પ્રસાદ માગી લઈ અને એકબીજામાં વહેંચી લઈ ખાય છે તે અમસ્તું નથી. માટે એક વાર બોલો 'જય શ્રી બદરીબિશાલકી જય, જય શ્રી બદરીબિશાલકી જય.''

૨

આજે મારે છેલ્લું શ્રાદ્ધ કરવું હતું. સિદ્ધપુર અને ગયા બે ઠેકાણે વડીલોનું શ્રાદ્ધ કર્યું હોય એટલે વડીલોની તૃપ્તિ થાય છે. પણ બદરી-નારાયણમાં બ્રહ્મકપાલની શિલા ઉપર બેસીને માણસ શ્રાદ્ધ કરે એટલે બધા જ પૂર્વજો એકસામટા મોક્ષે જવાના. અહીં શ્રાદ્ધ કર્યા પછી માણસ જો ફરી વાર શ્રાદ્ધ કરે તો મોક્ષે ગયેલા પિતરો નરકમાં પડે એમ શાસ્ત્રોમાં સ્પષ્ટ લખ્યું છે! અહીં શ્રાદ્ધ કરી પિતરોના ઋણમાંથી માણસ કાયમનો મુક્ત થાય છે. અનેક યાત્રાઓ કરતો કરતો માણસ હિમાલયની આ છેલ્લી યાત્રા કરે એટલે એનાં ઐહિક બધાં બંધનો તૂટવાં જોઈએ. પછી પોતાના જ કુટુંબને વળગી રહેવા જેટલી સંકુચિતતા એનામાં ન જ રહેવી જોઈએ. માનસિક વળગાડ છૂટ્યો એટલે ધાર્મિક ઋણ પણ ફીટ્યું. શ્રાદ્ધ કરવાનું તે આપણી કોમળ અને પ્રેમળ સ્મૃતિમાં વસતા પિતરોનું. હૃદયની ગ્રંથિ છૂટી એટલે પોતીકાં માનેલાં બધાં સગાંસંબંધીઓનું પણ બંધન તૂટ્યું. ફરી એ વળગાડ પાછો લગાડાય નહીં. જે બધાનો થયો તેને પોતીકું અને પરાયું એવો ભેદ શા માટે હોય! ભગવાનને ચરણે આવીને પણ માણસ જો એ સંકુચિતતા રાખે તો એ એ જ

લાગતો છે. એ અને એની સ્મૃતિ બંને નરકે જાય નહીં તો શું થાય! નરક એટલે સંકુચિતતા. તુકારામે કહ્યું છે,

आधी होता मुक्त । स्वयें झाला बद्ध ।
घेउनीयां छंद । माझें माझें ॥

સવારે ઊઠીને નાહીધોઈ લોટામાં ચોખા ભરી મંદિરે ગયો. બદરીનારાયણમાં નાહવાની મુશ્કેલી નથી. ગરમ પાણીના મોટા કુંડ છે. ગમે તેટલા નાહો, ગમે તેટલું નાહો. લોટો ચોખા પૂજારીને સોંપી દીધા. એણે કુંડ ઉપરના ચૂલા ઉપર અસંખ્ય બીજા લોટાઓ સાથે મારો લોટો પણ ચડાવ્યો. દર્શન કરીને પાછો આવું ત્યાં સુધી એ લોટામાં ચડીને ભાત તૈયાર હતો. બદરીનારાયણને એનો ભોગ ચડાવ્યા પછી એ લોટો મને પાછો મળ્યો. એ લઈને એ ગોર સાથે બ્રહ્મકપાલની વિશાળ શિલા ઉપર જઈને મેં શ્રાદ્ધ કર્યું. અહીંના પંડાઓની મૂંઝવણ હું જાણતો હતો. એક સંસ્કૃતને બાદ કરતાં બીજા કોઈની સાથે એમનું વેર નહોતું. એટલે મેં શ્રાદ્ધના મંત્રો મારી મેળે જ તૈયાર કરી રાખ્યા હતા. ગુજરી ગયેલા પૂર્વજોનાં અને સગાંસંબંધીઓનાં નામ પણ યાદ કરી રાખ્યાં હતાં. બધાંને નામે અહીં શ્રાદ્ધ કર્યું અને એક કુળધર્મની સાંગતાસિદ્ધિ કર્યાના સમાધાન સાથે પાછો આવ્યો. કેટલી કૃતાર્થતા! હું જાણે આ દુનિયામાં હતો જ નહીં. ત્યાંથી સીધો પાછો મંદિર આવ્યો. મારે ઘેર જઈ જમતા પહેલાં નારાયણનું ફરી વાર દર્શન લેવું હતું. બારણે ભીડ વધતી જતી હતી. આટલા લોકો આટલી ભીડ કરીને ઊભા હોય, એકબીજાના ધક્કા એકબીજાને વાગતા હોય, છતાં અહીં કોઈ મિજાજ ખુએ એમ ન હતું. બધા જ ભક્તિના ઉન્માદમાં આવેલા; એકબીજા પ્રત્યેનો સદ્ભાવ એકેએક આંખમાં નીતરતો હતો.

એ ભીડમાં એક મારવાડી યુવતી એક નાનકડી થાળીમાં બદામ, સાકર, કિસમિસ, ચંદન, કપૂર વગેરે અનેક પૂજાદ્રવ્યો ભરીને પ્રવેશ શોધતી હતી. એટલામાં કોકનો ધક્કો વાગ્યો, હાથમાંથી થાળી પડી ગઈ. થાળી પડતાંવેંત જાણે હૈયામાં તીર ભોંકાયું હોય તેમ એ બાઈ એક ક્ષણ સ્તબ્ધ થઈ, બીજી જ ક્ષણે રડી. પડી. અને એ કેમ ન રુએ?

એણે સાકરનો એકેએક ગાંગડો વીણી વીણીને પસંદ કર્યો ન હતો? એકેએક બદામ ઉત્તમ પુષ્ટ જોઈ ને લીધી ન હતી? પોતાને હાથે ચંદન અને કેસર ઘસી ઘસી એનો લેપ બનાવ્યો ન હતો? બદરીનારાયણને આ બધું ચડાવીશ એવા સંકલ્પથી એ બધું ભેગું કરી પોતાના જીવ જેવું સાચવી રાખી એ અહીં સુધી લઈ આવી હતી. એ પૂજાદ્રવ્ય પાછળ કેટલું ધ્યાન, કેટલી ભક્તિ, કેટલો આનંદ સમાયેલાં હતાં! ધન્યતાની પળે જ એ હાથમાંથી પડી ભગવાનને બારણે વેરાઈ જાય એના કરતાં વધારે વિપત્તિ કઈ? કેટલું એનું દુઃખ! કેટલો વિલાપ! મારું હૈયું પીગળ્યું. હું પાસે ગયો. એ બાળકની ભક્તિની આગળ મારું માથું નીચું નમ્યું. મેં એને કહ્યું,

'બહેન, આ વૃથા શોક શા માટે કરો છો? પૂજારીના હાથે આ ભોગ અંદર ન પહોંચ્યો એટલા માટે? તમે ભૂલો છો. અહીંનો એકેએક પથરો પવિત્ર છે, પાવન છે. અને ભગવાનના બારણાના આ પગ તળેના પથરા! કોણ જાણે કેટલા સંત, મહંત, સાધુ, સત્પુરુષોના ચરણસ્પર્શથી પુનિત થયા હશે! ભગવાનને એ પૂજારીને હાથે તમારો ભોગ સ્વીકારવો ન હતો, તમારે હાથે જ એ લેવો હતો એટલે આમ થયું. તમારી ભક્તિ ઉપર તમારો વિશ્વાસ હોવો જોઈએ.' એવું એવું મેં ઘણું કહ્યું. બાળા શ્રદ્ધાની નજરે મારા તરફ જોતી જ રહી.

વેરાયેલી બદામ અને સાકર ભેગાં કરી ભગવાનના પ્રસાદ તરીકે મેં એને સોંપી દીધાં અને કહ્યું, 'જા બહેન હવે સુખેથી ઘેર જા, ભગવાનની કૃપા વિષે મનમાં શંકા આણીશ મા.' ભોળી બાળા! મેં જેટલું કહ્યું તેટલું બધુંયે એણે સાંભળ્યું, શ્રદ્ધાપૂર્વક સ્વીકાર્યું. આંસુ લૂછી લીધાં અને 'જય બદરીબિશાલકી જય' એમ કહીને એ ત્યાંથી ગઈ. એ ગઈ પણ મને ભક્તિની દીક્ષા આપીને ગઈ. નારીહૃદયમાં કેટલી શ્રદ્ધા હોય છે, કેટલી ભક્તિ હોય છે, કેટલી ઉત્કટતા હોય છે, એનું દર્શન કરાવી એ ગઈ. મને બદરીનારાયણનું દર્શન મૂર્તિમાં થયું એ કરતાં એ ભોળી મારવાડી બાળામાં વધારે થયું.'

૪૩

વળતાં

બદરીનારાયણથી કેટલાક યાત્રીઓ વસુધારા જાય છે. ઉપરથી એક ધોધ પડે છે. જેઓ પુણ્યવાન છે તેમને માથે જ એની ધારા પડે; પાપી હોય તો ધારા બાજુએ જાય, એને માથે પડે જ નહીં એવી માન્યતા છે. વસુધારા જવાનું અમે માંડી વાળ્યું, કેમ કે અમારા કુલીઓને આગળ આવવાની દાનત ન હતી. તેઓ હવે વહેલા ઘર ભેગા થવાને ઇંતેજાર હતા. અમે પાછા ફર્યાં. રસ્તામાં કેટલાય લોકો બદરીનારાયણનો ભાત તડકામાં રાખી સૂકવતા હતા. આ સૂકવેલો ભાત તેઓ અહીંથી ઘેર લઈ જશે. બંગાળીઓ બંગાળ લઈ જશે, પંજાબીઓ પંજાબમાં, મારવાડીઓ પોતાની મરુભૂમિમાં લઈ જઈ એ ખાશે અને ચુસ્ત કર્મકાંડી મહારાષ્ટ્રીઓ પણ પોતાને ઘેર લઈ જઈ બધાં સગાંવહાલાંઓને વહેંચી એ ખાશે. મદ્રાસીઓ — છેક રામેશ્વર સુધીના મદ્રાસીઓ ––ને ઘેર આ ભાત પહોંચશે. શાલિગ્રામ જેમ પથ્થર ન ગણાય, જનોઈ જેમ સૂતર ન ગણાય, તેમ આ ભાત અનાજ ન ગણાય. એ તો પ્રત્યક્ષ પ્રભુનો પ્રસાદ. એ આપણી કાયાને પવિત્ર કરે છે, કોઈ પણ કારણે એ પ્રસાદ અપવિત્ર નહીં થાય. અગ્નિ જેટલો જ એ પવિત્ર. એ પ્રસાદ લઈ અમે પાછા ફર્યાં.

રસ્તામાં જ્યાં ત્યાં બિચ્છુના છોડ દેખાતા હતા. મરાઠીમાં એ છોડને 'ખાજકૂઈ' કહે છે. કોઈ એને 'ખાજકોલી' પણ કહે છે. એનાં પાંદડાં શરીરને અડે કે ભારે ખંજવાળ અને બળતરા પેદા થાય છે.

તુલસીના છોડને નમસ્કાર કરતા એક વૈષ્ણવ ભક્તને જોઈ, એક મિશનરીએ તુલસીનાં પાંદડાં હાથમાં લઈ ચોળી નાખ્યાં. પહોંચેલ ભક્ત સહેજ આગળ ગયો અને એણે બિચ્છુના છોડને સાષ્ટાંગ નમસ્કાર કર્યો અને કહ્યું, 'તુલસીમાતા કરતાં અમારો આ દેવ મોટો છે.' ફરી પ્રયોગ કરવા જતાં મિશનરીને પણ એ વાતની પ્રતીતિ થઈ, વગેરે ત્યાંના

એક પહાડીએ હસતાં હસતાં કહ્યું. આ જાતના ટુચકાઓ બધા જ પ્રાંતમાં હોય છે. મિશનરી નહીં તો બીજો કોઈ પરધર્મી અથવા નાસ્તિક, વાર્તાને તો ગમે તે માણસ ચાલે.

અમે લાલસાંગા વટાવી મિલચૌડી આવ્યા. અહીં ટેહરી રાજ્યની સરહદ પૂરી થાય છે. કુલીના કરાર અહીં સુધીના જ હોય છે. કેરાસિંગ અને બાદરુ પોતાનું વેતન ચૂકતું કરાવી, ગળગળા થઈ અમને છોડીને પાછા ગયા. જતાં અમને કહે, તમે લોકો એટલા ઝપાટાથી ચાલ્યા છો કે, અમારા દિવસો બચ્યા, ખાધાખરચ બચ્યું. પણ ચાલતાં ચાલતાં દમ નીકળી ગયો છે. હવે ઘેર જઈને ખૂબ દૂધ ઘી ખાઈશું અને આવતે વરસે ભાર ઊંચકવાથી આરામ લઈશું.' જે દિવસે અમે મુકામ કરતા તે દિવસે એમનું ખાધાખર્ચ અમારે માથે હતું, ઘઉંના લોટને બદલે જો એમને દાળચોખાની ખીચડી આપીએ તો એમને મન મોટી ઉજાણી. ખીચડી આપીને દશ માઈલ વધારે ચલાવો તો વાંધો નહીં ઉઠાવે. અમે એક નવો કુલી કર્યો. હતો તો માણસ ગરીબ, પણ ભોળપણમાં બહુ વાતો કરે. જેમ સાધુઓ પોતાને વિષે વાતો કરવી હોય ત્યારે 'હું' કહેવાને બદલે 'આ શરીર' બોલે છે, તેમ અમારો કુલી પોતાને વિષે બોલવું હોય, ત્યારે 'મારો પ્રાણ' કહીને જ બોલે: 'મારો પ્રાણ' થાક્યો છે, 'મારા પ્રાણ'ને ઊંઘ જોઈએ છે, 'મારો પ્રાણ' અંધારામાં જવાની હિંમત ન કરે, વગેરે!

મિલચૌડીથી આગળ ગયા એટલે ગણઈ આવ્યું. અહીં એક દુકાનની પાછળની લાંબી ને સાંકડી ઓસરીમાં અમે સૂતા હતા. થાક્યા શરીરને ઊંઘનો એક હપ્તો માંડ મળ્યો હતો, એટલામાં પાડોશમાં ગાયન શરૂ થયું. ઘણા પહાડીઓ ભેગા થયા હતા. અવાજ ઉપરથી અમે અનુમાન કર્યું કે કોઈ છોકરો ગાય છે. એનો અવાજ સારો હતો. આલાપ પણ મધુરા હતા. થોડોક વખત ઊંઘમાં ગાયનની મીઠાશ ભળી ને હું પ્રસન્ન થયો. પણ ગાયન એક લીટીથી આગળ વધે જ નહીં. ફરી ફરી એની એ જ લીટી. અર્ધો કલાક થયો, પોણો કલાક થયો, કલાક અને બે કલાક થયા, અને એ ને એ જ લીટી ચાલે.

હું કંટાળ્યો. પછી અકળાયો, બેચેન થયો. એ કડી મગજમાં ધૂસી, માથું ફરવા લાગ્યું; પણ ગાયન કેમે કરીને થોભે જ નહીં. પણ કોની આગળ તકરાર કરાય? આખરે થાકીને ક્યારે સૂતો તે કોણ જાણે! જે સંગીત શરૂઆતમાં મધુરું લાગ્યું હતું તે જ આટલું અળખામણું થઈ ગયું એમ જોઈ વિચાર આવ્યો, સ્વર્ગના દેવો એ ને એ જ ભોગ ભોગવીને મારી પેઠે કંટાળી જતા હશે અને મરણ માટે ઝંખતા હશે. તુકારામનો અભંગ યાદ આવ્યો:

स्वर्गींचे अमर इच्छिताती देवा।
मृत्युलोकीं व्हावा जन्म आम्हां ।।

અમરપણું એટલે, સ્વામી દયાનંદ સરસ્વતી કહે છે તેમ, ન ખૂટે એવી જન્મટીપની સજા. હું કાંઈ સ્વર્ગનો દેવ ન હતો કે મૃત્યુ માટે ઝંખું. મારે તો સવાર થાય અને હું ગણુઈ છોડું એટલું જ જરૂરનું હતું.

અહીં રસ્તામાં સારો લોટ ન મળે. ઘંટીની કાંકરી એમાં ભરેલી હોય જ. પરિણામે મારી હોજરી બગડી, મને તાવ આવવા લાગ્યો. પણ અહીં થોભ્યે થોડો જ આરો આવવાનો હતો! તાવ હોય કે નહીં, ચાલવું જ જોઈએ. રસ્તામાં લાકડાના વાસણમાં જમાવેલું કાચા દૂધનું સરસ દહીં મળતું એ પણ હું છૂટથી ખાતો. દહીંથી મને નુકસાન ન થયું. ઊલટું પેટના મરડા માટે એ અકસીર દવા જેવું નીવડ્યું.

૪૪

'દ્વારાહાટ'

એક દિવસ મોડી સાંજે એક પહાડની તળેટીમાં આવી પહોંચ્યો. રસ્તામાં મોટા વરસાદથી હું પલળ્યો હતો; એક જણને ત્યાં કપડાં સુકાવવા થોભ્યો, તેથી હું પાછળ પડી ગયો હતો. દુકાનદારે કહ્યું, 'તમારા બે સાથીઓ આગળ દ્વારાહાટ ગયા છે, તમને ત્યાં આવવાનું કહી ગયા છે.' દુકાનદાર પાસેથી સંદેશો સાંભળ્યો અને આકાશ ભણી જોયું. એટલું સુંદર આકાશ ભાગ્યે જ જોવાને મળે છે. અંધારું વધતું ચાલ્યું. આગળ જાઉં કે ન જાઉં ... વચાર કરતો હતો. મનમાં નિર્ણય થયો કે અંધારામાં જવા કરતાં એક રાત અહીં રહી જાઉં એ સારું. પણ બીજી ક્ષણે ધૂન ચડી કે ના, જઈએ આગળ, એક રાતનો અનુભવ થશે. દુકાનદારને આશ્ચર્યચકિત બનાવી આટલે મોડે આગળ ચાલ્યો.

રાત પૂર્ણિમાની હતી. પણ એ અમાસની હોત તોયે આના કરતાં વધારે અંધારું ફેલાવી ન શકત. આકાશમાં કાળાંમેશ વાદળાં ઘેરાયાં હતાં. રસ્તો બરાબર દેખાય નહીં. બપોરના વરસાદને લીધે રસ્તો વચમાં વચમાં ધોવાઈ પણ ગયો હતો અને નાના મોટા ખાડા થયા હતા. રસ્તામાં અનેક વાર પડ્યો, અથડાયો, ઘૂંટણ મરડાઈ ગયું. ઓઢેલી શાલ મારા કરતાં કાંટાળા ઝાડની જ દયા ખાવા લાગી અને ત્યાં જ રહી જવાની વાત કરવા લાગી. એને મનાવી સાથે લીધી અને હું આગળ ચાલ્યો. જેમ જેમ વખત જાય તેમ તેમ પસ્તાઉં; પાછળ રહ્યો હોત તો કેવું સારું! ખૂબ ચાલ્યા પછી મનમાં વિચાર આવ્યો કે, આવ્યો એ પંથ વધારે કે આગળ કાપવો છે એ વધારે? પાછા જવાનો વિચાર કરું ને આગળ બે જ ફર્લાંગનો રસ્તો બાકી રહ્યો હોય તો બાઘા બનીએ. આગળ ચાલું ને ફરી હિસાબ કરું. મારું ઘડિયાળ કેડે ચડાવ્યું હતું; પણ રાત્રે એમાં શું દેખાય! અંતે ડહાપણ સૂઝ્યું કે

વિચારનું ઘડિયાળ થોભાવી દેવું ને ચૂપચાપ ચાલવા માંડવું. ધીરજ આગળ જંગલનો જ અંત આવ્યો અને હું દ્વારાહાટ પહોંચ્યો.

દ્વારાહાટ બજારનું મથક છે. પણ રાતના નવ સાડાનવ વાગી ગયા હતા; આખું ગામ સૂતું હતું. હવે બુવા અને સ્વામીની તપાસ ક્યાં કરાય! કોઈનું બારણું ખખડાવું ને એ મારા ઉપર ઘૂરકે તો? અને ધારો કે ન ઘૂરકે તો એને શું પૂછું? અમારા બુવા ક્યાં છે? સ્વામી ક્યાં છે? વર્ડ્ઝવર્થની 'ઇડિયટ બૉય'ની કવિતા યાદ આવી. ઘેલી માએ દીકરાને ગધેડા પર બેસાડી મધરાતે ડૉક્ટરને ત્યાં મોકલી દીધો હતો, ગધેડું અને એનો બેવકૂફ દીકરો બંને જંગલમાં ઠંડા તડકાની સહેલ કરવા ગયાં. અંતે ઘેલી મા એને શોધવા ગઈ. શહેરમાં જઈ ડૉક્ટરને પૂછ્યું, 'Doctor doctor, where is my Johnnie?' બિચારો ડૉક્ટર ઘેલીબાઈના વહાલા Johnnieને શું ઓળખે! ઊંઘ બગડવાથી એ અકળાયો અને બબડતો બબડતો સૂઈ ગયો. હું જો બારણે બારણે બુવા સ્વામીની તપાસ કરત તો મારી પણ એ જ દશા થાત. અંતે ઉપાય સૂઝ્યો: મોટે ગંભીર અવાજે મને આવડતા હતા તે ઉપનિષદના મંત્રો લલકારતો ચાલ્યો.

વીજળી ચમકે ત્યારે કાંઈક દેખાય, પણ પાછળથી અંધારું બેવડું થતું. એક રસ્તાને છેડે આવ્યો ત્યાં સામે સીધી લીસી જમીન દેખાઈ. જાણે રેતી જ પાથરી હોય. મને થયું, આ ટેનિસ કોર્ટ ક્યાંથી? આના ઉપર થઈને આપણો રસ્તો આગળ જતો હશે. પણ હું વહેમાયો. એક પથરો લઈને એ 'ટેનિસ કોર્ટ' ઉપર ફેંક્યો. પથરાએ રિપોર્ટ આપ્યો કે અહીં પાણી છે અને એણે તરત જળસમાધિ લીધી. એ પરોપકારી પથરાને ધન્યવાદ. મેં જમણો રસ્તો લીધો અને ફરી ટહેલ જગાવી. થોડેક આગળ ગયો અને એક દુકાનની મેડીની નાનકડી બારી ખૂલી. સ્વામી કહે, 'કાકા?' હું બોલ્યો, 'આનંદ?' તરત ફાનસ લઈ સ્વામી નીચે આવ્યા. બુવાએ રાંધી રાખ્યું હતું. એમણે હેતપૂર્વક ઝળઝળિયાં સાથે મને જમાડ્યો. આટલા અંધારામાં હું કેમ આવી શક્યો એ જ મોટો ચર્ચાનો વિષય થયો. પ્રેમની વાતોનો કંઈ અંત આવે છે! થાકેલા શરીરે જો ફરમાન ન કાઢ્યું હોત તો અમારી વાતો ખૂટતા પહેલાં રાત જ ખૂટી

હોત. સવારે 'ટેનિસ કોર્ટ' જેવા તળાવનું દર્શન કર્યું. તળાવ ઉપર લાલલીલી અંજીરી લીલ બાઝી હતી.

અમે આગળ ચાલ્યા. હવે પંથ થોડો રહ્યો હતો. નીચે ખીણમાંથી ચાલીએ એટલે અસહ્ય બફારો થાય. એટલે અમે પણ પહાડીઓની પેઠે ટેકરીઓને માથે માથે જે રસ્તો મળે તે પસંદ કરવા લાગ્યા. વારેઘડીએ જો ચડઊતર કરવું પડે તો કાંઈ નહીં. પણ ખીણની ભઠ્ઠી તો ટાળવી જ જોઈએ. આખરે આલમોડા આવ્યું. ત્યાં પરિચિત સ્થાનો પણ નવાં નવાં દેખાવા લાગ્યાં. અમે દોઢ બે મહિનામાં કેટલો કીમતી અનુભવ મેળવ્યો હતો, કેટલા વિચારો કેળવ્યા હતા, ભવ્યતાનું કેટલું આકંઠ પાન કર્યું હતું! દૃષ્ટિ સાવ નવી થઈ હતી. હવે એને જૂનાં દશ્યો નવાં જેવાં લાગે તો આશ્ચર્ય શું!

એક યાત્રા પૂરી થઈ; એક સંકલ્પ બર આવ્યો. પણ એમાંથી જ અમરનાથની યાત્રાના સંકલ્પનો ફણગો ફૂટ્યો હતો, એ અમને આરામ લેવા ન દે. બુવા અને હું સ્વામીની વિદાય લઈ ફરી હરિદ્વાર ભણી ચાલ્યા. સ્વયંભૂ મહાદેવ અમરનાથનું અમારે દર્શન કરવું હતું, કાશ્મીરનું ભૂસ્વર્ગ જોવું હતું. સૃષ્ટિ અનન્ત છે, દિશા અને કાળ અનંત છે, કાર્ય-કારણભાવ અનન્ત છે, મૂળ પરબ્રહ્મ અનન્ત છે; તો માણસની વાસના, એના સંકલ્પો, અને એની યોજનાઓને પણ ક્યાંથી અંત હોય?

૪૫

ફલશ્રુતિ

रोचनार्था फलश्रुतिः । કોઈ પણ વસ્તુ તરફ માણસને લલચાવવા ખાતર જે ખરાખોટા લાભો બતાવવામાં આવે છે તે ફલશ્રુતિ. બાળકોને ખરા લાભો બતાવીએ તો તે તેમની નજરમાં આવતા નથી. એટલા ખાતર એમને રુચે એવા — ગમે તેવા, સાચા જૂઠા — લાભો બતાવવા એ આપણે ત્યાં, અથવા વખતે દુનિયાના બધા જ દેશોમાં, બહુ જૂનો રિવાજ છે. એમાં સત્યનું કેટલું અપમાન થાય છે એનો વિચાર કોઈ કરતું જ નથી. અને એક વાર અસત્ય કહેવાનું જ નક્કી કર્યું પછી એમાં મર્યાદા શીદ રખાય? અસત્યની માત્રા એ કેફી પદાર્થની પેઠે વધતી જ જાય છે. પણ એમાં જ અસત્યનું ઓસડ રહેલું છે. આપણા ધાર્મિક વિધિઓમાં અને વ્રતોમાં ફલશ્રુતિની જાણે હરીફાઈ ચાલી છે. આજના જાહેરખબરવાળા જે નફ્ટાઈથી જૂઠાણું ચલાવે છે, તેટલી જ નફટાઈ જૂની ફલશ્રુતિમાં આપણે જોઈ શકીએ છીએ. पुत्रार्थी लभते पुत्रम् । धनार्थी लभते धनम् । વગેરેની માલિકા શરૂ થઈ એટલે એનો અંત સહેજે આવે જ નહીં, मुक्तिं भुक्तिं च विन्दति પહોંચ્યા વગર રહેવાય કેમ?

એ ઢબે જો હિમાલયના પ્રવાસની ફલશ્રુતિ લખવી હોય તો મારે કહેવું જોઈએ કે, આ યાત્રા જે કરે તેને ઓછામાં ઓછા સો શતાયુષી છોકરાઓ થશે, તેનું મકાન સોનાનું ચણાશે, ગમે તેટલી વાર પરણે તોયે જુવાનનો જુવાન જ રહેશે, સ્વર્ગની અપ્સરાઓ, હિમાલયના સિદ્ધ ગંધર્વો અને સનત્કુમારાદિ નિવૃત્તિશાળી બ્રહ્મચારીઓ એકી વખતે એક-સામટા એના ઉપર તુષ્ટ થશે. આવી ફલશ્રુતિને અંતે માણસના કેવા બેહાલ થશે એ વિચારવાનું કામ આપણું નહીં.

યાત્રાની જો આટલી ફલશ્રુતિ, તો યાત્રાવર્ણનની ફલશ્રુતિ આથીયે વધારે હોવી જોઈએ. જે કોઈ આ યાત્રાવર્ણન વાંચશે તેને અર્થલાભ

૪૬-ગો

થશે. જે આ વર્ણનનો ગ્રંથ સંગ્રહમાં રાખશે તેના ઘરમાં ચોરો આવે નહીં. જે કોઈ આ પુસ્તક ખરીદીને બ્રાહ્મણોને અને વિદ્યાર્થીઓને — અને આજના જમાનામાં હરિજનોને — મફત આપશે તેના ઉપર ગ્રંથકાર આચાર્ય અને એના પ્રકાશકો હંમેશને માટે સંતુષ્ટ રહેશે, મુસાફરી કર્યા વગર એને યાત્રાનું પુણ્ય મળશે ઇત્યાદિ, ઇત્યાદિ.

લાલચ સાથે બીકની જોડી ન હોય તો કામ અધૂરું ગણાય. એટલે જે કોઈ આ ચોપડીની નિંદા કરશે, એનાં વચનો વિષે મનમાં શંકા આણશે, તેને ફલાણું થશે, ઢીંકણું થશે. અને ઉપરની ફલશ્રુતિ વિષે જે કોઈ મનમાં શંકા આણશે તે તો ઓછામાં ઓછા ચાર કલ્પ સુધી રૌરવ નરકે પડી રહેશે. અને જે કોઈ આ યાત્રાવર્ણન વાંચીને ફલશ્રુતિનો અધ્યાય છોડી દેશે, वृथा पाठो भवेत्तस्य श्रम एव ह्युदाहृतः ।

હિંદુ ધર્મ ઉપર ફલશ્રુતિએ જે અત્યાચાર કર્યો છે તેટલો નાસ્તિકતાએ પણ નહીં કર્યો હોય.

પણ મારે મારા પ્રવાસની ફલશ્રુતિ આથી જુદી જ રીતે આપવી છે. આ મુસાફરી કરવાથી મને શો લાભ થયો એ કહી દઉં અને જે કોઈ આ જાતની મુસાફરીઓ કરી જોશે તેને પ્રત્યક્ષ કયા કયા લાભ થવાનો સંભવ છે એટલું કહી દઉં એટલે પત્યું.

મારે પ્રથમ કબૂલ કરવું જોઈએ કે, આવી મુસાફરી માટે જે પૂર્વતૈયારી હોવી જોઈએ તે મારી પાસે ન હતી. પૂર્વતૈયારી વગર કરેલી પ્રવૃત્તિઓ ઓછામાં ઓછું ફળ આપે છે. કેળવણી એ જીવનની પૂર્વતૈયારી હોવાથી કેળવણીકારને તો દરેક બાબતમાં પૂર્વતૈયારી પૂરેપૂરી કરવાનું સૂઝવું જ જોઈએ. પણ આજકાલના કેળવણીકારો બીજાને જે કેળવણી આપે છે તે પોતાના જીવનમાં દાખલ કરવા જેટલી પણ દરકાર રાખતા નથી. મને તો મારા જીવનમાં એકકે પ્રસંગે પૂર્વતૈયારી બરાબર કર્યાનું સ્મરણ નથી. એટલે આ પ્રવાસની ફલશ્રુતિ હું શું કહું?

હિમાલયની મુસાફરીએ અથવા ઉત્તર તરફની કોઈ પણ મુસાફરીએ ઊપડનારને હિંદી ભાષાનું કામચલાઉ જ્ઞાન તો હોવું જોઈએ. મારી પાસે એ ન હતું. જ્યાં મુસાફરી કરતા હોઈએ ત્યાંના સ્થાનિક ઇતિહાસ અને સ્થાનિક ભૂગોળની સામાન્ય માહિતી તો માણસને હોવી જોઈએ.

એ પણ મારી પાસે ન હતી. યાત્રાએ ઊપડ્યા હોઈએ તો તીર્થક્ષેત્રનું માહાત્મ્ય જેવું મળે તેવું માણસે વાંચેલું હોવું જોઈએ. નહીં તો યાત્રાનું અર્ધું કાવ્ય માણસ ખોઈ બેસવાનો. પૂર્વતૈયારીમાં મારી પાસે ઉત્સાહની મૂડી ઠીક ઠીક હતી, શરીર દુર્બળ પણ ખડતલ હતું. વેડફી નાખવા માટે ગમે તેટલો વખત હતો, કશા ઉદ્દેશ વગર જીવન ગાળવાની માનસિક તૈયારી હતી. મને રાંધતાં આવડતું હતું, પાણીમાં તરતાં આવડતું હતું અને એકલા એકલા મનોરાજ્યો સેવતાં આવડતું હતું. કુદરત સાથે એકરૂપ થવા જેટલી મનોવૃત્તિ કેળવાયેલી હતી અને નિષ્પાપ પ્રવૃત્તિનું ફળ પણ કાંઈક સાત્ત્વિક જ મળશે એવી શ્રદ્ધા હતી. બીજી મોટામાં મોટી તૈયારી તે પ્રેમાળ મિત્રોનો સાથ.

વેદાંતના ગ્રંથમાં કહ્યું છે કે, ભક્તોમાં બે જાતની વૃત્તિ હોય છે, બિલાડીનાં બચ્ચાંની અને વાંદરાંનાં બચ્ચાંની. મીંદડીનું બચ્ચું બધી જ રીતે નિરાધાર: આંખો મીંચીને પડી રહે છે અને મનમાં કહે છે કે મારી મા આવશે અને મને ઊંચકીને લઈ જશે. જ્યારે વાંદરીનું બચ્ચું બની શકે તેટલું સ્વાવલંબી હોય છે. પોતાની મા ક્યાં છે, સંકટ કઈ બાજુએ આવવાનો સંભવ છે ઇત્યાદિ વસ્તુઓ તરફ જાતે જ ધ્યાન રાખે છે અને સંકટ પ્રસંગે વગર કહ્યે ઝટ જઈ માને વળગે છે. માણસમાં આ બન્ને જાતની વૃત્તિઓ હોય છે. મારામાં પણ એ બન્ને વૃત્તિઓ યોગ્ય પ્રમાણમાં રહેલી હોવાથી એ એક પૂર્વતૈયારીમાં ગણાય ખરું.

હિમાલયની યાત્રાએ કોઈ હિંદુ જાય તો એનો મુખ્ય હેતુ ધાર્મિક જ રહેવાનો. હિમાલયનો આપણે બીજી રીતે વિચાર જ કરી શકતા નથી. પણ ધાર્મિક હેતુ એટલે શું? પગ ચાલ્યા, પવિત્ર ગણાતી જમીન ઉપર આપણા શરીરનો ભાર પડ્યો એટલાથી જ આપણે પાવન થઈ જઈએ છીએ એટલી માન્યતા તો હિંદુઓમાં હોય જ છે. એમ ન હોત તો આંધળાં અને બહેરાં લોકો યાત્રાએ ન ઊપડત. કોઈ યુરોપિયન મુસાફર પ્રવાસ કરે છે ત્યારે સુખનાં બની શકે તેટલાં સાધનો સાથે રાખે છે. શરીરનું વજન, શરીરની શક્તિ અને શારીરિક આનંદ વધારવાનો પ્રયત્ન એ પ્રથમ કરવાનો. ફોટો પાડવાની અને ચિત્રો ખેંચવાની સગવડો સાથે રાખી પોતાના સંસ્કારો સ્થાયી કરવા એ મથવાનો. આડુંઅવળું

જેટલું ફરી શકાય તેટલું ફરી બીજાઓએ જે નથી જોયું કે જાણ્યું તે જ મેળવવાનો અને કશાકમાં પહેલ કરવાનો એ પ્રયત્ન કરવાનો. ધાર્મિક પ્રવાસમાં આપણે જેટલી અગવડો વેઠીએ તેટલું એનું પુણ્ય વધારે. ભોગવિલાસને લીધે કે આળસુ એદીપણાને લીધે શરીર ઉપર જે કાટ ચડ્યો હોય તે કાઢી નાખવો એ એક ધાર્મિક સાધના મનાઈ છે. મારે મન આપણા લોકોએ યાત્રાઓમાં તિતિક્ષાનું તત્ત્વ દાખલ કરી યાત્રાને ખૂબ ઊંચે ચડાવી છે. યાત્રીઓમાં જો તિતિક્ષાવૃત્તિ ન હોય, તપોલાલસા ન હોય તો યાત્રાનાં ધામો પવિત્ર ન રહી શકે. અને તે તે સ્થળોનું કુદરતી સૌંદર્ય તો મોળું થયા વગર રહે જ નહીં. કષ્ટ વેઠવાથી, જાત-જાતની અગવડો સ્વેચ્છાએ સહન કરવાથી, માણસની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ભૂખ ઊઘડે છે અને જીવનનો આનંદ સાત્વિક અને વિશુદ્ધ બને છે. વિલાસિતા અને કલાનું વેર હોવાથી તિતિક્ષા દ્વારા જ માણસ રસાસ્વાદની શક્તિ કેળવી અને જાળવી શકે છે. જે અમુક રીતે તપસ્વી હોય તે જ કળારસિક થઈ શકે છે.

ધાર્મિક લાભોમાં બીજો મોટો લાભ તે સત્પુરુષોનું દર્શન. તીર્થનું માહાત્મ્ય જોઈ સત્પુરુષો ત્યાં જઈ રહ્યાના દાખલા ઓછા છે. કુદરતની ભવ્યતા જોઈ અથવા અમુક પ્રસંગની પવિત્રતા નિહાળી કોઈ સત્પુરુષ ત્યાં જઈને વસે છે અને પછી એ સ્થાન તીર્થની પદવીએ પહોંચે છે. જો અનેક સત્પુરુષો એક જ સ્થાનને દીર્ઘ કાળને માટે પસંદ કરે અથવા કોઈ પ્રભાવશાળી વ્યક્તિ એકાદ સ્થાનનું માહાત્મ્ય જોડી કાઢે કે તરત એ સ્થાન મોટું તીર્થ ગણાવા લાગે છે. પછી ત્યાં સાધુસંતો, તપસ્વીઓ અને મુનિઓની અવરજવર રહે છે. દરેક તીર્થ સાથે જે કંઈ પ્રસંગો જોડાયા હોય એ બધા યાત્રીઓને મોઢે જીવતા રહેવાથી, ધર્મજીવન અને ધર્મરહસ્ય એવે ઠેકાણે અનાયાસે જાગ્રત રહે છે.

પછી આવાં સ્થાનો સહેજે ધાર્મિક વિચારોની આપલે કરનાર સંમેલન જેવાં બની જાય છે.

લોકોની ધાર્મિક વૃત્તિને લીધે જ્ઞાનની પરબો અહીં અખંડ ચલાવવાની સગવડો ઉત્પન્ન થાય છે. અને પછી ધર્મવિચારોની કસણી

પણ ત્યાં ઠીક ઠીક થવા લાગે છે. અનેક લોકોના વિચારો સામસામા અથડાય એટલે એમાંથી અત્યુચ્ચ સમન્વયની દૃષ્ટિ પણ ખીલે છે.

મોટાં મોટાં તીર્થોમાં મેં આ ચારે લાભો જોયા છે.

ખરા યાત્રાળુઓ સાધારણપણે યાત્રા દરમ્યાન બ્રહ્મચર્યનું પાલન કરે જ છે; અને બનતા સુધી જૂઠું બોલતા નથી કે કોઈને છેતરતા નથી. આ પણ એક મોટો ધાર્મિક લાભ જ ગણાય. શુદ્ધ જીવનનો આનંદ એક વાર માણસે ચાખ્યો એટલે એ જ જીવન આગળ ચલાવ્યું હોય તો સારું એમ એને થઈ આવે છે. અને કોક કોક વાર માણસ એ સંકલ્પ દૃઢ કરી બેસે છે. ધાર્મિક માન્યતાઓ, લાગણીઓ, રિવાજો અને એનું કાવ્ય, એનો ભંડોળ તો યાત્રાને લીધે માણસમાં વધે જ છે. એટલું જ નહીં પણ, એ બધાને પરિણામે વિચાર અધિકાધિક ઉદાર થતા જાય છે. મદ્રાસી બ્રાહ્મણ કાશ્મીરમાં જાય અને કાશ્મીરનો પંડિત મહારાષ્ટ્રમાં પહોંચે ત્યારે ચુસ્ત ધાર્મિક ગણાતા લોકો વચ્ચે કેટલો ફેર હોય છે એ જોઈ ગમે તે ફેરફાર માટે માણસનું મન તૈયાર થઈ જાય છે. અને આવી ઉદારતા એ જ કેળવણીનું મોટામાં મોટું ફળ છે.

કેળવણીનાં મુખ્ય ક્ષેત્ર બે: એક માનસશાસ્ત્ર અને બીજું સમાજ-શાસ્ત્ર. બંને બાજુએ માણસ જો દૂર સુધી જઈ શક્યો તો એ કેળવાયેલો છે જ. માણસ અંદર ઊતરીને, અંતર્મુખ થઈને, જાતને તપાસીને, માનસશાસ્ત્રમાં ડૂબકી મારે છે; જ્યારે આસપાસ નિરીક્ષણ કરીને દૂર સુધીનો કાર્યકારણભાવ તપાસીને માણસ જેવાં માણસ કઈ કઈ રીતે વર્તે છે એનું નિરીક્ષણ કરીને તે સમાજશાસ્ત્ર ઘટાવે છે. અંદર ઊતરીને એ અંતર્યામીને ઓળખી શકે, તો બહાર બધે ફરી વળી એ વિરાટ પુરુષનું આકલન કરી શકે. અંતર્યામીની પહેચાન તે અધ્યાત્મશાસ્ત્ર, વિરાટ પુરુષનો પરિચય તે સૃષ્ટિશાસ્ત્ર. બંને મળીને ધર્મશાસ્ત્ર થાય છે. એનું પરિશીલન એ જ ખરી કેળવણી.

પ્રવાસનો સદ્યઃફલદાયી લાભ તે કુદરતી લીલાનું દર્શન છે. ઊંચા ઊંચા પહાડ અને ઊંડી ઊંડી ખીણો, પહોળી નદીઓ અને એથીયે પહોળા પુલિનો, સર્વત્ર ઊગેલાં વૃક્ષો અને એની ઉપર નીચે આશ્રય લેતાં પશુપક્ષીઓ, એ બધું મોટું કાવ્ય છે. જ્યાં પહાડપર્વત નથી અને

જમીન ચારે કોર સીધીસપાટ હોય ત્યાં પણ ઋતુ પ્રમાણે નવું નવું સૌંદર્ય જોવાને મળે છે. કોક કોક વાર પાણીનું ટીપું સરખું ન હોવા છતાં કોરા પાણીના પ્રવાહ, તડકામાં દોડતા મૃગલાને છેતરી મારી નાખે છે. પણ તેથી મૃગજળની શોભા ઓછી નથી હોતી. અને હવામાં જો ખરેખર ભેજ હોય તો એકાદ ઇંદ્રધનુષ્ય અચૂક પોતાનો પ્રભાવ બતાવવાનું જ.

અને જો સમુદ્રે દર્શન દીધાં તો ભરતીઓટરૂપી એનો શ્વાસોચ્છ્વાસ આપણું ધ્યાન ખેંચ્યા વગર રહે નહીં. આપણા શ્વાસથી જો આપણું લોહી શુદ્ધ થાય છે તો સમુદ્રનાં આ ભરતીઓટથી શાની શુદ્ધિ થતી હશે, એવી એવી કલ્પના ઊઠ્યા વગર કેમ રહે? અને સમુદ્રનાં પતંગિયાં જ્યારે મોજાં પર ડોલે છે ત્યારે હમણાં મોજાંમાંથી ફૂલો ખીલી નીકળશે એવી ઉત્કંઠા જાગે છે. અને જેમ સમુદ્રમાં મોજાંને લીધે પાણીનું હૈયું ઉપર નીચે થાય છે, તેમ જમીન પર પણ કોક કોક વખત એ જ દેખાવો સ્થિર થયેલા દેખાઈ આવે છે.

સૂર્યોદય અને સૂર્યાસ્ત એ તો નિત્યનૂતન કવિત્વની અનંતતા છે. આ ઉભય સંધ્યાની શોભા દેશ પરત્વે બદલાય છે, સ્થાન પરત્વે બદલાય છે, ઋતુ પરત્વે બદલાય છે. ક્ષણે ક્ષણે બદલાય છે, અને વાદળાંની લહેર પ્રમાણે પણ બદલાય છે.

અને વાદળાં? વાદળાં તો અનંત આકાશના ચિરપ્રવાસી યાત્રીઓ. આકાશ બદલાય નહીં અને વાદળાં એક ક્ષણ પણ સ્થિર રહે નહીં. આ બે જણની જોડી વચ્ચે સપડાયેલા સૂર્યને ક્ષણે ક્ષણે નવા ભાગ ભજવવા પડે છે. પૃથ્વી — બહુરત્ના વસુંધરા ગમે તેટલો વૈભવ બતાવે તોયે ઓછો જ છે એમ સિદ્ધ કરવાને માટે જ આ વાદળાંઓ હંમેશાં મથતાં હોય છે. જો આ વાદળાં સાથે હરીફાઈ કરવાનું કોઈને મન થતું હોય તો તે હિમાલયના બરફના ઢગલાને. પણ હિમાલયના પહાડ કરતાંયે મોટા મોટા પહાડો ગમે તે ઠેકાણે ઊભા કરી આ વાદળાંઓ હિમાલયના બલ્કે પૃથ્વીના ગર્વનું હરણ કરે છે. ફરક એટલો જ કે, પહાડ ઉપર નાનાંમોટાં અસંખ્ય વૃક્ષો ઊગે છે જ્યારે વાદળાં ઉપર તો બીજાં વાદળાં જ ઊગે છે.

મુસાફર ગમે તેટલો ફરતો હોય અને ગમે તેટલો વિરક્ત હોય, તોયે એને પોતાનું પેટ સાથે લઈને ફરવું પડે છે. તેથી બપોરે ભૂખનો વખત થાય ત્યારે અતિથિશીલ ઝૂંપડીનું કાવ્ય એને સૌથી વિશેષ આકર્ષક જણાય છે. એમ પણ ગામડાંનાં ઝૂંપડાંઓ આકર્ષક તો હોય જ છે. ઝૂંપડાં, જાનવરની કોઢ, ખેતી અને જાતજાતની ક્રિયાઓ, વણકર, કુંભાર, સોની, સુથાર, લુહાર વગેરે કારીગરોના પથરાયેલા ધંધાઓ, બધું જ અલગ અલગ અને મળીને મોટું કાવ્ય હોય છે. નદીનું કાવ્ય એક જાતનું તો એના પરના પુલનું કાવ્ય જુદી જ જાતનું હોય છે.

યાત્રાવાસથી આમ રખડતો રખડતો માણસ કુદરતની વિવિધ રંગની લીલા જેમ જોઈ શકે છે, તેમ એને વિવિધ લોકદર્શન પણ થાય છે. દરેક ઠેકાણેની ભાષા જુદી, રિવાજો જુદા, મકાનોની બાંધણી જુદી, પહેરવેશ જુદા. આ ભેદ પાછળ કઈ સગવડો રહેલી છે, કયા આદર્શો કેળવાયા છે એ જો માણસ તપાસે, તો એને કીમતી કેળવણી મળ્યા વગર રહે નહીં અને જેમ જેમ એ ઊંડો જતો જાય તેમ તેમ એ વિવિધતાના મૂળમાં એક સાર્વભૌમ એકતા એને જણાઈ આવે છે. અને એક જ મનુષ્યહૃદય કેટલી રીતે વિકસે છે એ જોવાનો જ વિશેષ આનંદ હોય છે. લોકજીવન એટલે મનુષ્યજાતિની જાડી બુદ્ધિની સૂક્ષ્મતા. કુદરત બદલાઈ કે માણસને પોતાની આદતો બદલ્યા વગર છૂટકો નથી. માણસ વિચાર કરવાની ના પાડે તોયે રોજની અથડામણ એને કોક દિવસે જરાક જરાક વિચાર કરતો કરી મૂકે છે, અને જે કામ બુદ્ધિ ન કરે તે કાળ કરી આપે છે. આવી રીતે દીર્ઘકાળની સફાઈને લીધે જે મનુષ્યજીવન ઘડાયું હોય છે એની સ્વભાવિક મોહકતા નજરે ચડ્યા વગર રહેતી નથી.

અને લોકસ્વભાવમાં એ બધું યથાર્થ રીતે ઊતરેલું હોવાથી એમાં લોકો એક જાતનું સ્વાસ્થ્ય પણ અનુભવે છે. એકાએક આવેલી શ્રીમંતાઈ જેમ માણસને અડવી અડવી લાગે છે એવી આ સંસ્કૃતિ નથી હોતી. તેથી એ સાદાઈમાં અસાધારણ ગૌરવ હોય છે. અને એ બધી

લોકસંસ્કૃતિના નવા નવા પ્રકારોને એમના સ્વાભાવિક વાતાવરણમાં જઈને તપાસવામાં મળતી કેળવણીનું મૂલ્ય કોણ આંકી શકે?

આપણા દેશમાં લખાણોમાં જેટલો ઇતિહાસ સંગ્રહેલો નથી તેટલો આપણા જીવનમાં છે. તેથી યાત્રાપર્યટનમાં ઇતિહાસદર્શન પણ થાય જ છે. તેમાં વળી હિમાલયનો પ્રદેશ તો ભારતવર્ષનો પ્રાન્તદેશ છે. અહીં સંસ્કૃતિનાં અને ક્રાંતિનાં કેટલાંય મોજાં આવીને શમ્યાં હશે. કુરુપાંચાલોની સંસ્કૃતિથી માંડીને કર્નલ યંગહસ્બંડના હુમલાથી હેબતાઈ ગયેલા તિબ્બતી લોકોની આજની સંસ્કૃતિ સુધી બધી વસ્તુઓના ભણકારા અહીં એકસામટા જોવા મળે છે. આ બાજુ તરફ આપણું ધ્યાન ખેંચી ભગિની નિવેદિતાએ હિંદુ સમાજ ઉપર મોટો ઉપકાર કર્યો છે.

ભૂરચનાની દૃષ્ટિએ અને ભૂસ્તરશાસ્ત્રની દૃષ્ટિએ પણ હિમાલયના પ્રવાસમાંથી ઘણું જાણવાનું મળે છે. હિમાલય આડો પડ્યો ન હોત તો રશિયા અને ચીનના ઠંડા પવનો અને ત્યાંની આકરી સંસ્કૃતિ, બંનેનો આપણા પર હુમલો થયો હોત. ગંગા નદી ન હોત તો જેમ આપણી જાહોજલાલી ન જ હોત, તેમ જ જો હિમાલય ન હોત તો હિમાલય જેવડી ઉત્તુંગ આર્યસંસ્કૃતિ પણ અહીં ન જ ખીલત.

દેશનો આત્મા અને દેશનું વિરાટ સ્વરૂપ, બંનેનું એકી સાથે દર્શન કરવા માટે યાત્રા એ જ એક અમોઘ સાધના છે.

ટિપ્પણ

વિદ્યાર્થીના ભેરુ

[આપણી ભાષામાં સાહિત્યના અધ્યયન માટે જોઈતા સંદર્ભગ્રંથો નથી, તેથી ટિપ્પણની મદદ વગર સંગીન અધ્યયન થવું મુશ્કેલ છે. 'નોટ્સ'ની બદી વિષે ઘણું સાંભળ્યા છતાં એની મદદ પૂરી પાડવી એ ગુજરાતી ભાષાના ભક્તોનો ધર્મ થઈ પડે છે. 'નોટ્સ'ની ઉપયોગિતા વિષે અંતે ખંતીલા વિદ્યાર્થીઓનો અભિપ્રાય જ પ્રમાણભૂત ગણાવો જોઈએ. અધ્યાપક નગીનદાસ પારેખે આ ટિપ્પણીઓ લખી છે. એમણે આ ચોપડી વિદ્યાર્થીઓને અનેક વાર ભણાવી છે, તેથી વિદ્યાર્થીઓને શું જરૂરનું છે તેનો તેમને બરાબર ખ્યાલ છે. કા૦]

પા. ૪. લગ્ન લગાડનાર: એક ફૂલ પરથી બીજા ફૂલ પર મધ માટે ઊડનાર પતંગિયાંને અંગે તે તે ફૂલનાં પુંકેસરની રજ લાગી જાય છે, અને જ્યારે તેઓ બીજે ફૂલે જાય છે ત્યારે તે રજ ત્યાંનાં સ્ત્રીકેસર સાથે ભળી જાય છે. આમ ફલોત્પત્તિ થાય છે. આ વિષે વધારે રસપૂર્ણ માહિતી માટે શ્રી બાપાલાલ વૈદ્યનો લેખ 'ફૂલોનાં લગ્ન' વાંચવો.

'લગ્ન લગાડનાર' એ પ્રયોગ મરાઠીની અસર બતાવે છે. ગુજરાતીમાં 'લગ્ન કરાવનાર' એમ કહીએ છીએ.

શિંટો: પ્રકૃતિપૂજા અને પૂર્વજપૂજાના મિશ્રણથી બનેલો જાપાનનો મૂળ ધર્મ. માણસો દેવોમાંથી ઊતરી આવેલાં હોઈ સ્વભાવથી સદ્‌ગુણી હોય છે એવી એની માન્યતા છે અને દરેક માણસનો અંતરાત્મા જ તેનો સાચો રાહબર છે એવું તે પ્રતિપાદન કરે છે. મરેલાં માણસો ભૂતયોનિમાં પ્રવેશે છે અને ત્યાંથી જીવતાં માણસોને સુખનો કે દુઃખનો અનુભવ કરાવી શકે છે, એવું પણ એ માને છે. એમાં અનેક દેવદેવીઓની પૂજા કરવામાં આવે છે, તેમાં મુખ્ય અમ્મા તેરાસુ-સૂર્યદેવતા છે. એમનું મંદિર ઇસેમાં આવ્યું છે અને ત્યાં સંખ્યાબંધ યાત્રાળુઓ યાત્રાએ જાય છે. મૃત્યુ પછીનું જીવન કેવું હોય છે તે વિષે કશી સ્પષ્ટ કલ્પના એ ધર્મમાં નથી. બદલાની આશા રાખ્યા વિના સ્વાભાવિક પવિત્ર જીવન ગાળવું, એ એનો મુખ્ય ઉપદેશ છે.

બુશિડો: બુશી = યોદ્ધો, એ ઉપરથી યોદ્ધાની નીતિ, માર્ગ. જાપાનના સામુરાઈ નામના સામંત વર્ગનો વિશેષ ધર્મ.

પા. ૫. હજ: મક્કાની યાત્રા. એ યાત્રા કરવાથી સવાબ (પુણ્ય) પ્રાપ્ત થાય છે એમ મનાય છે. વળી જેની પાસે વાટખરચી જેટલા પૈસા હોય તેવા દરેક મુસલમાનની હજ કરવાની ફરજ લેખાય છે.

યરૂસાલેમ: ઈસુ ખ્રિસ્તની જન્મભૂમિ જેરૂસલેમ. પશ્ચાત્તાપના લેબાસ અથવા ચિહ્ન તરીકે શણનાં કપડાં પહેરી ત્યાં યાત્રાએ જવાનો ખ્રિસ્તીઓમાં રિવાજ છે.

યજ્ઞસત્ર: યજ્ઞની શરૂઆતથી પૂર્ણાહુતિ સુધીનો ગાળો.

ઈશાન્ય દિશા: જુઓ પુસ્તકનું પા. ૫૨, અને તે ઉપરનું ટિપ્પણ. આ વાક્યમાં 'ઘરડે ઘડપણમાં' એમ લખ્યું છે તેને બદલે 'ઘરડે ઘડપણ' એમ જોઈએ.

ઊપજનો છઠો હિસ્સો: હિંદુઓની પ્રાચીન સ્મૃતિઓમાં રાજાએ પ્રજાની ઊપજનો છઠ્ઠો ભાગ લેવો એવું વિધાન કરેલું છે. જેમ કે મનુસ્મૃતિમાં ૭મા અધ્યાયમાં કહ્યું છે કે,

आददीताथ षड्भागं द्रुमांसमधुसर्पिषाम् ।
गन्धौषधिरसानां च पुष्पमूलफलस्य च ॥ १३१ ॥
पत्रशाकतृणानां च चर्मणां वैदलस्य च ।
मृण्मयानां च भाण्डानां सर्वस्याश्ममयस्य च ॥ १३२ ॥

[વૃક્ષ, માંસ, મધ, ઘી, સુગંધી દ્રવ્યો, ઔષધિ, રસ, ફૂલ, મૂળ, ફળ, પાંદડાં, શાક, તૃણ, ચામડાં, વાંસની બનાવટો અને માટીનાં તથા પથ્થરનાં સર્વ વાસણો—એટલાના લાભમાંથી રાજાએ છઠ્ઠો ભાગ લેવો.]

અશ્વમેધ: જેમાં અશ્વનું બલિદાન આપવાનું હોય એવો યજ્ઞ. એ યજ્ઞના ઘોડાને પહેલાં છૂટો મૂકવાનો હોય છે અને એ જ્યાં જાય ત્યાં એના રક્ષકો જાય છે. જો કોઈ એને બાંધે તો તેની સાથે યુદ્ધ કરી એને છોડાવવો પડે છે. આમ એ ઘોડો વરસ સુધી ફરે ત્યાર પછી એને યજ્ઞમાં હોમવામાં આવે છે. જેઓ ઘોડાને પોતાના પ્રદેશમાંથી જવા દે છે તેઓ યજ્ઞ કરનાર રાજાનું આધિપત્ય સ્વીકારે છે, એમ મનાય છે.

દિગ્વિજય: દિશાઓનો વિજય—પોતાના દેશની ચારે દિશાઓમાં આવેલાં રાજ્યોનો વિજય કરવા નીકળવું તે.

સાર્થવાહ: સાર્થ એટલે સંઘ, કાફલો. કાફલાને લઈ જનાર તે સાર્થવાહ—વણજારો.

સમુદ્રયાત્રાનો નિષેધ: હિંદુઓમાં મધ્યયુગના દિવસોમાં સમુદ્ર-યાત્રા કરવાની મના હતી. અંગ્રેજો અહીં આવ્યા ત્યાં સુધી આ નિષેધનું

જોર વર્તાતું હતું. વિલાયત જઈ આવનારને પ્રાયશ્ચિત્ત કરાવતા તે પણ આને જ જોરે. શ્રી મહીપતરામ નીલકંઠ, લોકમાન્ય તિલક વગેરેના જીવનમાં પણ આવું પ્રાયશ્ચિત્ત કર્યાના પ્રસંગો આવે છે.

દેશદેશાંતરના લોકો: બૌદ્ધ ધર્મના ફેલાવાને લીધે ચીન, જાવા, સુમાત્રા વગેરે દેશોથી અનેક સાધુઓ અને વિદ્યોપાસકો હિંદની વિદ્યાપીઠોમાં અભ્યાસ કરવા અને બૌદ્ધ તીર્થોની યાત્રા કરવા આપણા દેશમાં આવતા હતા તેનો અહીં ઉલ્લેખ છે.

ગેંડા જેમ નિર્ભયપણે: મૂળ બૌદ્ધ ગ્રંથોમાં ગેંડાની નહીં પણ ગેંડાના એકલ શિંગડાની ઉપમા છે. બધા પ્રાણીને બે શિંગડાં હોય છે પણ ગેંડાને એક જ હોય છે, તેને અનુલક્ષીને આ ઉપમા યોજાયેલી છે.

ધર્મયાત્રાઓ: અશોકની પહેલાંના રાજાઓ કેવળ વિહારયાત્રા—સહેલગાહ—કરતા. તેને બદલે અશોકે ધર્મયાત્રા—સાધુસંતો સાથે સમાગમ અને લોકો સાથે ધર્મચર્ચા કરવા—માટે ફરવાનું શરૂ કર્યું.

વૃદ્ધશ્રવા ઇન્દ્ર: વેદમાં શુનઃશેપના આખ્યાનમાં હરિશ્ચંદ્ર રાજાના પુત્ર રોહિતને ઇન્દ્ર જાતે આવીને ચાલ્યા જ કરવાનો ઉપદેશ કરે છે, તેનો અહીં ઉલ્લેખ છે. એ શ્લોકો ખૂબ સુંદર છે. એ શ્લોકો અને તેનો અનુવાદ નીચે આપ્યા છે:

नानाश्रान्ताय श्रीरस्तीति रोहित शुश्रुम ।
पापो नृषद्वरो जन अिन्द्र अिच्चरतः सखा ॥
पुष्पिण्यौ चरतो जङ्घे भूष्णुरात्मा फलग्रहिः ।
शेरेऽस्य सर्वे पाप्मानः श्रमेण प्रपथे हतः ॥
आस्ते भग आसीनस्योर्ध्वस्तिष्ठति तिष्ठतः ।
शेते निपद्यमानस्य चराति चरतो भगः ॥
कलिः शयानो भवति संजिहानस्तु द्वापरः ।
अुत्तिष्ठंस्त्रेता भवति कृतं संपद्यते चरन् ॥
चरन्वै मधु विन्दति चरन्स्वादुमुदुम्बरम् ।
सूर्यस्य पश्य श्रेमाणं यो न तन्द्रयते चरन् ॥

શ્રાન્તને માટ નાના શ્રી. એમ રોહિત સાંભળ્યું;
બેસી રહેનાર છે પાપી, સખા ઇન્દ્ર ચલન્તનો.
જંઘા સપુષ્પ થઈને ફળે છે ચાલનારની;
એનાં થાકે હણાયાં સૌ પાપો પંથે પડયાં રહે.

બેસે છે ભાગ્ય બેઠાનું, ઊભું ઊભા રહેલનું;
સૂતેલાનું રહે સૂતું, ચાલે ભાગ્ય ચલન્તનું.
થાય છે કલિ સૂવાથી, દ્વાપર બેસવા થકી;
બને ત્રેતા થતાં ઊભા, ચાલતો કૃત થાય છે.
ચાલતો મધુને પામે, ચાલતો મીઠું ઊંબરું;
સૂર્યના શ્રમને પેખ, ચાલતાં જે ન આળસે.
—'શેષનાં કાવ્યો', પૃ. ૯૪

વૃદ્ધશ્રવા એ ઇન્દ્રનાં અનેક નામોમાંનું એક છે. એનો અર્થ 'જેનો યશ વધ્યો છે એવો' એવો થાય છે.

પા. ૬ **નદીમુખથી જ** : નદીના મુખમાં થઈને જ સમુદ્રમાં પ્રવેશ કરવો. મહાકવિ કાલિદાસના 'રઘુવંશ'માં રઘુના વિદ્યાભ્યાસનું વર્ણન કરતાં લખ્યું છે :

लिपेर्यथावद् ग्रहणेन वाङ्मयं ।
नदीमुखेनेव समुद्रमाविशत् ।। रघु० ३–२८

[નદીમુખમાં થઈને સમુદ્રમાં પ્રવેશ કરતો હોય તેમ લિપિના યથાવત્ ગ્રહણ દ્વારા તેણે સાહિત્યમાં પ્રવેશ કર્યો.]

એ ઉપરથી ગૂજરાત વિદ્યાપીઠ તરફથી ચાલતા ગૂજરાત મહાવિદ્યાલયના ત્રૈમાસિક 'સાબરમતી' માટે ધ્યાનમંત્રની જરૂર પડી ત્યારે શ્રી કાકાસાહેબે नदीमुखेनैव समुद्रमाविशेत् । એ વચન આપ્યું હતું. અને ત્યારથી કદાચ એમના મનમાં એ વચન જ કાલિદાસનું મૂળ વચન છે એવો ખ્યાલ દૃઢ થઈ ગયો હશે. 'લોકમાતા'માં પણ એમણે એ રૂપે જ એનો ઉપયોગ કરેલો છે.

તુગ્ર અને ભુજ્યુ : તુગ્ર એ ભુજ્યુનો પુત્ર હતો. કંઈ કારણસર એના ઉપર એના પિતાનો રોષ ઊતર્યો. એટલે તેણે એને બીજા ટાપુ ઉપરના દુશ્મનો સામે લડવા મોકલી આપ્યો. રસ્તામાં તેનું વહાણ કાણું થઈ ગયું અને તે મહા મુશ્કેલીમાં આવી પડ્યો. પણ એ વખતે અશ્વિનીકુમારોએ સો હલેસાંવાળા વહાણમાં આવીને તેને સહીસલામત કાંઠે પહોંચાડ્યો. ઋગ્વેદમાં આ પ્રસંગના ઉલ્લેખો અનેક ઠેકાણે આવે છે.

જાતક કથાઓ : ગૌતમ બુદ્ધરૂપે અવતર્યા પહેલાં એમના જીવાત્માએ અનેક જન્મો લઈ જુદા જુદા અનેક ગુણોની સાધના કરી હતી અને એ રીતે પૂર્ણ ગુણશાલી થયા પછી તેઓ બુદ્ધરૂપે અવતર્યા હતા. આ બધા

પૂર્વભવોની કથા તે જાતક કથા. આવી કથાઓ માટે જુઓ 'બુદ્ધલીલા', 'જાતક કથા સંગ્રહ', 'જાતક કથાઓ'.

શ્યામ ચીન : સયામ, આજનું થાઈલૅંડ.

પ્લીની : (ઈ. સ. ૨૩-૭૯) વિખ્યાત રોમન, સૃષ્ટિજ્ઞાનનો પંડિત. લશ્કરમાં અને નૌકાસૈન્યમાં ઊંચા ઓદ્ધા ભોગવ્યા છતાં એણે શોધખોળ કરવામાં જિંદગી ગાળી હતી. આખરે એનું મોત પણ વિસૂવિયસ પર્વત પર શોધ માટે જતાં તે ફાટવાથી ગૂંગળાઈ જવાથી થયું હતું.

પેરીપ્લસ : 'પેરીપ્લસ ઑફ ધ ઈરીટ્રિયન સી' એવું એ પુસ્તકનું આખું નામ છે એ પ્લીનીએ જ લખ્યું છે કે બીજા કોઈએ એ હજી શંકાસ્પદ છે. એ નામનો અર્થ 'હિંદી મહાસાગરનો ભોમિયો' એવો થાય છે.

પિત્તપ્રકોપ : વાત, પિત્ત અને કફ એ ત્રણે જ્યારે સમધાત હોય છે ત્યારે માણસ તંદુરસ્ત રહે છે; એ ત્રણમાંથી કોઈ પણ એક વીફરે છે — બળવાન બની જાય છે ત્યારે માણસની તબિયત બગડે છે, એવી આયુર્વેદની માન્યતા છે. પ્રિત્તપ્રકોપ એટલે પિત્ત વધી જવું તે.

પા. ૭. યથાયોગ્ય : કટાક્ષમાં લખ્યું છે. જેઓ આટલી બેવકૂફી કરે તેઓ આટલી વધારાની બેવકૂફી પણ કરે જ. એમાં કંઈ નવાઈ નથી, એમ લેખકને કહેવું છે.

વૈરાગ્યધન : વૈરાગ્ય એ જ જેનું ધન છે એવા. સર૦ તપોધન, શ્રદ્ધાધન, માનધન.

હીર : સત્ત્વ.

રાફડો ફાટચો : કીડી, ઊધઈ વગેરે જંતુઓના વાસસ્થાનને રાફડો કહે છે. જ્યારે એ જંતુઓ રાફડામાંથી એકસામટાં બહાર આવે છે ત્યારે રાફડો ફાટચો કહેવાય છે. એ ઉપરથી જ્યારે કોઈ પણ વસ્તુ મોટા પ્રમાણમાં હાજર થાય છે ત્યારે એનો રાફડો ફાટચો એમ કહેવાય છે.

સાક્ષાત્કાર થવો : અનુભવ થવો, ભાન થવું.

પા. ૮. અંકુશચક્ર : અંગ્રેજી શબ્દ steering whee ઉપરથી યોજેલો શબ્દ : જેના વડે મોટરને અંકુશમાં રાખી શકાય તે ચક્ર.

વાદળું હોય કે માણસ : આ ઉપમા આ પુસ્તકમાં અનેક વાર વપરાઈ છે. જ્યારે વાદળાં પાણી વરસાવી દઈને હલકાં થાય છે ત્યારે વેગથી ગતિ કરી શકે છે — જેમ શરદ ઋતુનાં વાદળાં.

કુનેહ : અરબી શબ્દ 'કુનહ'નો મૂળ અર્થ તો હકીકત છે. પણ પછી હકીકતનું જ્ઞાન, હોશિયારી, બાહોશી એમ એના અર્થનો વિકાસ થયો છે.

પા. ૯. અનુભવ તરબોળ : અનુભવથી તરબોળ. તરબોળ એટલે નીતરતું. તર = ભરેલું, ભીંજાયેલું. બોળ = બોળાયેલું, ભીંજાયેલું. સર૦ ઠંડુંગાર, ગલીકૂંચી, ગાંસડીપોટલી વગેરે પર્યાયદ્વંદ્વો.

ઇન્દ્રિયપરાયણ : ઇન્દ્રિયને પરાયણ એટલે અંતિમ સાધ્ય માનનાર, ઇન્દ્રિયની જ ઉપાસના કરનાર, ભોગવિલાસી.

વિકાસ પામતું વિશ્વ : વિશ્વ શબ્દનો અર્થ જ વિકાસ પામતું, ફૂલતું એવો થાય છે, જેમ જગતનો અર્થ ગતિ કરતું, ચાલતું એવો થાય છે. જ્યોતિષ ઉપર Expanding Universe કરીને એક ચોપડી ઍડિંગ્ટને લખી છે.

પા. ૧૦. વિશ્વજનીન : વિશ્વનાં બધાં માણસો કરે છે એવી. 'વિશ્વજન' શબ્દને 'ઈન' પ્રત્યય લાગીને આ શબ્દ બન્યો છે. કુલ–કુલીન.

પા. ૧૧. તીનઈ ઘાટ : બેલગામથી મૂરગાંવ (માર્માગોવા) જતાં રસ્તામાં કૅસલરૉક પછી આ ઘાટ આવે છે. શોભામાં મુંબઈ પૂના વચ્ચેના ખંડાળા ઘાટથી ઊતરતો નથી. દૂધસાગરનો રમણીય ધોધ એ જ ઘાટમાં આવેલો હોવાથી અનેક શોખીન યાત્રીઓ ત્યાં જાય છે.

ગોવા : પશ્ચિમ કિનારે આવેલો રળિયામણો પ્રદેશ. પોર્તુગાલના તાબામાં છે. ત્યાં કોંકણી ભાષા બોલાય છે.

સાવંતવાડી : બેલગામની પશ્ચિમે ૬૦–૬૫ માઈલ પર આવેલું દેશી રાજ્ય.

રંગીન કામ : સાવંતવાડીનું લાકડા પરનું લાખનું કામ ખાસ વખણાય છે. સિંધ પ્રાંતમાં હાલા નામને ઠેકાણે પણ આવું કામ થાય છે અને બેલગામ પાસે ગોકાકમાં પણ લાખનાં સુંદર ફળો બને છે.

કારવાર : પશ્ચિમ કિનારે આવેલું બંદર. આની પ્રાકૃતિક શોભા અપ્રતિમ છે.

સંગમ : પૂના પાસેનો મૂળા અને મુઠા નદીનો સંગમ. આને કિનારે બ્રિટિશ રૅસિડેન્ટ રહેતો.

પર્વતી : પૂના પાસે આવેલી એક નાનકડી પહોળી ટેકરી. પેશવાઓએ આના પર દેવ-મંદિરો તથા વિલાસમંદિરો બાંધી અને ઉપર ચડવા માટે પગથિયાં તૈયાર કરી આનું મહત્ત્વ વધાર્યું.

ચતુઃશૃંગી : પૂનાની બીજી બાજુ આવેલી એક ટેકરી પરનું માતાનું મંદિર.

વિલાયત : દેશ. અંગ્રેજો પોતાનો દેશ છોડી હિંદુસ્તાન આવે અને જ્યારે પાછા ઇંગ્લંડ જાય, ત્યારે વિલાયત જઈએ છીએ એમ કહે, એ

ઉપરથી એ શબ્દનો અર્થ ઇંગ્લંડ એવો થઈ ગયો. જુઓ 'દેશી' એટલે જ 'વિલાયતી' — 'કિશોર', વર્ષ ૩, અંક ૩.

કૈલાસ : હિમાલયની પેલી પાર માનસ સરોવર અને રાક્ષસતાલ પાસે આવેલો પર્વત. આનું શિખર બહુ ઊંચું અને રૂપાળું છે. મહાદેવનો ત્યાં વાસો હોય છે.

જાવા : બાલી : સિંગાપુરની દક્ષિણે આવેલા બે બેટો. ત્યાં મુસલમાની ધર્મ પળાય છે અને હિંદુ સંસ્કૃતિની અસર હજી ચોક્કસ છે.

મોરિશિયસ : હિંદની દક્ષિણે અને લંકાથી દૂર આવેલો બેટ. ત્યાં ફ્રેન્ચ બોલાય છે. ત્યાંથી આપણે ત્યાં ખાંડ આવતી.

પા. ૧૨. આશ્રમ : સત્યાગ્રહાશ્રમ. આજનો હરિજન આશ્રમ. એની સ્થાપના ઈ. સ. ૧૯૧૫માં કોચરબમાં ગાંધીજીએ કરી. ત્યાંથી ઈ. સ. ૧૯૧૭માં આશ્રમની હાલની ભૂમિ ઉપર આવ્યા. આશ્રમભૂમિ પાસે જ પ્રાચીન કાળમાં દધીચિ મુનિનો આશ્રમ હતો.

પિતૃઋણ : હિંદુઓમાં ત્રણ ઋણ ગણેલાં છે : દેવઋણ, ઋષિઋણ અને પિતૃઋણ. દેવઋણ એટલે યજ્ઞયાગાદિની પરંપરા આગળ ચલાવવાની જવાબદારી. ઋષિઋણ એટલે જ્ઞાનવિદ્યાની પરંપરા આગળ ચલાવવાની જવાબદારી, અને પિતૃઋણ એટલે વંશની ટેક અને પરંપરા-સૂત્ર આગળ ચલાવવાની જવાબદારી. અહીં પિતૃઋણનો એવો અર્થ અભિપ્રેત નથી. અહીં તો પિતાનાં અસ્થિ ગંગામાં પધરાવવાં અને ગયામાં પિતૃશ્રાદ્ધ કરવું એટલો જ અર્થ લેવાનો છે.

મહેન્દ્રનાથ ગુપ્ત : રામકૃષ્ણ પરમહંસના એક પ્રમુખ શિષ્ય, 'શ્રી રામકૃષ્ણ કથામૃત'ના તથા — The Gospel of Ramakrishnaના કર્તા

પ્રેમાનંદ : રામકૃષ્ણ પરમહંસના એક શિષ્ય.

પા. ૩. गच्छति पुरः शरीरं : આ શ્લોક મહાકવિ કાલિદાસના 'અભિજ્ઞાન શાકુંતલ' નાટકના પહેલા અંકને અંતે શકુંતલાને જોયા પછી આશ્રમ બહાર જતાં રાજા બોલે છે :

गच्छति पुरः शरीरं धावति पश्चादसंस्तुतं चेतः ।
चीनांशुकमिव केतोः प्रतिवातं नीयमानस्य ॥

અર્થ : શરીર આગળ જાય છે, અને અસંમત એવું મન પાછળની દિશાએ દોડે છે — જાણે સામે પવને લઈ જવાતા વાવટાનો રેશમી પટ. સરખાવો : એ જ પાને એથી ઊલટું જ વાક્ય — 'હૃદય આગળ દોડતું હતું, પણ પગ ઊપડતા ન હતા'

બુવા : જેમને આ પુસ્તક અર્પણ થયું છે તે, કાકાસાહેબના પ્રિય મિત્ર બ્રહ્મચારી અનંતબુવા મરઢેકર. શ્રી સમર્થ રામદાસસ્વામીએ અને તેમના શિષ્યોએ જે અનેક મઠો સ્થાપેલા છે તેમાં 'મરઢે મઠ' પણ છે. એ મઠના ગૃહસ્થાશ્રમી મઠપતિઓના વંશમાં અનંતબુવા જન્મ્યા હતા. પિતાનો ધંધો પુરાણિક અને હરિદાસનો હતો. અનંતબુવા પ્રથમ મરાઠી ટ્રેનિંગ કૉલેજ (અધ્યાપન મંદિર)માં શિક્ષક હતા. ગંગનાથ વિદ્યાલય માટે પૈસા ઉઘરાવવા વડોદરા રાજ્યમાં બધે ફરતા. એમનો માસિક ખર્ચ કોઈ કાળે દશથી વધ્યો ન હતો. સંસ્થાના નિયમ પ્રમાણે એમને ખર્ચ ઉપરાંત પાંચ રૂપિયા હાથખરચીને માટે લેવા પડતા તે પણ વિદ્યાર્થીઓને માટે ખરચી નાખવામાં અથવા હિસાબમાં ભૂલ આવી હોય તો તેમાં જોડવામાં વાપરતા. રહેણીકરણીમાં ધારાળાગોર શ્રી રવિશંકરભાઈ સાથે સરખાવી શકાય. એમનું પવિત્ર જીવન જોઈ ઘણા લોકો એમની પાસે કંઠી માગતા, પણ એમણે કોઈને કંઠી આપી નહોતી. તેઓ કહેતા, 'એ મારી યોગ્યતા નથી.'

મનોવેગે : સરખાવો :

मनोजवं मारुततुल्यवेगं जितेन्द्रियं बुद्धिमतां वरिष्ठं ।
वातात्मजं वानरयूथमुख्यं श्रीरामदूतं शरणं प्रपद्ये ।।

હૃદય આગળ : સરખાવો, પ્રકરણને મથાળેનો શ્લોક.

નિસર્ગશ્રી : કુદરતનું સૌંદર્ય, સૃષ્ટિસૌંદર્ય.

રામનવમી : ચૈત્ર સુદ નોમ. શ્રી રામચંદ્રનો જન્મદિવસ.

પા. ૪. ગંગનાથ વિદ્યાલય : વડોદરામાં 'શ્રી ગંગનાથ ભારતીય-સર્વ-વિદ્યાલય' નામની એક રાષ્ટ્રીય શાળા હતી. શ્રી કેશવરાવ દેશપાંડે તેના સંસ્થાપક અને સંચાલક હતા. એ સંસ્થામાં છેલ્લે છેલ્લે કાકાસાહેબ મુખ્ય અધ્યાપક હતા.

રાગ : પ્રેમ. સરખાવો : અનુરાગ, વિરાગ.

શિવજયંતી : વૈશાખ સુદ ૨. એ શિવાજીનો જન્મદિવસ મનાતો હતો. હમણાં હમણાં નવી શોધ ઉપરથી માલૂમ પડયું છે કે, ફાગણ વદ ૩ એ શિવજયંતીનો સાચો દિવસ છે. અહીં તો વૈશાખ સુદ બીજ જ.

સીમોલ્લંઘન : શિવાજીના વખતથી દશેરાનું સીમોલ્લંઘન ધાર્મિક તહેવાર મટી રાષ્ટ્રીય ઉત્થાનનો દિવસ થયો હતો. તે દિવસે મરાઠા ભાલાદારો સ્વરાજની સીમા ઓળંગી મુગલાઈમાં 'મુલકગીરી' માટે જતા. ત્યાંથી જે

દ્રવ્ય મળતું તે સગાંવહાલાં વચ્ચે વહેંચવાનો રિવાજ હતો. વડોદરામાં હાલ જે દશેરાની સવારી નીકળે છે, તે આ જૂના રિવાજનો અવશેષ છે. જીતી આણેલા સોનાને બદલે આજે કાંચનવૃક્ષનાં પાંદડાં કે જવારા વહેંચીને મન મનાવાય છે.

પ્રયાગરાજ : [प्र (સારી રીતે) + यज् (પૂજા કરવી) + अ (અધિકરણ) : જ્યાં ઉત્તમરૂપે પૂજા થઈ છે એવું સ્થાન.] ગંગા, યમુના અને સરસ્વતીનું સંગમસ્થાન અલ્લાહાબાદ.

વિસ્તીર્ણ : [वि + स्तृ (પાથરવું)] વિશાળ. સરખાવો : વિસ્તૃત, વિસ્તાર, સાથરો.

પાંઉરોટીની ભઠ્ઠી : એ ભઠ્ઠીમાં પ્રત્યક્ષ આગ હોતી નથી, કેવળ ગજબ ગરમી જ હોય છે, એટલે ઉત્પ્રેક્ષાનું ઔચિત્ય.

પુંડલીક : મૂળે એ સ્ત્રીઘેલો હતો. એથી થયેલી માબાપની અવજ્ઞાનો દોષ ધોવા એ માબાપનો એકનિષ્ઠ ભક્ત બન્યો. એની પિતૃભક્તિથી શ્રીકૃષ્ણ પ્રસન્ન થયા અને એને મળવા ગયા. એ માતપિતાની સેવામાં રોકાયેલો હતો. એટલે એક ઈંટ ફેંકી એણે કહ્યું કે, 'આના ઉપર વિરાજો. હું આવું છું.' સેવાથી પરવારીને ભગવાન પાસે પહોંચ્યો ત્યારે કૃષ્ણે એને વર માગવા કહ્યું. પહેલાં તો એણે ના પાડી. આખરે કૃષ્ણના અતિ આગ્રહને વશ થઈ માગ્યું કે, 'તમો ચોવીસ યુગ સુધી આ ઈંટ ઉપર ઊભા રહેજો.' આજે પણ ભગવાન એ ઈંટ પર જ ઊભેલા છે. ઈંટને મરાઠીમાં 'વીટ' કહે છે. 'વીટ' ઉપર ઊભા માટે 'વિઠ્ઠલ' અથવા વિઠોબા કહેવાય. નીચેના અભંગમાં એ સ્વરૂપનું વર્ણન છે :

सुंदर तें ध्यान उभें वीटेवरी, कर कटेवरी ठेवूनियां.

પુંડલીકનું ધામ : પંઢરપુર. એને માર્ગે બાવળ ખૂબ છે, એનો ઉલ્લેખ નીચેના વિખ્યાત અભંગમાં આવે છે :

पंढरीच्या वाटे, बाभळीचे काटे, सखा विठ्ठल भेटे, पांडुरंग.

દાઝ : [सं. दाह]

પા. ૫. બેહૂદો : [फा. वेहुदह] ન શોભે એવો. મૂળ અર્થ : અનર્થક, મૂર્ખના જેવું, નકામું.

સંયોગ : [सं. सम् + युज् જોડવું.] સરખાવો : સંયોજક, સંયોજન, સંયુક્ત; વિયોગ, વિયુક્ત; નિયોગ, નિયુક્ત, નિયોજવું; પ્રયોગ, પ્રયોજક, પ્રયોજન.

સંગમ : [सं. सम् + गम् (જવું)] ભેગા થવું તે, મેળાપ.

સ્વર્ધુનિ : [स्वर् (સ્વર્ગ) + ધુની (નદી)] સ્વર્ગંગા.

બ્રહ્માવર્ત : કુરુક્ષેત્રની પાસેનો દૃષદ્વતી અને સરસ્વતી નદી વચ્ચેનો પ્રદેશ.

હિંદુ અને . . . અકબર : હિંદુ રાજાઓ સાથે લગ્નસંબંધ બાંધ્યા, હિંદુ અને મુસલમાન ધર્મનો સાર ખેંચી 'દીને ઇલાહી' નામનો નવો ધર્મ સુધ્ધાં શરૂ કર્યો, એનું અહીં સૂચન છે.

અક્ષયવટ : પ્રયાગ, ભુવનેશ્વર, ગયા વગેરે તીર્થસ્થાનોમાં રોપવામાં આવેલા વડ. એ વડની પૂજા કરવાથી, તેને પાણી પાવાથી અક્ષય્ય પુણ્યની પ્રાપ્તિ થાય છે એવી માન્યતા છે, એટલે એ અક્ષયવટ કહેવાય છે. 'લોકમાતા'માંથી 'ગંગામૈયા' નામનો લેખ જુઓ.

પા. ૬. ખાસું : [अ. खासा] ઉત્તમ.

અક્ષયવટ પરથી . . . મનાતું હતું : જુઓ આગળ પાન ૯૧-૨.

અઘોર સાધના : અઘોરી લોકોની સાધના. અઘોર પંથ શિવભક્તોનો એક વિશેષ સંપ્રદાય છે. એ લોકો અતિશય ગંદા રહે છે. લેશ પણ ઘૃણા વિના એ લોકો માંસ અને ગંધાતાં શબ—અરે મલમૂત્ર સુધ્ધાં ખાઈ જાય છે. કદી શરીર કે મોં ધોતા નથી. મદ્યપાન માટે ખોપરી રાખે છે. સાપનાં અને બીજાં પ્રાણીઓનાં હાડકાંની માળા ધારણ કરે છે. પંચકેશ વધારે છે. કાનમાં કુંડલ પહેરે છે. રુદ્રાક્ષ અને ડુમરા જેવાં તીર્થચિહ્નો પણ ધારણ કરે છે. વડોદરા રાજ્યમાં અઘોરેશ્વર મઠમાં અઘોરસ્વામીનો વાસ હતો. આબુ, કાઠિયાવાડ અને બંગાળમાં આજે પણ આ પંથના સાધુઓ જોવાને મળે છે. એ સંપ્રદાય ખૂબ પ્રાચીન છે. માર્કો પોલો, પ્લીની, અરિસ્ટૉટલ વગેરેના ગ્રંથોમાં પણ એનો ઉલ્લેખ મળી આવે છે.

લશ્કરી દૃષ્ટિએ . . . છે : શોણ અને ગંગાના સંગમ ઉપર આવેલ પટનાનું મહત્ત્વ પણ એવું જ છે.

ધર્મલિપિ : ધર્મલેખ.

સમુદ્રગુપ્ત : ભરતભૂમિનો એક વિખ્યાત સમ્રાટ. ચંદ્રગુપ્ત અને કુમારદેવીનો પુત્ર. એણે પિતાની આજ્ઞાથી દિગ્વિજય કર્યો હતો અને પછી અશ્વમેધ યજ્ઞ કર્યો હતો. એનાં તામ્રપટો અને શિલાલેખો મળી આવે છે.

દિગ્વિજયના અને ધર્મવિજયના : સમુદ્રગુપ્તનો દિગ્વિજય અને અશોકની ધર્મયાત્રા.

સાર્વત્રિક : [सर्वत्र + त्रिक] દરેક સ્થાને ઉપયોગી, દરેક સ્થાને વ્યાપેલું. त्रिक પ્રત્યય લાગતાં આદિ સ્વરની વૃદ્ધિ અને અંત્ય સ્વરનો લોપ

થાય છે. સરખાવો : સામાજિક, ધાર્મિક. ત્ર, સ્થાનવાચી છે. સરખાવો: અત્ર, તત્ર, યત્ર, અન્યત્ર, કુત્ર.

ડેરા : મુકામ, તંબૂ.

પા. ૭. લાંછન : [સં. लक्षण] ચિહ્ન, નિશાની. સરખાવો: શશલાંછન, મૃગલાંછન, ભૃગુલાંછન. ગુજરાતીમાં 'કલંક' અર્થ પણ થાય છે.

કુંભમેળો : કુંભમેળાની ઉત્પત્તિકથા પુરાણમાં આ પ્રમાણે આપી છે : દેવો અને દાનવોએ મળીને સમુદ્રમંથન કર્યું, ત્યારે છેવટે તેમાંથી અમૃતનો કુંભ લઈને ધન્વતરિ બહાર આવ્યા. દેવોની દૃષ્ટિ એ કુંભ પર પડતાં જ ઇન્દ્રના પુત્ર જયંતને એમણે ઇશારો કર્યો એટલે તે એકદમ કુંભ લઈને નાઠો. એવામાં દૈત્યગુરુ શુક્રાચાર્યે દાનવોને ચેતવ્યા એટલે તેઓ જયંતની પૂંઠે પડ્યા. જયંત ગમે તેમ નાસવા લાગ્યો. ચાર દિવસ અને ચાર રાત્રી આ નાસાનાસ અને ખેંચાખેંચ ચાલી, અને છેવટે દૈત્યોએ કુંભ લઈ લીધો. પણ દૈત્યો બધા અમૃત પીવા પડાપડી કરવા લાગ્યા અને છેવટે ઝઘડો ઊભો થયો. એવામાં શ્રીવિષ્ણુ મોહિનીસ્વરૂપ ધારણ કરીને આવ્યા અને સૌને વહેંચી આપવાને બહાને મોહિનીએ કુંભ પોતાના હાથમાં લઈ બધું અમૃત દેવોને પાઈ દીધું. અમૃતકુંભ માટેની દેવદાનવોની બાર દિવસ અને બાર રાતની લડાઈમાં કુંભ જે જે જગ્યાએ પડી ગયો હતો, તે જગ્યાઓ પવિત્ર ગણાય છે, અને ત્યાં કુંભપર્વ ભરાય છે. આ યુદ્ધ દરમિયાન ચંદ્રે અમૃતને ટપકતાં બચાવ્યું હતું, સૂર્યે કુંભને ભાંગી જતાં બચાવ્યો હતો. કુંભ જ્યારે દાનવોના હાથમાં ગયો ત્યારે તેનું રક્ષણ બૃહસ્પતિએ કર્યું હતું, અને જ્યાં સુધી કુંભ જયંતના હાથમાં હતો ત્યાં સુધી તેનું રક્ષણ શનિએ કર્યું હતું. આથી જે જે સ્થાને એ કુંભ પડી ગયો તે તે સ્થાને સૂર્ય, ચંદ્ર, અને બૃહસ્પતિ એક રેખામાં આવે છે ત્યારે ત્યાં કુંભયોગ થયો કહેવાય છે.

ગુરુ અને સૂર્ય મકર રાશિમાં હોય અને રવિવારે જો પૂર્ણિમા આવે તો પ્રયાગ અને હરદ્વારમાં કુંભયોગ ગણાય છે. ગુરુ અને સૂર્ય સિંહરાશિમાં ભેગા થાય અને ગુરુવારે પૂર્ણિમા આવે તો ગોદાવરીમાં, ગુરુ અને સૂર્ય મેષરાશિમાં ભેગા થાય અને સોમવારે વદ ૮ આવે તો કાવેરીમાં, અને શ્રાવણ માસમાં ગુરુ કે સોમવારે અમાસ આવે તો કૃષ્ણા નદીમાં કુંભયોગ ગણાય છે.

માઘમેળો : માઘ મહિનામાં ભરાતો મેળો.

તત્ત્વજ્ઞાનના અખાડાઓ : શાસ્ત્રાર્થ.

પ્રમાણો : પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ, અર્થાપત્તિ, ઐતિહ્ય, અભાવ, ઇત્યાદિ.

પ્રત્યક્ષ : [प्रति (સામે) + अक्षि (આંખ)] ઇન્દ્રિયજન્ય.

અનુમાન : [अनु (પછી કે અનુસાર) + मा (માપવું) + अन] હેતુ કે તર્ક દ્વારા કોઈ પણ વસ્તુનો અનુભવ કે નિર્ણય કરવો તે.

શાબ્દ : [शब्द + अ (સંબંધી)] શબ્દથી ઉત્પન્ન થયેલું. વિશ્વાસપાત્ર માણસનું વચન. आप्तवाक्यं प्रमाणम्.

ઉપમાન : સમાન ધર્મનું કથન.

હાજત : [अ.] કાચી જેલ. મુકદ્દમો ચાલવા પહેલાં અપરાધીને પોલીસના પહેરામાં રાખવો તે.

લાકડી અને ગાળો : સરખાવો : argumentum and baculum शेषं कोपन पूरयेत् ।

ત્રિવેણીસંગમ : ગંગા, યમુના અને (ગુપ્તરૂપે) સરસ્વતીનો સંગમ. પ્રયાગ આગળ એ ત્રણે નદી ભેગી થાય છે એટલે ત્યાં એ યુક્તવેણી કહેવાય છે. બંગાળમાં એકના અનેક પ્રવાહો થઈ જાય છે એટલે ત્યાં મુક્તવેણી કહેવાય છે.

શ્રાદ્ધ : [श्रद्धा + अ] મૃત પ્રત્યે શ્રદ્ધાપૂર્વક જે અન્નદાન કે બીજું દાન કે અનુષ્ઠાન કરવામાં આવે તે. अ પ્રત્યય લાગતાં આદિ સ્વરની વૃદ્ધિ અને અંત્ય સ્વરનો લોપ થાય છે.

પા. ૮. ઇંતેજાર : [अ.] આતુર.

મજૂરો . . . બનતું જ નથી : ભાષાની મુશ્કેલીને લીધે.

आत्मन्येव . . . विद्यते : ગીતા અધ્યાય ૩જાના ૧૭મા શ્લોકનો ઉત્તરાર્ધ. અર્થ : જે આત્મામાં સંતુષ્ટ છે, તેને કંઈ કામ રહેતું નથી. અહીં એ વચન મશ્કરીમાં વાપર્યું છે.

એબ : [अ. अय्ब] કલંક.

અતડો : બીજા સાથે ન ભળે એવો.

અવિરત : [अ (નહીં) + विरत (અટકેલું)] સતત. સરખાવો : રત, રતિ, વિરતિ, વિરામ.

વારાણસી : વારણા અને અસી નદીઓ ગંગાને મળે છે તે બેની વચ્ચેના ભાગમાં કાશી આવેલું છે, તેથી તેને વારાણસી કહે છે. જુઓ આગળ પા. ૯.

પા. ૯. પરિચયને . . . અવજ્ઞા : अतिपरिचयादवज्ञा।

પરિચય : [परि (ચારે કોરથી) + चि (જાણવું, ઓળખવું)] બરાબર ઓળખવું તે.

અવજ્ઞા : [अव (હલકું) + ज्ञा (જાણવું)] અનાદર. વિચારો : જ્ઞાન, વિજ્ઞાન, વિજ્ઞાપન, વિજ્ઞપ્તિ, સંજ્ઞા, મનોજ્ઞા.

અવતરેલી : [अव (નીચે) + तृ (તરવું, જવું)] નીચે ઊતરેલી. વિચારો : અવતાર, અવતરણ.

ગગનસ્પર્શી : આકાશને સ્પર્શ કરતા. સરખાવો : તલસ્પર્શી, મર્મસ્પર્શી, હૃદયસ્પર્શી તેમ જ ગગનભેદી, ગગનચુંબી.

પરમ : [पर + म] શ્રેષ્ઠ, પ્રધાન.

ચરમ : [चर् (ચાલવું) + अम (અંત)] ગતિનો જ્યાં અંત આવે એવું — છેલ્લું.

રહસ્ય : [रहस् (ગોપન) + य] ગૂઢ તાત્પર્ય.

છતાં . . . ન આવ્યો : કાકાસાહેબ જણાવે છે : "ઔરંગઝેબની મસ્જિદ તોડવાનો પ્રયત્ન મરાઠાઓએ નથી કર્યો એમ આમાં જે સૂચિત કર્યું છે તે ઇતિહાસસિદ્ધ નથી, એમ પાછળથી માલૂમ પડ્યું છે. પેશવાઓએ કાશીના નવાબ ઉપર હુમલો કરી ઔરંગઝેબની મસ્જિદ તોડી ત્યાં વિશ્વનાથનું મંદિર ફરી બાંધવાનો મનસૂબો કર્યો હતો, પણ કાશીના બ્રાહ્મણોએ ઉઘાડે માથે પેશવા આગળ આવી રોકકળ કરી સમજાવ્યું કે, 'તમે તો કાશી જીતી શકશો, પણ તે પહેલાં અમારી કતલ થશે અને તમને બ્રહ્મહત્યાનું પાપ લાગશે. કોઈ મંદિર બાંધતું હોય તો એને ના પાડવી એ પાપ છે. તે પાપમાંથી અમો ઊગરી જઈએ માટે તમો બીજે એક મંદિર બાંધો. અમો આવીશું.' આવા લોકો આગળ પેશવા હાર્યા અને ગુપ્ત વેશે ગંગાસ્નાન કરી ચુપચાપ પાછા આવ્યા." આમ આજે તો એ મસ્જિદ બ્રાહ્મણોની ભીરુતાની પતાકા બની રહી છે.

સહિષ્ણુતા : [सह् (સહન કરવું) + इष्णु (શીલાર્થે) + ता] સહનશીલતા. સરખાવો : વર્ધિષ્ણુ, જયિષ્ણુ, જિષ્ણુ, વિષ્ણુ.

કાનપુરનો કૂવો : ૧૮૫૭ના વિપ્લવ સમયે નાનાસાહેબની ફોજના લોકોએ અંગ્રેજોની કતલ કરી તેમને એક કૂવામાં નાખી દીધા હતા એમ કહેવાય છે. એ કૂવો હજી અંગ્રેજોએ સાચવી રાખ્યો છે અને તેના ઉપર આ અત્યાચારની વિગતો નોંધી રાખી છે. વધુ માટે જુઓ 'સત્તાવન' પા. ૧૨૫.

પા. ૧૦. સેનાપતિનું બાવલું : બ્રિગેડિયર જનરલ જૉન નિકલસન. ૧૮૫૭ના વિપ્લવ વખતે જ્યારે અંગ્રેજોએ દિલ્હી ફરી કબજે કરવા ૧૪મી સપ્ટેમ્બર ૧૮૫૭ને રોજ હુમલો કર્યો ત્યારે એણે ભારે વીરત્વ બતાવ્યું હતું. એ જ લડાઈમાં એને જીવલેણ ઘા થયો, પણ ૨૦મીએ અંગ્રેજોએ દિલ્હીનો કબજો લીધા પછી ૨૩મીએ એનું અવસાન થયું. દિલ્હીમાં એનું બાવલું છે અને તેની આસપાસ એના નામનો બગીચો પણ છે. જુઓ : 'સત્તાવન', પા. ૧૩૮–૪૦.

મૂંડાનો ઝુંડ . . . ગયો હોય : અતિશયોક્તિ.

સજ્જન : [सत् (સારો) + जन (માણસ)] સારો માણસ. 'સજ્જન માણસ'માં દ્વિરુક્તિ છે. સરખાવો : સહ્યાદ્રિ પર્વત, પીળું પીતાંબર.

ખાનદાની : [फा. खानदान (કુલ) + ઈ] કુલીનતા.

હાઉસ એજન્ટ્સ : ઘરની વ્યવસ્થા કરી આપનાર મારફતિયા.

ટૉમસ કૂક : દુનિયાભરના પ્રવાસીઓનાં સુખસગવડની વ્યવસ્થા કરનાર વિખ્યાત કંપની.

શિપિંગ એજન્ટ્સ : વહાણની વ્યવસ્થા કરી આપનાર મારફતિયા.

માહાત્મ્ય : [महत् + आत्मन् + य] મહિમા, મહત્ત્વ. य પ્રત્યય લાગતાં આદિસ્વરની વૃદ્ધિ અને અંત્યસ્વરનો લોપ થાય છે. સરખાવો : સુંદર–સૌંદર્ય; પવિત્ર–પાવિત્ર્ય; શીત-શૈત્ય.

પા. ૧૧. ભલમનસાઈ : [ભલું + માણસ + આઈ]

આતિથ્ય ધર્મ : [अतिथि + य + धर्म] અતિથિસત્કારનો ધર્મ.

યજમાન : મેજબાન.

સીતાજીનો શાપ : ભૂલ હશે. બ્રહ્મદેવનો જોઈએ. જુઓ આગળ પા. ૨૩. વખતે સીતાજીએ પણ એ બ્રાહ્મણોને શાપ આપ્યો હશે.

અભિષેક : [अभि + सिच् (રેડવું) + अ] મંત્રપૂત તીર્થજળ દ્વારા સ્નાન.

પા. ૧૨. કાશીમાં . . . જાય છે : ઉપનિષદમાં આમ કહ્યું છે.

તાર સ્વર : ઊંચો સ્વર. સંગીતમાં ત્રણ પ્રકારના સ્વર છે — મંદ્ર, મધ્ય, તાર.

અન્નછત્ર : [सत्र = यज्ञ] સદાવ્રત.

પુણ્યશ્લોક : [पुण्य (પવિત્ર) + श्लोक (કીર્તિ)] જેનું નામ પવિત્ર છે એવું. પુણ્યશ્લોક ચાર વ્યક્તિઓ ગણાય છે : નળ, યુધિષ્ઠિર, સીતા અને કૃષ્ણ.

पुण्यश्लोको नलो राजा पुण्यश्लोको युधिष्ठिरः ।
पुण्यश्लोका च वैदेही पुण्यश्लोको जनार्दनः ।।

मत जाओ : અંદર જવાની મનાઈ.

પ્રદક્ષિણા : [प्र + दक्षिणा] દેવતા અથવા પૂજ્યને જમણી બાજુ તરફ રાખી ચારે બાજુ ફરવું તે.

ગ્લોબટ્રૉટર : [અં. ગ્લોબ (પૃથ્વીનો ગોળો) + ટ્રૉટર (ઘોડાની પેઠે દોટ કાઢનાર)] આખી પૃથ્વી ઉપર ઉતાવળે ફરી વળનાર.

તુરગ-યાત્રી : [तुर (શીઘ્ર) + ग (જનાર, ચાલનાર) + यात्री (મુસાફર)] તુરગ = ઘોડા જેવી શીઘ્ર ગતિએ ફરનાર.

એકનાથ : મહારાષ્ટ્રના પ્રખ્યાત ચાર સંતોમાંના એક. એઓ ગૃહસ્થાશ્રમી હતા. આદર્શ ગુરુસેવક તરીકે પ્રખ્યાત છે. એમણે સંસ્કૃત ભાષાનો મોહ ઘટાડી ભાગવતના એકાદશ સ્કંધ ઉપર મરાઠીમાં ટીકા શરૂ કરી. એ અવિવેકને માટે સજા કરવા કાશીના પંડિતોએ એમને ત્યાં બોલાવેલા, પણ એમની ભાષાનો પ્રસાદ, નમ્રતા અને સાત્ત્વિકતા જોઈ બધા મોહિત થઈ ગયા. અને તે કાશીના પંડિતોના કહેવાથી જ — આગ્રહથી જ — એકનાથે કાશીમાં રહીને પોતાની ટીકા પૂરી કરી. એ ગ્રંથને 'નાથભાગવત' કહે છે. મરાઠીમાં 'જ્ઞાનેશ્વરી' જેટલી જ એ ગ્રંથની મહત્તા ગણાય છે. એકનાથ અંત્યજોદ્ધારક તરીકે પણ પ્રસિદ્ધ છે.

સાષ્ટાંગ : [स (સાથે) + अष्ट + अग] આઠે અંગો વડે. આઠ અંગો આ પ્રમાણે ગણાય છે : ઘૂંટણ, પગ, હાથ, છાતી, બુદ્ધિ, શિર, વાણી, દૃષ્ટિ.

जानुभ्यां च तथा पद्भ्यां पाणीभ्यामुरसा धिया ।
शिरसा वचसा दृष्ट्या प्रणामोऽष्टांग ईरितः ।।

આનું આવું પાઠાંતર પણ મળે છે :

उरसा शिरसा दृष्ट्या मनसा वचसा तथा ।
पद्भ्यां कराभ्यां जानुभ्यां प्रणामोऽष्टांग ईरितः ।। જુઓ પાનું ૧૯૯.

પા. ૧૩. જીર્ણોદ્ધાર : [जीर्ण + उद्धार] મરામત. સરખાવો : અંત્યજોદ્ધાર, દલિતોદ્ધાર, પતિતોદ્ધાર.

નામશેષ : જેનું નામ જ શેષ – બાકી રહ્યું છે એવું.

દેવનગરી : કાશી. આ નામ ઉપરથી ત્યાંની આન્તરપ્રાન્તીય લિપિનું નામ 'દેવનાગરી' પડ્યું કહેવાય છે.

પૂર્વમીમાંસા : [मन् (વિચાર કરવો) + सन् (સ્વાર્થે) + अ]પૂર્વાપરનો પરિહાર તે મીમાંસા; નિકાલ, નિવેડો. જૈમિનિ ઋષિએ રચેલું દર્શનશાસ્ત્ર પૂર્વમીમાંસા કહેવાય છે. એમાં યજ્ઞયાગ વગેરે કર્મકાંડનું પ્રતિપાદન કરેલું છે. ઉત્તરમીમાંસા એટલે વેદાંતદર્શન.

વેદાંતીઓ : વેદાંત – ઉત્તરમીમાંસા – માં માનનારા.

દ્વૈત : જીવ અને ઈશ્વર જુદા છે એમ માનવું તે.

અદ્વૈત : જીવ અને ઈશ્વર એક જ છે એવું માનવું તે.

ब्रह्म सत्यं, जगन्मिथ्या, जीवो ब्रह्मैव नापरः ।

(બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે, જીવ એ બ્રહ્મ જ છે, જુદો નથી.)

ખંડનખંડખાદ્ય : શ્રીહર્ષે રચેલા પુસ્તકનું નામ.

ગાદાધરી : ન્યાયશાસ્ત્રનો વિખ્યાત ગ્રંથ છે.

દશગ્રંથ : ઋક્, યજુર્, સામ અને અથર્વ એ ચાર વેદો અને શિક્ષા (સ્વરોચ્ચાર સંબંધી), છંદ, વ્યાકરણ, નિરુક્ત (વ્યુત્પત્તિ અને અર્થ સંબંધી), જ્યોતિષ અને કલ્પ (સૂત્રો) એ છ વેદાંગ મળી દશ ગ્રંથો થાય છે.

ભૂદેવો : બ્રાહ્મણો. શબ્દ સાભિપ્રાય વપરાયો છે.

સત્યસંધ : [सत्य (સાચી) + संधा (પ્રતિજ્ઞા)] સત્ય પ્રતિજ્ઞાવાળો, સત્યવાદી.

અગ્રજ : [अग्रे (આગળ) + ज (જન્મેલો)] બ્રાહ્મણ.

અંત્યજ : [अंते (છેવટે) + ज (જન્મેલો)] હરિજન. બ્રહ્માએ પહેલાં બ્રાહ્મણો, પછી ક્ષત્રિયો, પછી વૈશ્યો અને છેવટે શૂદ્રો ઉત્પન્ન કર્યાં એવું પુરાણોમાં લખ્યું છે, તે ઉપરથી આ નામો પડેલાં છે.

રામકથા : 'રામચરિતમાનસ'— જે તુલસીરામાયણને નામે પ્રસિદ્ધ છે.

કબીરજી : ૧૫મી સદીમાં થઈ ગયેલા હિંદુ-મુસલમાનનું ઐક્ય બોધનાર યોગમાર્ગી સંત. તેઓ બનારસમાં રહેતા.

વણ્યા હતી : કબીરજી વણકર હતા માટે.

પા. ૧૪. સનાતન : [सना (સદા) + तन (વિદ્યમાન)] ચિરસ્થાયી, નિત્ય. સરખાવો : અદ્યતન, ચિરંતન, તદાનીંતન.

વિશૃંખલ : [वि (વિનાનું) + शृंखला (નિયમ)] અવ્યવસ્થિત. બહુવ્રીહિ સમાસમાં ઉત્તરપદના અંત્ય आનો अ થઈ જાય છે. સરખાવો : નિર્લજ્જ, નિર્દય, નિઃસ્પૃહ.

પરમહંસ : [परम (પ્રધાન) + हंस (તપસ્વી)] સંયમી, શુદ્ધચિત્તવાળા, સમદર્શી, નિર્લોભી, નિર્વિકાર, પરમેશ્વરના ધ્યાનમાં મગ્ન રહી

કર્મક્ષયને માટે સંન્યાસ સ્વીકારનાર સાધુ. ચાર જાતના સંન્યાસીઓમાં સૌથી શ્રેષ્ઠ.

સ્થાપત્ય : [स्थपति + य] ઘર બાંધવાની કળા.

શિલ્પ : [शिल् (निपुण) + प] કારીગરી.

થિયૉસૉફિસ્ટ : થિયૉસૉફીમાં માનનાર. [ગ્રીક Theos (ઈશ્વર) + Sophia (જ્ઞાન)] થિયૉસૉફી એટલે બ્રહ્મવિદ્યા.

મિસિસ બેસન્ટ : ઉત્તરવયમાં હિંદને જ પોતાની માતૃભૂમિ માની રાજકીય, સામાજિક, ધાર્મિક તેમ જ શિક્ષણના ક્ષેત્રમાં હિંદની સેવા કરનાર આઇરીશ વિદુષી નારી. લાંબો સમય સુધી એઓ થિયૉસૉફિકલ સોસાયટીનાં પ્રમુખ હતાં. વિશેષ માહિતી માટે જુઓ એમની અંગ્રેજી આત્મકથા અને 'કુમાર', અંક ૪૪, ૪૫, તથા 'મહાજન મંડળ'. નટેશનનું નાનું અંગ્રેજી ચરિત્ર પણ સારું છે. 'મહાસભાના પ્રમુખો' માં તથા 'હમારે રાષ્ટ્રપતિ'માં પણ છે.

પા. ૯૫. રુગ્ણાલય : [रुग्ण (માંદો) + आलय (સ્થાન)] માંદાને રાખવાનું સ્થાન, ઇસ્પિતાલ. ઇસ્પિતાલ અને દવાખાનામાં ફેર છે તે ધ્યાનમાં લેવું.

તંબૂરો : [फा. तंबूर] તૂંબડામાં દંડ નાખી ત્રણ લોઢાના અને એક પિત્તળનો તાર ચડાવી બનાવેલું વાદ્ય. તાનપૂરો.

તબલાં : [अ. तब्लह] ચર્મવાદ્ય.

રામપ્રસાદ : ૧૮મી સદીમાં થઈ ગયેલા બંગાળના સંત કવિ. એ દેવીભક્ત હતા. એમનાં ભજનોમાં ભક્તિની મસ્તી ભરી છે.

કાળભૈરવ : શિવના અંશમાંથી જન્મેલો ભૈરવ. જુઓ આગળ પૃ. ૪૫.

तीक्ष्णदंष्ट्र : તીક્ષ્ણ દાઢોવાળા, મોટી કાયાવાળા, પ્રલયના અગ્નિ સમા ભૈરવ, અમે તને નમસ્કાર કરીએ છીએ. તું અમને રજા આપ.

ત્રિસ્થળી : [त्रि (ત્રણ) + स्थल (સ્થળ)] પ્રયાગ, કાશી અને ગયા.

ગયાવળો : ગયાના રહેવાસી પંડાઓ. સરખાવો : ખેડા–ખેડાવાળ.

પા. ૧૧. મહાસાગરમાં . . . સરખાવો : મૈત્રી ઉપનિષદમાંની બૃહદ્રથ રાજાની ઉક્તિ :

'મહાસાગરો સુકાઈ જાય છે, પર્વતો ગબડી પડે છે, ધ્રુવ પોતાના મંડળમાંથી ચલાયમાન થાય છે, ગ્રહમંડળો ભેદાઈ જાય છે, પૃથ્વી ડૂબી જાય છે, દેવો પદભ્રષ્ટ થાય છે.'

સંતતિ : [सम् (સારી રીતે) + तति (तन् = વિસ્તાર થવો)] જેનો બહુ વિસ્તાર થાય તે. પુત્રકન્યા.

ભૂતની પેઠે . . . જોઈએ : આપણા લોકોમાં એવી માન્યતા છે કે ભૂતને અવળા પગ હોય છે. યુરોપમાં માન્યતા એવી છે કે ભૂતના પગને પંજાને બદલે ખરી હોય છે.

વિષ્ણુ : [विष् (વ્યાપવું) + णु] વિશ્વમાં વ્યાપીને રહેલ.

જેમ વિષ્ણુ . . રહે છે : સંભારો પેલો રમૂજી શ્લોક :

असारे खलु संसारे सारं श्वशुरमंदिरम् ।
क्षीराब्धौ च हरिः शेते शिवः शेते हिमालयम् ।।

પા. ૧૭. સંભાષણ : [सम् (સાથે) + भाष् (બોલવું) + अन] વાતચીત.

કોણ પંડો : પ્રયોગ બરાબર નથી. 'કયો પંડો' જોઈએ.

આભો : [अद्भुत > अब्भूओ > આભો (?)] આશ્ચર્યચકિત.

સીતાનો શાપ : પ્રસંગ એવો છે કે એક વાર રામ, સીતા અને લક્ષ્મણ ફરતાં ફરતાં ફલ્ગુને તીરે આવી પહોંચ્યાં. ત્યાં રામને એકાએક યાદ આવ્યું કે આજે મારે પિતૃશ્રાદ્ધનો દિવસ છે, એટલે તેમણે લક્ષ્મણને ગામમાં સામગ્રી લેવા મોકલ્યો. લક્ષ્મણને આવતાં વાર થઈ એટલે રામ પોતે ગામમાં ગયા. પણ એવામાં શ્રાદ્ધનું મુહૂર્ત વહી જવા લાગ્યું એટલે સીતાએ નાહી ધોઈને જે કંઈ વસ્તુ હતી તે વડે પોતાના પતિને બદલે પોતે તેમના પિતૃઓને પિંડદાન કર્યું, અને પિતૃઓ ભારે સંતોષ સાથે હાથ લંબાવીને પિંડ લઈ ગયા. જતી વખતે સીતાએ કહ્યું, 'આપ લોકો જાતે પિંડ લઈ ગયા છો એ વસ્તુ મારા પતિ શી રીતે માનશે ?' ત્યારે આકાશવાણી થઈ કે, 'તું સાક્ષી રાખ.' આથી સીતાએ ફલ્ગુ નદી, ગાય, અગ્નિ અને કેવડાને સાક્ષી રાખ્યાં.

ત્યાર પછી રામલક્ષ્મણ બધી સામગ્રી લઈને આવી પહોંચ્યા ને સીતાને ચરુ તૈયાર કરવા કહ્યું. પણ સીતા કશું બોલ્યાં નહીં તેમ ચરુની તૈયારી પણ તેમણે કરી નહીં. આખરે રામે પૂછ્યું ત્યારે સીતાએ બધી વાત માંડીને કહી સંભળાવી. પણ રામલક્ષ્મણને એ પર વિશ્વાસ આવ્યો નહીં. ત્યારે સીતાએ ફલ્ગુ નદી વગેરે સાક્ષીઓનો હવાલો આપ્યો, પણ

તેમણે બધાંયે કહ્યું કે, 'અમે એમાંનું કશું જાણતાં નથી.' એટલે નિરુપાયે સીતાએ ફરી ચરુ તૈયાર કર્યો અને રામે પિંડદાન માટે પિતૃઓને આહ્વાન કર્યું ત્યારે આકાશવાણી થઈ કે જાનકીએ અમને તૃપ્ત કર્યા છે. પણ રામે આ માન્યું નહીં એટલે બીજી વાર આકાશવાણી થઈ. તેનાથી પણ રામને સંતોષ થયો નહીં એટલે સૂર્યે જાતે આવીને સાક્ષી પૂરી ત્યારે રામને ખાતરી થઈ.

આમ સાક્ષી હોવા છતાં વાત છુપાવી એટલે સીતાજીએ એ ચારેને આ પ્રમાણે શાપ આપ્યા, 'ફલ્ગુ, તું પાતાળમાં વહેશે. કેવડા, તું શિવને અગ્રાહ્ય થઈશ. ગાય, તારું મોં અપવિત્ર ગણાશે પણ પૂંછડું પવિત્ર લેખાશે. અગ્નિ, તું સર્વભક્ષક થશે.'

एतस्मिनन्तरे देवी शापं तेभ्योऽददात् पुनः ।।
नदि ! त्वया श्रुतं यच्च दृष्टं यच्च तथा पुनः ।
सत्यं निवेदितं नैव पाताले त्वं वहाधुना ।।
केतकि ! त्वं शिवायेह न योग्या भव सर्वदा ।
न सत्यं कथितं चाद्य तथा त्वं फलमाप्नुहि ।।
सन्निकृष्टे तथा गां च शुवाच जनकात्मजा ।
यदि सत्यं त्वया नोक्तमीदृशी त्वं भवाधुना ।।
पुच्छे शुद्धा मुखेऽयोग्या भव त्वं सर्वदानघे ।
देवनां मुखमग्ने! त्वं यदि सत्यं न भाषितम् ।।
सर्वभक्षी भव त्वं च वचनान्मम सत्तम ।
केतकि ! त्वं तथा नैव यथा दृष्टं श्रुतं तथा ।।
शिवाय वल्लभा मा भूः सर्वकालमुदाहृता ।
अिति शापं तदा प्राप्ता यथायोग्यं गतास्तदा ।।

— શિવપુરાણ, અધ્યાય ૩૦

પા. ૧૮. ચરુ : હવન કે યજ્ઞને માટે રાંધેલા ચોખા. એ ચોખા જેમાં રાંધવામાં આવે છે તે વાસણને પણ ચરુ જ કહે છે.

ધર્મશીલા : જુઓ આગળ પા. ૨૪–૨૫.

ગજવું : [गुह्य > गूह्य > घूंजू > ગજવું] વસ્તુ સંતાડવાનું સ્થાન.

પોમેટમ : વાળમાં ઘાલવાનો ચરબીના જેવો ગાઢો સુગંધી પદાર્થ.

પા. ૧૯. પ્રતારણા : છેતરપિંડી, વિડંબના.

નિષ્કામ : [निः (નથી) + काम (વાસના) જેમાં]

પા. ૨૦. શિરસ્તો : [फा. शरिश्तह] પ્રથા, નિયમ.

પા. ૨૨. ઊંચે . . सर्वदा : ઉપરની પંક્તિઓમાં આનો સાર આવી જ જાય છે.

પા. ૨૩. समयः प्रतिपाल्यताम् : કોલ પાળજો.

समय : કોલ, કરાર.

મહત્કૃત્ય : કટાક્ષમાં આ શબ્દ વાપર્યો છે.

પા. ૨૫. વજ્રગદા : આ કથા સાથે વજ્ર બનાવવા માટે પોતાનાં હાડકાં આપનાર દધીચિ ઋષિની કથા સરખાવવા જેવી છે.

लोकानां० : લોકોના રક્ષણ માટે અને જગતની મુક્તિને ખાતર.

જિતેન્દ્રિય : [जित (જીતી છે) + इन्द्रिय (ઇન્દ્રિયો) જેણે એવો] ઇન્દ્રિયોને વશમાં રાખનાર; બ્રહ્મચારી.

कामं क्रोधं० : સાર ઉપર આવી જાય છે. છેલ્લી પંક્તિમાં આપેલી પાખંડની વ્યાખ્યા જોવા જેવી છે: વાસનાપૂર્વક કરેલું કામ તે પાખંડ.

પા. ૨૬. ઉ:શાપ : શાપનું નિવારણ.

ગોખલો : [સં. गवाक्ष > गअक्ख > ગોખ] આકાર ગાયની આંખ જેવો હોય છે માટે. સરખાવો : કોશીસું कपिशीर्षम् : વાંદરાં બેઠાં હોય એવા દેખાય છે માટે ગઢના કાંગરાને કપિશીર્ષ કહે છે.

લાહોર સંગ્રહસ્થાનમાં ૪૯ દિવસના ઉપવાસ કરનાર બુદ્ધની કાળા પથ્થરની મૂર્તિ છે. આંખોનું વર્ણન લખતી વખતે એ દૃષ્ટિ આગળ હતી. એ મૂર્તિનું ચિત્ર 'બુદ્ધચરિત'(નવજીવન પ્રકાશન મંદિર)માં જોવા મળે છે.

ભારતીય યુદ્ધ : મહાભારતનું યુદ્ધ.

અહોરાત્ર : [अहः (દિવસ) + रात्रो] દિવસરાત.

માર : બૌદ્ધ ધર્મમાં કલ્પેલી આસુરી સંપત્તિઓની અધિષ્ઠાતા વ્યક્તિ; સેતાન.

પા. ૨૭. ભગવાન નચિકેતા : વાજશ્રવા મુનિના પુત્ર. આની કથા કઠોપનિષદમાં છે. પિતાના કલ્યાણ ખાતર એ યમને ત્યાં ગયા હતા. યમે વરદાન આપતાં એમણે બ્રહ્મજ્ઞાનની માગણી કરી અને યમે આગળ ધરેલાં પ્રલોભનો ન ગણકારી આખરે તે જ્ઞાન પ્રાપ્ત કર્યું.

અક્ષય્ય : જેનો ક્ષય ન થાય એવું.

ધ્રુવ : ઉત્તાનપાદ રાજાનો પુત્ર. અપરમાએ અપમાન કરી બાપને ખોળે ન બેસવા દીધો એટલે ઉગ્ર તપ કરી એણે તારાઓમાં અચળ સ્થાન મેળવ્યું હતું.

આ જ આસન . . . નથી : 'લલિતવિસ્તર' નામના કાવ્યમાં આવતા નીચેના શ્લોકનો ભાવાર્થ :

अिहासने शुष्यतु मे शरीरं त्वगस्थिमांसं विलयं च यातु।
अप्राप्य बोधिं (प्रज्ञां) बहुकल्पदुर्लभां नैवासनात्कायमिदं चलिष्यति ॥

સત્ય : સાચો, શુભ.
બુદ્ધ થયા : જાગ્રત — જ્ઞાની થયા.
વરાન્ન : ઉત્તમ અન્ન, પાયસ.
પુરાતન : [पुरा (પહેલાં) + तन (વિદ્યમાન)]

અશ્વત્થ : પીપળો. એ પવિત્ર વૃક્ષ ગણાય છે. એની ઉત્પત્તિકથા પદ્મપુરાણમાં આ પ્રમાણે આપી છે : જલંધરની પત્ની કાલનેમિની કન્યાનું નામ વૃંદા હતું. તે મહાન સતી હતી. જલંધરે ઇન્દ્રને હરાવી અમરાપુરી કબજે કરી, એટલે ઇન્દ્ર શિવને શરણે ગયો. શિવે જલંધર સામે યુદ્ધ માંડ્યું. વૃંદાએ પતિરક્ષા માટે વિષ્ણુની પૂજા આરંભી. જ્યાં સુધી એની પૂજા ચાલુ રહે ત્યાં સુધી જલંધર મરે નહીં. આથી વિષ્ણુ જલંધરવેશે વૃંદા સામે હાજર થયા. પતિને યુદ્ધમાંથી સાજા પાછા આવતા જોઈ પતિનું સ્વાગત કરવા સતી પૂજા અધૂરી મૂકી ઊઠી. ત્યાં યુદ્ધક્ષેત્રમાં જલંધરનું મૃત્યુ નીપજ્યું. વૃંદાને આ છળકપટની ખબર પડતાં તે વિષ્ણુને શાપ દેવા તૈયાર થઈ. સતીના શાપથી ગભરાઈને તેને એવું કહીને શાંત પાડી કે તું પતિ સાથે સહગમન કર. તારી ભસ્મમાંથી તુલસી, ધાત્રી (આંબળાં), પલાશ (ખાખરો) અને પીપળો એ ચાર વૃક્ષો ઉત્પન્ન થશે. સતીએ સહગમન કર્યું અને આ રીતે એ વૃક્ષો ઉત્પન્ન થયાં.

પ્રસન્ન : નિર્મળ. જે પાણીમાંની માટી બરાબર ઠરી ગઈ હોય અને પાણી નીતર્યું થઈ ગયું હોય તે પ્રસન્ન કહેવાય. એવું નિર્મળ, પારદર્શક મન તે પ્રસન્ન મન. એથી ઊલટું ડહોળાયેલું. સરખાવો : પ્રસન્નસલિલા. प्रसादस्तु प्रसन्नता।

નાવીન્ય : નવીનતા. 'ય' પ્રત્યયવાળાં ભાવવાચક નામોનો વપરાશ મરાઠીમાં વિશેષ છે. કાકાસાહેબનાં લખાણોમાં પણ એનો વપરાશ વધારે જોવામાં આવે છે. જુઓ પાવિત્ર્ય, શૈત્ય વગેરે.

પા. ૨૮. શૂન્ય : [सु (વિશેષ) + ऊन (ખાલી) + य] તદ્દન ખાલી.
અખાડો : [સં. अक्षवाट > अक्खआडो > અખાડો]
અનેરો : [अन्यतर] જુદી જ જાતનો, નવતર.

પા. ૨૯. સુજલા, સુફલા, મલયજશીતલા : આપણા રાષ્ટ્રગીતમાંના શબ્દો. એ ગીત મૂળ બંગાળ માટે લખાયું હતું એટલે અહીં ઔચિત્ય.

રામકૃષ્ણ પરમહંસ : પરિચય માટે જુઓ 'કાલેલકરના લેખો ભા. ૧લો', પા. ૧૫ અને 'કિશોર' વર્ષ ૩જું, અંક ૧લો. માયાવતી મઠ તરફથી પરમહંસનું વિસ્તૃત જીવન પ્રસિદ્ધ થયેલું છે. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી એમના ઉપદેશના ગ્રંથો બહાર પડેલા છે તેમાં પણ જીવન આપેલું છે. રોમે રોલાં અને મૅક્સમૂલરનાં લખેલાં અંગ્રેજી ચરિત્રો પણ પ્રસિદ્ધ છે.

વિવેકાનંદ : જગતભરમાં હિંદુ ધર્મની વિજયપતાકા ફરકાવનાર, રામકૃષ્ણના શિષ્ય. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયે એમનું વિસ્તૃત જીવન બહાર પાડેલું છે. રોમે રોલાનું અંગ્રેજી તો છે જ. તે ઉપરાંત માયાવતી મઠ તરફથી પણ એક પ્રસિદ્ધ થયેલ છે.

બિપિન પાલ : 'લાલ-બાલ-પાલ'ની ત્રિપુટીમાંના સુપ્રસિદ્ધ રાષ્ટ્રવાદી આગેવાન. એમની આત્મકથાનો પહેલો ભાગ 'The Story of My Life and T mes' નામે બહાર પડેલો છે. 'ઇન્ડિયન નેશન બિલ્ડર્સ'માં એમનું જીવન મળશે.

અરવિંદ ઘોષ : એક વખતના ઉગ્રમતવાદી રાષ્ટ્રનેતા અને આજના વિખ્યાત યોગી. 'અરવિંદ ઘોષનું તત્ત્વજ્ઞાન' એ નામના પુસ્તકમાં એમનું જીવન આપેલું છે. 'ઇન્ડિયન નેશન બિલ્ડર્સ'માં પણ છે.

ખુદીરામ બોઝ : મુજફ્ફરપુરમાં પહેલો બૉમ્બ ફોડનાર બંગાળી યુવક.

કનૈયાલાલ દત્ત : પોતાની ટોળીના ફૂટેલા નરેન્દ્ર ગોસ્વામીને જેલની-ઇસ્પિતાલમાં પૂરો કરી ફાંસીએ જનાર બંગાળાનો ક્રાંતિકારી યુવક. વિશેષ માહિતી માટે જુઓ 'ઉપેન્દ્રની આત્મકથા', 'કુમાર', અંક ૭૯.

બાંગલા : બંગાળીમાં બંગાળને 'બાંગલા' કહે છે.

આનંદમઠ : બંકિમચંદ્રની વિખ્યાત નવલકથા, જેમાં 'વંદે માતરમ્' ગીત આવે છે.

તેનું કારણ . . . હતું : યાત્રા દરમિયાન અને સાધકદશામાં સીવેલાં કપડાં ન પહેરવાં એવો સંકલ્પ કર્યો હતો તેથી.

ભદ્રપુરુષ : ઉજળિયાત ભાઈ.

પા. ૩૦. મહાશય : બંગાળીમાં એ સામાન્ય સંબોધન છે.

અનિષ્ટ : [अन् (નહીં) + इष्ट (ઇચ્છેલો)] નહીં ઇચ્છેલો કે ન ઇચ્છવા જેવો, અપ્રિય.

અભયદાન : [अ (નહીં) + भय + दान] ભયાર્તને 'ભય નથી' 'બીશ મા' કહીને હિંમત આપવી તે.

સમાધિ : [सम् (સારી રીતે) + आधा (મૂકવું)] મૃત દેહને ભૂમિમાં રાખવાનું સ્થાન; કબર.

સંશયવાદ : આમ હશે કે તેમ હશે એવો સંશય પોષતું તત્ત્વજ્ઞાન. Agnosticism.

સુષુપ્તિ : [सु (અત્યંત, સારી પેઠે) + स्वप् (ઊંઘવું)] ગાઢ નિદ્રા.

સંગેમરમર : [फा. संग–अि– मर्मर; संग =પથ્થર] આરસપહાણ. સરખાવો : સંગીન, સંગદિલ, સંગસાર, સંગતરાશ.

પા. ૩૨. અલખલ્લો : (अ. आलखालिक = वस्त्र) બં. આલખાલ્લા, આલખેલ્લા, ખાસ આકારનો ડગલો.

આગળો : [सं. अर्गला]

આધુનિક : [अधुना (હમણાં) + अिक (ને લગતું)] હાલનું.

કોળિયો : [सं. कवल]

प्रायो गच्छति० : સંભારો :

खल्वाटो दिवसेश्वरस्य किरणैः संतापितो मस्तके
वांच्छन् देशमनातपं विधिवशात् तालस्य मूलं गतः ।
तत्राप्यस्य महाफलेन पतता भग्नं सशब्दं शिरः
प्रायो गच्छति यत्र भाग्यरहितस्तत्रैव यान्त्यापदः ॥

સરખાવો : જ્યાં જાય ઊકો ત્યાં દરિયો સૂકો.
અક્કરમીનો દડિયો કાણો.

પા. ૩૩ લિંગાયત : શિવલિંગની પૂજા કરનાર.

શાસ્ત્રમાં : છાંદોગ્ય ઉપનિષદમાં.

आहारशुद्धौ० : આહારની શુદ્ધિમાં સત્ત્વની શુદ્ધિ રહેલી છે. છાંદોગ્ય૦ ૭–૨૬–૨.

પરીક્ષા : [परि (ચારે બાજુથી) + ईक्ष (જોવું)] ચારે કોરથી તપાસવું. સરખાવો : પરિચય, પરિસ્થિતિ, પરિષદ.

પા. ૩૪. 'પ્રબુદ્ધ ભારત' : આજે પણ એ માસિક ચાલુ છે અને હિંદુસ્તાનનાં ઉત્કૃષ્ટ માસિકોમાં એની ગણના થાય છે.

સમાધિ લીધી : વિદેહ થયા.

પરમહંસનાં ધર્મપત્ની : શારદામાતા. પતિની ધર્મસાધનામાં લેશ પણ બાધા ન નાખતાં પોતે પણ પતિનું શિષ્યત્વ સ્વીકારી ધર્મ-સાધનામાં જ જીવન વિતાડનાર બ્રહ્મચારિણી.

પા. ૩૫. आत्मनो हिताय : આત્માના (પોતાના) હિતને ખાતર.

जगतः सुखाय : જગતના સુખને ખાતર.

રામકૃષ્ણ મિશન : સ્વામી રામકૃષ્ણના અવસાન પછી તેમનું કાર્ય આગળ ચલાવવા તેમના શિષ્યોએ આ સંસ્થાની સ્થાપના કરી. હિંદુસ્તાનમાં અનેક ઠેકાણે એની શાખાઓ છે. એ દર્દીઓ માટે ઇસ્પિતાલ ચલાવે છે, દુકાળ, રેલ જેવા સંકટના પ્રસંગોએ પીડિતોને મદદ કરે છે. અને તે ઉપરાંત ધર્મસાધના અને ધર્મપ્રચારનું કામ પણ કરે છે.

પા. ૩૬. साधु चलता भला : કહેવત આ પ્રમાણે છે : पानी बहता भला, साधु चलता भला. સરખાવો : बहती गंगा, चलता धरम.

મુખ્ય અર્થ — સાધુ સ્થાનાંતર ન કરે તો સ્થાનની આસક્તિમાં સપડાય, માટે સાધુ ચલતા ભલા.

નવા અર્થમાં — સાધુ અથવા કોઈ પણ માણસ જેને આસન પર આવાનું મળે છે તે ચાલે નહીં તો એની ફાંદ વધે.

અનુયાયી : [अनु (પાછળ) + या (જવું)] પાછળ જનાર, અનુસરનાર.

સાધારણ : ઉભય-સાધારણ, બંને સમજી શકે એવી.

આર્જવ : [ऋजु (સીધું, સરળ) + अ (ભાવાર્થ)] સરળતા.

વાત્સલ્ય : वत्स (વાછરડું) એ ઉપરથી वत्सल એટલે બાળક ઉપર પ્રેમ રાખનાર. બાળક પ્રત્યેના માબાપના પ્રેમને વત્સલતા કે વાત્સલ્ય કહે છે

ચૈતન્ય : શ્રીકૃષ્ણ ચૈતન્ય. શ્રીગૌરાંગ પ્રભુને નામે પ્રસિદ્ધ થયેલા બંગાળના ભક્ત. એમનો પ્રેમભક્તિપ્રધાન સંપ્રદાય આજે પણ બંગાળ, વૃંદાવન, ગુજરાત વગેરે પ્રાંતોમાં ચાલે છે. વિશેષ પરિચય માટે જુઓ, 'ભારતના સંતપુરુષો ભા. ૧ લો', 'શ્રીચૈતન્ય મહાપ્રભુ' 'શ્રીકૃષ્ણ ચૈતન્ય', 'ગૌરાંગ મહાપ્રભુ', અંગ્રેજીમાં શિશિરકુમાર ઘોષનું 'Lord Gaurang' જાણીતું છે.

પા. ૩૭. નેડાનેડી : બંગાળીમાં નેડા એટલે બોડો થાય છે. આ સાધુઓનાં માથાં મૂંડાવેલાં હોય છે એટલે એમને નેડાનેડી કહે છે.

બહિષ્કૃત : [बहिः (બહાર) + कृत (કરેલું)] જેને બહાર કાઢી મૂક્યું છે એવું — હડધૂત.

ધૃષ્ટતા : [धृष् (ઉદ્ધત થવું)] ઉદ્ધતાઈ.

પા. ૩૮. વૈષ્ણવ : [विष्णु + अ (ને લગતું)] વિષ્ણુને માનનાર. अ પ્રત્યય લાગતાં આદિ સ્વરની વૃદ્ધિ અને અંત્ય સ્વરનો લોપ થાય છે. સરખાવો : પૃથા – પાર્થ; શંકર – શાંકર.

સકંજો : [फा. शिकंजह (અપરાધીને સજા કરવાનો એક પ્રકારનો સંચો)] હેડ. એ ઉપરથી જાળ.

સનાતન . . . શક્યો છે : હિંદુ ધર્મના રૂઢિચુસ્ત અનુયાયીઓએ જ્યારે જ્યારે એને રૂંધવાનો – બંધિયાર બનાવી દેવાનો પ્રયત્ન કર્યો છે ત્યારે ત્યારે કોઈ મહાન ક્રાંતિકારી પુરુષ જાગ્યો જ છે, અને તેણે હિંદુ ધર્મનાં મૂળતત્ત્વોને સાચવી તેને ગૂંગળાવવા મથનાર રૂઢિઓને તોડીને એને મુક્ત કર્યો છે. આને લીધે જ એ આજ સુધી જીવતો રહેવા પામ્યો છે.

તંગ : [फा. तंग (સાંકડું)] ટૂંકું ને પરાણે પહોંચે એવું. સરખાવો : તંગિયો, તંગડી, તંગ, તંગાશ.

માતાલ : બંગાળી શબ્દ જાણી જોઈને વાપરેલો છે.

જબરદસ્ત : [फ़ा. ज़बर (ઉપર) + दस्त (હાથ)] જેનો હાથ ઉપર હોય તે જબરદસ્ત; સત્તા ચલાવનાર, મોટું. એ ઉપરથી જબરદસ્તી. એથી ઊલટો શબ્દ 'જેરદસ્ત', (जेर = નીચે) હાથ નીચેનો, દબાયેલો.

બેહોશ : [फा. वे (વગરનો) + होश (ભાન)] ભાન વગરનો. સરખાવો : બેશરમ, બેઅદબ, બેશુમાર, બેહદ.

પા. ૩૯. મેજબાન : [फा मेज (જમવા બેસતી વખતે પાથરવામાં આવતું કપડું) + वान (વાળો)] જમવા નોતરનાર, યજમાન. એથી ઊલટો શબ્દ મહેમાન.

ફલાહાર : એ ઉપરથી ગુજરાતી 'ફરાળ' શબ્દ થયો છે.

જમણો : જમવામાં વપરાતો.

સિદ્ધ અને નિષિદ્ધ : શાસ્ત્રમાં જે વસ્તુ કરવાની છૂટ હોય તે સિદ્ધ અને જે કરવાની મના હોય તે નિષિદ્ધ. સરખાવો : બોટ અબોટ.

પા. ૪૦. અયિ ભુવનમનોમોહિની: કવિવર રવીન્દ્રનાથનું એ પંક્તિથી શરૂ થતું રાષ્ટ્રગીત.

અયિ ભુવનમનોમોહિની
નિર્મલ સૂર્યકરોજ્જ્વલ ધરણી
જનક – જનની – જનનિ અયિ૦

નીલ – સિંધુ-જલ-ધૌત – ચરણ-તલ
અનિલ – વિકંપિત-શ્યામલ – અંચલ
અબંર – ચુંબિત – ભાલ-હિમાચલ
શુભ્ર તુષાર-કિરીટિનિ અયિ૦

પ્રથમ પ્રભાત-ઉદય તવ ગગને
પ્રથમ સામ-રવ તવ તપોવને
પ્રથમ પ્રચારિત તવ વન-ભવને
જ્ઞાન ધર્મ કત કાવ્ય-કાહિની અયિ૦

ચિર કલ્યાણમયી તુમિ ધન્ય,
દેશ વિદેશે વિતરિછ અન્ન,
જાહ્નવી-જમુના વિગલિત કરુણા–
પુણ્ય-પીયૂષ સ્તન્ય-વાહિની અયિ૦

પા. ૪૧. રામદાસી સંપ્રદાય: શ્રી સમર્થ રામદાસ સ્વામીએ સ્થાપેલો સંપ્રદાય. એ સંપ્રદાયનો મુખ્ય હેતુ સમાજની ઐહિક અને પારલૌકિક ઉન્નતિ કરવી એ છે. રામદાસે પોતે હરિકથા, રાજકારણ, અને સાવધપણાને પોતાના સંપ્રદાયનાં પ્રધાન લક્ષણ ગણાવ્યાં છે. એમાં પ્રવૃત્તિ-નિવૃત્તિનો યોગ્ય સમન્વય સાધવામાં આવેલો છે. સાવધપણા અને પ્રયત્ન પર એઓ ખૂબ ભાર મૂકતા. આધ્યાત્મિક અને રાજકીય મુક્તિ માટે એ બંનેની જરૂર છે. અસુરસંહારક અને દેવોને બંધનમુક્ત કરનાર સદાચારી રામની ઉપાસના એ સંપ્રદાયમાં થાય છે. વળી એમાં દાસમારુતિની ભીમમારુતિ તરીકે ઉપાસના કહેલી છે.

દસ નામ: તીર્થ, આશ્રમ, વન, અરણ્ય, ગિરિ, પર્વત, સાગર, સરસ્વતી, ભારતી અને પુરી.

तीर्थाश्रमवनारण्यगिरिपर्वतसागराः ।
सरस्वती भारती च पुरी नामानि वै दश ॥

ચાર મઠ : દક્ષિણમાં શૃંગગિરિમાં શૃંગગિરિ અથવા શૃંગેરી, પશ્ચિમમાં દ્વારકામાં શારદા, પૂર્વમાં શ્રીક્ષેત્ર, પુરીમાં ગોવર્ધન, અને ઉત્તરમાં બદરિકાશ્રમમાં જ્યોતિર્મઠ.

બ્રહ્મચારીના ચાર પ્રકાર : ઉત્તરના આનંદ, દક્ષિણના ચૈતન્ય, પૂર્વના પ્રકાશ, અને પશ્ચિમના સ્વરૂપ કહેવાય છે.

સમુદ્રગુપ્ત : જુઓ ટિપ્પણ પા. ૬.

ટોડરમલ : એ અયોધ્યા પ્રાંતનો એક ક્ષત્રિય સરદાર શેરશાહ પાસે હતો. એણે અકબરના રાજ્ય દરમિયાન જમીનમહેસૂલની ઉત્તમ વ્યવસ્થા કરી આપી હતી તેથી એ જાણીતો થયો. એ શૂર સેનાપતિ પણ હતો. તેણે બંગાળ પ્રાંત જીતીને અકબરના રાજ્યમાં સામેલ કર્યો હતો. ૧૫૮૯માં એ અવસાન પામ્યો.

શિવાજી : એણે રાજ્યવ્યવસ્થામાં અષ્ટપ્રધાનની યોજના દાખલ કરી ખૂબ કુશળતા બતાવી હતી.

જ્ઞાનેશ્વરી : મહારાષ્ટ્રના તેરમા સૈકાના એક મુખ્ય સંત. તેઓ તથા તેમનાં બીજાં ભાંડુઓ નિવૃત્તિનાથ, સોપાનદેવ અને મુક્તાબાઈ મહારાષ્ટ્રનાં સંતોમાં અગ્રણી અને સમર્થ તત્ત્વવિવેચક હતાં. જ્ઞાનેશ્વરે ગીતા પર લખેલી 'ભાવાર્થ-દીપિકા' ટીકા જ્ઞાનેશ્વરી તરીકે ઓળખાય છે. તેમના બીજા ગ્રંથો સ્વાત્માનુભવ, અમૃતાનુભવ, પંચીકરણ અને પાંસષ્ટી છે. ખાસ કરીને તેમની જ્ઞાનેશ્વરીમાં વાણી અત્યંત સરસ અને ઉપમા, રૂપકો અને દૃષ્ટાંતથી પરિપૂર્ણ હોવાથી તે અધ્યાત્મ સાથે સાહિત્યનો પણ એક ઉત્તમ ગ્રંથ ગણાય છે. 'જીવતા તહેવારો'ની મરાઠી આવૃત્તિમાં જ્ઞાનેશ્વર ઉપર એક લેખ છે.

રામદાસ : સત્તરમા સૈકાની શરૂઆતમાં થયેલા મહારાષ્ટ્રના એક રાજકારણકુશળ સંત. પરદેશી એટલે કે તે વખતે મુસલમાની અમલને લીધે આખા દેશમાં આવેલી દૈન્યાવસ્થા તેમને બહુ ખૂંચી. એથી તેમના ઉપદેશમાં રામભક્તિ સાથે સ્વરાજ્ય સ્થાપવાની વાત પણ હતી. તેઓ શિવાજીના ગુરુ હતા અને તેમના કહેવાથી શિવાજીએ પોતાના ઝંડાનો રંગ ભગવો રાખ્યો હતો. કહેવાય છે કે, આપણા દેશના લગભગ બધા પ્રાંતોમાં તેમણે પોતાના ઉપદેશનો પ્રચાર કરવા માટે ત્રણસો ઉપર આશ્રમો સ્થાપન કર્યા હતા.

કુળ દૈવત : કુળદેવતા.

પા. ૪૩. પુરાતત્ત્વ ખાતું : પુરાણી વસ્તુઓની શોધખોળ કરનારું ખાતું.

બજરંગ : [सं. वज्रांग] વજ્રના જેવા મજબૂત શરીરવાળો, હનુમાન.

અશોકના શિલાલેખની પેઠે : અશોકે બૌદ્ધધર્મનો પ્રચાર કરવા માટે તે ધર્મની મુખ્ય મુખ્ય આજ્ઞાઓ હિંદુસ્તાનના જુદા જુદા પ્રાંતોમાં લોકોની ભાષામાં પથ્થર ઉપર કોતરાવી હતી. ગુજરાતમાં ગિરનારની તળેટીમાં આવો એક શિલાલેખ છે.

પા. ૪૪. માનવવંશશાસ્ત્રી : માનવજાતિના વિકાસના શાસ્ત્રનો અભ્યાસ કરનાર વિદ્વાન. અંગ્રેજીમાં એને 'ઍન્થ્રોપોલૉજિસ્ટ' Anthropologist કહે છે.

જાહોજલાલી : [फा. जाह (પદવી) + अ. जलाली (મોટાઈ)] આબાદી, વૈભવ.

सत्यं...परमाकाशं : સત્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, અનંત, નિત્ય, અનાકાશ, પરમાકાશ. આ સ્તોત્ર ગોવિંદાષ્ટક નામે પ્રખ્યાત છે.

પવનકુમારને માથે પંખો : હનુમાન પોતે વાયુના પુત્ર ગણાય છે, એટલે એમને વાયુ ઢોળવામાં અનૌચિત્ય છે.

પંખો : [सं. पक्ष (પાંખ)] પાંખના જેવો આકાર હોય છે અને પાંખની પેઠે હવાને મારવામાં જ વપરાય છે, માટે એવું નામ.

પા. ૪૫. વેંત : [सं. वितस्ति > विहत्त > વેંત]

ગુજારો : [फा. हि. गुजारा] નિર્વાહ.

તંદુરસ્ત : [फा. तन् (શરીર) + दुरुस्त (ઠીક)] શરીર સારું—નીરોગી હોય એવો.

કજિયાખોર : [अ. कजियह (લડાઈ) + खोर (फा. खुर्दन = ખાવું ઉપરથી)] લડાઈ કરનાર, તોફાની. સરખાવો : હરામખોર, રુશવતખોર, કીનાખોર, ચુગલખોર, શેખીખોર, હલાલખોર, સૂદખોર, નફાખોર.

પા. ૪૬. સ્વામીનારાયણ સંપ્રદાય : સહજાનંદ સ્વામીએ સ્થાપેલો સંપ્રદાય. એના પ્રધાન દેવ શ્રીકૃષ્ણ છે. વલ્લભસંપ્રદાયની પૂજાપદ્ધતિ કાયમ રાખી તેમાં કેટલાક સુધારા એમણે કર્યા છે. એમનાં મંદિરોમાં સ્ત્રીપુરુષોની દર્શનની જગ્યા જુદી હોય છે. સ્ત્રીઓને ઉપદેશ પણ ગુરુપત્ની કરે છે. ગુરુનો ચરણસ્પર્શ પણ સ્ત્રીઓને કરવાનો હોતો નથી. એના સાધુઓમાં બ્રહ્મચારી, સાધુ અને પાળા એવા ત્રણ વર્ગો છે. સૌએ બ્રહ્મચર્ય પાળવાનું હોય છે. બે બે સાથે ફરે એવો નિયમ છે. વડતાળમાં એમનું મુખ્ય મંદિર છે. અમદાવાદમાં પણ એ સંપ્રદાયનું મોટું મંદિર છે. શિક્ષાપત્રી એ એમનો

મુખ્ય ગ્રંથ છે અને દરેક ભણેલા માણસોને તેનો રોજ પાઠ કરવાની ફરજ ગણાય છે. ગુજરાતના પાટીદારો, કોળી વગેરે લોકોમાં આ પંથનો વિશેષ પ્રચાર છે. આચારશુદ્ધિ ઉપરે એણે ખૂબ ભાર મૂક્યો છે. જુઓ કિશોરલાલભાઈની ચોપડી.

શ્રી સહજાનંદ સ્વામી : અયોધ્યા પાસે છપયા ગામે જન્મેલા અને પાછળથી ગુજરાત કાઠિયાવાડમાં આવી રહેલા સહજાનંદ સ્વામી રામાનંદના શિષ્ય હતા અને તેમના અવસાન પછી તેમની ગાદીએ આવ્યા હતા. પાછળથી એમણે પોતાનો સ્વતંત્ર પંથ સ્થાપ્યો.

માયા : હરદ્વાર.

કાંચી : કાંચીવરમ્ — મદ્રાસની નૈર્ઋત્યના દ્રાવિડ રાજ્યની પ્રાચીન રાજધાની.

અવન્તિકા : માળવાના રાજા વિક્રમની રાજધાની, ક્ષિપ્રા નદીને કાંઠે આવેલી ઉજ્જયિની — ઉજ્જન.

વરસાદ . . . થઈ ગયા : સરખાવો મેઘદૂત.

तस्यास्तिक्तैर्वनगजमदैर्वासितं वांतवृष्टि-
र्जम्बुकुंजप्रतिहतरयं तोयमादाय गच्छेः ।
अन्तःसारं घन तुलयितुं नानिलः शक्ष्यति त्वाम्
रिक्तः सर्वो भवति हि लघुः पूर्णता गौरवाय ॥

પા. ૪૭. યોગનિદ્રા : ચિત્ત વિષયાંતર ન કરે એવી નિદ્રા; ગાઢ નિદ્રા.

વૈરાગ્ય ખંડમાં : ઉત્તરખંડની સરખામણીમાં બનાવેલો શબ્દ. આપણાં પુરાણોમાં પૃથ્વીના નવ ખંડો ગણાવેલા છે. તે નવખંડ પૃથ્વીની બહાર.

વહેતી : जग् = ચાલવું સદા ચાલે છે માટે દુનિયા જગત કહેવાય છે. એટલે અહીં આ વિશેષણ વાપર્યું છે.

વૃદ્ધ ટૉલ્સ્ટૉય . . . હશે ! : રશિયાના આ મહાન વિચારક અને સાહિત્યકાર પોતાના વિચારોને આચારમાં મૂકવાના પ્રયત્નો કર્યા જ કરતા હતા. આમાં એમની પત્ની તરફથી વારે વારે દખલ થયા કરતી હતી. આખરે ઉત્તર વયમાં કંટાળીને એઓ છૂપી રીતે ઘર છોડીને ચાલ્યા ગયા, અને થોડા જ સમયમાં એમનું અવસાન થયું. એમના જીવનપરિચય માટે જુઓ 'મહાત્મા ટૉલ્સ્ટૉય'.

રુશવત : [अ. रिश्वत] લાંચ.

એટલે આરણું . . . રહેવાનો: હવે આવા દાખલા નથી જોવામાં આવતા.

પા. ૪૯. ડાર્વિન: ચાર્લ્સ રૉબર્ટ (૧૮૦૯–૮૨). વિદ્યાર્થી દશામાંથી જ એને પ્રાણીશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્રનો શોખ હતો. એટલે અભ્યાસ પૂરો થતાં જ એ 'બીગલ' વહાણ સાથે દક્ષિણ અમેરિકા અને પ્રશાંત મહાસાગરમાં શોધખોળ કરવા ઊપડી ગયો. એ પ્રવાસ દરમિયાન એણે પ્રાણીઓનું અને જંગલી લોકોનું જે નિરીક્ષણ કર્યું તેને વિષે એણે બે પુસ્તકો લખ્યાં. એકમાં પ્રવાસનું વર્ણન અને બીજામાં એ પ્રવાસ દરમિયાન જોયેલાં પ્રાણીઓ વિષે માહિતી આપી. આ પછી એણે પોતાના સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું અને તેણે વિજ્ઞાનશાસ્ત્રીઓમાં ભારે ઊહાપોહ મચાવ્યો.

ડાર્વિનનો સિદ્ધાંત એ છે કે, વનસ્પતિ તેમ જ પ્રાણીઓની દરેક જાતિ પોતે પોષી શકે એના કરતાં વધારે સંતતિને જન્મ આપે છે અને જીવવાનાં પૂરતાં સાધનોને અભાવે માહોમાંહે કલહ જાગે છે. તેમાં જે બીજા કરતાં વધારે બળવાન અને કુદરતની કઠોરતા અને વિષમ પરિસ્થિતિની સામે ટકવાની વધારે લાયકાતવાળા હોય તે ટકે છે. આમ આ ટકેલાંની ઓલાદને પણ ફરી વાર જીવનકલહમાં ઊતરવું પડે છે અને તેમાંથી જે વધારે ખડતલ હોય તે ટકે છે. કાળે કરીને મૂળ પ્રાણીની શરીરરચના, બુદ્ધિશક્તિ વગેરેમાં એટલું બધું રૂપાંતર થઈ જાય છે કે, તે એક નવા જ પ્રકારનું પ્રાણી બની જાય છે. આમ એક યોનિમાંથી અનેક યોનિઓનો ઉદ્ભવ થાય છે. આ નિયમને પ્રકૃતિની વરણી (Natural selection), જીવનકલહ (Struggle for existence), તથા યોગ્યતમનો નિસ્તાર (Survival of the fittest) એ નામો ડાર્વિને આપ્યાં છે.

પ્રિન્સ ક્રૉપોટકિન: રશિયાના અમીરકુળમાં જન્મેલા આ પ્રખર વિદ્વાન ભૂસ્તરવિદ્યા, સંગીત, કળા, સમાજશાસ્ત્ર, ફિલસૂફી વગેરે વિષયોના ઊંડા અભ્યાસી હતા, સત્તાવીસ ભાષાના જાણકાર હતા. ઉપરાંત તેઓ મજૂરોમાં ક્રાંતિ ફેલાવવા માટે ખેડૂતો અને મજૂરોની સ્થિતિનો ઊંડો અભ્યાસ કરી ચોપાનિયાં પણ લખતા. એમને ત્રણ ચાર દેશોની જેલોનો અનુભવ હતો. એમણે પોતાના જીવનનો પાછલો ભાગ ઇંગ્લંડમાં ગાળ્યો અને તે દરમિયાન અનેક અભ્યાસપૂર્ણ પુસ્તકો લખ્યાં. એમનું આત્મચરિત 'એક ક્રાંતિકારની આત્મકથા' નામે ગુજરાતીમાં ઊતરી ચૂક્યું છે. ડાર્વિનના સિદ્ધાંતની સામે પડી એમણે પણ શાસ્ત્રીય શોધો દ્વારા એવું સિદ્ધ કર્યું કે, પ્રાણીઓ કે જાતિઓ ટકે છે તે એકબીજાને મારવાની વૃત્તિને

લીધે નહીં, પણ પરસ્પર સહાય કરવાની વૃત્તિને લીધે. એકબીજા માટે ખમવાની વૃત્તિ એ જ મુખ્યત્વે સમાજને ટકાવનારી વૃત્તિ છે. અને જ્યાં એ નથી ત્યાં નર્યો સ્વાર્થ અને આત્મઘાતી વિગ્રહ પ્રવર્તે છે. સમાજની પ્રગતિ થવામાં આ પરસ્પર સહાય અને સહકારનું તત્ત્વ જ વધારે ઉપકારક નીવડયું છે. આ સંબંધે વિશેષ માહિતી માટે 'સહાયવૃત્તિ' જુઓ. એ ઉપરાંત એમનાં 'ભૂખમરાનો ઉપાય' અને 'ક્રાંતિ' એ બે પુસ્તકો પણ ગુજરાતીમાં ઉપલબ્ધ છે.

પા. ૪૮. ડાકુ : હિંદી શબ્દ છે. અર્થ લૂંટારો.

ડાકુઓમાં . . . હોય છે : એ વાક્યમાં 'વિરોધાભાસ' અલંકાર છે. અંગ્રેજીમા એને Oxymoron કહે છે. બે વિરોધી દેખાતી વસ્તુઓને ભેગી મૂકવી એ એનું લક્ષણ છે. પછીના વાક્યમાં પણ એવું જ છે.

રાહત : [अ. राहत = સુખ, ચેન. रव्ह તેણે શ્વાસ લીધો ઉપરથી] આરામ, અહીં છૂટછાટ.

દામદૂપટ : દૂપટ દામ, બમણા દામ.

રંજાડવું : [फा. रंज દિલગીરી : रंजीदन દુઃખી થવું.] પીડા કરવી, દુઃખ દેવું.

પા. ૪૯. બાઘાઈ : [सं. व्यग्र?] મૂઢતા.

યોગ સધાયો : ભેગા થયા.

ધજા કે પતાકા : ધજા મોટી અને ચિહ્નવાળી હોય છે, પતાકા નાની અને ચિહ્ન વિનાની હોય છે.

પ્રૌઢ : [प्र + ऊढ (वह = વહન કરવું + त)] મોટો.

વાચાસિદ્ધિ : જે બોલે તે થાય એ શક્તિને વાચાસિદ્ધિ કહે છે. અહીં વાણીની શક્તિના અર્થમાં શબ્દ વપરાયો છે. એના ગડગડાટથી ભલભલા હુક્કો પીનારાઓનાં મન લોભાતાં હતાં એવો અર્થ છે.

પા. ૫૦. ત્રિશંકુ : હરિશ્ચંદ્રનો પિતા. એને સદેહે સ્વર્ગમાં જવાની ઇચ્છા થઈ, પણ એના ગુરુ વસિષ્ઠ અને તેના પુત્રોએ એ ઇચ્છા પાર પાડવામાં એને મદદ કરવાની ના પાડી. આથી એ વિશ્વામિત્ર પાસે ગયો. તેણે પોતાના તપના પુણ્યથી એને સ્વર્ગમાં મોકલ્યો પણ ઇંદ્ર વગેરે દેવોએ એને પાછો કાઢ્યો, એટલે એ 'ત્રાહિ ત્રાહિ' કરતો ઊંધે માથે નીચે પડવા લાગ્યો. વિશ્વામિત્રે 'થોભ થોભ' કહીને તેને વચમાં જ અટકાવ્યો અને ત્યાં નવી નક્ષત્રમાળા રચી આપી. જુઓ : વાલ્મીકિ રામાયણ, બાલકાંડ, અધ્યાય ૫૭–૬૧.

વીરભદ્ર: દક્ષના યજ્ઞમાં ભંગ પાડનાર શિવગણ.

એને . . . ભાષામાં: આપણા પોલીસો સભ્ય ભાષા જાણતા જ નથી હોતા, એને વિષે આ કટાક્ષ છે.

પા. ૫૨. નગાધિરાજ: [नग (પર્વત)+अधिराज] મહાકવિ કાલિદાસના 'કુમારસંભવ' મહાકાવ્યના પહેલા શ્લોકમાં આ શબ્દ આવે છે:

अस्त्युत्तरस्यां दिशि देवतात्मा हिमालयो नाम नगाधिराजः ।
पूर्वापरो तोयनिधीवगाह्य स्थितः पृथिव्यां अिव मानदण्डः ।।

શહેનશાહી: [फा. शाह – अि – शाहान् ઉપરથી વ્યુત્ક્રમ થતાં शाहान – अि – शाह થયું. તે ઉપરથી शहेनशाह થયું.] **અર્થ:** રાજાઓનો રાજા, મહારાજા. એ ઉપરથી શહેનશાહી.

તરબૂચ: [फा. तर्बुज, तर्बुजह]

હિંદુસ્તાનની જબરી . . . ઇચ્છા રહી: બાબરે પોતાના એક પત્રમાં લખ્યું હતું:

'આખરે હિંદુસ્તાનમાં કંઈક વ્યવસ્થા આવી છે, અને મને ખુદાતાલામાં વિશ્વાસ છે કે તેમની મહેરબાનીથી થોડા વખતમાં બધું બરાબર ગોઠવાઈ જશે. એ કામ પતી જશે કે તરત જ હું, ખુદાની મરજી હશે તો, એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના તમારા તરફ આવવાને ઊપડીશ. એ ભૂમિનો આનંદ હૃદયમાંથી શી રીતે ભૂંસાય? જેણે સુરાત્યાગની અને પાક જિંદગી ગાળવાની પ્રતિજ્ઞા લીધેલી છે એવો મારા જેવો માણસ એ સુખી પ્રદેશનાં સ્વાદિષ્ટ તરબૂચને અને દ્રાક્ષોને શી રીતે ભૂલી શકે? હમણાં પેલે દહાડે એ લોકો મારી આગળ એક મોટું તરબૂચ લઈ આવ્યા હતા; મેં જેવું તે કાપ્યું કે તરત જ મને ઘર યાદ આવ્યું, અને મને થયું કે હું મારી જન્મભૂમિથી વિખૂટો પડેલો છું. મારાથી રડી દેવાયું.' જુઓ સ્ટેનલી લેઈન પૂલકૃત 'બાબર', પૃ. ૧૯૫.

આર્યોનું મૂળસ્થાન: જુઓ લો. મા. તિલકનું Arctic Home in the Vedas એ નામનું પુસ્તક. એ પહેલાંનું તિલકનું પુસ્તક 'Orion' ગુજરાતીમાં 'મૃગશીર્ષ' નામે પ્રગટ થયું છે.

ભાષાશાસ્ત્રી: વિખ્યાત જર્મન વિદ્વાન મેક્સમૂલર.

દેશાભિમાની: પૂનાના પ્રસિદ્ધ વિદ્વાન નાના પાવગી.

જીર્ણ: [સં. जृ (જૂનું થવું, જરી જવું)] જરી ગયેલો.

ઈશાન દિશા: શાસ્ત્રમાં એવું લખ્યું છે. શ્રાદ્ધમાં પણ ઈશાન દિશા તરફ અમુક પગલાં ચાલવાનો વિધિ કહ્યો છે. જુઓ આ જ પુસ્તકમાં 'જીવનની તાજગી'માં પા. ૫.

પા. ૫૩. ભર્તૃહરિ: જુઓ શ્લોક

गंगातीरे हिमगिरिशिलाबद्धपद्मासनस्य ब्रह्मध्यानाभ्यसनविधिना योगनिद्रां गतस्य।
किं तैर्भाव्यं मम सुदिवसैर्यत्र तनिर्विशंकाः कण्डूयन्त जरठहरिणाःस्वांगमंगे मदीये ॥

ઊધળવું: [સં. उद्+हल् (જવું)] છટકી જવું, નાસી જવું.

પશુપાતનાથ: શંકર. નેપાળની રાજધાની કાટમાંડુમાં એમનું મંદિર છે

ચંદ્રગુપ્ત: હરિ નારાયણ આપટેની નવલકથા 'ચંદ્રગુપ્ત'માં એવું વર્ણન આવે છે કે ચાણક્ય ચંદ્રગુપ્તને કેળવવા માટે હિમાલયમાં લઈ ગયો હતો.

રામદાસ સ્વામી: એમણે બાર વરસ સુધી હિમાલયમાં તપશ્ચર્યા કરી હતી અને ત્યા જ એમને હનુમાનનો સાક્ષાત્કાર થયો હતો.

અનાયાસે: [अन् (નહીં) + आयास (મહેનત)] વગર મહેનતે.

પ્રસ્થાનત્રયી: ગીતા દશોપનિષદ અને બાદરાયણ બ્રહ્મસૂત્ર — એ ત્રણ ઉપરની વ્યાખ્યા.

પિયર: [સં. पितृगृह]

મુમૂર્ષુ: [સં. मृ (મરવું) + स (ઇચ્છાર્થે) + उ (કર્તાર્થે)] મરવાની ઇચ્છાવાળો. સરખાવો: મુમુક્ષુ જિજ્ઞાસુ, વિજિગીષુ, જિજીવિષુ.

અવધૂત: અવધૂત દત્તાત્રેય વિષે એવી માન્યતા છે કે અશ્વત્થામાની માફક એ ચિરંજીવી છે. એની નાહવાની જગ્યા એક ઠેકાણે છે, બપોરની ભિક્ષાની જગ્યા બીજે ઠેકાણે છે, અને રાતે સૂવાની જગ્યા વળી ત્રીજે જ ઠેકાણે છે. જમવા માટે એમણે મહારાષ્ટ્રમાં કરવીર (કોલ્હાપુર) પસંદ કર્યું છે અને રાત્રે સૂવા માટે હિમાલયમાં કેદારનાથ પસંદ કર્યું છે.

દેવતાત્મા નગાધિરાજ: જુઓ પા. ૫ની ટીપ.

માનદંડ: માપવાનો દંડ, ગજ. સરખાવો: તુલાદંડ.

પા. ૫૪. ધૂમકેતુ: [धूम (ધુમાડો) + केतु (વાવટો)] ધુમાડો છે વાવટો જેનો, એવો તારો. પૂંછડિયો તારો.

મહાદેવના વિવાહ . . . કૌતુક કર્યું છે: કવિ કાલિદાસે 'કુમારસંભવ' મહાકાવ્યમાં આ પ્રસંગો વર્ણવેલા છે.

રઘુકુળની . . . સાક્ષી છે: કવિ કાલિદાસનો 'રઘુવંશ' જોવો. રામાયણના 'બાલકાંડ'માં પણ આ કથા વિસ્તારપૂર્વક આપેલી છે.

શિકસ્ત: [फा. शिकस्त (હાર, તૂટ) शिकस्तन = તોડવું, તૂટવું ઉપરથી] હાર, પરાજય.

નાસીપાસ: [फा. नासिपास = ઉપકાર ન માને તે] નિરાશ, નાઉમેદ.

પા. ૫૬. ટર્મિનસ: [ગ્રીક ટર્મા (terma) = હદ ઉપરથી] પ્રાચીન રોમમાં હદનો દેવ પણ ટર્મિનસ કહેવાતો હતો. એ ઉપરથી છેડો, અંત. રેલવેનું છેલ્લું સ્ટેશન.

પા. ૫૭. ઇંદ્રિયકલાપ: ઇંદ્રિયોનો સમૂહ.

ઉદાસીનતા: [सं. उत् (ઊંચે) + आसीन (બેઠેલો) + ता (ભાવાર્થે)] ગમગીની

વનસ્પતિનાં અસંખ્ય બાળકો: ફૂલો.

પા. ૫૮. આજે આપણામાં. . .બહુ ઓછી છે: અર્થ વિચારો.

સ્વર્ગારોહણ: [स्वर्ग + आरोहण (ચડવું તે)] સ્વર્ગે ચડવું તે. પાંડવોએ જ્યારે સ્વર્ગારોહણ કર્યું ત્યારે હિમાલય ઉપર થઈને જ કર્યું હતું, એટલે એ માર્ગમાં આવતો એક એક ડુંગર જાણે એક એક પગથિયું હોય એવી ઉત્પ્રેક્ષા કરી છે. સરખાવો: પૃ. ૫૪ ઉપર 'મોક્ષની સીડી બની શકે એવડો ઊંચો છે.'

'લેડી ઑફ ધ લેક': સર વૉલ્ટર સ્કૉટનું એક દીર્ઘ કાવ્ય.

પા. ૫૯. ભીમતાલ: [भीम (મોટું, ભયંકર) + ताल (સરોવર)] યાદ કરો:

> ताल तो भूपाल ताल और तो तलैयाँ हैं ।
> गढ़ तो चितौड़ गढ़ और गढ़ गढ़ैयाँ हैं ॥

ત્યાં: સરોવર પાસે, દ્વીપ પાસે નહીં.

મગદૂર: [अ. मक़्दूर (તાકાત, શક્તિ) क़दर-તે શક્તિમાન હતો ઉપરથી] શક્તિ, ગજું, તાકાત.

મારા . . . ઓછો થયો હશે: સંભારો વિજ્ઞાનનો નિયમ — ઠંડીથી વસ્તુ સંકોચ પામે છે. અહીં અતિશયોક્તિ છે.

બાણભટ્ટ: સંસ્કૃત ભાષાના વિખ્યાત મહાકવિ. એમનું પ્રસિદ્ધ પુસ્તક તે કાદંબરી.

અચ્છોદ : [अच्छ (નિર્મલ) + उद (પાણી)] નિર્મળ જળવાળું. કાદંબરીમાં અચ્છોદ સરોવરનું સુંદર વર્ણન આવે છે.

કાદંબરી કે મહાશ્વેતા : કાદંબરી કથાની નાયિકા અને તેની સખી.

વાલ્મીકિ હોત . . . શાપ આપત : ક્રૌંચ યુગલમાંથી એકનો વધ કરનાર પારધિને એમણે આપેલો શાપ

मा निषाद प्रतिष्ठां त्वमगमः शाश्वतीः समाः ।
यत्क्रौंचमिथुनादेकमवधीः काममोहितम् ॥

જાણીતો છે.

ઝખ : સંભારો झषाणां मकरश्चास्मि — ગીતા અ. ૧૦ શ્લો. ૩૧. અહીં શબ્દાર્થ જ લેવાનો છે.

પા. ૬૦. ચાર મજૂરના . . . બેઠો હોય : એ ખુરશીને 'સીડન ચૅર' કહે છે.

જો એ ઊભો થાત તો ? : વિંધ્ય પેઠે.

પા. ૬૧. અધ્વખેદ : [अध्वन् (રસ્તો) + ખેદ (થાક)] મુસાફરીનો થાક. સંસ્કૃત શબ્દ છે.

એસીરિયાના શરશીર્ષલિપિના : એસીરિયા–એશિયા માઈનોરની ઉત્તર સીમા પર આવેલો પ્રદેશ. બાબિલોનના પતન પછી એની ચડતી કળા થઈ અને એણે પોતાની સંસ્કૃતિનો વિકાસ કર્યો. આજે તો એનાં ખંડેરો નિનેવેહની આસપાસ પડેલાં છે. નિનેવેહમા ખોદકામ કરતાં ખૂબ મોટું પુસ્તકાલય હાથ લાગ્યું છે, અને તેમાં ગણિત, ભૂગોળ, પશુઓ, પંખીઓ વગેરે સંબંધી શાસ્ત્રીય ગ્રંથો ઉપરાંત કાવ્યના અને પુરાણોના પણ અનેક ગ્રંથો મળી આવ્યા છે. અને બધા ગ્રંથ માટીની ચકતીઓ (ઈંટો) ઉપર લખેલા છે. એ લિપિના અક્ષરો બાણના ફળા જેવા લીટાના બનેલા હોય છે એટલે તેને શરશીર્ષલિપિ કહે છે.

મૈનાક : [मेनका + अ (અપત્યવાચક)] દક્ષકન્યા સતીની મેનકા નામે સખી હતી. જ્યારે સતીએ દક્ષને ઘેર દેહત્યાગ કર્યો ત્યારે સતી પોતાને પેટે જન્મ લે એ માટે મેનકાએ કઠોર તપશ્ચર્યા આદરી. એથી પ્રસન્ન થઈ ભગવતી કાલીએ તેને વર માગવાનું કહ્યું. મેનકાએ વીર્યવાન અને આયુષ્યમાન સો પુત્રો અને એક કન્યાની માગણી કરી. વર મળ્યા પછી મેનકાએ મૈનાકને જન્મ આપ્યો. પાછળથી જ્યારે ઇંદ્રે પર્વતોની પાંખો કાપી નાખી ત્યારે આ મૈનાક સમુદ્રમાં જઈને સંતાઈ ગયો, અને

આજે પણ હજી બહાર નીકળતો નથી. આમ પાંખવાળો પર્વત આજે એ એક જ છે. મૈનાકનું બચ્ચું એટલે ઊડતો ડુંગર. સરખાવો :

अद्रेः शृंगं हरति पवनः किंस्विदित्युन्मुखीभीः

दृष्टोत्साहश्चकितचकितं मुग्धसिद्धांगनाभिः । મેઘદૂત ૧૪.

પા. ૬૨. મયાસુર : મય નામનો અસુર. એ દાનવોનો શિલ્પી હતો, અને ઘણો કુશળ હતો. અર્જુને કરેલા ઉપકારના બદલામાં એણે પાંડવોને રાજસૂય યજ્ઞ વખતે સભામંડપ બાંધી આપ્યો હતો. તેમાં એણે એવી ખૂબી કરી હતી કે જ્યાં જળ હોય ત્યાં સ્થળ દેખાય અને સ્થળ હોય ત્યાં જળ દેખાય, જ્યાં ભીંત હોય ત્યાં દ્વાર દેખાય અને દ્વાર હોય ત્યાં ભીંત દેખાય. કેટલાક માને છે કે એ ચીન દેશનો હતો.

કૌશલ : [સં. કુશ (દાભડો) + લ (लाति કે लुनाति વાઢે છે)] કુશ વાઢવામાં પાવરધો તે કુશલ. પાછળથી તેનો અર્થ હોશિયાર થયો. તે ઉપરથી ભાવવાચક નામ બન્યું કૌશલ, વિશેષ જુઓ : 'કિશોર' વર્ષ ૨; અંક ૪–૫માં 'શબ્દપરિચય' નામે લેખ.

પા. ૬૩. કરડકણી : સરખાવો : અંગ્રેજી 'બાઈટિંગ કોલ્ડ'.

નિરભ્ર : વાદળાં વિનાનું.

પાંણિમાના . . . તારાઓને : મોટા મોટા — પ્રથમ અને બીજી શ્રેણીના તારાઓને જ.

પ્રણવજાપ : પ્રણવમંત્રનો જાપ. 'ઓમ્' એ પ્રણવમંત્ર કહેવાય છે. એ સર્વ મંત્રોનું આદિબીજ લેખાય છે. ભાગવતમાં એની ઉત્પત્તિ આ પ્રમાણે આપી છે : પરમેશ્વરે આત્મસંયમ કર્યા પછી તેમના હૃદયાકાશમાંથી શબ્દ ઉત્પન્ન થયો હતો. હૃદયાકાશમાં અ .સેથી એનો જન્મ થયો. એ બ્રહ્મનો વાચક ગણાય છે. એના अ उ म् એ ત્રણ વર્ણો દ્વારા એ સત્ત્વ રજસ્ અને તમસ્ એ ત્રિગુણનો, ઋક્ યજુસ અને સામ, એ ત્રણ વેદનો, ભૂ ભુવઃ અને સ્વઃ, એ ત્રણ લોકનો, અને જાગ્રત, સુષુપ્તિ અને સ્વપ્ન, એ ત્રણ દશાનો સૂચક ગણાય છે. એમાંથી જ બ્રહ્માએ અંતસ્થ, ઉષ્મ, સ્વર, સ્પર્શ, હ્રસ્વ અને દીર્ઘ બધા અક્ષરો સરજ્યા હતા.

મન એવ૦ અર્થ : મન એ જ મનુષ્યના મોક્ષ અને બંધનનું કારણ છે. આખો શ્લોક આ પ્રમાણે છે :

मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः ।

बंधाय विषयासंगि, मोक्षे निर्विषयं स्मृतम् ॥

— મૈત્ર્યુપનિષદ ૬, ૩૪. અમૃતબિંદુ ૨.

પા. ૧૪. ક્ષુદ્ર હૃદયદૌર્બલ્ય: હૃદયની ક્ષુદ્ર નિર્બળતા. જુઓ
क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परंतप । गीता २–३.

शिरसि मा लिख०: નસીબમાં લખીશ નહીં. આખો શ્લોક આ પ્રમાણે છે:

इतर तापशतानि यथेच्छया वितर तानि सहे चतुरानन ।
*अरसिकेषु रसाभिनिवेदनं शिरसि मा लिख मा लिख मा लिख ॥

ચીડ: અંગ્રેજીમાં પાઈન.

પા. ૧૫. रामा दयाघना० અર્થ: હે દયાઘન રામ, ક્ષમા કરીને મને બચાવ. હું ક્યાંનો છું, કોણ છું, એ પત્તો મેં મેળવ્યો નહીં, આજ લગી અજ્ઞાનમાં વિદ્વત્તાની શેખી મારી અને દેહને જ આત્મા માની બેઠો, તેથી મારી સ્થિતિ ઉન્મત્ત જેવી થઈ ગઈ. મેં જન્મ ધરીને નકામો માતાને પરિશ્રમ આપ્યો — એ વાત મનમાં ખટક્યા કરે છે.

करुणासागरा० અર્થ: હે કરુણાસાગર રાઘવ રઘુરાજા, મારા જીવને વિષયોથી પાગળો કરશો નહીં. . . . . પ્રપંચથી એટલે કે આ દુન્યવી જીવનથી મોહાઈને ઠેકાણે ઠેકાણે ભટકી ભટકીને થાકીને મારી ઉંમર હરાઈ જાય છે.

सच्चित्सुख० સત્ ચિત્ અને આનંદરૂપ તું તો શુદ્ધ પરબ્રહ્મ જ છે.

પા. ૧૬. અશરીરિણી વાણી: આકાશવાણી.

નદીનો . . . લાગે છે: આવી ખેતીને અંગ્રેજીમાં 'ટૅરેસ કલ્ટિવેશન' કહે છે.

મનોવેધક: [मनस् (મન) + वेधक (વીંધનારું)] ચિત્તાકર્ષક. આ શબ્દ મરાઠીમાં ખૂબ પ્રચલિત છે. ગુજરાતીમાં એ રૂઢ નથી.

પા. ૧૭. જકાત: [अ. ज़कात પોતાની સંપત્તિનો ચાળીસમો ભાગ ધર્માદામાં આપવાની મુસલમાન ધર્મમાં ફરજ ગણાય છે અને તે જકાત કહેવાય છે.] તે ઉપરથી દાણ, વેરો.

કબરસ્તાન:]अ. क़ब्र (કબર) + स्तान (ઠેકાણું)] જ્યાં શબ દટાતાં હોય તે જગ્યા. સરખાવો: અરબસ્તાન હિંદુસ્તાન.

ઉકરડો: [दे० उक्करडा (अवकरादि:)] કચરાનો ઢગલો.

સ્વામી: કાકાસાહેબના પરમ મિત્ર અને સાથી, સ્વામી આનંદાનંદ. પરિચય માટે જુઓ 'કાલેલકરના લેખો' ભા. ૧ લો, પા ૯૪.

---

* એક છાપાના સાહિત્યવિવેચક તરીકે કાકાસાહેબે બીજી લીટી આ રીતે ફેરવી હતી:

अकवि-लोक-कवित्व विलोकनं शिरसि मा लिख मा लिख मा लिख ।

મફલર : [અ. मफल (વીંટવું)] ગળાની આસપાસ વીંટવાનો પટો; ગળપટો.

કફની : [અ. कफनी (સીવ્યા વિનાનું જે કપડું માત્ર ફાડીને હાજી લોકો હજની વખતે ગળામાં નાખે છે તે) कफन (શબને વીંટવાનું વસ્ત્ર) ઉપરથી] સાધુઓને પહેરવાનો લાંબો ઝભ્ભો.

પા. ૬૮. પુરશ્ચરણ : અમુક હજાર કે લાખ મંત્રનો જપ કરવાનો નિશ્ચય કરી વ્રતસ્થ રહેવુ તે.

નિર્વિકલ્પ સમાધિ : જ્ઞાતા અને જ્ઞેયના ભેદ રહિત થઈને અદ્વિતીય પરબ્રહ્મમાં ચિત્ત લગાડવું તે.

રાજયક્ષ્મા : ક્ષય રોગ.

લાવણ્યવતી : [लावण्य+वती] 'लवण'થી – મીઠાથી ભોજનમાં સ્વાદ આવે છે, તે સારું લાગે છે એ ઉપરથી 'લાવણ્ય' શબ્દ સરસતા અને સૌન્દર્યના અર્થમાં વપરાવા લાગ્યો.

શિયાળો : [शीतकाल]

પા. ૬૯. અરુણસદૃશ : અરુણના જેવી.

રક્તિમા : લાલી.

અનુચર : [अनु (પાછળ) + चर (ચાલનાર)] નોકર.

પૂર્વમન્વંતર : મન્વંતર એટલે એક મનુનો રાજ્યકાળ પુરાણોમાં ચૌદ મનુઓ ગણેલા છે. દરેક મનુ ૪૩,૨૦,૦૦૦ વર્ષ રાજ્ય કરે છે. ચૌદે મનુનું રાજ્ય પૂરું થાય ત્યારે બ્રહ્માનો એક દિવસ પૂરો થાય. અત્યારે સાતમો મનુ વૈવસ્વત રાજ્ય કરે છે. પૂર્વમન્વંતરના એટલે વૈવસ્વત પહેલાના ચાક્ષુષ મનુના સમયના.

માર્કંડેય : માર્કંડેય પુરાણના કર્તા ઋષિ.

कनकोत्तम० તે દેવી સુવર્ણના જેવી ઉત્તમ કાંતિવાળી, ઝળહળતાં સુવર્ણનાં વસ્ત્રો ધારણ કરનારી, સુવર્ણના વર્ણની અને સુવર્ણનાં ઉત્તમ આભૂષણોવાળી છે.

नंदा० નંદા નામની નંદની જે પુત્રી થશે તેની જે સ્તુતિ, પૂજા અને ધ્યાન કરશે તે ત્રણે લોકને વશ કરી શકશે. આ બંને શ્લોકો દુર્ગા સપ્તશતીમાંથી લીધેલા છે.

'દુરસ્ત' [फा. दुरुस्त (ખરું)] વાજબી, યોગ્ય.

'ભક્તિ અને મુક્તિ-દાયિની' : આ શબ્દો લેખકે 'જય જય જગજનની દેવી'થી શરૂ થતી દેવી સ્તુતિમાંથી લીધેલા છે, 'ભક્તિમુક્તિ-દાયિની ભયહરણી કાલિકા' એ આખી પંક્તિ છે.

સૈષા૦ એ જો પ્રસન્ન થાય તો માણસને વર અને મુક્તિ આપે છે.

પા. ૭૦. અશ્વિનીકુમાર દત્ત : બારિસાલના સાધુચરિત લોકનેતા. બંગભંગ સમયે એમણે સ્થાપેલી અનુશીલન સમિતિઓએ લોકોની સેવા અને જાગૃતિ સાધવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. એમના લખેલા બે ગ્રંથો 'ભક્તિયોગ' અને 'પ્રેમ' ગુજરાતીમાં ઊતરી ચૂક્યા છે. વિશેષ પરિચય માટે જુઓ: 'સંયમ અને ભક્તિમાર્ગ'માં એમનું જીવન.

ખિલાફ : [अ. खल्फ़ (સામો થયો) ઉપરથી ख़िलाफ़] વિરુદ્ધ.

નફરત : [अ.] તિરસ્કાર, ઘૃણા.

ચાણાક્ષ : ચાણક્ય નામના પ્રસિદ્ધ રાજનીતિજ્ઞ પુરુષના નામ ઉપરથી આ શબ્દ મરાઠીમાં રૂઢ થયેલો છે, અને તેનો અર્થ ચકોર, ચતુરાઈભર્યું એવો થાય છે.

સિંહગઢ ઉપર તાનાજીની ખિંડ : શિવાજીની માતાએ કોંડાણા ગઢની માગણી કરતાં એ સર કરવા માટે પોતાના પુત્રનાં લગ્ન પડતાં મૂકી તાનાજી માલુસરે યુદ્ધે ચડયો અને પોતાના પ્રાણને ભોગે એણે તે કિલ્લો સર કર્યો. આ ખબર શિવાજીને મળતાં તેમણે ઉદ્‌ગાર કાઢયો, 'गड आला पण सिंह गेला.' સિંહને ભોગે જિતાયેલો એ ગઢ ત્યારથી સિંહગઢ નામે પ્રસિદ્ધ થયો. જે કરાડ ઉપર થઈને તાનાજી ઘોની મદદથી ગઢ પર ચડયો હતો, તે સ્થાન લશ્કરી દૃષ્ટિએ ખૂબ મહત્ત્વનું છે.

પા. ૭૧. ભિસ્તી : [फा. बिहिस्ती = સ્વર્ગનો] પાણી પાવાનું કામ પુણ્યનું છે માટે એને સ્વર્ગનો માણસ ગણ્યો છે.

નિરપેક્ષ : [निः + अपेक्षा] અપેક્ષા વિનાનો.

પા. ૭૨. નાહક : [अ. ना + हक़ (ખરું, સાચું)] કારણ વગર, ખાલી, અમસ્તું.

દખલ : [अ. दख़ल = અંદર આવવું] વચમાં પડવું, આડા પડવું તે.

શબ્દકલ્પદ્રુમ : સંસ્કૃતભાષાનો એ નામનો વિખ્યાત કોષ.

વેદાંત : ઉપનિષદ.

તંત્ર : શક્તિપૂજાના સિદ્ધાંત–ગ્રંથો.

શક્તિપૂજા : દેવીપૂજા.

બ્રાહ્મ ધર્મ : રાજા રામમોહન રાયે સ્થાપેલ, નિરાકાર પણ સગુણ ઈશ્વરને માનનાર ધર્મ. આપણો પ્રાર્થના સમાજ એ બ્રાહ્મ સમાજનું એક રીતે અનુકરણ છે. જુઓ 'જીવનચર્યા', પૃ. ૧૦૩.

ગ્રેનાઈટ મીંઢ પથ્થર.

હંસ : એ નામનો તારાસમૂહ 'સિગ્નસ'.

દેવો : [दिव = પ્રકાશવું] પ્રકાશનારા તારા.

પા. ૭૩. ઉપરતિ : વૈરાગ્ય.

શ્રદ્ધાધન : [શ્રદ્ધા એ જ જેનું ધન છે એવો. બહુ૦] સરખાવો : માનધન, તપોધન, વૈરાગ્યધન.

અપિ૦ પૂર્વનો કો દુરાચારી, થૈ અનન્ય ભજે મને,
સાધુ તેને થયો માનો, સાચે માર્ગે ચડી ગયો.

ગીતા, ૯–૩૦

ગુહક : રામ વનવાસ ગયા ત્યારે માર્ગમાં તેમને ગંગાપાર કરનાર ભીલ રાજા.

શબરી : શ્રદ્ધાધન ભક્ત ભીલડી. જેનાં એઠાં બોર રામે આરોગ્યાં હતાં.

પા. ૭૪. કીમિયો : [અ. कीमिया] હલકી ધાતુને કીમતી ધાતુનું રૂપ આપવાની (કાલ્પનિક) વિદ્યા.

પા. ૭૬. એમર્સનના 'સર્કલ્સ' : એ અમેરિકન લેખકે 'સર્કલ્સ' ઉપર નિબંધ લખેલો છે, તેને વિષે.

જગ્યા : સ્થાન. સાધુઓના આશ્રમને માટે એ હિંદીમાં વપરાય છે.

ઘેટાં : ઘેટાંની પેઠે વગર વિચારે અનુકરણ કરે એવા.

પા. ૭૭. વિવર્ણ : ખરાબ રંગનું. સરખાવો : સુવર્ણ, સવર્ણ.

ફિરકો : [અ. फिरकह] પંથ.

પા. ૭૮. નકશો : [અ. नक़शह] છબી, ચીતરેલો દેખાવ – એ ઉપરથી.

સોમબારગિરિ : આ પછીનું પ્રકરણ જુઓ.

આબોહવા : [फा. आब (પાણી) + व (અને) + हवा] હવાપાણી.

તારીફ : [अ.] વખાણ, પ્રશંસા.

પા. ૭૯. ગુમાસ્તો : [फा. गुमाश्तह = જેને કાંઈ કામ સોંપવામાં આવ્યું હોય તે માણસ] મહેતો, કારકુન.

કારખાનું : [फा. कार (કામ) + खानह (ઠેકાણું)] કામ કરવાની જગ્યા. સરખાવો : દવાખાનું. મુસાફરખાનું, હમામખાનું, કિતાબખાનું, ગુસલખાનું.

પા. ૮૦. સુસરે : [सं. श्वशुर] સસરા.

કંતાન : [अ. कतान, कत्तान એક જાતનું કાપડ] શણિયું, કંતરાણ.

સંતોખાતા : 'ष' નો 'ખ' થયો. સરખાવો : रेषा–રેખા, भूषण–ભૂખણ, विष–વખ, वेष–मेष–ભેખ.

પા. ૮૧. મુત્સદ્દી : [अ. तसद्दी આગળ આવવું ઉપરથી આગળ આવનાર, આગળ કામ કરનાર] લખનાર, વિદ્વાન, રાજકારણી પુરુષ.

શઊર : [અ. શુઊર = જાણવું] હોશ, આવડત.

પૈસાનો . . . કરવો પડે છે : આ સહોક્તિ અલંકાર કહેવાય.

અપ્રતિમ : [अ (નથી) + प्रतिमा (જોડ)] અજોડ.

ઐતિહાસિક અને ભૌગોલિક . . . . કરી હશે. : દા. ત. Fundamental Unity of Indiaના લેખક રાધાકમલ મુખર્જી.

પા. ૮૨. ગ્રામદેવતા : ગામની રક્ષક દેવતા.

વણજારા : [वाणिज्य + कारः]

પેંઠ : બજાર. મરાઠીમાં ખૂબ પ્રચલિત છે. સરખાવો: શનિવાર પેઠ, બુધવાર પેઠ. એ વારે ભરાતી બજાર.

પા. ૮૩. અમારા જેવાઓને : આજકાલના સાધુઓને.

धर्मार्थं० દાનધર્મ કરવા માટે જ જે ધન ચાહે છે, તેણે એ લોભ છોડી દેવો એ વધારે સારું છે.

પા. ૮૪. યથાતથ રચના કરનાર : જુઓ—कविर्मनीषी परिभूः स्वयंभूः याथातथ्यतोऽर्थान् व्यदधात् शाश्वतीभ्यः समाभ्यः । ઈશોપનિષત્.

પા. ૮૬. અતિથિ : [अतति = गच्छति न तिष्ठति इति अतिथिः અથવા न विद्यते तिथिर्यस्य = अतिथिः] જે ફર્યા કરે છે, રહેતો નથી, અથવા ક્યારે આવે તે નક્કી નથી, તે અતિથિ; મહેમાન.

પા. ૮૭. કંદોઈ : [અ. कंद (મીઠી વસ્તુ, ખાંડ, ગોળ વગેરે) ઉપરથી कंनाद = મીઠાઈનું કામ કરનાર] મીઠાઈ બનાવનાર.

પરિગ્રહ : વળગાડ.

कर्मण्यकर्म० જે કર્મમાં અકર્મ અને અકર્મમાં કર્મ જુએ છે, તે જ માણસોમાં બુદ્ધિમાન, અને બધાં કર્મો કરતો હોવા છતાં યોગી છે.

कर्मणो० કર્મ, વિકર્મ અને અકર્મનો ભેદ સમજવો આવશ્યક છે. કર્મની ગતિ ગહન છે.

પા. ૮૮. તાલીમ : [અ० तअ्‌लीम; इलम કેળવણી, વિદ્યા ઉપરથી] શિક્ષણ, કેળવણી.

પા. ૮૯. પાર્વતી : [पर्वत + अ (ને લગતું, નું) = પાર્વત + ઈ (સ્ત્રીવાચક)] પહાડી.

શાસ્ત્રી : સંસ્કૃત કે હિંદી.

ભૈરવઘાટી : જુઓ પાનું ૯૧.

નીચે : પદ્મબારીમાં.

બૅક્ટીરિયૉલૉજિકલ : [બૅક્ટીરિયા = એકકોષ જંતુ. એને લગતું શાસ્ત્ર.] જંતુશાસ્ત્ર.

રિંડરપેસ્ટ : [ગ્રી. રિંડર, (રિંડ=બળદનું બ. વ.) પેસ્ટ=રોગ] ઢોરને લાગુ પડતો એક રોગ.

પા. ૯૧. સાત્મ્ય : [समान+आत्मा+य] એકતા.

વિષ્કંભક : આગલી કથાનો સાર તથા વસ્તુનું સૂચન કરતો નાટકનો ઉપોદ્ઘાત–અવતરણ.

ભરતવાક્ય : સંસ્કૃત નાટકમાં અંતે બોલાતો આશીર્વાદનો શ્લોક.

દુરંત : જેનો અંત મુશ્કેલીથી પમાય એવું. સરખાવો : દુર્જય, દુર્ગમ, દુર્લભ, દુર્બોધ, દુર્દમ, દુર્યોધન, દુર્ભર, દુર્ભેદ્ય.

પા. ૯૨. બદૌલત : [फा. ब थी=दौलत (મહેરબાની, ધન)]ની મહેરબાનીથી, ને લીધે, એ સામાન્ય અર્થ છે. અહીં દૌલતના બીજા અર્થનો લાભ લઈ લેખકે શ્લેષ સાધ્યો છે.

न च तत्प्रेत्य० તે આપણને પરલોકમાં કે આ લોકમાં કામ નથી આવવાનું. गीता १७–२८.

પા. ૯૩. પુષ્પકવિમાન૦ 'રઘુવંશ' જુઓ.

મેઘનું વાહન : 'મેઘદૂત' જુઓ.

વિહંગપ્ર–દ્દષ્ટયા : અંગ્રેજી 'બર્ડ્ઝ–આઈ–વ્યૂ' ઉપરથી યોજેલો શબ્દ.

અરણ્યોમાં માર્ગ કાઢતો : 'ઉત્તરરામચરિત' જુઓ.

धीरोद्धता० ધરતીને પણ નમાવી દેતી હોય એવી ધીરોદ્ધત ગતિ. આખો શ્લોક આ પ્રમાણે છે :

दृष्टिस्तृणीकृतजगत्त्रयसत्त्वसारा धीरोद्धता नमयतीव गतिर्धरित्रीम् ।
कौमारकेऽपि गिरिवद्गुरुतां दधानो वीरो रसः किमयमेत्युत दर्प एव ॥

उ० रा० ६–१०

न विवृतो० મદન ખુલ્લો પણ નહીં અને ઢાંકેલો પણ નહીં. આખો શ્લોક આ પ્રમાણે છે :

अभिमुखे मयि संहृतमीक्षितं हसितमन्यनिमित्तकृतोदयम् ।
विनयवारितवृत्तिरतस्तया न विवृतो मदनो न च संवृतः ॥

शाकुंतल ॥ २–११

पिपासितैः० તરસ્યાથી કંઈ કાવ્યરસ પિવાતો નથી. આખો શ્લોક આ પ્રમાણે છે :

बुभुक्षितैर्व्याकरणं न भुज्यते पिपासितैर्काव्यरसो न पीयते ।
न च्छंदसा केनचिदुद्धृतं कुलं हिरण्यमेवार्जय निष्फला गुणाः ॥

શરદના મેઘની પેઠે : સરખાવો:

शरदि न वर्षति गर्जति वर्षति वर्षासु निःस्वनो मेघः ।
नीचो वदति न कुरुते वदति न साधुः करोत्येव ।।

પા. ૯૪. ખાધું પીધું . . . કર્યું : દરેક વાર્તાને છેડે 'ખાધું પીધું ને રાજ્ય કીધું' આવે છે, તેમ અહીં પણ આ વાર્તાને અંતે એ શબ્દો મૂક્યા છે. અહીં વાર્તાના રાજકુમાર નથી એટલે સ્વપ્નસૃષ્ટિ પર રાજ્ય કીધું. મતલબ કે ખાઈ પી સૂઈ ગયા.

પા. ૯૫. બાદશાહ–બિરબલ : અકબર બાદશાહ અને બિરબલની ચતુરાઈભરી વાર્તાઓ બાળકોને ખૂબ ગમે છે માટે.

રિયાસત : [अ. रियासत] સરદારી હકૂમત – ઉપરથી રાજ્ય.

તારતમ્ય : સંસ્કૃતમાં વધારે અને સૌથી વધારે દર્શાવવા तर અને तम પ્રત્યયો વપરાય છે. એ तरतमને જ ભાવવાચક य પ્રત્યય લગાડી तारतम्य શબ્દ બનાવેલો છે. ચઢતાઊતરતાપણું.

કિંવદન્તી : લોકવાયકા, અફવા. અહીં કૂથલીના અર્થમાં વપરાયો છે.

પા. ૯૬. ઉંદરે આદુ ખાધાની પેઠે : આ કહેવત શાથી શરૂ થઈ?

પા. ૯૮. નીલધારા : ગંગાનદીની એક શાખા.

પા. ૯૯. કુલી : [तुर्की. कुली (ગુલામ)] મજૂર, હમાલ.

પા. ૧૦૦. મુખદુર્બળ : બોલવામાં દુર્બળ, બહુ બોલી ન શકે એવા. બંગાળીઓ બોલવામાં પાછા પડે એવા હોતા નથી એટલે આવો ઉલ્લેખ કર્યો છે.

હોમિયોપેથિક : [ग्री. Homois = like (સમાન) + Pathos = affection (દર્દ)] દર્દ જેવી જ અસર કરનાર દવા કરવાની પદ્ધતિ; સાત્મ્યોપચાર. સરખાવો : विषस्य विषमौषधम् ।

એલોપથી : [ग्री. Allos = other (જુદું) + Pathos = affection (દર્દ)] દર્દ કરતાં જુદી અસર કરનાર દવા કરવાની પદ્ધતિ; અસાત્મ્યોપચાર.

હાઈડ્રોપથી : [ग्री. Hudor = water (પાણી) + Pathos = affection (દર્દ)] દર્દ ઉપર પાણીના પ્રયોગ કરવાની પદ્ધતિ; જલોપચાર.

પા. ૧૦૧. પડાવ : મુકામ.

ભગીરથ કામનું વર્ણન : 'લોકમાતા'માં 'નદી પર નહેર' એ પ્રકરણમાં જુઓ.

પા. ૧૦૨. સુખવસ્તુ : મરાઠીમાં ખૂબ પ્રચલિત છે એટલે વપરાયો છે. અર્થ ખાધેપીધે સુખી.

ફલશ્રુતિ : જુઓ આ પુસ્તકનું છેલ્લું પ્રકરણ.

પુખ્ત : [फा. पुख्तह (પાકું) पुख्तन = પકવવું ઉપરથી] પાકી બુદ્ધિનું, સમજુ, પાકું.

શેર : [अ. शाओर = કવિ; (शअर = તેણે જાણ્યું) ઉપરથી] કવિત. સરખાવો : कवयोऽप्यत्र मोहिताः । કવિ = જ્ઞાની.

રકાબી : [फा. रकाबी = લાંબું અને અષ્ટકોણ વાસણ, થાળી] નાની છીછરી થાળી.

પા. ૧૦૪. આલા દરજ્જાની : [अ. अअ्ला કે आली (श्रेष्ठ) + दरजह (પદવી) (दरज = તે પગથિયે ચડ્યો) ઉપરથી] શ્રેષ્ઠ કોટીની, ઉત્તમ પ્રતિની.

પા. ૧૦૫. દેવા રે૦ મરાઠી કવિ કેશવસુતની પ્રખ્યાત કવિતા दंवाचे थेंबમાંથી આ લીટી લીધી છે. એક માનાં ઘણાં બાળકો મરી ગયાં હતાં, એક જ જીવતું હતું ત્યારે માતા રોઈને પ્રાર્થના કરે છે કે, 'હે ભગવાન, એટલો તો મારે માટે રાખ.' શબ્દશઃ અર્થ : 'હે દેવ!' પછી તે ડુસ્કે છે 'આટલો તો રહેવા દે.'

લાયબ્રેરિયન : ગ્રંથપાલ.

પુણ્યશ્લોક : સરખાવો : સ્વનામધન્ય.

પા. ૧૦૬. મહાદેવ . . . સ્થાપના છે : જુઓ વિસ્તાર માટે 'સ્મરણ-યાત્રા'માં 'ગોકર્ણ મહાબળેશ્વરની યાત્રા'.

પા. ૧૦૭. દીપદાન : આ આખું વર્ણન માનવજીવનને લાગુ પડે છે. બબ્બેની જોડી થઈ જાય છે = લગ્નસંબંધથી જોડાય છે. હોડી = શરીર. સ્નેહ = તેલ કે ઘી, માનવપક્ષે સ્નેહ. વાંચો 'દ્વિરેફ'ની 'જમનાનું પૂર' વાર્તા.

પોતાનું સંગીત . . . તારાઓ : સરખાવો : Music of the stars.

પા. ૧૦૮. બહુશ્રુતતા : [बहु (બહુ વાર) + श्रुत (વેદાદિ સાંભળ્યાં છે) + ता (ભાવવાચક)] સુશિક્ષિતતા. વિદ્વાન અને બહુશ્રુત વચ્ચે ફેર ખરો? જુઓ 'જીવનવિકાસ' પા. ૨૬.

પા. ૧૦૯. धर्मो रक्षति रक्षितः : તમે ધર્મનું રક્ષણ કરો તો તે તમારું રક્ષણ કરશે.

માનસ સરોવર : હિમાલયની પેલી પારનું સરોવર.

રાક્સતાલ : માનસ સરોવરની પડખે આવેલું બીજું સરોવર રાવણહ્રદ.

ગ્યાનિમા, ગડતોક : બે તિબેટી શહેરો.

પા. ૧૧૦. चराति चरतो भगः : ચાલનારનું નસીબ ચાલે છે. આખું વચન આ પ્રમાણે છે:

आस्ते भग आसीनस्य ऊर्ध्वस्तिष्ठति तिष्ठतः ।
शेते निपद्यमानस्य चराति चरतो भगः ।।

બેસે છે ભાગ્ય બેઠાનું, ઊભું ઊભા રહેલનું;
સૂતેલાનું રહે સૂતું, ચાલે ભાગ્ય ચલન્તનું. — શેષનાં કાવ્યો, પૃ. ૯૪

અમારા ગજવામાં : યાત્રાળુઓના.

પા. ૧૧૧. आजिचा० અર્થ : આજે અમારા ભાગ્યનો 'મંગળ દિવસ ઊગ્યો છે. દયામય વૈકુંઠના દેવ લક્ષ્મીનારાયણનાં અમને દર્શન થયાં છે.

ફજેત : [अ. फजीहत (બદનામ, બેઆબરૂ)] ખસિયાણું.

સ્વયંપાકી : પોતાનું રાંધેલું જ ખાનાર.

થોરો : અમેરિકન નિસર્ગપ્રેમી ચિંતક અને લેખક. સત્યાગ્રહ વિષેના એના વિચારોની ગાંધીજી ઉપર અસર થયેલી. એનો લખેલો 'કાયદાની સામે થવાની ફરજ' નામનો નિબંધ ગાંધીજીએ ગુજરાતીમાં ઉતારેલો છે.

પા. ૧૧૨. अद्य मे० આજે મારો જન્મ સફળ થયો, આજે મારી ક્રિયા સફળ થઈ.

પા. ૧૧૩. ગ્રંથ સાહેબ : શીખોનો ધર્મગ્રંથ.

પા. ૧૧૪. મુખત્યારપત્ર : [अ. मुख्तार (જેને સત્તા અપાયેલી હોય તે) + सं. पत्र] સત્તા આપનારો પત્ર. સામાન્ય રીતે 'મુખ્ત્યારનામું' કહેવાય છે.

પા. ૧૧૫. સવારના નરકમાંથી : સવારમાં શૌચક્રિયા વખતે નરક જેવાં ગંદાં જાજરૂ વાપરવાં પડે છે તેમાંથી.

પુલિન : કાંઠો, તીર.

ગુહામાં પ્રવેશ કરતા : સરખાવો : गुहां प्रविष्टं गह्वरेष्टं पुराणम् । ઉપનિષદ્

પા. ૧૧૬. સાફ થયેલાં : કુદરતી રીતે ઘસાઈને લીસાં થયેલાં.

ચર્વિતચર્વણ : ચાવેલું ચાવવું તે. એકની એક વાત ફરી કરવી તે. સરખાવો : પિષ્ટપેષણ.

પા. ૧૧૭. વેણુધમની : [वेणु (વાંસ) + धमनी (ફૂંકણી)] વાંસની ભૂંગળી.

પા. ૧૧૮. જાનમાલ સાથે ચડાવી : જુઓ પા. ૧૨૨.

પા. ૧૧૯. ધર્મરાજાનો . . . જઈ શકે છે : ધર્મરાજ યુધિષ્ઠિર જ્યારે સ્વર્ગમાં ગયા ત્યારે તેમની સાથે તેમનો કૂતરો હતો, તેને બહાર રાખીને અંદર પ્રવેશ કરવાનું કહેવામાં આવ્યું, પણ ધર્મરાજાએ તે વફાદાર કૂતરા વિના સ્વર્ગમાં જવાની ના પાડી. આખરે કૂતરો પણ સાથે ગયો.

આસપાસના . . . મુશ્કેલ થઈ જાય છે : સરખાવો :

शशिना च निशा निशया च शशी शशिना निशया च यथा गगनम् ।
भवता च सभा सभया च भवान् सभया भवता च तथा भुवनम् ॥

વિભૂતિઓનો પણ અંત નથી : સરખાવો :

नास्त्यंतो विस्तरस्य मे । गीता, १०–१९.

પા. ૧૨૦. રેખાચિત્ર : અંગ્રેજી 'આઉટલાઈન'.

યથાદૃષ્ટ : જેવું જોયું હોય તે પ્રમાણે. 'રિયાલિસ્ટિક'.

પા. ૧૨૧. વિશ્રી : શ્રી (શોભા) વિહીન, ભૂંડું.

પા. ૧૨૩. મગવો રંગ : મગની છાલ જેવો લીલો રંગ.

પા. ૧૨૪. यत्र० જ્યાં નારીની પૂજા થાય છે.

પૂજા : પૂજાનો લાક્ષણિક અર્થ 'માર' અહીં ઉદ્દિષ્ટ છે.

छंदसि बहुलम् : છંદમાં છૂટ.

જ્ઞાતિભિન્ન : જ્ઞાતિઓને કારણે છિન્નભિન્ન થઈ ગયેલ.

જબરદસ્ત : જુઓ પાના ૩૮ પરની નોંધ.

પા. ૧૨૫. ગડાકુ : હુક્કામાં પીવા માટે, તંબાકુ અને કાકબ કે ગોળના મિશ્રણથી બનાવેલી વસ્તુ.

એક જ રંગનું : કાળું.

વામકુક્ષિ : ભોજન પછી ડાબે પડખે સૂવું તે.

પા. ૧૨૬. બે ગાયોના બલીવર્દ : સ્ત્રીઓ ગાયો જેવી ગરીબ હતી અને ધણી બળદ જેવા હતા માટે.

પા. ૧૨૮. યથાસ્થાને આવશે : જુઓ પાનું ૧૪૮–૫૦, અને ૧૯૪

પા. ૧૨૯. વામનાવતારમાં. . . બતાવ્યું હતું : જ્યારે બલિ વામનને તેનું માગ્યું દાન આપવાનો સંકલ્પ કરવા ઝારીમાંથી પાણી લેવા ગયો, ત્યારે તેને વામનની જાળમાં ફસાતો બચાવવા શુક્રાચાર્ય ઝારીના નાળચામાં ભરાઈ બેઠા અને પાણી વહેતું અટકાવ્યું. આખરે પાણીનો રસ્તો કરવા દર્ભની સળી નાળચામાં નાખી તેથી શુક્રાચાર્યની એક આંખ ફૂટી ગઈ હતી, એ પ્રસંગનો અહીં ઉલ્લેખ છે.

गंगातरंगकणशीकरशीतलानि : ગંગાના તરંગના કણોની શીકરને લીધે ઠંડાં થયેલાં. એ આખો શ્લોક આ પ્રમાણે છે :

गंगातरंगकणशीकरशीतलानि विद्याधराध्युषितचारुशिलातलानि ।
स्थानानि किं हिमवतः प्रलयं गतानि यत्सावमानपरपिंडरता मनुष्याः ।। वै. श. २४।।

પા. ૧૩૧. નિષ્ફળ : ફળ વિનાનું.

પા. ૧૩૨. સાધના : ધ્યાન ધારણા વગેરે યૌગિક સાધના.

શ્રીચક્ર : તંત્રશાસ્ત્રમાં શ્રીચક્રની પૂજા બતાવેલી છે. એનો આકાર એક વર્તુળમાં સામસામા સમભુજ ત્રિકોણ દોર્યા હોય અને વર્તુળની આસપાસ પણ નાના નાના ત્રિકોણો ગોઠવ્યા હોય એવો હોય છે. એ માતાનું

પ્રતીક ગણાય છે અને એથી એની પૂજા થાય છે. દુર્ગાસપ્તશતીની ચોપડીમાં એનું ચિત્ર જોવા મળે છે.

આ શ્રીનગર: ગંગાકિનારે ઉત્તરાખંડમાં આવેલું છે.

આગલાત : ગળાથી માંડીને આખે માથે.

પા. ૧૩૩. ब्राह्मणा० ઉપનિષદમાં જનક રાજાના યજ્ઞ વખતે ભેગા થયેલા બ્રાહ્મણોને યાજ્ઞવલ્કય મુનિ શાસ્ત્રાર્થ માટે આહ્વાન કરે છે, તે વખતનાં આ વચનો છે. અહીં એ યાદ આવે એ સ્વાભાવિક છે. એનો અર્થ : તમો બ્રાહ્મણોમાંથી જેની ઇચ્છા હોય તે મને પૂછે, અથવા જોઈએ તો બધા પૂછો. જેની ઇચ્છા હોય તેને હું પૂછું, અથવા સઘળાને હું પૂછું. પણ તે બ્રાહ્મણોની હિંમત ન ચાલી.

ગુંદર : એને આપણે બેરજો કે રાળ કહીએ છીએ.

પા. ૧૩૪. अश्वत्थः सर्ववृक्षाणाम् । : બધાં વૃક્ષોમાં હું અશ્વત્થ છું. ગીતા ૧૦–૨૬.

દંડક : મરાઠીમાં એ શબ્દનો અર્થ રૂઢિ થાય છે. અહીં નિયમના અર્થમાં વપરાય છે.

तत्र को मोहः० એકત્વ જોનારને તેમાં મોહ શો, ને શોક શો ? આ વચનો ઈશોપનિષદમાં આવે છે.

મતલબસિંધુ : ૧૯મા સૈકામાં આચારધર્મનો લોકપ્રિય ગ્રંથ 'धर्मसिंधु' હતો. એમાં પણ જે વ્યવસ્થા ન મળે તે સ્વાર્થસાધક 'મતલબ-સિંધુ'માં મળવાની જ; એ શબ્દ 'ધર્મસિંધુ'ના અનુકરણમાં વિનોદથી બનાવેલો છે.

ब्रह्मार्पणं०

બ્રહ્મમાં નિષ્ઠ યાજ્ઞિકે બ્રહ્માગ્નિ પ્રગટાવીને,
બ્રહ્માર્પણ બુદ્ધિથી હોમી આહુતિ બ્રહ્મરૂપ જે,
બ્રહ્મકર્મની નિષ્ઠાથી, પાર્થ, તે બ્રહ્મ થાય છે.

—ગીતા ૪-૨૪

ઓટિયા અબોટિયાનો : બોટઅબોટનો.

પા. ૧૩૫. मार्गेशूद्र० માર્ગમાં—પ્રવાસમાં શૂદ્રની પેઠે આચરવું. આ વચન સ્મૃતિગ્રંથમાં આવેલું છે.

ઉદ્રેક : ઊભરો.

પા. ૧૩૬. प्रतिपर्वं रसावहम् : પર્વે પર્વે રસ આપતું. જુઓ :

भारतं, अिक्षुदण्डं च कलानाथं च वर्णय ।
श्लोकार्धेन प्रवक्ष्यामि, प्रतिपर्वं रसावहम् ॥

યક્ષ : આશ્ચર્યકારક વસ્તુ. જુઓ કેનોપનિષદ.

નિર્વન : વન વિનાનો બોડો.

પા. ૧૩૭. किमिव हि मधुराणां० જેમની આકૃતિ જ મધુર છે તેમને કઈ વસ્તુ શણગારરૂપ થતી નથી ?

આખો શ્લોક આ પ્રમાણે છે :

सरसिजमनुविद्धं शैवलेनापि रम्यं मलिनमपि हिमांशोर्लक्ष्म लक्ष्मीं तनोति ।
इयमधिकमनोज्ञा वल्कलेनापि तन्वी किमिव हि मधुराणां मंडनं नाकृतीनाम् ।।

शाकुन्तल, १.

Will no one: . . . ભાવાર્થ : એ શું ગાઈ રહી છે એ કોઈ મને નહીં કહે ? કદાચ એના આ વિષાદભર્યા સ્વરોમાં કેટલીય જૂની દુઃખસ્મૃતિઓ અને પુરાણાં યુદ્ધોની કથા હશે, અથવા કદાચ એમાં હાલની જ કૌટુંબિક કથા તો નહીં હોય ? કદાચ એમાં એને માથે આવી પડેલાં અને ફરી પાછાં આવી પડે એવાં કોઈ સ્વાભાવિક શોક, દુઃખ કે હાનિની તો વાત નહીં હોય ? સરખાવો :

કોઈ કહેશે કે મને શું ગાતી એ ગીત ?
કદાચ કંઈ ગત કાળનું ઉદાસ દ્રવતું ચિત્ત !
દુઃખ તણો દિલ દર્દનો કદા હશે રણકાર ?
જગમાં એવા ઝીલવા હા ! રવ વારંવાર !

'એકલ લણનારી'—

'રસિકનાં કાવ્યો'— પૃ. ૧૧૭.

પા. ૧૩૮. એક શ્રુતિ : એક જ સ્વરમાં ગવાતું. આ વૈદિક શબ્દ છે. સરખાવો અંગ્રેજી 'મોનોટોનસ'.

સીમા : હદ. આ અર્થમાં સીમા શબ્દ આપણે નથી વાપરતા. આજે તો મોટરના રસ્તાઓ થવાથી બધું બદલાઈ ગયું હશે.

પા. ૧૩૯. વ્યુત્થાન : સમાધિમાંથી ઊતરવું અને સામાન્ય સ્થિતિ પર આવવું તે. સમાધિ જો મુક્તાવસ્થા જેવી હોય તો તેમાંથી માણસ ઊતરે છે કેમ ? એ શંકાના જવાબમાં યોગશાસ્ત્ર કહે છે કે, એનું કારણ અદૃષ્ટ છે.

કલિ વિડંબન : સંસ્કૃતમાં એક રમૂજી પ્રકરણ છે, જેમાં અલ્પજ્ઞાનીએ સભા કેમ જીતવી એ આપ્યું છે.

અદૃષ્ટ : નસીબ. પંડિતના પ્રશ્નનો જવાબ ત્યાં ન આપ્યો પણ આ બયાનમાં આમ આડકતરી રીતે આપ્યો છે એ નોંધવા જેવું છે.

પા. ૧૪૧. ઘટત્વ . . . ચર્ચામાં : શુષ્ક તાત્ત્વિક ચર્ચામાં.

પાં. ૧૪૨. સ્મરણયાત્રામાં : એ નામની ચોપડીમાં નહીં.

ભીડવાળું એકાંત : કયો અલંકાર થયો? અંગ્રેજીમાં એને Oxymoron કહે છે.

કષાયમધુર : તૂરાં અને મીઠાં.

પા. ૧૪૩. વાચાસિદ્ધિ અને ક્રિયાફલાશ્રયત્વ : જુઓ — सत्यप्रतिष्ठायां क्रियाफलाश्रयत्वम् ॥ ૩૬, साधनपाद, योगसूत्रम्। સત્યનિષ્ઠની વાણી અમોઘ થઈ જાય છે.

પા. ૧૪૪. Home, Sweet Home : પ્રખ્યાત અંગ્રેજી કવિતા.

વિદુર : વિચિત્રવીર્યની સ્ત્રી અંબિકાની દાસીને કૃષ્ણદ્વૈપાયન વ્યાસથી ઉત્પન્ન થયેલો પુત્ર. એ ભારે ભક્ત હતો.

પા. ૧૪૬. ગાંગરતાં૦ ઊંટની પેઠે.

પા. ૧૪૮. Lands intersected : સમુદ્રના સાંકડા ફાંટાથી જુદા પડેલા દેશો એકબીજાને તિરસ્કારે છે. જે રાષ્ટ્રો એક જ સાગરનાં બિંદુની પેઠે ભેગાં ભળી ગયાં હોત તેની વચમાં આવીને પર્વતો તેમની વચ્ચે દુશ્મનાવટ ઊભી કરે છે. — કૂપર કવિકૃત 'ટાસ્ક'માંથી.

નાગવેત : એક જાતનું મજબૂત નેતર. એના ઉપર કુદરતી કાળા ડાઘા હોય છે, એટલે નાગ જેવા એના દેખાવ ઉપરથી એ નામ પડયું હશે.

પા. ૧૪૯. આસપાસનું અંધારું૦ કયો અલંકાર થયો?

બેપગા વાઘ : જંગલના રખેવાળ 'ફૉરેસ્ટ ગાર્ડ'.

પા. ૧૫૦. શ્રવણાંજલિપુટપેય : જુઓ :

श्रवणांजलिपुटपेयं विरचितवान्भारताख्यममृतं यः ।
तमहमरागतृष्णं कृष्णद्वैपायनं वंदे ॥

वेणीसंहार ૧–૪.

ગાંડપણ વગર : ચાંદાની અસરથી માણસ ગાંડો થાય છે એવો અંગ્રેજી સાહિત્યનો 'સમય' છે અને એ ઉપરથી જ ગાંડાને 'લ્યુનેટિક' કહે છે. 'લ્યુનાં' એટલે ચંદ્ર. આપણે ત્યાં પણ આવી માન્યતા છે, અને ગાંડાના અર્થમાં 'ચંદ્રક' શબ્દ પણ વપરાય છે.

તચ્ચેતસા૦ આખો શ્લોક આ પ્રમાણે છે :

रम्याणि वीक्ष्य मधुरांश्च निशम्य शब्दान् पर्युत्सुकी भवति यत्सुखितोऽपि जन्तुः ।
तच्चेतसा स्मरति नूनमबोधपूर्वं भावस्थिराणि जननांतरसौहृदानि ॥

— शाकुन्तल — અં. ૫, ૨.

'સ્મરણયાત્રા'માં 'કારવારનું સરુનું વન' વાંચો.

પા. ૧૫૧. યામુન : યમુનાને કાંઠે રહેતો. સરખાવો : यामुनकच्छे = યમુનાને કાંઠે.

પા. ૧૫૩. અવ્યાપ્ત : પૂરા વિસ્તાર વિનાની. કારણ કે કેટલાક માણસો કવિતા લખતા નહીં હોય છતાં કવિ હોય, એમ બને છે.

અતિવ્યાપ્ત : વધારે વિસ્તારવાળી. કારણ કે કેટલાક માણસો કવિતા લખતા હોય, પણ કવિ ન હોય, એમ બને છે.

પા. ૧૫૫. સંકુલ યુદ્ધ : જેમાં બધાં માણસો સામટાં લડતાં હોય એવું યુદ્ધ. અંગ્રેજી general melee : વિરુદ્ધાર્થ શબ્દ — દ્વન્દ્વયુદ્ધ = જેમાં બે જ માણસો લડતા હોય એવું યુદ્ધ. મહાભારતમાં આ શબ્દો વપરાયા છે.

પા. ૧૫૬. જીવનકળા : જેના ઉપર જીવનનો આધાર છે એવી કળા — જીવનની કળા.

ત્રિકોણમિતિ : અંગ્રેજી 'ટ્રિગોનોમેટ્રી'.

લૅંડસ્લિપ : [ઇં. લૅંડ (જમીન) + સ્લિપ (લપસવું)] પર્વત ઉપરથી ઘણી વાર ભેખડો કે માટીના મોટા સમૂહો ધસી પડે છે તેને અંગ્રેજીમાં 'લૅંડસ્લિપ' કહે છે.

પદાર્થસંગ્રહાલય : જ્યાં ખાસ વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવતો હોય તે સ્થાન. 'મ્યૂઝિયમ' ; અજાયબઘર.

પા. ૧૫૭. ઍગડ : કલાઈનું રંગેલું પતરું.

પા. ૧૬૦. શૈત્યપાવનત્વ : શીતળતા અને પવિત્રતા.

અસિતઋષિ : [अ (નહીં) + सित (સફેદ) = કાળું] એ નામના એક ઋષિ હિમાલયમાં વાસ કરતા હતા. ભગવાન બુદ્ધના જન્મ વખતે બુદ્ધને જોવા ગયા હતા તે અસિતઋષિ આ જ હશે ? એ જ રીતે ઈસુના જન્મ વખતે વૃદ્ધ સીમન ઈસુને જોવા ગયેલો.

પા. ૧૬૧. अनाविद्धं रत्नम्० આખો શ્લોક આ પ્રમાણે છે :

अनाघ्रातं पुष्पं किसलयमलूनं कररुहैः
अनाविद्धं रत्नं मधु नवमनास्वादितरसम् ।
अखण्डं पुण्यानां फलमिव च तद्रूपमनघं
न जाने भोक्तारं कमिह समुपस्थास्यति विधिः । शा. २.

દેહરખા : દેહનું રક્ષણ કરનારા. સરખાવો : ઘરરખા, પગરખું, અંગરખું, જીવરખી.

પા. ૧૬૨. દૌરાત્મ્ય : [दुरात्मा + य] બૂરાઈ. સરખાવો : गुणानामेव दौरात्म्याद धुरि धुर्यो नियुज्यते ।

સુધારાને લીધે બગડયા નથી : કયો અલંકાર?

કાબુલકી . . . શૂર : 'ઉપરીકોટકી'ને બદલે 'પવાલીકી' પણ બોલાય છે.

સ્વાસ્થ્ય : [स्वस्थ+य] સ્વસ્થતા. य પ્રત્યયવાળાં ભાવવાચક નામો કાકાસાહેબનાં લખાણોમાં વધારે આવે છે. એમને એ વધારે પસંદ છે.

ધ્યાન (સ્વાંગ) : વિચિત્ર રૂપ.

લાસ્ય : (સ્ત્રીઓનું) કોમળ નૃત્ય.

તાંડવ : શિવનું પ્રલયકાળનું ભીષણ નૃત્ય.

પા. ૧૬૩. અનુનય : મનામણાં.

પા. ૧૬૪ આકાશના તોપખાના : વરસાદ સાથે પડતા મોટા કરા.

ઊપસતાં : લપસતાંની સાથે મેળ બેસાડવા આ શબ્દ યોજાયો છે.

સમય : મિલન-સ્થાન. અંગ્રેજી 'રોંદિવૂ'.

પા. ૧૬૫. ઇષ્ટાપત્તિ : જે વસ્તુ પ્રથમ દર્શને હાડમારી કે વિપત્તિ જેવી લાગે પણ પરિણામે હિત જ કરે, તે ઇષ્ટાપત્તિ કહેવાય.

પા. ૧૬૬. અવતાર : [अव (નીચે)+तृ (જવું)] શબ્દશઃ અર્થ લેવો. નીચે પડવાની.

પા. ૧૬૭. પંજરીપાક : પંચાજીરી; લક્ષણાથી માર. સરખાવો: કોપરાપાક, મેથીપાક વગેરે.

પા. ૧૬૮. વનગાયો : એને ત્યાંના લોકો ઝબુ કહે છે. આપણે ચમરી કહીએ છીએ. અંગ્રેજી 'યાક'.

સ્થાવર : [स्था (ઊભા રહેવું, સ્થિર રહેવું)+वर (શીલાર્થે)] જે સ્થિર રહે છે તે, અચળ. સરખાવો: स्थावराणां हिमालयः — गीता १०-२५.

અનિકેત : [अ (નથી)+निकेत (ઘર) જેને] ઘર વિનાનો.

અનગારિક : [अन् (નહીં)+अगार (ઘર)+अिक] ઘર વિનાનો.

પા. ૧૬૯. ખુશનુમા : [फा. खुशनुमा (नमुदन=દેખાડવું ઉપરથી नुमा) સારું દેખાય તેવું] રમણીય.

અજાયબઘર : અજબ વસ્તુઓ રાખવાનું સ્થાન. મ્યૂઝિયમ.

ડાકઘર : ટપાલ ઑફિસ.

પા. ૧૭૦. ચુનંદા : [फा. चुनंदह વીણનાર, चुनीदा=વીણેલું. (चीदन=વીણવું)] ચૂંટી કાઢેલા. અહીં ગાળો કે ગંદા શબ્દો.

પા. ૧૭૧. શનિમહારાજે . . . કરી હોય : શનિ વક્ર ગ્રહ છે. એને જરામાં વાંકું પડે છે. એની પનોતી સાડા સાત વરસની ગણાય છે.

ખનીજ : ખાણમાં પેદા થયેલો.

જલજ : પાણી વડે તૈયાર થયેલો.

પા. ૧૭૨. અખરોટ ... હતું : આવી વસ્તુઓને અંગ્રેજીમાં 'ફૉસિલ' કહે છે. એને માટે કાકાસાહેબે એક ઠેકાણે 'અશ્મિલ' શબ્દ યોજ્યો છે.

પાણીની ટાંકીઓ : વેગ એટલો હતો કે ટાંકીઓ ઠલવાતી હોય એમ લાગતું હતું.

પા. ૧૭૩. અનુયાયી : [अनु (પાછળ)+यायी (જનાર)] યૌગિક અર્થ જ અભિપ્રેત છે.

પા. ૧૭૪. સરવે : Survey.

આસ્તિકચના પુટ : પટ, પાસ. ઈશ્વર અને વેદાદિ ધર્મશાસ્ત્રો પરનો વિશ્વાસ તે આસ્તિક્ય.

પ્રચ્છન્ન : છાના, છૂપા.

પા. ૧૭૫. सकल० બધાં અંગોને પલાળવાં તે બાથ-bath (સ્નાન)

મલાપહરણ : [मल (મેલ)+अपहरण (દૂર કરવો તે)] મેલ કાઢવો તે.

પા. ૧૭૬. પ્રદર્શન : દેખાડ.

ભવતિ-ન-ભવતિ : રકઝક, મથામણ.

ઔત્સુકચ : [औत्सुक+य] ઉત્સુકતા.

પા. ૧૭૭. नैव तस्य० કરવા ન કરવામાં તેનો કંઈ જ સ્વાર્થ નથી. ભૂતમાત્રને વિષે તેને કશો અંગત સ્વાર્થ નથી. — ગીતા ૩-૧૮.

પા. ૧૭૯. यथा काष्ठं० જેમ બે લાકડાં સમુદ્રમાં ભેગાં થાય છે અને ભેગાં થઈને પાછાં છૂટાં પડી જાય છે, તેવો માણસોનો પણ સમાગમ છે.

પા. ૧૮૦. કુળકથા : આખા કુળની માહિતી. રામકહાણી.

પા. ૧૮૨. ચીનદેશની લલનાની પેઠે : ચીનની સ્ત્રીઓના પગ મોટા ન થઈ જાય માટે નાનપણથી જ સખત રીતે જકડી લેવામાં આવે છે.

પા. ૧૮૪. ઓવી : એક મરાઠી છંદ.

પા. ૧૮૫. નીલિમા : નીલાશ. સરખાવો : રક્તિમા, લાલિમા, મધુરિમા.

અહીં તારાઓ . . . ચળકતા હતા : સરખાવો : Three stars argent on field azure.

પવાલીકી ચડાઈ : પાઠાંતર 'ઉપરીકોટકી'.

अथातो० એ બ્રહ્મસૂત્રનું પહેલું સૂત્ર છે. હવે અહીંથી બ્રહ્મની ખોજ શરૂ થાય છે.

પા. ૧૮૬. જયદ્રથવધને . . . થઈ : જયદ્રથને સૂર્યાસ્ત પહેલાં મારવાની અથવા જાતે બળી મરવાની અર્જુને પ્રતિજ્ઞા કરી હતી. સૂર્યાસ્ત થઈ ગયો છે એમ લાગતાં તેણે બળી મરવાની તૈયારી કરી ત્યાં તો કૃષ્ણે પોતાની માયા સંકેલી લીધી એટલે સૂર્ય દેખાવા લાગ્યો. આથી અર્જુન સાનંદાશ્ચર્ય પામ્યો. એ પ્રસંગનો અહીં ઉલ્લેખ છે.

લચકપણું : લવચીકતા. 'લવચીક' શબ્દ મરાઠી છે. એનો અર્થ વળે એવું થાય છે. એ ઉપરથી આ શબ્દ યોજ્યો છે. સરખાવો : અંગ્રેજી 'ઈલેસ્ટિક ટ્રેડ'.

પા. ૧૮૭. ડોસીમાના ખોળામાં બાળક : આ વિષયનું ચિત્ર જોયું છે ?

એને . . . ગાયા કરશે : વિભક્તિ તરફ ધ્યાન દો.

પા. ૧૮૮. આતશ બહેરામ : જે અગ્નિ પારસીઓ પોતાની સાથે ઈરાનથી હિંદમાં લાવ્યા હતા તે. એની વિશેષ માહિતી માટે 'બુદ્ધિપ્રકાશ' વર્ષ ૮૩, અં. ૩જામાં શ્રી તારાપોરવાળાનો લેખ જોવો.

આધાન : મૂકવું તે.

પા. ૧૮૯. સુગાળવા : સૂગવાળા.

પા. ૧૯૦. પર્યાયધર્મ : અમુક વસ્તુને બદલે અમુક વસ્તુ ચાલે એવી છૂટ. પ્રાણીને બદલે તેની લોટની મૂર્તિ ચાલે, સોપારી ચાલે, વગેરે.

દીકરાનો બલિ . . . માન્યો : મહમ્મદ પયગંબરના પૂર્વજ ઈશ્વરનિષ્ઠ ઇબ્રાહીમને બે પુત્ર હતા. તેમાંના નાનાનું નામ ઇસ્માઈલ. પિતાનું ઇસ્માઈલ પ્રત્યેનું વિશેષ વહાલ દેખી સેતાને ઈશ્વરને કહ્યું, 'જોઈ તારા ભક્તની ભક્તિ ! તું તો જાણે કે ઇબ્રાહીમ તારો ભક્ત છે, પણ તે તો પુત્રભક્ત છે. જો તે પુત્ર પાછળ કેવો ગાંડો થયો છે.' ઈશ્વરે ઇબ્રાહીમને સ્વપ્નમાં દર્શન દઈ તેને કુરબાની કરવા કહ્યું. કુરબાનીનો કાયદો છે કે જે વસ્તુ આપણને અત્યંત પ્રિય હોય, જેને આપણે કીમતી ગણતા હોઈએ, તેને કુરબાન કરવી. ઇબ્રાહીમે બીજે દિવસે ગાય કે બકરાની કુરબાની કરી. પણ રાત્રે પાછું તે જ સ્વપ્નું આવ્યું કે કુરબાની કર. તેણે વધારે બલિદાન આપ્યું, છતાં એનું એ જ સ્વપ્ન ! તેણે નમ્ર થઈ ઈશ્વરને પ્રાર્થના કરી અને પૂછ્યું, 'ઓ માલિક, તું કોની કુરબાની માગે છે ?' ઈશ્વરે કહ્યું, 'તારા વહાલા પુત્રની.'

ભક્તશ્રેષ્ઠ ઇબ્રાહીમના હૃદયને આઘાત સરખો પહોંચ્યો નહીં. એણે ઈશ્વરને સર્વસ્વ અર્પણ કર્યું હતું. બીજે દિવસે દીકરાને લઈને ભક્તરાજ કુરબાનીની જગ્યાએ જવા નીકળ્યા. સેતાને માને અને દીકરાને ઉશ્કેરવાનો

પ્રયત્ન કર્યો, પણ આ પ્રેમાળ કુટુંબમાં ઈશ્વરભક્તિ એટલી સાચી હતી કે ત્રણમાંથી એકે મોહવશ ન થયું. પિતાએ પુત્રની ગરદન પર છરી મૂકી, પણ ઈશ્વરે તે રોકી અને ઇસ્માઈલના બદલામાં એક પશુની જ કુરબાની કબૂલ રાખી. ઇબ્રાહીમ, ઇસ્માઈલ અને ઇસ્માઈલની માતા ત્રણેની પરીક્ષા પૂરી થઈ અને સેતાન ફજેત થયો. જુઓ ' જીવતા તહેવારો ', સંપનો તહેવાર.

આપદ્ધર્મ : આપત્તિ — મુશ્કેલીને વખતે પાળવાનો ધર્મ. સામાન્ય સમયમાં એ ધર્મ પાળવાથી ફળ મળતું નથી એવું મનુસ્મૃતિમાં લખ્યું છે:

आपत्कल्पेन यो धर्मं कुरुतेऽनापदि द्विजः ।
स नाप्नोति फलं तस्य परत्रेति विचारितम् ॥

—મનુ૦ ૧૧–૨૮.

ચિરહિમ પ્રદેશ : જ્યાં સદા બરફ કાયમ રહેતો હોય તેવો પ્રદેશ. અંગ્રેજી — ' પરપેચ્યુઅલ સ્નો–રેંજ '.

મહાપ્રસ્થાન : પાંડવો દ્રૌપદી સહિત હિમાળે હાડ ગાળવા નીકળ્યા હતા તે યાત્રા. સરખાવો : મહાભિનિષ્ક્રમણ.

પા. ૧૯૧. આજકાલની૦ પશ્ચિમના દેશોમાં આવું હોય છે.

स्वर्ग सुखार्थ : મહારાષ્ટ્રના કવિ મોરોપંતે લખેલા મહાભારતમાંથી આ પંક્તિ ઉતારી છે.

પા. ૧૯૭. દિગ્વિજય : શંકરાચાર્યે આખા દેશમાં ફરીને શાસ્ત્રાર્થમાં બધા પ્રાંતના વિદ્વાનોને ને આચાર્યોને જીત્યા હતા તેનો અહીં ઉલ્લેખ છે.

સેંટ પૉલ : એણે ખ્રિસ્તી ધર્મનું તત્ત્વજ્ઞાન વ્યવસ્થિત રીતે માંડી તેના પ્રચાર માટે માણસોને ચારે કોર મોકલ્યા હતા. એના સંબંધી વિશેષ માહિતી માટે Paul the Jew અને Paul the Christian એ બે પુસ્તક જોવાં.

વેદવ્યાસ : વેદના ગોઠવનાર (વ્યાસ = વ્યવસ્થા કરનાર).

રાજુક : અશોકના વખતમાં પ્રદેશના વહીવટ કરનારને એ નામ અપાયું હતું. જુઓ અશોકના શિલાલેખો.

મંગોલિયન સંસ્કારો : મંગોલિયામાં પણ બૌદ્ધ ધર્મ ફેલાયો હતો. ત્યાંથી પાછા મંગોલિયાના સંસ્કારો સાથે એ હિંદમાં ન આવે એ માટે.

બ્રહ્મચારી . . . વંશવિસ્તાર : આવી ધર્મની વિડંબના ઘણી વાર જોવામાં આવે છે.

પા. ૧૯૯. પવનદડા : ફૂટબૉલ માટે કાકાસાહેબે યોજેલો શબ્દ — એમાં પવન ભરવામાં આવે છે માટે. સરખાવો : હિંદી ' હવાગાડી ' = મોટર.

રાજભોગ : ઠાકોરજીને ધરાવાતો અનેક વાનીનો થાળ.

આમંત્રણના જવાબમાં : ઘંટનાદ જાણે બોલાવતો હતો.

પા. ૨૦૦. સમાજિસ્ટ : આર્યસમાજી.

પા. ૨૦૧. ગંગા : 'સુરસરિ' પાઠ સાંભળ્યો છે.

अिक नदिया अिक नार कहावत मैलो हि नीर भर्यो ।
जब मिलकरके अेक बरन भये सुरसरि नाम पर्यो ॥

એ પાઠ પ્રસિદ્ધ છે.

પા. ૨૦૨. आर्धीं० પહેલાં મુક્ત હતો, હાથે કરીને બંધનમાં પડયો —મારું, મારું એવો છંદ પકડીને.

સાંગતાસિદ્ધિઃ સાંગ (स + अंग) = સંપૂર્ણ, પૂરું કર્યાની સિદ્ધિ, પૂરો કર્યાના સમાધાન સાથે.

પા. ૨૦૬. स्वर्गीचे० સ્વર્ગના અમર દેવો પણ, અમને મૃત્યુલોકમાં જન્મ મળે, એવું ઇચ્છે છે.

પા. ૨૦૮. 'ઇડિયટ બોય': બાઘો છોકરો.

ઠંડો તડકો : ચાંદરણું. સરખાવો : The sun did shine so cold !

અમારી વાતો . . . હોત : સરખાવો : अविदितगतयामा रात्रिरेव व्यरंसीत् ।—उत्तररामचरितम् ।

પા. ૨૧૦ . मुक्ति मुक्तिं० ભોગો અને મોક્ષ બંને પામે છે.

અર્થલાભ : દ્રવ્ય તેમ જ વાક્યોનો અર્થ પણ ખરો.

પા. ૨૧૧. રૌરવ : નરકનો એક પ્રકાર.

वृथा पाठो० તેનું વાંચેલું વૃથા જશે. અને નકામો શ્રમ કરશે એ જ.

પ્રત્યક્ષ : પરલોકમાં નહીં પણ અહીં જ.

પા. ૨૧૩. તિતિક્ષા : કષ્ટ વેઠવાની વૃત્તિ.

ધામો : સ્થાનો.

પા. ૨૧૪. વિરાટ પુરુષ : આખા વિશ્વરૂપે પ્રગટ થયેલા પરમાત્મા.

પા. ૨૧૭. કર્નલ યંગ હસ્બંડ : હિમાલય ઉપર ચડવાના પ્રયત્નો કરનારમાંનો એક પ્રખ્યાત પુરુષ. એણે લ્હાસા ઉપર પણ હુમલો કર્યો હતો.

રશિયા . . . ઠંડા પવનો : હિમાલય જ ઉત્તરમાંથી આવતા આ ઠંડા પવનોને ખાળે છે.

અમોઘ : વ્યર્થ ન જાય એવી.

कृष्ण आनन्द

ઝાડી - छोटा जंगल

ઝાંખરાં - झाड़ी

જંગલ - जंगल

कृष्ण नन्द

63